શ્રીમચ્છંકરજયન્તી-
વ્યાખ્યાનમાલા.

ક. મા. ત્રિવેદી.

શ્રીમચ્છંકરજયન્તીવ્યાખ્યાનમાલા.

શ્રીમચ્છંકરાચાર્યના

જીવનચરિત

સાથે.

કર્તા

રાવ બહાદુર કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી, બી. એ.,

પ્રિન્સિપલ, પ્રેમચંદ રાયચંદ ટ્રેનિંગ કૉલેજ,

અમદાવાદ.

(મુંબઈ યુનિવર્સિટિના ઑનરરિ ફેલો, એક વખત, સામળદાસ, એલ્ફિન્સ્ટન,
ને ડેક્કન કૉલેજના સંસ્કૃત ભાષાના પ્રોફેસર, ને મુંબઈ તેમજ
પંજાબ યુનિવર્સિટિના સંસ્કૃત પરીક્ષક).

પ્રથમ આવૃત્તિ. પ્રત ૧૦૦૦.

इतो न किंचित् परतो न किंचिद्
यतो यतो यामि ततो न किंचित् ।
विचार्य पश्यामि जगन्न किंचित्
स्वात्मावबोधादधिकं न किंचित् ॥

સંવત્ ૧૯૬૯. ઈ. સ. ૧૯૧૩.

કિંમત રૂ. ૦-૧૨-૦

અમદાવાદ.

શ્રી "સત્યનારાયણ" પ્રિન્ટિંગ પ્રેસમાં પટેલ મોતીલાલ કાળીદાસે

છાપ્યું. ઠે. ડિસ્ટ્રિક્ટ કોર્ટ પાસે.

ઉપોદ્‌ઘાત.

આ બહુધા સંગ્રહરૂપ પુસ્તકને ઉપોદ્‌ઘાતની જરૂર નથી એ દેખીતુંજ છે; પરંતુ એ સંગ્રહ કરવાનું પ્રયોજન તથા એની સાથે જે નવીન ભાગ જોડવામાં આવ્યો છે તે વિષે બે બોલ કહેવા આવશ્યક છે.

શ્રીમચ્છંકરજયન્તીના માંગલિક પ્રસંગે જુદે જુદે સ્થળે કરેલાં વ્યાખ્યાનોને પુસ્તકાકારમાં છપાવવાની માગણી કેટલાક મિત્રો તરફથી થવાથી આ સંગ્રહ પ્રકટ કર્યો છે. એમાં ભાષા જેમ બને તેમ સરળ કરી છે, તેમજ પૃષ્ટિટિપ્પણની જરૂર લાગી ત્યાં તે પણ આપ્યું છે. ભાવિક વાચકો માટે આરંભમાં શ્રીમચ્છંકરાચાર્યનું રંગિન ચિત્ર તથા અન્તે એમના જીવનની મુખ્ય હકીકત આપી છે, તેમજ તેમાંથી શો સાર લેવાનો છે તે પણ સ્થળે સ્થળે દર્શાવ્યું છે.

ઉપનિષદ્‌નાં ગંભીર ને અમૃત વચનોથી પાશ્ચાત્ય વિદ્વાનોનાં મન પર કેવી અસર થઈ છે અને શ્રીમચ્છંકરાચાર્યની અપૂર્વ દૈવી શક્તિથી તેમનાં મનમાં કેવા વિચાર ઉદ્‌ભવ્યા છે તેનું દિગ્દર્શન કરાવ્યું છે, તેમજ શ્રીમચ્છંકરાચાર્યના સમય વિષે વિદ્વાનોના વિચારો આપ્યા છે. અન્તે વિશિષ્ટાદ્વૈત, દ્વૈત, ને શુદ્ધાદ્વૈત વાદો સંક્ષેપમાં આલેખ્યા છે.

અમદાવાદ.
૫મી નવેમ્બર, ૧૯૧૩. } કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી.

ગ્રન્થકારે પ્રકાશિત કરેલા અન્ય ગ્રન્થો:-

ગુજરાતી.

૧ શ્રીબ્રહ્મસૂત્રશાંકરભાષ્યાનુવાદ-બે ભાગમાં (ગુ૦ વ૦ સોસાઇટિ).
૨ સંસ્કૃત પ્રથમ પુસ્તક (વડોદરાની 'જ્ઞાનમંજૂષા 'માં).
૩ સંસ્કૃત દ્વિતીય પુસ્તક (ડૉ. ભાંડારકરનાનું ભાષાન્તર, સરકારી).
૪ કર્તવ્ય (સ્માઇલ્સકૃત ' ડ્યૂટિ'નું ભાષાન્તર, ૨ જી આવૃત્તિ, ગુ૦ વ૦સો૦).
૫ ઇંગ્લંડની ઉન્નતિનો ઇતિહાસ (બકલકૃત અંગ્રેજી પુસ્તકઉપરથી. ગુ૦ વ૦સો૦).
૬ સંસ્કૃતશિક્ષિકા (૨જી આવૃત્તિ).
૭ શિક્ષણશાસ્ત્રનાં મૂળતત્ત્વ.

संस्कृत--(बॉम्बे संस्कृत सीरीझमां).

१ भट्टिकाव्यम् (मल्लिनाथप्रणीतसर्वपथीनसमेतम्)। (बे भागमां).
२ रेखागणितम् (सम्राड्जगन्नाथप्रणीतम्) । (बे भागमां).
३ एकावली (विद्याधरप्रणीता मल्लिनाथरचिततरलोपेता) ।
४ प्रतापरुद्रयशोभूषणम् (विद्यानाथप्रणीतं रत्नापणोपेतम्) ।
५ वैयाकरणसिद्धान्तभूषणम् (कौण्डभट्टविरचितं काशिकाख्यटीका-समेतमूषणसारोपेतम्) (छपाय छे).
६ षड्भाषाचन्द्रिका (लक्ष्मीधरप्रणीता) (छपाय छे).

ENGLISH.

1 Brief History of England (Seventh Edition).
2 The Sanskrit Teacher (Second Edition).

આ પુસ્તક અમદાવાદમાં 'સત્યનારાયણ' પ્રેસના માલીક પટેલ મોતીલાલ કાળીદાસે છાપ્યું. તે **રાવ બહાદુર કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી.** બી. એ. એ (વતન-હવાડીઆ ચકલો, સુરત) પ્રસિદ્ધ કર્યું.

અનુક્રમણિકા.

શ્રીમચ્છંકરજયન્તીવ્યાખ્યાનમાલા.

સુરતમાં શંકરજયન્તીનિમિત્તે કરેલું વ્યાખ્યાન.[1]

ॐ श्रीमच्छङ्कराचार्या विजयन्ते ॥

આજના શ્રીમચ્છંકરાચાર્યના ઉત્સવપ્રસંગે એમના કેવલાદ્વૈતસિદ્ધાન્ત વિષે મારે કંઈક બોલવું એવી કેટલાક ભાઈઓની ઇચ્છાથી હું આપ સર્વ સમક્ષ એ સિદ્ધાન્ત વિષે તેમજ આજના પ્રસંગ જેવે પ્રસંગે એ સિદ્ધાન્ત પરથી જે આપણે સર્વેએ બોધ લેવો યોગ્ય લાગે છે તે વિષે થોડુંક બોલવાની રજા લઉં છું.

આપણે સર્વ જાણીએ છીએ કે પ્રાણિમાત્રને સુખ પ્રાપ્ત કરવાની અને દુઃખથી દૂર રહેવાની ઇચ્છા હોય છે. એ ઇચ્છા તૃપ્ત કરવાના ઉપાય શ્રુતિ સમજાવે છે. શ્રુતિમાં કહેલા અર્થના પૂર્વાચાર્યોએ કર્મકાંડ, ઉપાસનાકાંડ, અને જ્ઞાનકાંડ એવા ભાગ કર્યા છે. મન્ત્રભાગમાં કર્મનું નિરૂપણ છે, અને એ કર્મ કરવાની રીત બ્રાહ્મણમાં દર્શાવી છે, તેથી બ્રાહ્મણ એ મન્ત્રનાં અંગ કહેવાય છે. ઉપાસના ને જ્ઞાનનું નિરૂપણ ઉપનિષદ્‌માં છે. હવે જોકે '**ज्योतिष्टोमेन स्वर्गकामो यजेत**' (સ્વર્ગની કામનાવાળાએ જ્યોતિષ્ટોમ નામનો યજ્ઞ કરવો), '**राजा राजसूयेन स्वाराज्यकामो य-**

---

૧ એ વ્યાખ્યાન બાલાજીના મંદિરમાં, સંવત્ ૧૯૬૬ ના વૈશાખ સુદિ ૫ને દિવસે કર્યું હતું.

जेत ' (મોક્ષની ઇચ્છાવાળા રાજાએ રાજસૂય યાગ કરવો), '**अपाम सोममम्मृता अभूम** ' (અમે સોમ પીધો ને અમૃત થયા) ઇત્યાદિ શ્રુતિવાક્યો કર્મનું મહત્ત્વ પ્રતિપાદન કરે છે, તોપણ કર્મથી મોક્ષ નથી એમ શ્રુતિ, સ્મૃતિ, અને અનુમાનથી સિદ્ધ થાય છે. શ્રુતિવાક્યો આ પ્રમાણે છે—'**तद्यथेह कर्मचितो लोकः क्षीयत एवममुत्र पुण्यचितो लोकः क्षीयते** ' (તેટલા માટે જેમ આ લોકમાં કર્મથી પ્રાપ્ત કરેલો અનાજ વગેરે પાક ક્ષય પામે છે, એમ પર લોકમાં પુણ્યથી પ્રાપ્ત કરેલો ઉપભોગ ક્ષય પામે છે), '**परीक्ष्य लोकान् कर्मचितान् ब्राह्मणो निर्वेदमायान्नास्त्यकृतः कृतकेन** ' (કર્મથી પ્રાપ્ત થયલા લોકોની પરીક્ષા કરીને–અનિત્ય[1] છે એમ નિશ્ચય કરીને–બ્રાહ્મણે [2]નિર્વેદ પામવો, કર્મથી મોક્ષ નથી) ઇત્યાદિ. સ્મૃતિ પણ કહે છે કે '**ते तं भुक्त्वा स्वर्गलोकं विशालं क्षीणे पुण्ये मर्त्यलोके विशन्ति** ' (તેઓ તે વિશાળ સ્વર્ગલોકનો ઉપભોગ કરીને પુણ્ય ક્ષીણ થયે મૃત્યુલોકમાં પ્રવેશ કરે છે).' **यत् कृतकं तदनित्यम्** ' (જે કર્મ છે તે અનિત્ય છે) એવો [3]ન્યાય છે. આ પ્રમાણે શ્રુતિ, સ્મૃતિ, અને અનુમાનથી કર્મમાર્ગ મોક્ષદાયક નથી એમ સિદ્ધ થાય છે. ઉપાસનાકાંડ ને જ્ઞાનકાંડ એ ઉપનિષદ્‌માં છે. ઉપનિષદ્‌નો અર્થ શ્રીમચ્છંકરાચાર્યે મુણ્ડકોપનિષદ્‌માં બ્રહ્મવિદ્યા સમજાવ્યો છે. **षद्लृ विशरणगत्यवसादनेषु** એમ **सद्** ધાતુના ૧ છિન્નભિન્ન કરવું, ૨ જવું, ને ૩ નાશ કરવો, એવા ત્રણ અર્થ છે. એ ધાતુ પરથી ઉપનિષદ્ શબ્દ બન્યો છે. મુમુક્ષુઓ વિષયોથી વિમુખ થઈ બ્રહ્મવિદ્યાની પાસે જઈ, તેમાં લીન થઈ નિશ્ચયથી તેનું પરિશીલન કરે છે, અને એથી [4]અવિદ્યા આદિ સંસારબીજનો નાશ થાય છે, માટે બ્રહ્મવિદ્યા ઉપનિષદ્ કહેવાય છે.

---

૧ નાશવન્ત, નશ્વર; નિત્ય એટલે અનશ્વર; નિત્ય નહિ તે અનિત્ય.

૨ વિરક્ત થવું, સંસારમાંથી મન ઉઠાડી લેવું. ૩ અનુમાન.

૪ ભેદદષ્ટિથી દેહ, ઇન્દ્રિય આદિને વિષે આત્માનો અધ્યાસ કરવો, —જે આત્મા નથી તેને આત્મા ગણવો (**अतस्मिंस्तद्बुद्धिरध्यासः**–જેવું

પછી [1]લક્ષણાવૃત્તિથી એનો અર્થ બ્રહ્મવિદ્યા પ્રતિપાદન કરનાર ગ્રન્થ થાય છે. હવે એ ઉપનિષદોમાં ક્વચિત્ ક્વચિત્ [2]વિરોધાભાસ છે, તેથી આત્મતત્ત્વને તેમજ મોક્ષને વિષે ઘણા સિદ્ધાન્તો પ્રવૃત્ત થયા છે. શ્રીમચ્છંકરાચાર્યે પ્રથમ સૂત્રના ભાષ્યમાં એવા કેટલાક મત દર્શાવ્યા છે. જેમકે 'ચૈતન્યયુક્ત દેહમાત્ર તે આત્મા' એમ લોકાયતિક મત છે. દેહ સિવાય

નથી તેવી બુદ્ધિ તેને વિષે કરવી તે) અને આત્માને વિષે અનાત્મ વસ્તુઓનો અધ્યાસ કરવો, સંસાર મિથ્યા છે તેને ખરો માનવો, સર્વ આત્મા છે, આત્માથી કે બ્રહ્મથી અન્ય તત્ત્વ નથી, એમ બ્રહ્મૈક્યની–બધું બ્રહ્મ છે એવી એકતાની–દૃષ્ટિને બદલે ભેદની દૃષ્ટિ રાખવી—એ અવિદ્યા, એજ બન્ધનું કારણ છે, સંસારનું બીજ છે. એ નષ્ટ થયે '**अहं ब्रह्मास्मि**' હું બ્રહ્મ છું, '**तत्त्वमसि**' (તે તું છે) એમ બ્રહ્મૈક્યદૃષ્ટિ થવી–સર્વ બ્રહ્મ છે એમ સમજવું–એ જ્ઞાન છે, એજ મોક્ષ છે.

૧ શબ્દની ત્રણ વૃત્તિ એટલે અર્થ ઉપજાવનારી શક્તિ છે. તે અભિધા, લક્ષણા, ને વ્યંજના કહેવાય છે. અભિધાવૃત્તિથી શબ્દમાંથી મુખ્ય અર્થ નીકળે છે. જ્યારે મુખ્ય અર્થ બંધબેસે નહિ કે તે અર્થમાં બોલનારની મતલબ ન હોય ત્યારે લક્ષણાવૃત્તિથી મુખ્ય અર્થની સાથે સંબંધ ધરાવનારો બીજો અર્થ લેવો પડે છે. એ અર્થ લેવાનું પ્રયોજન વ્યંજનાવૃત્તિથી સમજાય છે. જે વૃત્તિથી ઘણો ઊંડો રહેલો અર્થ સમજાય તે વ્યંજનાવૃત્તિ. **इन्द्रः स्थूणा** અહિં **इन्द्र**નો મુખ્ય અર્થ બંધબેસતો નથી; કેમકે ઇન્દ્ર કંઇ સ્થૂણા એટલે યજ્ઞસ્તંભ હોય નહિ. આ કારણથી લક્ષણાવૃત્તિ સ્વીકારવી પડે છે. **इन्द्रः** એટલે **इन्द्रार्थः**—ઇન્દ્રને માટે. આ પ્રમાણે **उपनिषद्**નો અર્થ લક્ષણાવૃત્તિથી 'બ્રહ્મવિદ્યા માટેનો ગ્રન્થ' થાય છે.

૨ દેખીતો વિરોધ; વિરોધ જેવું દેખાય છે તે. ઉપનિષદનું રહસ્ય ન સમજનારને સ્થળે સ્થળે વિરોધ જેવું લાગે છે, તે વિરોધ નથી, પણ વિરોધનો આભાસ છે એમ 'શારીરકમીમાંસા' માં શ્રીમચ્છંકરાચાર્યે દર્શાવ્યું છે.

સ્વતન્ત્ર કે અસ્વતન્ત્ર ચૈતન્ય છેજ નહિ. લોકોને વિષે આયત–ફેલાયલું, કંઈ પણ વિચાર કરવાના પરિશ્રમ વિના સિદ્ધ થઈ શકે એવું એ લોકાયત મત છે. આ દેહાત્મવાદીઓ [1]ચાર્વાકના અનુસરનારાઓ છે. નેત્રાદિ

[1] ચાર્વાકના અનુયાયીઓ એકલા પ્રત્યક્ષનેજ પ્રમાણ માને છે, અનુમાનને પ્રમાણ માનતા નથી; પરમેશ્વર, સ્વર્ગ, નરક, પુણ્ય, કે પાપનો અંગીકાર કરતા નથી. દેહને આત્મા માને છે; તેથી તેઓ દેહાત્મવાદી–દેહને આત્મા માનનારા–કહેવાય છે.

यावज्जीवेत् सुखं जीवेत् ऋणं कृत्वा घृतं पिबेत् ।
भस्मीभूतस्य देहस्य पुनरागमनं कुतः ॥

જ્યાંસુધી જીવવું ત્યાંસુધી સુખે જીવવું, દેવું કરીને પણ ઘી પીવું; કેમકે બળીને ખાખ થયલા દેહનું પુનરાગમન ક્યાંથી થાય ?

ચાર્વાકનો મત એવો છે કે '**ब्राह्मणोऽहम्**', '**स्थूलोऽहम्**', '**गौरोऽहम्**', '**जानामि**'—હું બ્રાહ્મણ છું, સ્થૂલ છું, ગોરો છું, હું જાણું છું—એમ 'હું' ની સાથે 'બ્રાહ્મણ' 'સ્થૂલ' ને 'ગોરો' એકતા પામે છે, તેથી બ્રાહ્મણત્વ આદિ ધર્મવાળા શરીરને વિષેજ સુખાદિ છે એમ સિદ્ધ થાય છે, માટે શરીરજ આત્મા છે. શરીર પૃથિવીતત્ત્વનું બનેલું હોવાથી ઘટાદિની પેઠે ચેતન નથી એમ શંકા કરવી યુક્ત નથી; કેમકે જેમ નાગવલ્લનું પાંદડું એકલું ચાવવાથી ઓઠને રંગ આવતો નથી, તોપણ ચૂનો, કાથો, સોપારી વગેરે સાથે ખાવાથી રંગ આવે છે—તેમ કેવલ પાર્થિવ પદાર્થ ચૈતન્ય ઉત્પન્ન કરી શકતો નથી, તોપણ પૃથ્વી, જળ, વાયુ, ને અગ્નિ એ ચાર ભૂતના સમુદાયરૂપ જે શરીર તે ચૈતન્ય ઉત્પન્ન કરે છે. અગ્નિહોત્ર, ત્રણ વેદ, ત્રિદંડ, ભસ્મરચના એ બુદ્ધિહીન ને પૌરુષહીનની જીવિકા છે—લોકોને એ વિષે સમજાવી બુદ્ધિહીન ને પૌરુષહીન લોકો જીવનનો નિર્વાહ કરે છે એમ બૃહસ્પતિ કહે છે. દુઃખજ નરક છે. વિષયોના ઉપભોગથી

ઇન્દ્રિયો ન હોય તો સ્વપ્નાદિને વિષે સ્વરૂપનું જ્ઞાન ન થાય, માટે 'ચૈતન્ય ઇન્દ્રિયોજ આત્મા છે' એવું બીજું મત છે. નેત્રાદિ ઇન્દ્રિયો ન હોય તોપણ મનમાંજ જ્ઞાન જોવામાં આવે છે, માટે 'મન આત્મા છે,' એમ વળી અન્ય મત છે. અવૈદિક લોકાયત મતની આવા ભેદો છે. [1]યોગાચાર બૌદ્ધનો એવો મત છે કે વિજ્ઞાન આત્મા છે ને તે ક્ષણિક છે.

થતું સુખજ પુરુષાર્થ છે, રાજાજ પરમેશ્વર છે, દેહનો નાશજ મોક્ષ છે, એમ નાસ્તિકશિરોમણિ **ચાર્વાક**નું મત છે. **ચાર્વાક**ના મતને અંશે મળતા વિદ્વાનો એવું માને છે કે ઇન્દ્રિયજ આત્મા છે. '**काणोऽहं**' '**अहं जानामि**'—હું કાણો છું, હું જાણું છું, એમ 'હું' અને 'કાણો' ને 'જાણું છું' એટલે જ્ઞાન વચ્ચે એકતા છે તેથી તેમજ સુષુપ્તિદશામાં શરીર છે તોપણ નેત્રાદિ કામ કરતાં બંધ થવાથી ઘટાદિનું જ્ઞાન થતું નથી, માટે ઇન્દ્રિયજ આત્મા છે.

અન્ય ચાર્વાકો મનને આત્મા માને છે. સ્વપ્નમાં નેત્રાદિ ઇન્દ્રિયો કામ કરતી નથી તોપણ મન કામ કરતું જોવામાં આવે છે, તેથી મનજ આત્મા છે.

૧ બુદ્ધના માધ્યમિક, યોગાચાર, સૌત્રાન્તિક, ને વૈભાષિક એ નામના ચાર શિષ્ય હતા. તેમાં બુદ્ધે પ્રથમ જેઓ પ્રતિ 'સર્વ શૂન્ય છે' એવો ઉપદેશ કર્યો તે માધ્યમિક. ગુરુએ જેવું કહ્યું તેવું શ્રદ્ધાથી તેઓએ ગ્રહણ કર્યું તેથી તેઓ કનિષ્ઠ નહિ, તેમજ પોતાની બુદ્ધિ વાપરી શંકા ન કરી તેથી શ્રેષ્ઠ પણ નહિ, એમ તેઓ માધ્યમિક કહેવાયા. શિષ્યોએ યોગ ને આચાર બંને કરવા જોઈએ. ન આવડતું હોય તે શીખવા માટે પૂછવું તે યોગ. ગુરુનું કહેલું સ્વીકારવું તે આચાર. ગુરુનું કહેલું કબૂલ કર્યું તેથી ઉત્તમ ને શંકા ન કરી માટે અધમ, આથી માધ્યમિક એવું તેમનું નામ પડયું. માધ્યમિકો સર્વશૂન્યત્વવાદી છે. સુષુપ્તિમાંથી ઊઠયા તકી તરતજ—'**सुषुप्तावहं नासम्**' (સુષુપ્તિમાં હું નહોતો) એવો અનુભવ થાય છે. તેથી શૂન્યજ આત્મા છે, તેથી આ સર્વ શૂન્ય છે, મિથ્યા છે, એવું માધ્યમિકોનું મત છે.

ગુરુએ સર્વ શૂન્ય છે એમ ઉપદેશ કર્યો ત્યારે અન્ય શિષ્યોએ જ્ઞા-

બાહ્ય પદાર્થ છેજ નહિ, તે વિજ્ઞાનના આકારરૂપ છે. માત્ર આન્તર વિજ્ઞાન છે, તેજ આત્મા છે ને તે ક્ષણિક છે,' એવું વિજ્ઞાનવાદીઓનું માનવું છે. માધ્યમિક બૌદ્ધો કહે છે કે આન્તર કે બાહ્ય પદાર્થ છેજ નહિ, સર્વ શૂન્ય છે, આત્મા પણ શૂન્ય છે. તાર્કિકો આત્માને દેહાદિથી ભિન્ન, સંસારી, કર્તા, ને ભોક્તા માને છે. [1]સાંખ્યોનું એવું મત છે કે

નથી અન્ય સર્વ શૂન્ય થાઓ—**अस्तु नाम** એમ ગુરુની ઉક્તિ, જેને બૌદ્ધો પરિભાષામાં **યોગ** કહે છે તે સ્વીકારી; પણ જ્ઞાનનું શૂન્યત્વ સંભવતું નથી; કેમકે તેમ થવાથી જગત્માં અન્ધતાનો—સર્વ અન્ધ થવાનો—પ્રસંગ આવે એમ **બુદ્ધ**મતમાં આક્ષેપ, જેને બૌદ્ધો પરિભાષામાં **'આચાર'** કહે છે તે કર્યો માટે વિજ્ઞાનાસ્તિત્વવાદી બૌદ્ધો યોગાચાર કહેવાયા. એ ક્ષણિક-વિજ્ઞાનવાદી છે. એમના મતમાં ક્ષણિક વિજ્ઞાનજ આત્મા છે.

અન્ય શિષ્યોએ કહ્યું કે જેની પ્રતીતિ-ભાન થાય છે એવા પદાર્થ શૂન્ય છે એમ કેમ કહી શકાય; તેટલા માટે જ્ઞાનની પેઠે બાહ્ય પદાર્થ પણ સત્યજ છે. **બુદ્ધ** કહ્યુ કે ઠીક, પણ તે અનુમેય—અનુમાનગમ્ય છે, પ્રત્યક્ષ નથી, એમ શિષ્યની મતિને અનુસરીને ઉપદેશ કર્યો. તેમણે સૂત્રનો અન્ત (રહસ્ય) પૂછ્યો, માટે તેઓ સૌત્રાન્તિક કહેવાયા. આ પ્રમાણે સૌત્રાન્તિકો સર્વાસ્તિત્વ-વાદી છે, પણ તેઓ બાહ્ય પદાર્થોને પ્રત્યક્ષ નહિ, પણ અનુમેય માને છે.

વળી અન્ય શિષ્યો એમ માને છે કે આપણને પદાર્થનું જ્ઞાન થાય છે તેથી બાહ્ય પદાર્થનું અસ્તિત્વ સ્વીકારાય છે તો એ જ્ઞાન પ્રત્યક્ષ હોવાથી બાહ્ય પદાર્થ શી રીતે પરોક્ષ છે? માટે બાહ્ય પદાર્થ પ્રત્યક્ષ નથી (અનુમેય છે)એ ભાષા વિરુદ્ધ છે એમ આક્ષેપ કરવાથી તેઓ વૈભાષિક કહેવાયા. આ પ્રમાણે વૈભાષિકો પણ સૌત્રાન્તિકની પેઠે સર્વાસ્તિત્વવાદી છે, પણ બાહ્ય પદાર્થ-ને તેઓ પ્રત્યક્ષ માને છે, સૌત્રાન્તિકની પેઠે પરોક્ષ માનતા નથી.

૧ मूलप्रकृतिरविकृतिर्महदाद्याः प्रकृतिविकृतयः सप्त ।
षोडशकस्तु विकारो न प्रकृतिर्न विकृतिः पुरुषः ॥

આત્મા ભોક્તાજ છે, કર્તા નથી. આત્મા ઈશ્વરથી ભિન્ન છે એમ [1]યોગમત છે. વેદાન્તિમત તો એવો છે કે ભોક્તા એટલે જે જીવ કર્તા

આમાં સાંખ્યોનાં પચ્ચીસ તત્ત્વો ગણાવ્યાં છે. પ્રકૃતિ એ જગતને પેદા કરનારી છે, તે જડ—અચેતન છે, પુરુષ—આત્મા તો પ્રકૃતિ જે કરે છે ને ભોગવે છે તેનો સાક્ષિમાત્ર છે; તે કમળના પાંદડાંની પેઠે નિર્લિપ્ત છે, એટલે જેમ કમળના પાંદડાને જળ સ્પર્શ કરતું નથી, તેમ પુરુષને કર્તૃત્વનો કે ભોક્તૃત્વનો લેપ થતો નથી. આત્મા કર્તા નથી, તેમજ ભોક્તા પણ નથી, માત્ર સાક્ષિરૂપ છે. મૂલપ્રકૃતિ એ જગતની પેદા કરનારી છે. તે નિત્ય છે ને અચેતન છે; નિત્ય છે, માટે વિકૃતિ નથી, કારણજ છે, કાર્ય નથી. મૂલપ્રકૃતિ એ આ પ્રમાણે અવિકૃતિ છે, વિકાર નથી, કશાનું કાર્ય નથી, કારણજ છે. મહત્ તત્ત્વ એ પ્રકૃતિનું પરિણામ છે, અર્થાત્ પ્રકૃતિનું કાર્ય છે, એનેજ બુદ્ધિ કે અન્તઃકરણ કહે છે. અહંકાર-હું સુખી છું. દુઃખી છું એ અભિમાન-મહત્ તત્ત્વનું કાર્ય છે; અને તન્માત્ર-શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ને ગન્ધ-એ અહંકારનાં કાર્ય છે; આ પ્રમાણે મહત્, અહંકાર, ને પાંચ તન્માત્ર એ સાત પ્રકૃતિ ને વિકૃતિ બંને છે, કારણ છે તેમજ કાર્ય પણ છે; પાંચ જ્ઞાનેન્દ્રિયો (આંખ, કાન, નાક, જીભ, ત્વચા), પાંચ કર્મેન્દ્રિયો (હાથ, પગ, વાણી, પાયુ, ને ઉપસ્થ [પાયુ, ઉપસ્થ=મળમૂત્રેન્દ્રિયો]), પાંચ ભૂતો (પૃથ્વી, જળ, તેજ, વાયુ, ને આકાશ), ને મન એ સોળ વિકારજ છે, પુરુષ એ પ્રકૃતિએ નથી કે વિકૃતિએ નથી, કારણ નથી ને કાર્ય પણ નથી; માત્ર સાક્ષીભૂત છે. પ્રકૃતિ સર્વ કરે છે, પ્રકૃતિના સંસર્ગથી આત્મામાં ' હું કરૂં છું ' એવું અભિમાન ઉત્પન્ન થાય છે; એજ આત્માનો બંધ છે અને એમાંથી નિવૃત્તિ એ આત્માનો મોક્ષ છે.

૧ આત્મા યોગગમ્ય છે. યોગ એટલે ચિત્તવૃત્તિનો નિરોધ, અર્થાત્, ચિત્તને બાહ્ય વિષયમાંથી ખેંચી લઈ અન્તરમાં લીન કરવું તે. યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, ને સમાધિ એ યોગનાં

નથી, માત્ર સાક્ષિરૂપ છે તેનું પરમાત્મા સ્વરૂપજ છે, ને તે પરમાત્મા એકજ છે. આ અને એવા અનેક મતભેદ છે. આ બધાં મતો [1]સમ્યગ્દર્શનના શત્રુરૂપ છે અને મુમુક્ષુ જનને વ્યાકુળ કરે છે; તેથી અસત્ય મતનું નિરાકરણ ને સત્ય મતનું સ્થાપન કરવા તેમજ '**तं [2]त्वौपनिषदं पृच्छामि**' એમ ઉપનિષદ્‌થી સમજાય એવા આત્માનું યથાર્થ સ્વરૂપ પ્રતિપાદન કરવા ભગવાન્ **બાદરાયણે** **ब्रह्मसूत्र** નામનો ગ્રન્થ રચ્યો છે; તે પર શ્રીમચ્છંકરાચાર્યે 'શારીરકમીમાંસા' નામનું ભાષ્ય રચ્યું છે. શરીર તેજ શરીરક. નિન્દિતના અર્થમાં '**शरीर**' શબ્દને **क** પ્રત્યય લાગી **शरीरक** શબ્દ થયો છે. અર્થાત્ 'શરીરક' એટલે નિન્દ્ય શરીર. પછી '**सोऽस्य निवासः**' એ અર્થમાં શરીરક છે નિવાસ જેનો તે **शारीरक** એટલે જીવ, એમ **अण्** પ્રત્યય લાગી, આદિવૃદ્ધિ થઈ, **शारीरक** શબ્દ બન્યો છે. જીવની મીમાંસા, એટલે જીવ બ્રહ્મ છે એવો વિચાર, જે ગ્રન્થમાં પ્રતિપાદન કર્યો છે તે **शारीरकमीमांसा.** શ્રીમચ્છંકરાચાર્યે ગીતા પર તેમજ ઉપનિષદો પર ભાષ્યો, ઉપદેશસાહસ્રી આદિ અનેક ગ્રન્થો રચ્યા છે; તેમાં આ ગ્રન્થમાં પરમતનું ખંડન ને સ્વમતનું સ્થાપન હોવાથી કેવલાદ્વૈતસિદ્ધાન્ત પ્રતિપાદન કરવામાં ઉત્તમ ગણાય છે. આખા ગ્રન્થમાં જ્ઞેય પદાર્થ બ્રહ્મ છે. એના **समन्वय, अविरोध, साधन,** ને **फल** એ ચાર અધ્યાય છે ને દરેક અધ્યાયના ચાર પાદ છે. આ સર્વ બ્રહ્મ છે, બ્રહ્મ સિવાય બીજું કંઈ નથી એમ બધાં શ્રુતિવાક્યો પ્રતિપાદન કરે છે. જે ઉપનિષદ્‌વાક્યોમાં બ્રહ્મલિંગ સ્પષ્ટ છે ને જેમાં અસ્પષ્ટ છે તે બધાં વાક્યોનો તેમજ દરેક પદનો સમન્વય બ્રહ્મની એકતાને

આઠ અંગ છે. એ અંગસહિત યોગથી શિવમય જ્યોતિનું અવલોકન થાય છે, એ સમાધિસિદ્ધિ કહેવાય છે. પ્રત્યાહાર=ઇન્દ્રિયોને પોતપોતાના વિષયોમાંથી ખેંચી લેવી તે. ધારણા=ચિત્તને અમુક દેશમાંજ રાખવું તે.

1 સત્યજ્ઞાન.

વિષે છે એમ સમન્વયાધ્યાયમાં કહ્યું છે.[1] બીજા અધ્યાયમાં એમ પ્રતિપાદન કર્યું છે કે પોતાના પક્ષમાં શ્રુતિ, સ્મૃતિ, કે ન્યાયનો વિરોધ નથી ને અન્ય પક્ષોમાં [2]ન્યાયાભાસ છે. એમ સ્વપક્ષનું સ્થાપન ને પરપક્ષોનું ખંડન એ અવિરોધાધ્યાયમાં કરેલું છે. એ ઘણો અગત્યનો અધ્યાય છે. એમાં સાંખ્ય, યોગ, તાર્કિક, ન્યાય, બૌદ્ધ, જૈન, માહેશ્વર, ભાગવત આદિ મતોનું નિરાકરણ કર્યું છે. વેદાન્તમાં પ્રતિપાદન કરેલો અર્થ શ્રુતિથી અવિરુદ્ધ સિદ્ધ થયો એટલે જ્ઞાનના સાધનનો વિચાર કરવાનો પ્રસંગ આવ્યો. આમ ત્રીજો અધ્યાય સાધનાધ્યાય છે. બુદ્ધિ, ઇન્દ્રિય આદિ સાધનરૂપ ઉપાધિ જે જીવને છે તેની સંસારગતિ કેવી છે તેનો, તેમજ વિદ્યાના ભેદ ને અભેદનો, ગુણોના [3]ઉપસંહાર ને અનુપસંહારનો વિચાર ત્રીજા અધ્યાયમાં છે. ઉપાસનાવાક્યો સગુણબ્રહ્મ ને [4]અપરવિદ્યાને લગતાં છે તે વિષે એમાં વિચાર છે. ચોથા અધ્યાયમાં ફળ–મોક્ષ સંબંધી વિચાર છે, માટે તે ફલાધ્યાય કહેવાય છે.

વેદાન્તના નિર્ણય કરવાનાં સાત લિંગ છે—' **उपक्रमोपसंहारावभ्यासोऽपूर्वता फलम् । अर्थवादोपपत्ती च लिङ्गं तात्पर्यनिर्णये ॥**.' ઉપક્રમ, ઉપસંહાર, અભ્યાસ, અપૂર્વતા, ફળ, અર્થવાદ, ને ઉપપત્તિ એ સાત તાત્પર્ય નક્કી કરે છે. એ લિંગો વડે વેદાન્તો અદ્વિતીય બ્રહ્મ પ્રતિપાદન કરે

---

૧ જે શ્રુતિવાક્યો બ્રહ્મને ખુલ્લાં લાગુ પડતાં દેખાય છે ને જે વાક્યો ખુલ્લાં લાગુ પડતાં દેખાતાં નથી તે બધાં વાક્યો તેમજ દરેક પદ બ્રહ્મ એક છે એમ પ્રતિપાદન કરે છે, તેનો સમન્વય–સંબંધ બ્રહ્મની એકતા બતાવવાનો છે. ૨ ન્યાયનો આભાસ, શુદ્ધ ન્યાય નહિ, દૂષિત અનુમાન. ૩ એકત્ર થવું. ૪ વિદ્યા બે છે, પર ને અપર. ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ, શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત, જ્યોતિષ્, અને છન્દઃશાસ્ત્ર એ અપરવિદ્યા છે. જેથી અવિનાશી બ્રહ્મનું જ્ઞાન થાય છે તે પરવિદ્યા. શિક્ષા વગેરે છ અંગસહિત કર્મકાંડ તે અપરવિદ્યા; ને જેમાંથી બ્રહ્મજ્ઞાન થાય છે, તે ઉપનિષદ્, તે પર વિદ્યા. સગુણ બ્રહ્મવિદ્યા તે અપરવિદ્યા ને નિર્ગુણ બ્રહ્મવિદ્યા તે પરવિદ્યા.

છે એમ નિર્ણય થાય છે. '**सदेव सोम्येदमग्र आसीत्**' એમ છાન્દોગ્યના ૬ટ્ઠા અધ્યાયમાં ૨જા પાદનું ઉપક્રમવાક્ય છે. ઉદ્દાલક પુત્રને કહે છે કે હે સોમ્ય, જગત્ ઉત્પત્તિપૂર્વે સત્સ્વરૂપજ હતું. **सत्** શબ્દનો **અર્થ**, અસ્તિત્વ જેને છે એવી વસ્તુ, નિર્વિશેષ, નિરંજન, નિરવયવ, વિજ્ઞાનસ્વરૂપ, બ્રહ્મજ છે. **एव** એ નિશ્ચયવાચક છે, તેથી જગત્ બ્રહ્મથી જુદું નથી એમ સમજવાનું છે '**एकमेवाद्वितीयम्**' એમાં **अद्वितीय** પદથી, સત્‌થી ભિન્ન સત્‌નું સહકારિકારણ નથી એમ સમજવાનું છે. આમ બ્રહ્મનો ઉપક્રમ કરીને '**ऐतदात्म्यमिदं सर्वम्**' એ સર્વ એ આત્મસ્વરૂપ છે—એવો ઉપસંહાર છે. ઉપક્રમ ને ઉપસંહાર એક છે એમ તાત્પર્યલિંગ છે. તેમજ '**तत्त्वमसि**' તે બ્રહ્મ તું છે—એવા નવ વાર અભ્યાસ—પુનરુક્તિ છે. એ અભ્યાસથી પણ એ વાક્યસમૂહનું તાત્પર્ય બ્રહ્મ પ્રતિપાદન કરવાનું છે એમ સમજાય છે. શ્રુતિથી અન્ય પ્રમાણને બ્રહ્મ યોગ્ય નથી એ અપૂર્વતા '**अत्र वाव किल सत् सोम्य न निभालयसे**' એમાં કહી છે. જેમ પાણીમાં મિશ્ર કરેલું મીઠું દર્શન કે સ્પર્શથી જણાતું નથી, જીભથી જણાય છે, તેમ હે સોમ્ય, દેહ, ઇન્દ્રિય વગેરે સમુદાયમાં રહેલું પ્રત્યક્ બ્રહ્મ તું જાણતો નથી એવું એ શ્રુતિનું તાત્પર્ય છે. '**तस्य तावदेव चिरं यावन्न विमोक्ष्ये अथ संपत्स्ये**'–જેનું અવિદ્યારૂપી બન્ધન છૂટયું છે એવા આચાર્યવાન્ પુરુષને તેટલોજ ચિરકાળ વિલંબ થાય છે કે જેટલો કાળ મોક્ષ પામતો નથી. પછી તેજ સમયે એટલે મોક્ષસમયે સત્સ્વરૂપ થશે–આત્મસ્વરૂપ સાથે એકતા પામશે. જ્યાંસુધી દેહ પડતો નથી ત્યાંસુધી વિદ્વાનને વિલંબ છે. દેહ પડયા પછી વિદ્વાન્ બ્રહ્મ થશે—વિદેહકૈવલ્યમુક્તિનો અનુભવ કરશે એવું બ્રહ્મજ્ઞાનનું ફળ કહ્યું છે. '**अनेन जीवेनात्मनानुप्रविश्य**' એ અદ્વિતીય જ્ઞાનને માટે અર્થવાદ–સ્તુતિ છે; અને '**यथा सोम्यैकेन मृत्पिण्डेन सर्वं मृन्मयं विज्ञातं स्याद्वाचारम्भणं विकारो नामधेयं मृत्तिकेत्येव सत्यम्**' (હે સોમ્ય, જેમ એક માટીના ગોળાના જ્ઞાનથી માટીના બધા વિકારનું જ્ઞાન થાય છે, નામરૂપ વિકાર વાણીનેજ આધારે છે, મૃત્તિકા એજ સત્ય છે) એ ઉપપત્તિ છે.

આમ સાત પ્રકારનાં તાત્પર્યલિંગ, છૂટાં કે એકઠાં, દરેક વેદાન્તમાં દેખાય છે. કોઈ પણ ગ્રન્થનું તાત્પર્ય જાણવું હોય કે તેનું ખંડન કરવું હોય, તો આખા ગ્રન્થનું પર્યાલોચન કરવું, ઉપક્રમમાં શું કહ્યું છે, ઉપસંહાર કેવી રીતે કર્યો છે, ફળ શું છે, અર્થવાદ એટલે સ્તુતિવાક્ય કેવાં છે, ઉપપત્તિ એટલે યુક્તિથી શું પ્રાપ્ત થાય છે, પુનરુક્તિ શેની કરી છે, અપૂર્વતા એટલે અન્ય પ્રમાણથી ગમ્ય નહિ એવું શું છે–એ બધાનો બરાબર વિચાર કરવાથીજ તાત્પર્ય સમજાય છે. આખા ગ્રન્થમાંથી અમુક વાક્યને પૂર્વાપરસંબન્ધથી છૂટું પાડી ગ્રન્થકારનો આશય સ્પષ્ટ હોય કે ન હોય તોપણ તે તરફ વિમુખજ રહી, ટીકા કરવાનો પ્રચાર શિષ્ટ નથીજ એ આ ઉપરથી સમજાશે. ઘણાઓ વાદમાં આવી શૈલી પ્રયોજે છે ને ઉપરછલ્લા વાચકોને છેતરે છે, તેથી શિષ્ટ સંપ્રદાયનું અહિં દર્શન કરાવ્યું છે. આ રીતે જોતાં વેદાન્તો બ્રહ્મૈક્ય પ્રતિપાદન કરે છે એમ શ્રીમચ્છંકરાચાર્યે સ્થળે સ્થળે દર્શાવ્યું છે.

જીવાત્મા ને પરમાત્મા—જીવાત્માનો પરમાત્મા સાથે કેવા પ્રકારનો સંબન્ધ છે તે વિચાર વાક્યાન્વયાધિકરણમાં કર્યો છે. **મૈત્રેયીબ્રાહ્મણમાં** એવી આખ્યાયિકા છે કે **યાજ્ઞવલ્ક્ય** જ્યારે ગૃહસ્થાશ્રમની પછીના આશ્રમમાં જવા ઇચ્છતા હતા ત્યારે તેમણે પોતાની સ્ત્રી **મૈત્રેયીને કાત્યાયની સાથે** દ્રવ્ય વહેંચી લેવા કહ્યું. **મૈત્રેયીને** મોક્ષની ઇચ્છા હતી તેથી તેણે **યાજ્ઞવલ્ક્ય** પતિને પૂછ્યું કે આ સર્વ વિત્તથી પૂર્ણ પૃથ્વી મારી થાય તેથી હું અમૃત થાઉં કે નહિ ? **યાજ્ઞવલ્કયે** કહ્યું કે ઘણાં સાધનોથી યુક્ત પુરુષનું જીવિત જેવું થાય તેવું તારૂં થાય, વિત્તથી કંઈ અમૃત થવાય નહિ. અમૃતત્વ–મોક્ષ જ્ઞાનસાધ્ય છે, કર્મસાધ્ય નથી. **મૈત્રેયી** કહે જે વડે હું અમૃત ન થાઉં તેનું મારે શું પ્રયોજન છે ? અમૃતત્વનું સાધન જાણતા હો તો કહો. હવે અમૃતત્વનાં સાધનનું જ્ઞાન આપવા વૈરાગ્ય આવશ્યક હોવાથી પતિ, જાયા આદિ રાગવિષયોમાં વૈરાગ્ય ઉત્પન્ન કરવા માટે **યાજ્ઞવલ્કયે** ' **न वा अरे पत्युः कामाय**°' ઇત્યાદિ વાક્યો કહ્યાં. પતિ, જાયા આદિ સર્વ વસ્તુ આત્માને લીધેજ પ્રિય છે, સાક્ષાત્ પ્રિય નથી; માટે એ વસ્તુમાંથી વિરમી જે સાક્ષાત્ પ્રિય છે

એ આત્માનું ચિન્તન કરવું–'**न वा अरे सर्वस्य कामाय सर्वं प्रियं भवति आत्मनस्तु कामाय सर्वं प्रियं भवति आत्मा वा अरे द्रष्टव्यः श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्यो मैत्रेय्यात्मनो वा अरे दर्शनेन श्रवणेन मत्या विज्ञानेनेदं सर्वं विदितम्**' (અરે મૈત્રેયિ, સર્વ વસ્તુની ઇચ્છા માટે સર્વ પ્રિય થતું નથી, આત્માની ઇચ્છાને માટે સર્વ પ્રિય થાય છે. અરે, આત્માજ દર્શન, શ્રવણ, મનન, અને નિદિધ્યાસન કરવા યોગ્ય છે; અરે મૈત્રેયિ, આત્માના દર્શન, શ્રવણ, મનન, અને વિજ્ઞાનથી એ સર્વ વિદિત થાય છે). આમાં પરમાત્માનો ઉપદેશ છે એમ વાક્યના અન્વયથી—પૂર્વાપરસંબન્ધથી નક્કી થાય છે. નામરૂપાત્મક જગત્નું પારમાર્થિક રૂપ આત્માજ છે; જેમ રજ્જુને દોરી સમજીએ તો તેમાં આરોપ કરેલા સર્પનું તાત્ત્વિક રૂપ રજ્જુ છે. તેટલા માટે આત્મા વિદિત થયો એટલે આ સર્વ જગત્તત્ત્વ વિદિત થાય છે; જેમ રજ્જુનું જ્ઞાન થયું એટલે આરોપેલા સર્પનું તત્ત્વ સમજાય છે. આ કારણથી આત્માનુંજ દર્શન કરવાનું છે. અહિં પૂર્વપક્ષ એવો છે કે **પ્રિય** શબ્દથી ભોક્તા આત્મા બરાબર સુચવાય છે, તેનો ઉપક્રમ કરીને તેના દર્શન આદિનો ઉપદેશ કર્યો છે, માટે અહિં ઉપદેશમાં વિજ્ઞાનાત્માજ—જીવાત્માજ સમજવાનો છે.' એ પૂર્વપક્ષનું નિરાકરણ કરવા ભગવાન્ **બા**દરાયણે ત્રણ સૂત્રો આપ્યાં છે ને તેમાં જીવાત્મા ને પરમાત્માના સંબન્ધ વિષે ભિન્ન મતો દર્શાવ્યાં છે. પહેલું સૂત્ર '**प्रतिज्ञासिद्धेर्लिङ्गमाश्मरथ्यः**' એ છે. '**आत्मनि विज्ञाते सर्वमिदं विज्ञातं भवति**' (આત્માનું વિજ્ઞાન થયે આ સર્વનું વિજ્ઞાન થાય છે), '**इदं सर्वं यदयमात्मा**' (એ સર્વ જે એ આત્મા છે તે), આ પ્રતિજ્ઞા સિદ્ધ થવા માટે વિજ્ઞાનાત્મા ને પરમાત્માનો અભેદ અંશે ઉપક્રમ છે એમ ભેદાભેદવાદી **આશ્મરથ્ય** આચાર્ય માને છે. અર્થાત્, **આશ્મરથ્ય** આચાર્યના મત પ્રમાણે આત્મા પરમાત્માથી ભિન્ન છે ને અભિન્ન પણ છે. જેમ વહ્નિમાંથી નીકળતા તતડીઆ વહ્નિના વિકાર છે; એ તતડીઆ વહ્નિથી અત્યન્ત ભિન્ન નથી; કેમકે તેના જેવા રૂપના જણાય

છે; તેમજ અત્યન્ત અભિન્ન પણ નથી; કેમકે તેમ હોય તો તે વહ્નિના વિકાર કહેવાય નહિ; તેવીજ રીતે બ્રહ્મના વિકાર, જીવાત્માઓ બ્રહ્મથી અત્યન્ત ભિન્ન નથી તેમજ અભિન્ન પણ નથી. સારાંશ કે **આશ્મરથ્યના** મત પ્રમાણે જીવાત્મા કોઈક પ્રકારે પરમાત્માથી ભિન્ન છે તેમ અભિન્ન પણ છે. આ ભેદાભેદવાદ કહેવાય છે. '**न वा अरे सर्वस्य कामाय°**' ઇત્યાદિમાં અભેદ કહ્યો છે. બીજું સૂત્ર આ છે—'**उत्क्रमिष्यत एवंभावादित्यौडुलोमिः**'. જીવ પરમાત્માથી અત્યન્ત ભિન્નજ છે, તેથી દેહ, ઇન્દ્રિય, મન, અને બુદ્ધિના સંપર્કથી સર્વદા મલિન છે. જ્ઞાન, ધ્યાન આદિ સાધનના અનુષ્ઠાનથી તે સંપ્રસન્ન–સ્વચ્છ થાય છે અને દેહ, ઇન્દ્રિય આદિ સંઘાત છોડી *ઉત્ક્રમણ કરવા ઇચ્છે છે ત્યારે પરમાત્મા સાથે એક થાય છે, માટે અભેદથી ઉપક્રમ છે. ભવિષ્યમાં થનારા અભેદને લઈને ભેદકાળમાં પણ એમ કહ્યું છે. પાંચરાત્રિકોનું પણ એવુંજ મત છે કે—'**आमुक्तेर्भेद एव स्याज्जीवस्य च परस्य च। मुक्तस्य तु न भेदोऽस्ति भेदहेतोरभावतः॥**' (મુક્તિપર્યન્ત જીવ ને પરમાત્માનો ભેદજ છે; પણ મુક્ત જીવનો પરમાત્માથી ભેદ નથી; કેમકે ભેદહેતુ નથી). આ પ્રમાણે સંસારદશામાં ભેદજ છે, મુક્તિમાં અભેદ છે એમ સત્યભેદવાદી ઔડુલોમિનું મત છે. '**अवस्थितेरिति काशकृत्स्नः**' એ ત્રીજું સૂત્ર છે. પરમાત્મા વિજ્ઞાનાત્મા તરીકે અવસ્થિત છે–રહેલો છે–તેથી એમ છે એમ કાશકૃત્સ્ન કહે છે. '**अनेन जीवेनानुप्रविश्य नामरुपे व्याकरवाणि**' (આ જીવરૂપે અનુપ્રવેશ કરી નામનું સ્પષ્ટીકરણ કરીશ) એ બ્રાહ્મણ પરમાત્માનુંજ જીવાત્મા તરીકે અવસ્થાન દર્શાવે છે. એજ સિદ્ધાન્ત શ્રીમચ્છંકરપાદને ઇષ્ટ છે. જીવ પરમાત્માથી અન્ય નથી, તેમજ તેનો વિકાર પણ નથી. પણ અવિદ્યારૂપ ઉપાધિથી ભેદ ભાસે છે. જેમ ઘડામાં, ને માટલામાં રહેલું આકાશ એ કંઈ પરમ આકાશથી ભિન્ન નથી; ઘટ ને માટલું એ ઉપાધિને લીધે ભિન્ન લાગે

*ઊંચે જવું તે; શરીરમાંથી બહાર નીકળવું તે.

છે; જેમ બિંબ–મૂળ આકાર ને પ્રતિબિંબમાં–તેના પડછાયામાં વાસ્તવિક ભેદ નથી, નીલમણિ, ખડ્ગ, કાચ વગેરેમાં પ્રતિબિંબો, તે તે ઉપાધિઓને લીધે શ્યામ, ગોળ, લાંબા વગેરે લાગે છે; તેમ જીવાત્મા ને પરમાત્મા એ એકજ છે; અવિદ્યારૂપ ઉપાધિથી જીવનો દેહમાં કલ્પિત *અવચ્છેદ લાગે છે. એજ પ્રમાણે નિત્ય, શુદ્ધ, બુદ્ધ, મુક્તસ્વભાવ પરમાત્માથી જીવાત્માનો [1]આત્યન્તિક અભેદ છે; તોપણ [2]અનિર્વચનીય, અનાદિ અવિદ્યારૂપ ઉપાધિથી જીવોનો કાલ્પનિક ભેદ છે.

સત્કાર્યવાદ અને અસત્કાર્યવાદ—ઉત્પન્ન થાય છે ત્યારેજ કાર્ય વિદ્યમાન થાય છે. ઉત્પત્તિની પહેલાં તેનું અસ્તિત્વ નથી એવો વાદ–મત, તે અસત્કાર્યવાદ. એ મત નૈયાયિકો ને [3]માધ્વ વેદાન્તીઓનો છે. એને આરંભવાદ પણ કહે છે. એ મત પ્રમાણે ઉત્પત્તિપૂર્વે કાર્ય અવિદ્યમાન છે. પૂર્વે અવિદ્યમાન એવું ઘટાદિ કાર્ય દંડ, ચક્ર આદિ સામગ્રીથી અને મૃત્તિકા આદિ કારણથી ઉત્પન્ન થાય છે ને તે કારણથી ભિન્ન છે. ઉત્પત્તિપૂર્વે કાર્ય સત્–વિદ્યમાન છે, કારણસ્વરૂપે વિદ્યમાન છે એવો મત, તે સત્કાર્યવાદ. એ સાંખ્ય ને વેદાન્તીઓનો છે. એના બે પ્રકાર છે. પરિણામવાદ ને વિવર્તવાદ. પરિણામવાદ સાંખ્યોનો ને રામાનુજીઓનો છે. એ મતે કારણજ કાર્યરૂપે પરિણામ પામે છે, જેમ દૂધ દધિરૂપે. તેમાં દધિ એ અન્ય કાર્ય નથી કે દૂધથી ભિન્ન નથી. કાર્ય ને કારણ [4]અનન્ય ને સત્ય છે. વિવર્તવાદ એ માયાવાદી વેદાન્તીઓનો છે. એ મતે કારણજ કાર્યસ્વરૂપે ભાસે છે. પરિણામવાદમાં કારણ ને કાર્ય બંને સત્ય છે; વિવર્તવાદમાં કારણજ સત્ય છે,

---

* રોકાણ જેવું; પરિચ્છિન્ન સ્વરૂપ; ઘેરાયલું સ્વરૂપ.

૧ પૂરેપૂરો. ૨ જેનું નિર્વચન ન થઈ શકે એવા.

૩ મધ્વાચાર્ય દ્વૈત વેદાન્તના સ્થાપક; તેના અનુયાયીઓ, દ્વૈતમાર્ગીઓ.

૪ અભિન્ન.

કાર્ય નથી. જેમ ફીણ, મોજાં, પરપોટા આદિ જળના *વિવર્ત છે તેમ કાર્ય એ કારણના વિવર્ત છે. જેમ આરંભમાં અજ્ઞાનને લીધે માણસ [૧]શુક્તિને [૨]રજત માને, પણ શુક્તિનું સત્ય જ્ઞાન થયે રજતત્વ જતું રહે છે; તેમ બ્રહ્મજ્ઞાન થયે જગત્ વગેરે સર્વ ભેદપ્રપંચ જતો રહે છે. એ વિવર્તવાદનું સ્પષ્ટીકરણ શ્રીમચ્છંકરાચાર્યે '**तदनन्यत्वमारम्भणशब्दादिभ्यः**' એ સૂત્રના ભાષ્યમાં કર્યું છે. વ્યવહારમાં વિકારને-જગતને મિથ્યા માનતા નથી તેથી વિકારને આરંભમાં સત્ય માની સૂત્રકારે '**भोक्त्रापत्तेरविभागश्चेत् स्याल्लोकवत्**[૩]' એમ સમાધાન કર્યું એવો ભ્રમ થાય તે દૂર કરવા માટે '**तदन-**

---

*વિવર્ત=જ્યારે વસ્તુ યથાર્થ રીતે સ્વસ્વરૂપનો પરિત્યાગ કરી અન્ય સ્વરૂપ પ્રાપ્ત કરે છે, જેમ દૂધ સ્વસ્વરૂપનો ત્યાગ કરી દધિના આકારમાં પરિણામ પામે છે, ત્યારે વસ્તુનો પરિણામભાવ થયો કહેવાય છે. પણ જ્યારે વસ્તુ સ્વસ્વરૂપનો પરિત્યાગ કર્યા વગર અન્ય સ્વરૂપે મિથ્યા-અસત્ જ્ઞાનમાં પ્રતીત થાય છે, જેમ રજ્જુ સ્વસ્વરૂપનો પરિત્યાગ કર્યા વિના સર્પાકારે મિથ્યા પ્રતિભાસે છે, ત્યારે વિવર્તભાવ થયો કહેવાય છે. બ્રહ્મને વિષે પ્રપંચનું-જગતનું ભાન થાય છે તે પરિણામભાવે છે એમ વેદાન્તીઓ માનતા નથી; કેમકે એમ માને તો દૂધ વગેરેનાં દહિં વગેરે વિકાર હોવાથી વિકારી છે, તેમ બ્રહ્મને વિકારી થવાનો પ્રસંગ આવી અનિત્યતા આદિ દોષની આપત્તિ-અનિષ્ટ પ્રસંગ-આવે; પણ બ્રહ્મને વિષે પ્રપંચનું ભાન થાય છે તે વિવર્તભાવે છે એમ વેદાન્તીઓ-માયાવાદીઓ માને છે. '**सतत्त्वतोऽन्यथाप्रथा विकार इत्युदीरितः। अतत्त्वतोऽन्यथाप्रथा विवर्त इत्युदीरितः ॥**'—તાત્ત્વિક અન્યથાભાવ તે વિકાર ને અનાત્ત્વિક અન્યથાભાવ તે વિવર્ત.'

૧ છીપ. ૨ રૂપું. ૩ સૂત્રનો અર્થ આ પ્રમાણે છે. ભોગ્ય-ભોગવવાનો પદાર્થ-ભોક્તા-ભોગવનાર-થવાનો પ્રસંગ આવવાથી ભોક્તા ને ભોગ્ય એવો જે વિભાગ વ્યવહારમાં છે તે જતો રહેશે, એમ શંકા કરવી યુક્ત નથી; કેમકે સમુદ્રતરંગન્યાયથી એ વિભાગ ઉપપન્ન થશે. જેમ ફીણ,

न्यत्वम्' આદિ સૂત્ર છે. ભોક્તા ને ભોગ્ય એવો વિભાગજ સત્ય નથી; કેમકે કાર્ય અને કારણ અનન્ય છે. કાર્ય તે બહુ પ્રપંચવાળું જગત્ અને કારણ તે પરબ્રહ્મ. કારણ વાસ્તવિક રીતે કાર્યથી અનન્ય છે–કારણથી કાર્ય વ્યતિરિક્ત જુદું નથી. શાથી ? આરંભણ આદિ શબ્દથી. શ્રુતિ કહે છે કે '**यथा सोम्यैकेन मृत्पिण्डेन सर्वं मृन्मयं विज्ञातं स्याद्वाचारम्भणं विकारो नामधेयं मृत्तिकेत्येव सत्यम्**'–વિકાર એ વાણીને આધારેજ છે. વાસ્તવિક રીતે, વિકાર નામ કંઈ નથી, એ નામમાત્ર છે, અસત્ય છે, મૃત્તિકા એજ સત્ય છે. ઘડો, માટલી, ગોળી વગેરેનું તત્ત્વ મૃત્તિકાજ છે. મૃત્તિકાનું જ્ઞાન થયે સર્વ વિકારના તત્ત્વનું જ્ઞાન થાય છે; કેમકે તે મૃત્તિકાસ્વરૂપથી જુદું નથી; તેમ બ્રહ્મજ સત્ય છે, જગત્ એ કાર્ય બ્રહ્મસ્વરૂપથી અભિન્ન, વિવર્તમાત્ર છે, બ્રહ્મથી ભિન્ન કાર્યસમૂહનો અભાવ છે. સૂત્રમાં '**आरम्भणशब्दादिभ्यः**' માં **आदि** પદથી અન્ય શ્રુતિવચનોનું ગ્રહણ કરવાનું છે. જેમકે '**ऐतदात्म्यमिदं सर्वं तत् सत्यं स आत्मा तत्त्वमसि**' (એ સર્વ તે આત્મસ્વરૂપ છે, તે સત્ય છે, તે આત્મા છે, તે તું છે), '**इदं सर्वं यदयमात्मा**' (એ સર્વ આત્મા છે કે જે શ્રવણાદિયોગ્ય છે), **आत्मैवेदं सर्वम्**' (એ સર્વ આત્માજ છે.) '**नेह नानास्ति किंचन**' (અહિં કંઈ ભિન્ન નથી), વળી '**मृत्योः स मृत्युमाप्नोति य इह नानेव पश्यति**' (જે અહિં ભેદની પેઠે સમજે છે તે મૃત્યુથી મૃત્યુ પ્રાપ્ત કરે છે) ઇત્યાદિ શ્રુતિવચનો ભેદદષ્ટિને નિન્દે છે. માટે '**ब्रह्म सत्यं जगन्मिथ्या**' (બ્રહ્મ સત્ય છે અને જગત્ મિથ્યા છે), '**तत्त्वमसि**' (તારો આત્મા એજ બ્રહ્મ છે)

વીચી–મોટાં મોજાં, તરંગ–મોજાં, બુદ્બુદ–પરપોટા આદિ સમુદ્રવિકારો છે, સમુદ્રથી અભિન્ન છે તોપણ તેઓ પરસ્પર એકભાવ પામતાં નથી, તેમજ તેઓ અન્યોન્યભાવ પ્રાપ્ત કરતાં નથી તે કારણથી કંઈ સમુદ્રસ્વરૂપથી અન્ય થતાં નથી; ભોક્તા ને ભોગ્ય અન્યોન્યભાવ પ્રાપ્ત કરતા નથી તેમજ પરબ્રહ્મથી અન્ય થતા નથી.

એમ કેવલાદ્વૈતસિદ્ધાન્તજ શ્રીમચ્છંકરાચાર્યને અભિમત છે. એ બ્રહ્મની અવિદ્યાશક્તિથી સંસાર થાય છે. એ શક્તિ ઈશ્વરને અધીન છે; કેમકે તેને આશ્રયે રહેલી છે. કોઈ પણ દ્રવ્ય શક્તિ વિના કાર્ય કરવા સમર્થ નથી, માટે અવિદ્યાશક્તિનું પ્રયોજન છે, અર્થાત્ એ શક્તિ વિના ઈશ્વર સંસાર ઉત્પન્ન કરી શકતો નથી. [1]સેશ્વર ને અનીશ્વર સાંખ્યોના મતમાં ઈશ્વરથી કે [2]ક્ષેત્રજ્ઞોથી પ્રધાન ભિન્ન છે એમ [3]નિર્વચન કરી શકાય છે; પણ આ અવિદ્યાશક્તિ અનિર્વાચ્ય છે, તે છે કે અન્ય છે એમ એનું નિર્વચન કરવું શક્ય નથી. અવિદ્યાશક્તિને શ્રુતિએ અવ્યક્ત કહી છે, ત્યાં અવ્યક્તનો અર્થ અનિર્વાચ્યજ છે. અર્થાત્ 'आनुमानिकमप्येकेषामिति चेन्न शरीररूपकविन्यस्तगृहीतेर्दर्शयति च' એ સૂત્રના ભાષ્યમાં શ્રીમચ્છંકરાચાર્યે પ્રતિપાદન કર્યું છે તેમ 'महतः परमव्यक्तमव्यक्तात् पुरुषः परः' એ કાઠક શ્રુતિથી સાંખ્યપ્રતિપાદિત મહત્તત્ત્વ, અવ્યક્ત, ને પુરુષનું ગ્રહણ કરવાનું નથી; કેમકે અહિં સ્મૃતિપ્રસિદ્ધ મહત્ ને અવ્યક્તનો બોધ થતો નથી. [4]ત્રિગુણાત્મક પ્રધાન જગતનું કારણ સાંખ્યમાં પ્રસિદ્ધ છે, તેવાનું અહિં શ્રુતિમાં પ્રત્યભિજ્ઞાન થતું નથી. અહિં તો અવ્યક્ત શબ્દમાત્રનું [5]પ્રત્યભિજ્ઞાન છે ને એ શબ્દ તો [6]યૌગિક હોઈ સૂક્ષ્મ, દુર્લક્ષ્ય પદાર્થને વિષે વપરાયો છે. પ્રકરણથી ને પરિ-

---

૧ સાંખ્યોમાં આસ્તિક ને નાસ્તિક એવા બે ભેદ છે. એક પક્ષ ઈશ્વરનું અસ્તિત્વ માને છે અને બીજો માનતો નથી. યોગશાસ્ત્રપ્રવર્તક પતંજલિ સેશ્વરસાંખ્ય છે. દેવહૂતીપુત્ર કપિલ એ વાસુદેવનો અવતાર, સાંખ્યપ્રવર્તક છે. ૨ આત્મા; જીવાત્મા. ૩ સમજાવવું.

૪ સત્ત્વ, રજસ્, ને તમસ્ એ ત્રણ ગુણો છે. એ ત્રણ ગુણની સામ્યાવસ્થા–સમતાની સ્થિતિ–તે પ્રકૃતિ, તેજ પ્રધાન.

૫ એ શબ્દજ માત્ર જોવામાં આવે છે.

૬ જે ધાતુ પરથી શબ્દ આવ્યો હોય તેનો ને તેના પર જે પ્રત્યય લાગ્યો હોય તેનો અર્થ મળીને શબ્દનો અર્થ થતો હોય ત્યારે તે યૌગિક શબ્દ

શેષથી ‘ અવ્યક્ત ’ શબ્દથી શરીરનુંજ ગ્રહણ કરવાનું છે—‘**आत्मानं रथिनं विद्धि शरीरं रथमेव तु। बुद्धिं तु सारथिं विद्धि—**’ (આત્માને રથી જાણ, શરીરને રથજ જાણ ને બુદ્ધિને તો સારથિ જાણ) આત્મા ને બુદ્ધિની વચ્ચે શરીર પડેલું છે, માટે અહિં ‘ **महतः परमव्यक्तमव्यक्तात् पुरुषः परः**’એમાં અવ્યક્તશબ્દથી શરીર સમજવાનું છે ને તે ‘**सूक्ष्मं तु तदर्हत्वात्** ’ એ સૂત્રથી સૂક્ષ્મ કારણાત્મક શરીર સમજવાનું છે. બ્રહ્મ જીવભાવ પામે છે તે અવ્યક્તને–અવિદ્યાને લીધે છે તેથી અવ્યક્ત મહત્‌થી–જીવથી પર–વધારે બળવાન્,ભિન્ન છે. અવિદ્યા એ કારણ ને શરીર એ કાર્ય, એને વિષે અભેદલક્ષણા લઈ એને અભિન્ન ગણ્યાં છે; તેથી અવ્યક્ત–અવિદ્યા જેમ મહત્‌થી–જીવથી પર છે તેમ શરીર પણ મહત્‌થી–જીવથી પર છે. એ અવ્યક્તસ્વરૂપને શ્રુતિમાં કોઈક સ્થળે આકાશ શબ્દથી દર્શાવ્યું છે–‘**एतस्मिन्नु खल्वक्षरे गार्ग्याकाश ओतश्च प्रोतश्च**’ (હે ગાર્ગિ, એ અવિનાશીને વિષે આકાશ ઓતપ્રોત–આણોતાણો કરાયલું છે). આકાશની પેઠે અનવચ્છિન્ન હોવાથી અવિદ્યાને આકાશ કહી છે. તત્ત્વજ્ઞાન વિના તે નિવૃત્ત થતી નથી તેથી તેને અવિનાશી કહી છે—‘**अक्षरात् परतः परः**’ (અક્ષર એવું જે પર તેથી પણ પર), અને વિચિત્ર કાર્ય કરનાર હોવાથી અવિદ્યાને માયા કહી છે (**अघटितघटनापटीयसी माया**). શ્વેતાશ્વતરમાં કહ્યું છે કે ‘**मायां तु प्रकृतिं विद्यान्मायिनं तु महेश्वरम्**’ (પ્રકૃતિને માયા જાણવી ને મહેશ્વરને માયાવાળો જાણવો). અવિદ્યા બ્રહ્મથી અન્ય છે કે અનન્ય છે તેનું નિર્વચન કરી શકાતું નથી તેથી એ અવ્યક્ત પણ કહેવાય છે.

અધિકારનું મહત્ત્વ—બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરવાનો અધિકાર કોને છે ? ‘ **अथातो ब्रह्मजिज्ञासा** ’માં **अथ** એ આનન્તર્યવાચક છે–એનો અર્થ પછી છે–ને આનન્તર્યનો અવધિ કોણ છે ? એટલે શાની પછી બ્રહ્મજિજ્ઞાસા

કહેવાય. ‘પાચક’=**पच्**=રાંધવું+**अक**=નાર; રાંધનાર. પાચક શબ્દ યૌગિક છે. અવ્યક્ત=જે વ્યક્ત, સ્પષ્ટ નથી તેવું.

થાય છે? વિવેક, વૈરાગ્ય, શમાદિષટ્ક, ને મુમુક્ષા એ ચાર સાધનવાળો તે બ્રહ્મજિજ્ઞાસાનો અધિકારી છે. '**शान्तो दान्त उपरतस्तितिक्षुः समाहितः श्रद्धावित्तो भूत्वात्मन्येवात्मानं पश्येत्**'. લૌકિક વ્યાપારથી મનની નિવૃત્તિ તે 'શમ'; બાહ્ય ઇન્દ્રિયોનો નિગ્રહ તે 'દમ'; કર્મત્યાગ તે 'ઉપરતિ'; શીત, ઉષ્ણ આદિ સુખદુઃખનું જોડકું સહન કરવું તે 'તિતિક્ષા'; નિદ્રા, આળસ, પ્રમાદ આદિ તજી મનને એકાગ્ર કરવું તે 'સમાધાન'; અને આસ્તિક બુદ્ધિ તે 'શ્રદ્ધા.' એ વિવેક, વૈરાગ્ય, ને શમાદિષટ્કમાં પૂર્વપૂર્વ ઉત્તરોત્તરના હેતુ છે. નિત્ય અને અનિત્ય વસ્તુના વિવેકથી એટલે નિત્ય વસ્તુ અનિત્યથી જુદી છે એમ સમજવાથી, વૈરાગ્ય થાય છે, વૈરાગ્યથી શમ, શમથી દમ, દમથી કર્મત્યાગ, કર્મત્યાગથી તિતિક્ષા, તિતિક્ષાથી સમાધિ, સમાધિથી શ્રદ્ધા, ને શ્રદ્ધાથી મુમુક્ષા ઉત્પન્ન થાય છે. આમાં શ્રદ્ધાનાં કારણો તેમજ કાર્ય તરફ નજર કરવાથી તેનું માહાત્મ્ય તેમજ સાંપ્રત સમયમાં શ્રદ્ધાના અભાવનાં કારણો સમજાશે. એ સાધનયુક્ત તે બ્રહ્મજિજ્ઞાસાનો અધિકારી. પૂર્વાચાર્યો અધિકારનું બળ કેટલું ગણતા તેને માટે ઉપનિષદ્‌માંની એક આખ્યાયિકા કહું છું. સુર અને અસુરના રાજાઓ, ઇન્દ્ર ને વિરોચન, '**विज्ञानार्थं गुरुमेवाभिगच्छेत् समित्पाणिः श्रोत्रियं ब्रह्मनिष्ठम्**' એ વચનને અનુસારે હાથમાં સમિધ્ લઈને પ્રજાપતિ પાસે શિષ્ય તરીકે બ્રહ્મજ્ઞાન મેળવવા ગયા. ત્યાં ગયા પછી ૩૨ વર્ષ બ્રહ્મચર્ય ને ગુરુસેવા કરી, ત્યારે પ્રજાપતિએ પૂછ્યું કે તમે શા માટે આવ્યા છો? તેમણે કહ્યું, અમે આત્મજ્ઞાન મેળવવા આવ્યા છીએ. પ્રજાપતિએ કહ્યું, 'આ જે આંખમાં રહેલો પુરુષ છે તે આત્મા છે.' પાપનું [1]આવરણ નષ્ટ થયલું ન હોવાથી [2]છાયાપુરુષ આત્મા છે એમ તેઓ સમજ્યા; ને પ્રજાપતિને પૂછ્યું કે આરસીમાં, જળમાં, ખડ્ગ આદિમાં જે દેખાય છે તેમાંનો કયો આત્મા છે; એ સર્વમાં એકજ આત્મા છે કે જુદો?' પ્રજાપતિએ

---

૧ ઢાંકણુ. ૨ પડછાયારૂપ પુરુષ—આત્મા.

જાણ્યું કે એઓ ભ્રમ કરે છે; છાયાપુરુષને આત્મા સમજે છે. તમે ભ્રમ કરો છો એમ કહીશું તો અભિમાનને લીધે અમારું અપમાન થયું સમજી ખિન્ન થશે; માટે એમના અભિપ્રાયને અનુસારે એમને જ્ઞાન આપવું એમ વિચારી કહ્યું કે જળથી ભરેલા પાત્રમાં આત્માને જુઓ. તેમણે તેમ કર્યું, ને સંતુષ્ટ થઈ કંઈ બોલ્યા નહિ. વિપરીત અર્થ સમજે નહિ એવી ઇચ્છાથી પ્રજાપતિએ તેમને પૂછ્યું કે શું જોયું? તેમણે કહ્યું કે ચિરકાલ બ્રહ્મચર્ય કર્યાથી લાંબા નખ, રૂંવાટાં, વગેરેવાળું અમારું પ્રતિબિંબ જળપાત્રમાં જોયું. પ્રજાપતિએ જાણ્યું કે હજી છાયાપુરુષનેજ આત્મા સમજે છે. છાયાપુરુષ તેમજ શરીર આત્મા નથી; કેમકે તેમાં વૃદ્ધિ ને ક્ષયના ધર્મો છે, આત્મ-ધર્મો નથી એમ સમજાવવાના હેતુથી પ્રજાપતિએ કહ્યું કે સારાં વસ્ત્રા-લંકારથી ભૂષિત થઈ જળપાત્રમાં આત્માને જુઓ. તેમણે તેમ કર્યું, એટલે પ્રજાપતિએ પૂછ્યું કે તમે શું જોયું? પાછો તેમણે છાયાત્માનેજ આત્મા કહ્યો. પ્રજાપતિને એ સાંભળી ખેદ થયો કે હજી એમનો વિભ્રમ ગયો નથી. હશે, કાલક્રમે એમનાં પાપ ક્ષીણ થશે એટલે વચનોનો પૂર્વાપર સંબન્ધ જોઈ આત્મતત્ત્વ સમજશે. એમ જાણી કહ્યું કે 'એ આત્મા છે, અમૃત છે, અભય છે, બ્રહ્મ છે.' વિરોચને છાયા દેહાનુસારી છે માટે દેહજ આત્મા છે એમ સમજી ઘેર જઈ અસુરોને તેવોજ ઉપદેશ કર્યો. પણ દેવે-ન્દ્રને ઘેર પહોંચતા પહેલાં શંકા થઈ કે છાયાત્મામાં તો શરીરના ગુણદોષ આવે છે, છાયાત્મા કે દેહાત્મામાં હું ભોગ્ય ફળ જોતો નથી. એમ સમજી પુનઃ હાથમાં સમિધ્ લઈ દેવેન્દ્ર પ્રજાપતિ પાસે ગયો. પ્રજાપતિએ જાણ્યું કે પાપ નષ્ટ થયું નથી માટે એનાથી આત્મતત્ત્વ સમજાયું નહિ, તેથી તેણે કહ્યું કે ૩૨ વર્ષ બ્રહ્મચર્ય કરો. એ સાંભળી ઇન્દ્રે તેમ કર્યું ને પાછો પ્રજાપતિ પાસે આવ્યો. પ્રજાપતિએ કહ્યું કે 'આંખને વિષે જે આત્મા દર્શાવ્યો તેજ એ આત્મા છે કે જે સ્વપ્નમાં અનેક પ્રકારના ભોગનો ઉપભોગ કરે છે.' ઇન્દ્રને એ આત્મામાં ભય લાગ્યો. છાયાપુરુષની પેઠે એમાં શરીરના ગુણદોષ આવતા નથી, તોપણ શોક, ભય વગેરે અનેક પીડાનો એને અનુભવ થાય છે,

માટે એ આત્મામાં કલ્યાણપ્રાપ્તિ નથી. ઇન્દ્રના આવા વિચાર જાણી પ્રજાપતિએ પાછાં ૩૨ વર્ષ બ્રહ્મચર્ય આચરવા કહ્યું. તેમ કરી પાછો આવ્યો એટલે પ્રજાપતિએ સમજાવ્યું કે 'પાપાદિથી મુક્ત, આંખને વિષે જે આત્મા છે, ને સ્વપ્નમાં અનેક પ્રકારના ઉપભોગ ભોગવે છે, તેજ આત્મા એ છે કે જે સુષુપ્તિમાં વિષય ને ઇન્દ્રિયોનો સંયોગ થતો નથી તેને લીધે[1] પ્રસન્ન છે'. હજી ઇન્દ્રને [2]નિર્વૃતિ થઈ નહિ. તેણે વિચાર્યું કે જાગ્રદવસ્થામાં ને સ્વપ્નમાં આ હું છું, આ ભૂતો છે એવું જ્ઞાન છે, તેમ સુષુપ્તિમાં ચેતના ન હોવાથી અભાવ પ્રાપ્ત થયો હોય એવો આત્મા જણાય છે, એને વિષે શી નિર્વૃતિ?

હજી એનાં પાપ સંપૂર્ણ ક્ષીણ થયાં નથી એમ જાણી પ્રજાપતિએ બીજાં પાંચ વર્ષ બ્રહ્મચર્યા કરવા કહ્યું. આમ ત્રણ પર્યાયનાં ૯૬ વર્ષ ને ચોથાનાં ૫ વર્ષ મળીને ૧૦૧ વર્ષ બ્રહ્મચર્ય આચર્યું એટલે તેનાં સર્વ પાપ પ્રણષ્ટ થયાં. પછી પ્રજાપતિએ કહ્યું કે 'જે આંખમાં દેખાય છે, સ્વપ્નમાં, ને સુષુપ્તિમાં તેજ પાપાદિથી મુક્ત આત્મા છે.' તાત્પર્ય એવું છે કે જે કંઈ સુખદુઃખ છે તેને [3]શરીર, ઇન્દ્રિય, ને અન્તઃકરણ સાથે સંબન્ધ છે, આત્મા સાથે નથી. અવિદ્યાથી દેહાદિને આત્મા સમજી તે સાથે સુખદુઃખ જોડે

---

૧ નિર્મલ. ૨ આનંદ.

૩ **शीर्यते इति शरीरम्**—જેનો નાશ થાય છે તે શરીર એમ યૌગિક અર્થ છે. સ્થૂલશરીર, લિંગશરીર કે સૂક્ષ્મશરીર, ને કારણશરીર એમ શરીરના ત્રણ વિભાગ છે. સ્થૂલશરીર એટલે અન્નમય કોષ. આત્માના પાંચ કોષ છે–૧ અન્નમય કોષ એજ સ્થૂલશરીર છે, ૨ પ્રાણમય કોષ, ૩ મનોમય કોષ, ૪ વિજ્ઞાનમય કોષ (આ ત્રણ કોષ એ લિંગશરીર છે), ને ૫ આનન્દમય કોષ. લિંગશરીરમાં કારણભૂત જે અવિદ્યા તે કારણશરીર કહેવાય છે; અવિદ્યા પણ શરીર કહેવાય છે; કારણ કે તેનો પણ નાશ થાય છે; સ્થૂળ શરીર ને લિંગશરીરનું અવિદ્યા કારણ છે, માટે તે કારણશરીર કહેવાય છે.

છે; પણ જ્યારે તે પાપાદિથી વિમુક્ત, ઉદાસીન આત્માને દેહાદિથી વ્યતિરિક્ત અનુભવે છે ત્યારે સશરીર છે તોપણ અશરીરની પેઠે તેને દેહાદિધર્મ, સુખદુઃખનો અનુભવ થતો નથી કે અનુતાપ થતો નથી, માત્ર ચૈતન્ય ને આનન્દ સ્વરૂપમાં રહી સર્વ કામના પ્રાપ્ત કરે છે. દુઃખ એ અવિદ્યાનું નિર્માણ છે. વિદ્વાનને તે પ્રાપ્ત થતું નથી. આવો આ ઉપાખ્યાનનો સાર છે. અધિકારના પ્રાબલ્ય વિષે તેમજ શિક્ષણ કેવી રીતે અપાતું તેનો પણ આ આખ્યાયિકામાંથી ઘણો બોધ મળે છે. પ્રજાપતિએ અધિકાર પ્રાપ્ત કરાવવા બ્રહ્મચર્ય આચરાવ્યું ને જેનું જ્ઞાન કરાવવું હતું તેનું જ્ઞાન શિષ્યને અધિકાર પ્રાપ્ત થયે પોતાની મેળેજ મળે એવી યુક્તિ રચી. શિક્ષણશાસ્ત્રનાં આધુનિક સૂત્રો આમાં બરાબર સાચવેલાં જણાય છે. આપણા આચાર્યો અધિકારનું મહત્ત્વ કેવું સમજતા તે આ ઉપરથી સ્પષ્ટ સમજાય છે.

સાંપ્રત સમયમાં અધિકાર—હાલના આડંબરવાળા સમયમાં અધિકાર વિષે કંઈ પણ વિચાર કરવામાં આવે છે? મારા નમ્ર મત પ્રમાણે આ પ્રશ્નનો ઉત્તર નકારમાંજ છે. કેટલી સ્ત્રીઓ પોતાના સ્વામીએ કે અન્ય પુરુષોએ લખી આપેલા નિબંધો પોતાના લખેલા હોય એમ જનમંડળને ઠગવા પ્રયાસ કરે છે! કાવ્યત્વશક્તિ પ્રતિભાનો જેમનામાં અંશ પણ નથી કે જેમણે મહાકવિઓના ગ્રન્થોનું પરિશીલન પણ કર્યું નથી એવા કેટલા બધા નિરક્ષરો કવિ તરીકે ગણાવવા પ્રયત્ન કરે છે! અભ્યાસક સ્થિતિમાં હોઈ દુનિયાનો બહુ થોડોજ અનુભવ હોય છે એવા કેટલા બધા શિષ્યો રાજ્યનીતિનું કે અર્થશાસ્ત્ર કે દંડનીતિનું સહજ પણ જ્ઞાન હોતું નથી તોપણ રાજયન્ત્રીઓનાં કાર્ય પર આક્ષેપ મૂકવા તૈયાર થઈ જાય છે, ઉદ્ધત ને અવિચારી પુરુષોના દોરવાયલા દોરવાય છે, ને રાજા ને પ્રજા વચ્ચે ક્ષોભ ઉત્પન્ન કરી દેશમાં અશાન્તિનાં બીજ વાવે છે! **સૉક્રેટીસે** પોતાની પ્રશ્નપદ્ધતિથી કોઈ પણ વિષય બરાબર સમજ્યા વિના તેમાં માથું મારનાર પોતાના જમાનાના એવા પુરુષોનું પોગળ કેવી અસરકારક રીતે ખુલ્લું પાડ્યું હતું તે પ્રાચીન **ગ્રીસ**ના ઇતિહાસવેત્તાને સુવિદિત છે. સાક્ષરમાં ખપવા

માટે, સંસ્કૃતના જ્ઞાન વિના પણ સંસ્કૃત પદ્યો કેટલા બધા ગ્રન્થકારો પોતાના ગ્રન્થમાં થોકબંધ ઉતારે છે! ધર્મ જેવા ગહન વિષયનું મનન કરવાની શક્તિ નથી, કે ધર્મના ગ્રન્થોનું રહસ્ય જેઓ સમજ્યા નથી, એવા કેટલા બધા પુરુષો એકબીજા પર આક્ષેપ મૂકે છે! દરેક વિષયમાં મતભેદ હોય છે, તેમજ ધર્મ જેવા ગંભીર ને ગહન વિષયમાં પણ હોયજ. પરપક્ષનું ખંડન ને સ્વપક્ષનું મંડન પરાપૂર્વથી ચાલ્યું આવ્યું છે, તે પ્રમાણે સાંપ્રત સમયમાં પણ કરવામાં બાધ નથી. તત્ત્વના સંશોધનને અર્થે તે સર્વથા ઇષ્ટજ છે. પણ તેને માટે શિષ્ટોએ સ્વીકારેલી પદ્ધતિજ અનુસરવી જોઇએ. વાક્પ્રલાપ કે ગાલિપ્રદાન કંઈ યુક્તિ નથી. વ્યાકરણ, ન્યાય, ને પૂર્વમીમાંસાના ઊંચા જ્ઞાન વગર શાસ્ત્રીય રીતે ખંડનમંડન કરી શકાશે નહિ; માટે પ્રથમ આવું ઊંચું જ્ઞાન મેળવી અધિકાર પ્રાપ્ત કરવો ને પછી એ કામ જેની મરજી હોય તેણે નિઃશંક આદરવું.

પ્રાચીન ટીકાકારો ને ટીકાકારોનો અધિકાર--આચાર્યોએ પ્રવર્તાવેલા માર્ગમાં કાલક્રમે તેમના અજ્ઞ સ્વાર્થી અનુયાયીઓના આચારથી ઘણો ફેરફાર થઈ ગયો છે. આ સ્થિતિ બહુધા જોવામાં આવે છે, માટે તે તે આચાર્યો પર ટીકા કરતા પહેલાં તેમના મૂળ ગ્રન્થોનો અભ્યાસ કરવો આવશ્યક છે. પ્રાચીન સમયના ટીકાકારો ને હાલના ટીકાકારોમાં કેટલો બધો તફાવત છે! માત્ર મહાકાવ્યોના ટીકાકારો પણ પ્રાચીન સમયમાં કેટલું જ્ઞાન મેળવવું આવશ્યક ગણતા! કોલાચલ મલ્લિનાથ જે પંચ મહાકાવ્યોનો ટીકાકાર છે તે દરેક કાવ્યની ટીકાના આરંભમાં પોતાના જ્ઞાન વિષે નીચેનો શ્લોક કહે છે:—

वाणीं काणभुजीमजीगणदवासासीच्च वैयासिकी-
मन्तस्तन्त्रमरंस्त पन्नगगवीगुम्फेषु चाजागरीत् ।
वाचामाचकलद्रहस्यमखिलं यश्चाक्षपादस्फुरां
लोकेऽभूद् यदुपज्ञमेव विदुषां सौजन्यजन्यं यशः ॥

જેણે કણાદની વાણીની ગણના કરી છે, **વ્યાસ**ની વાણીનો જે પારંગત થયો છે, તન્ત્રવિદ્યામાં જે રમ્યો છે, **પતંજલિ**ની[1] વાણીના ગુંફ-રચનામાં જે જાગ્રત્ રહ્યો છે, ગોતમની વાણીના રહસ્યની જેણે આકલના કરી છે, અને લોકમાં વિદ્વાનોમાં સૌજન્યજન્ય—સુજનતાથી ઉત્પન્ન થતું યશ જેનું આદિભૂત છે, અર્થાત્ **મલ્લિનાથ** જેવું સૌજન્ય એમ વિદ્વાનોમાં પ્રસિદ્ધ થયું છે-આમ **મલ્લિનાથે** પોતાને વિષે દરેક મહાકાવ્યની ટીકાના આરંભમાં કહ્યું છે તે અક્ષરશઃ સત્ય છે એમ હાલ માલમ પડયું છે; કેમકે **મલ્લિનાથે** મહાકાવ્યની ટીકા ઉપરાંત બીજા ગ્રન્થો પણ રચ્યા છે. **एकावली** (**विद्याधर**પ્રણીત) 'કાવ્યપ્રકાશ'ની શૈલી પર લખેલો ગ્રન્થ છે ને તેની **મલ્લિનાથે** કરેલી '**तरल**' નામની ટીકામાંથી એમ માલમ પડે છે કે **મલ્લિનાથે** વૈશેષિક સૂત્ર પરના '**प्रशस्तपादभाष्य**' પર ટીકા કરી છે, **વરદરાજ**ની 'તાર્કિકરક્ષા' પર 'નિષ્કંટિકા' નામની ટીકા કરી છે, પૂર્વમીમાંસાના 'તન્ત્રવાર્તિક' પર 'સિદ્ધાંજન' નામની ટીકા કરી છે. તેમજ 'સ્વરમંજરી-પરિમલ' નામનો પણ ગ્રન્થ રચ્યો છે, જે 'સ્વરમંજરી' પર ટીકા હોય એમ લાગે છે. આમાંની 'નિષ્કંટિકા' ઉપલબ્ધ થઈ છે ને તે કાશીમાં છપાઈ પણ છે. અન્ય ગ્રન્થો હાલ ઉપલબ્ધ નથી. કદાચ કોઈક જીર્ણ પુસ્તકાલયમાંથી કોઈક સંશોધકને ઉપલબ્ધ થશે,જેમ કાલેજ મને મારા મિત્ર ત. ગણપતિશાસ્ત્રી જેઓ ત્રિવાન્દ્રમમાં રાજ્યના આશ્રયમાં સંશોધનનું

---

૧ એ શેષનાગનો અવતાર મનાય છે. **कोर्भवान् । सप्पोऽहम् । कुत्र गतो रेफः । त्वया भक्षितः** । ગોનર્દ દેશમાં-સિંધમાં તપ કરતા ઋષિના અંજલિમાં સર્પ પડવાથી ઋષિ ને સર્પ વચ્ચેનો આ હાસ્યકારક સંવાદ છે. ઋષિએ **कोर्भवान्**માં **र**કાર નકામો વાપરી અશુદ્ધ રૂપ વાપર્યું ત્યારે સર્પે તે **र**કાર ખાઈ જઈ **सर्पोऽहम्** કહેવાને બદલે **सप्पोऽहम्** કહ્યું, ને રેફ ક્યાં ગયો તેનું સમાધાન કર્યું કે તમે ખાઈ ગયા-આવી એક આખ્યાયિકા ચાલે છે.

કામ કરે છે તેમના પત્ર પરથી એક અગત્યના સંશોધનની ખબર પડી. તેઓ લખે છે કે **ભાસ** કવિ જેમને વિષે **બાણ**કવિ લખે છે કે '**भासो हासः कविकुलगुरुः कालिदासो विलासः**' એ કવિનાં રચેલાં નીચેનાં દસ નાટકો ઉપલબ્ધ થયાં છેઃ-

स्वप्नवासवदत्ता	**अविमारकम्**	**बालचरितम्**
प्रतिज्ञायौगन्धरायणम्	**कर्णभारम्**	**ऊरुभङ्गम्**
पञ्चरात्रम्	**मध्यमव्यायोगः**	
दरिद्रचारुदत्तम्	**दूतघटोत्कचम्**	

આમ જરઠ પુસ્તકાલયોમાં કંઈક અગત્યનાં પુસ્તકો પડી રહ્યાં છે તેનું સંશોધન થયે **મલ્લિનાથ**નાં 'સિદ્ધાંજન, 'પ્રશસ્તપાદભાષ્યટીકા' વગેરે ગ્રન્થો પણ ઉપલબ્ધ થશે. હવે વિચાર કરો કે અગાઉના ટીકાકારો કેવા વિદ્વાન્ હતા. તેઓ અનિશ્ચિત વચનો ઉચ્ચારતા નહોતા તેમજ અનપેક્ષિત પણ કહેતા નહોતા—'**नामूलं लिख्यते किंचिन्नानपेक्षितमुच्यते**' એ **મલ્લિનાથ**નું કહેવું **મલ્લિનાથે** અક્ષરે અક્ષર પાળ્યું છે. માટે કોઈ પણ મતના પર આક્ષેપ કરતા પહેલાં તે મતના પ્રવર્તક આચાર્યના ગ્રન્થોનો સારો અભ્યાસ કરવો જરૂરનો છે. તેમ કરવાની તે તે પક્ષના આશ્રયીઓને પણ પ્રતિપક્ષીઓના જેટલીજ જરૂર છે; કેમકે એવા અભ્યાસથી મૂળ મતમાં હાલ કેટલો ફેરફાર થયો છે તે જણાશે તો તેમાં સુધારો કરવાનું સ્વાભાવિક રીતેજ મન થશે. જ્ઞાન વગર કોઈ પણ જાતનો સુધારો થઈ શકતો નથી, માટે જ્ઞાન તો સર્વ પક્ષવાળાઓને આવશ્યકજ છે. આ ઉપરથી કોઈ એવો પૂર્વપક્ષ ઉઠાવે કે આટલું બધું જ્ઞાન કંઈ ઘણાં માણસોમાં હોય નહિ, ત્યારે શું સાધારણ માણસોએ ટીકા કરવીજ નહિ? ટીકા કરવાની કોઈને મના નથી; પરંતુ પ્રમાણ વિના તેમજ અનિશ્ચિત શબ્દોમાં માત્ર વાગાડંબરથી ટીકા કરવી નહિ. વળી એટલું પણ સ્પષ્ટજ છે કે જેમ યોગ્યતા વધારે તેમ તે ટીકાકારની પ્રતિષ્ઠા પણ વધારે; માટે જેમ બને તેમ જ્ઞાનમાં વધારો કરવો

ને ટીકા કરતી વખતે જ્ઞાનના પ્રમાણમાં મર્યાદામાં રહીનેજ કામ કરવું કે તેથી આપણા કહેવાનું વજન પડે.

ધર્મવિચારમાં ઉદાર વૃત્તિ—મારા નમ્ર મત પ્રમાણે તો અન્ય વિષયની પેઠે ધર્મસંબન્ધી વિષયમાં પણ ઉદાર વૃત્તિ રાખવી આવશ્યક છે. લોકો ભિન્ન રુચિવાળા છે; તેમજ તેમની યોગ્યતા ને ગ્રાહક શક્તિ પણ ભિન્ન છે. કોઈને કર્મમાર્ગ રુચે છે, તો કોઈને ઉપાસનામાર્ગ કે ભક્તિમાર્ગ રુચે છે, વળી કોઈને જ્ઞાનમાર્ગ પણ રુચે છે. આ પ્રધાન માર્ગો દર્શાવ્યા, અવાન્તર માર્ગો તો અનેક છે ને તેની પણ રુચિ લોકોમાં હોયજ. જો ભિન્ન ભિન્ન માર્ગોમાં પણ નીતિની પ્રતિષ્ઠા જળવાય તો તેટલે અંશે તે માર્ગો અવર્જ્યજ છે. **'रुचीनां वैचित्र्यादृजुकुटिलनानापथजुषां नृणामेको गम्यस्त्वमसि पयसामर्णव इव'**—કેટલાક ઋજુ-સરલ માર્ગે જાય છે, કેટલાક કુટિલ—વાંકે માર્ગે જાય છે, એમ ભિન્ન ભિન્ન માર્ગો લોકો સેવે છે; પણ જેમ બધું જળ સમુદ્રમાં જાય છે, બધા જળનું એક ગમ્ય સ્થાન સમુદ્ર છે; તેમ ભિન્ન માર્ગે જનારા લોકોને પણ હે શિવ, હે ઈશ્વર, તું એકજ ગમ્ય છે. આમ જુદે જુદે માર્ગે જનારાઓનું ગમ્યસ્થાન એક હોય તો તેમાં કંઈ વાંધો નથી. ઉદાર વૃત્તિના પુરુષો એમાં કંઈ દૂષિત જોતાજ નથી. માત્ર એટલુંજ વિચારવાનું છે કે અનીતિ સર્વથા ત્યાજ્ય છે, ને ધર્મના પવિત્ર નામને કલંક લગાડે તોતો તે માર્ગ વર્જ્ય ને નિન્દ્યજ છે.

પરિસ્થિતિની ધર્મ પર અસર—આસપાસની પરિસ્થિતિને તેમજ તે સમયના લોકોની યોગ્યતાને લક્ષમાં રાખીનેજ દરેક દેશમાં ને કાળમાં આચાર્યો નવીન માર્ગો પ્રવર્તાવે છે. એમ ન હોય તો તેઓ પોતાનાં કાર્યમાં સફળ થાયજ નહિ. ભક્તિમાર્ગ કે કર્મમાર્ગ કરતાં જ્ઞાનમાર્ગ એ ઊંચો છે એ તો નિર્વિવાદ છે. છાન્દોગ્ય શ્રુતિ પણ એમજ કહે છે–**'तेनोभौ कुरुतो यश्चैतदेवं वेद यश्च न वेद। नाना तु विद्या चाविद्या च । यदेव विद्यया करोति श्रद्धया उपनिषदा तदेव वीर्यवत्तरं भवति'** (જે આ

આ પ્રમાણે જાણે છે ને જે જાણતો નથી તે બંને કરે છે. વિદ્યા તો નાના પ્રકારની છે તેમજ અવિદ્યા પણ નાના પ્રકારની છે. જે વિદ્યાથી, શ્રદ્ધાથી, ને જ્ઞાનથી કરે છે તેજ અતિશય વીર્યવાળું થાય છે). આમ અનેક રીતે, '**आत्मा द्रष्टव्यः श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्यः**' એમાં પણ મનન ને નિદિધ્યાસનને દર્શન ને શ્રવણની પછી મૂકીને જ્ઞાનનેજ શ્રુતિએ પ્રધાન ગણ્યું છે. તેમાં પણ કેવલાદ્વૈતમાર્ગ એ ઊંચામાં ઊંચું પગથીઉં છે. બુદ્ધિની એમાં પરિસીમા છે. એના સિદ્ધાન્તો સામાન્ય બુદ્ધિને ગમ્ય નથી, પણ તેથી કંઈ તેની યોગ્યતા ઓછી થતી નથી. ઉપનિષદોની એકવાક્યતા કરવી હોય તો શ્રીમચ્છંકરાચાર્યનો માયાવાદ સ્વીકારવો પડશે એમ પાશ્ચાત્ય વિદ્વાનોનું પણ માનવું છે. હાલના પાશ્ચાત્ય રસાયણશાસ્ત્રીઓએ અણુ એ અવિભાજ્ય છે એ સિદ્ધાન્ત ખોટો પાડ્યો છે ને અણુને પણ વિભાજ્ય ગણી છેવટે તેઓ 'ઇલેક્ટ્રન' એટલે પ્રકાશ પર આવ્યા છે. અદ્વૈત તત્ત્વ પ્રાચીન વિદ્વાનોએ અપૂર્વ બુદ્ધિપ્રભાવથી પ્રતિપાદન કર્યું છે તે અદ્વૈત પરજ હાલના પાશ્ચાત્ય વિદ્વાનો સંશોધનપદ્ધતિએ આવ્યા છે. પ્રાચીન આર્યોની બુદ્ધિની આથી વિશેષ શી કસોટી થાય? અલ્પ જીવનકાળમાં પણ શ્રીમચ્છંકરાચાર્યે અતિગહન, ગંભીર, ને પ્રૌઢ ગ્રન્થો રચ્યા તથા અદ્ભુત દૈવશક્તિથી પોતાનો મત આર્યાવર્તમાં પ્રવર્તાવી બુદ્ધમાર્ગને તેની જન્મભૂમિમાંથી બહિષ્કાર કર્યો એ શ્રીમચ્છંકરાચાર્યનો ઉત્સવ ઉજવવા આજે આપણે એકઠા થયા છીએ, તે પ્રસંગે આપણી પૂર્વ સ્થિતિની સ્તુતિ કરવામાંજ આપણો ધર્મ પરિસમાપ્ત થતો નથી. એ પૂર્વ સ્થિતિની સાથે આપણી આધુનિક અજ્ઞાનની દશા સરખાવવી જોઈએ. જે દેશમાં ભાષા એટલી બધી કેળવાઈ કે તે '**संस्कृत**'-સંસ્કાર પામેલી-અપભ્રષ્ટ ભાષામાં કહીએ તો 'સકારવાળી' (તેના બોલવામાં 'સકાર' નથી વગેરે સ્થળે આપણે 'સકાર' શબ્દ પ્રયોજીએ છીએ), **ગીર્વાણ**, કે **દૈવી** ભાષા તરીકે પ્રસિદ્ધ થઈ (**દંડી** કવિ 'કાવ્યાદર્શ'માં કહે છે તેમ-'**संस्कृतं नाम दैवी वागन्वाख्याता**

महर्षिभिः' મહર્ષિઓ સંસ્કૃતને દૈવી વાણી કહે છે એમ પ્રસિદ્ધ છે), જેમાં **પા**ણિનિ જેવા વૈયાકરણે પાશ્ચાત્ય વિદ્વાનો પણ જેનાં વખાણ કરે છે એવું 'અષ્ટાધ્યાયી' નામનું ઉત્તમ વ્યાકરણ રચ્યું, જેના પર **પ**તંજલિ જેવા મહાભાષ્યકારે 'મહાભાષ્ય' જેવો આકરગ્રન્થ રચ્યો, જેના મુખ્ય સિદ્ધાન્તોનું વિવરણ **ભ**ર્તૃહરિ રાજકવિએ 'વાકયપદીય' નામના દુષ્પ્રાપ્ય ગ્રન્થમાં પ્રતિપાદન કર્યું છે, જેમાં **વા**લ્મીકિ ને **વે**દવ્યાસ જેવા મુનિઓએ 'રામાયણ,' 'મહાભારત' આદિ જ્ઞાનના સાગરગ્રન્થો પ્રસિદ્ધ કર્યા કે જેને માટે એક પાશ્ચાત્ય વિદ્વાને મદ્રાસમાં એક દિવસ કહ્યું કે મને એક તરફ આખી દુનિઆનું રાજ્ય આપે ને બીજી તરફ 'રામાયણ' ને 'મહાભારત' તો હું 'રામાયણ'ને 'મહાભારત' વધારે પસંદ કરૂં, જેમાં **ક**પિલ, **ગૌ**તમ, **ક**ણાદ, **જૈ**મિનિ, ને **બા**દરાયણે ષડ્દર્શન રચી મોક્ષના છમાર્ગ પ્રવર્તાવ્યા, જેમાં પરાપૂર્વથી પણ અર્થજ્ઞાન વગરનું વેદાધ્યયન નિન્દિત થયું છેજ, શ્રુતિ પણ કહે છે કે '**स्थाणुरयं भारवाहः किलाभूत् अधीत्य वेदं न विजानाति योऽर्थम् । योऽर्थज्ञ इत् सकलं भद्रमश्नुते नाकमेति ज्ञानविधूतपाप्मा**' (વેદનું અધ્યયન કરી જેને અર્થનું વિજ્ઞાન નથી—જે અર્થ બરાબર જાણતો નથી—**ज्ञानाति** નહિ પણ **विजानाति** કહ્યું છે એ પણ લક્ષમાં લેવા જેવું છે—તે ભાર વહન કરનાર થાંભલા જેવો છે; જે અર્થ જાણે છે તે સકલ કલ્યાણ ભોગવે છે, સ્વર્ગ પામે છે, ને જ્ઞાનથી તેનાં સર્વ પાપનો નાશ થાય છે), જેમાં ભાષાશુદ્ધિનું એટલું બધું માહાત્મ્ય સ્વીકારાયું છે કે '**एकः शब्दः सम्यग्ज्ञातः सुप्रयुक्तः स्वर्गे लोके च कामधुग् भवति**' (એક શબ્દનું સારૂં જ્ઞાન ને પ્રયોગ સ્વર્ગમાં ને આ લોકમાં કામના પરિપૂર્ણ કરે છે) એમ મનાયું છે, જેમાં શ્રીમચ્છંકરાચાર્ય જેવા અપૂર્વ ને દૈવી આધ્યાત્મિક શક્તિવાળા આચાર્યશ્રીએ અતિગહન માયાવાદ પ્રતિપાદન કર્યો......ઇત્યાદિ, ઇત્યાદિ—એવા આ આપણા દેશમાં હાલમાં બ્રાહ્મણો કેવી અજ્ઞ દશામાં છે ! ખરેખર, એ દશા તો શોચનીયજ છે. ધર્મ પ્રવર્તાવનારા ને તેનું રક્ષણ

કરનારા બ્રાહ્મણોજ હોય છે. તે બ્રાહ્મણોમાંથી બ્રહ્મતેજ ઝાંખું થાય તો લોકમાં ધર્મ શિથિલ થાયજ. હાલ ધર્મ પર ઘણી અનાસ્થા જોવામાં આવે છે તેનું એક કારણ બ્રાહ્મણોની આ અવદશા છે. ભૂદેવ કે ભૂસુરની માનનીય સંજ્ઞાને હાલના કેટલા બ્રાહ્મણો યોગ્ય છે. ! સાધારણ સંકલ્પ કરાવવો હોય તો તે પણ શુદ્ધ ભાષામાં કરાવી શકે એવા બ્રાહ્મણો મળવા દુર્લભ થઈ પડ્યા છે. શાસ્ત્રિવર્ગ લુપ્ત થતો જાય છે.

૭ક દક્ષિણમાં બ્રાહ્મણો; શ્રદ્ધા ને જ્ઞાન—ગુજરાતની દશા આવી શોચનીય છે અને દેશના અન્ય ભાગમાં પણ બહુધા આવી દુર્દશા છે; તોપણ હજી આર્યભૂમિમાંથી બ્રાહ્મણત્વ નષ્ટ થયું નથી. ગયે વર્ષે આ સમયે હું રામેશ્વરની યાત્રાએ ગયો હતો તેમાં માર્ગમાં કુંભકોણમ્, કાંચી, ચિદંબરમ્ આદિ સ્થળે તેમજ રામેશ્વરમાં વેદશાળા ને શાસ્ત્રશાળા દેવાલયોમાં હોય છે કે તેની સાથે જોડાયલી હોય છે એમ મે જોયું. રામેશ્વરમાં દરેક યાત્રાળુ પાસે ગોર એ સંસ્કૃતશાળા માટે અમુક રકમ લે છે ને યાત્રાળુ ન આપે તો ગોરને જે મળે તેમાંથી તેને એ રકમ આપવી પડે છે. ચિદંબરમ્માં શિવનું સ્ફાટિક લિંગ છે ને એને માટે એમ કહેવાય છે કે કાશીના વિશ્વેશ્વર કરતાં એક તલપૂર એનું માહાત્મ્ય વિશેષ છે, તે સ્થળે દરરોજ પંચ ગવ્યથી શિવની પૂજા મન્ત્રાનુસારે થાય છે. તે બ્રાહ્મણો શુદ્ધ મન્ત્રોચ્ચાર કરે છે ને તેમનું સંસ્કૃત જ્ઞાન પણ સારૂં જણાય છે. એવે સ્થળે અનાસ્થા કે શિથિલ આસ્થાવાળા પુરુષોમાં પણ આસ્થા ઉત્પન્ન થાય છે ને દૃઢીભૂત થાય છે. દક્ષિણના દેશી રાજાઓ, મ્હૈસૂર ને ત્રાવણકોરના રાજાઓ, તેમજ સરકાર તરફથી પણ મદ્રાસ ને તાંજોરમાં સંસ્કૃત પુસ્તકાલયો છે ને રાજાઓ અન્ય ભાગના રાજાઓ કરતાં સંસ્કૃત વિદ્યાને વિશેષ ઉત્તેજન ને આશ્રય આપે છે. મ્હૈસૂર તરફથી 'તૈત્તિરીયસંહિતા' તથા શ્રીમચ્છંકરાચાર્યના 'ઉપદેશસાહસ્રી', 'અમૃતલહરી', 'ગીતાભાષ્ય', તથા પરચુરણ ગ્રન્થો પ્રસિદ્ધ થાય છે ને તે વિદ્વાનોને મફત મોકલવામાં આવે છે.

આપણા ઇલાકાનાં દેશી રાજ્યો ને સરકાર—આવા રાજ્ય તરફનો આશ્રય આપણા દેશી રાજ્યમાં નથી. બ્રિટિશ રાજ્ય તો આપણા ઇલાકામાં પણ ' બૉમ્બે સંસ્કૃત સીરીઝ ' નામની પ્રસિદ્ધ પુસ્તકમાળા વિદ્વાનોને આશ્રય આપીને તૈયાર કરાવે છે. એમાં પ્રાચીન ગ્રન્થોનું જુદે જુદે સ્થળેથી મેળવેલાં હસ્તલિખિત પુસ્તકોને આધારે સંશોધન કરવામાં આવે છે. એ પુસ્તકમાળામાં મેં ' સર્વપથીન ટીકા (મલ્લિનાથકૃત) સહિત ભટ્ટિકાવ્ય', 'સમ્રાડ્જગન્નાથવિરચિત રેખાગણિત' મલ્લિનાથનીટીકા તરલસહિત 'એકાવલી', એના પુત્ર કુમારસ્વામિવિરચિત રત્નાપણ ટીકા સમેત વિદ્યાનાથપ્રણીત 'પ્રતાપરુદ્રયશોભૂષણ', તેમજ ' વૈયાકરણભૂષણ ' ગ્રન્થોનું સંશોધન કર્યું છે. આ ઉપરથી સ્વાનુભવ પરથી હું કહું છું કે અંગ્રેજ સરકાર, વિદેશીય છતાં, સંસ્કૃત વિદ્યાને આશ્રય આપે છે તેવા આપણી તરફનાં દેશીરાજ્યો તરફથી આશ્રય અપાતો નથી. વડોદરા રાજ્યમાં પાટણમાં સંસ્કૃત પુસ્તકોનો મોટો જથો છે, પણ તેમાંથી એક પણ પુસ્તક મેળવવું હોય તો ઘણી હરકત પડે છે; પણ દક્ષિણમાં પ્રમાણભૂત નકલો મળી શકે એવી સર્વ સંગ્રહસ્થાનોમાં વ્યવસ્થા હોય છે. આ પ્રમાણે દક્ષિણની એકંદર સ્થિતિ સારી છે; લોકો ભાવિક છે; શાસ્ત્રિવર્ગ મોટો ને માનનીય છે.

ઉપસંહાર; પ્રભુપ્રાર્થના—આપણા દેશમાં પણ સંસ્કૃત વિદ્યાની વૃદ્ધિ થાય ને આવા ઉત્સવપ્રસંગો એવી વૃદ્ધિ કરવાની આપણામાં સદ્બુદ્ધિ પ્રેરે કે જેથી આ ઉત્સવો ઉજવ્યા સાર્થક થાય એવી મારી શંકર પ્રતિ પ્રાર્થના છે. છેવટે આપણામાંથી રાગદ્વેષ જઈ ઉદાર વૃત્તિ પ્રેરાય ને ઐક્ય વધે એવી સદ્બુદ્ધિ આવે એવું શ્રુતિવાક્ય પઢી મારો નમ્ર લેખ પરિસમાપ્ત કરું છું:-

सह नाववतु सह नौ भुनक्तु सह वीर्यं करवावहै । तेजस्वि नावधीतमस्तु मा विद्विषावहै ॥ ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

ખંભાતમાં શંકરજયન્તીનિમિત્તે કરેલું વ્યાખ્યાન.

ॐ श्रीमच्छङ्करपादा विजयन्तेतराम् ॥

श्रुतिस्मृतिपुराणानामालयं करुणालयम् ।
नमामि भगवत्पादशङ्करं लोकशङ्करम् ॥

(શ્રુતિ, સ્મૃતિ, અને પુરાણોના નિવાસસ્થાન, કરુણાના મન્દિરરૂપ, લોકોના કલ્યાણ કરનાર ભગવાન્, પૂજ્ય શ્રીમચ્છંકરાચાર્યને હું નમું છું).

૧ સજ્જનસમાગમ.

મહાશયો! આજના શ્રીમચ્છંકરજયન્તીના[1] માંગલિક સમારંભમાં ભાગ લેવા આપે મને વિજ્ઞાપના કરી તેનો મારે અનેક વ્યવસાયને લીધે પ્રથમ અસ્વીકાર કરવો પડ્યો; પરંતુ આપનો સ્નેહપાશ એવો પ્રબળ નીવડ્યો કે તે મારૂં બન્ધન કરી અહિં આકર્ષી લાવ્યો. આ પ્રમાણે આપ વિજયી થયા ને હું [2]પરાસ્ત થયો તેને માટે આપને ધન્યવાદ આપું છું. હું પણ પરાસ્ત થયો છું એમ સમજતો નથી; કેમકે સત્પુરુષોના સમાગમરૂપ અવર્ણનીય લાભ મને પણ થયો છે. **विवेकचूडामणि** નામના શ્રીમચ્છંકરાચાર્યના ગ્રન્થમાં લખ્યું છે કેઃ—

दुर्लभं त्रयमेवैतद्दैवानुग्रहहेतुकम् ।
मनुष्यत्वं मुमुक्षुत्वं महापुरुषसंश्रयः ॥

આ ત્રણ વસ્તુજ દુર્લભ છે ને તે દૈવની કૃપાથી પ્રાપ્ત થાય છે—

---

૧ સંવત્ ૧૯૬૭ના વૈશાખ સુદિ ૫ બુધવારને દિવસે શ્રીમચ્છંકરજયન્તીને દિવસે ખંભાતમાં વ્યાખ્યાનથી કરેલું વિવરણ. ૨ પરાજય પામ્યો.

મનુષ્યજન્મ, મોક્ષની ઇચ્છા, ને મહાપુરુષોનો સમાગમ. આપના જેવા મહાપુરુષોનો સમાગમ થયો એ મને અલભ્ય લાભ છે. શ્રીમચ્છંકરાચાર્ય જેવા અવતારી પુરુષ, જેમની અલૌકિક દૈવી શક્તિ, અપૂર્વ બુદ્ધિ, શ્રુતિ, સ્મૃતિ, ને પુરાણોના ઉપરના પદ્યમાં કહ્યા પ્રમાણે પોતે નિવાસસ્થાન હોવાથી તેનું અદ્વિતીય જ્ઞાન, શ્રુતિઓની એકવાક્યતા સિદ્ધ કરવાની પ્રતિષ્ઠિત રીતિ, એકવાક્યતા પ્રતિપાદન કરવા માટે જગતના મિથ્યાત્વની ને કેવલાદ્વૈતસિદ્ધાન્તની આવશ્યકતા, વેદબાહ્ય અને અન્ય પ્રતિપક્ષી મતોનું સપ્રમાણ, યુક્તિપુરઃસર, ને શિષ્ટ રીતિના [1]લવમાત્ર પણ ઉલ્લંઘન વિના કરેલું ખંડન, વૈદિક મતનું સ્થાપન, ને બૌદ્ધ ધર્મનું તેની જન્મભૂમિમાંથી [2]નિષ્કાસન, —આ બધાથી એમની વિજયધ્વજા સર્વત્ર ફરકી રહી છે ને એમના [3]વિજયડિંડિમની [4]ઘોષણાના ધ્વનિ ને પ્રતિધ્વનિ આર્યભૂમિમાંજ નહિ, પણ પશ્ચિમ પ્રદેશોમાં પણ વ્યાપી રહ્યા છે. શ્રીમચ્છંકરાચાર્યે **एकश्लोक** નામનો ગ્રન્થ રચ્યો છે એમ કહે છે. તે એક શ્લોક કોડવાળો મુમુક્ષુ પુરુષ સંસારથી વિરક્ત થયો હતો તેને કહ્યો હતોઃ—

किं ज्योतिस्तव भानुमानहनि मे रात्रौ प्रदीपादीकं
स्यादेवं रविदीपदर्शनविधौ किं ज्योतिराख्याहि मे।
चक्षुस्तस्य निमीलनादिसमये किं धीर्धियो दर्शने
किं तत्राहमतो भवान् परमकं ज्योतिस्तदस्मिन् प्रभो॥

તારૂં જ્યોતિ–પ્રકાશ આપનાર તેજ–કયું છે? મારૂં જ્યોતિ દિવસે સૂર્ય ને રાત્રે પ્રદીપ આદિ છે. ભલે એમ હો; પણ સૂર્ય અને દીપનું દર્શન કરાવનાર જ્યોતિ કયું છે તે મને કહે. આંખ. તે તું મીંચે છે એવે ને એવે બીજે સમયે તેનું પ્રકાશક શું છે? બુદ્ધિ. બુદ્ધિનું દર્શન કરવામાં જ્યોતિ કયું છે? તેનો સાક્ષી હું છું. ત્યારે, હે પ્રભો! તમેજ આ સર્વમાં શ્રેષ્ઠ જ્યોતિ છો.

---

૧ લેશમાત્ર. ૨ બહિષ્કાર. ૩ વિજયની પડઘમ. ૪ અવાજ.

એ ગ્રન્થની **तत्त्वदीपन** નામની સ્વયંપ્રકાશયોગીન્દ્રની (ગોપાલયોગીન્દ્રના શિષ્યની) રચેલી વ્યાખ્યામાં કહ્યું છે કેઃ—

अष्टवर्षे चतुर्वेदो द्वादशे सर्वशास्त्रवित् ।
षोडशे कृतवान् भाष्यं द्वात्रिंशे मुनिरत्यगात् ॥

(આઠ વર્ષમાં ચાર વેદ ભણ્યા, બારમે વર્ષે સર્વ શાસ્ત્રનું જ્ઞાન મેળવ્યું, સોળમે ભાષ્ય રચ્યું, અને બત્રીસમે પરબ્રહ્મમાં એકરૂપ થયા).

એવા દૈવ પુરુષનું સ્મરણ કરવાનો તમે બધાએ વિચાર કરી સમારંભ રચ્યો છે તેથી તમારા બધાની આ યુગના સત્પુરુષોમાંજ હું ગણના કરૂં છું ને તેથીજ મને પણ અવર્ણ્ય લાભ થયો છે એમ હું માનું છું.

૨. શ્રીમચ્છંકરાચાર્યના લઘુ લેખો—

મારી જન્મભૂમિ સુરત શહેરમાં ગયે વર્ષે શ્રીમચ્છંકરજયન્તીમાં મેં એક લેખ વાંચ્યો હતો ને તેનું [1]વિવરણ વ્યાખ્યાનથી કર્યું હતું. એ લેખમાં મેં શ્રીમચ્છંકરપાદના મુખ્ય સિદ્ધાન્તોનું ને બ્રહ્મસૂત્રભાષ્યમાં તેનું કેવી રીતે વિવેચન છે તેનું દિગ્દર્શન કરાવ્યું હતું. ઉપનિષદ્, ગીતા, ને બ્રહ્મસૂત્ર એ પ્રસ્થાનત્રયી કહેવાય છે. એ પરનાં શ્રીમચ્છંકરાચાર્યનાં ભાષ્ય સુપ્રસિદ્ધ છે, પણ તે ગહન હોવાથી સાધારણ બુદ્ધિને ગમ્ય નથી. આ કારણથી મન્દમતિના અનુગ્રહને અર્થે શ્રીમચ્છંકરપાદે સંભાષણપદ્ધતિ ને દૃષ્ટાન્તોથી વિષયના રસિકવિવરણયુક્ત લઘુ લેખો પ્રસિદ્ધ કર્યા છે. એ લઘુ લેખોની યાદી મેં મારા 'શ્રીબ્રહ્મસૂત્રશાંકરભાષ્યાનુવાદ' દ્વિતીય ભાગમાં પરિશિષ્ટોને અન્તે આપી છે. પાશ્ચાત્ય વિદ્વાનો આ બધા ગ્રન્થો શ્રીમચ્છંકરાચાર્યના રચેલા હોય એમ માનતા નથી. પરંતુ એમને નામે એટલા બધા ગ્રન્થો પ્રસિદ્ધિ પામ્યા એ એમનાં પૂજ્યતા ને ગૌરવનાં ઉત્તમ [2]સાધક છે. એમાંના કેટલાક ગ્રન્થો—' **अपरोक्षानुभूति** ', ' **आत्मबोध** ', ' **दशश्लोकी** ', '**उप-**

૧. સ્પષ્ટીકરણ. ૨. સિદ્ધ કરનાર.

देशसहस्री ' વગેરે–માઇસોર રાજ્યના આશ્રય નીચે નીકળતી સંસ્કૃત-ગ્રન્થાવલીમાં ઉત્તમ રીતે છપાયા છે, તેમાં ' **उपदेशसहस्री** ' એ શ્રીમચ્છંકરાચાર્યનોજ ગ્રન્થ છે એવું સ્વતન્ત્ર પ્રમાણ મળી આવે છે. શ્રીવેદાન્તદેશિકાચાર્ય નામના વિશિષ્ટાદ્વૈતમતના અનુયાયીએ પોતાના ' **शतदूषणी** ' નામના ગ્રન્થમાં શ્રીમચ્છંકરાચાર્યરચિત ' **उपदेशसहस्री** ' એમ એક સ્થળે કહ્યું છે. એ ' **उपदेशसहस्री** ' ગ્રન્થ ગદ્યપ્રબન્ધ ને પદ્યપ્રબન્ધ બંનેમાં છે. એના પર **रामतीर्थ** ને **बोधनिधि**ની ટીકા છે, તેમાં **रामतीर्थ**ની ટીકા માઇસોરસંસ્કૃતગ્રન્થાવલીમાં છપાઈ છે. ઉત્તમ અધિકારીઓ માટે ભગવાન્ શ્રીમચ્છંકરાચાર્યે પ્રસ્થાનત્રયનાં ભાષ્ય રચ્યાં છે ને તેનું અવલોકન કરવા અસમર્થ એવા મન્દમતિઓના અનુગ્રહને અર્થે આવા લઘુ ગ્રન્થો રચ્યા છે. ' **उपदेशसहस्री** ' એ ગ્રન્થનું સ્વરૂપ કેવું છે તેનું [1]યત્કિંચિત્ દર્શન કરાવું છું. આરંભમાં શ્રીમચ્છંકરાચાર્ય કહે છે કે ' **अथ मोक्षसाधनोपदेशविधिं व्याख्यास्यामो मुमुक्षूणां श्रद्दधानानामर्थिनामर्थाय** '—એટલે જેમને મોક્ષ મેળવવાની ઇચ્છા છે, એવા ને શ્રદ્ધાળુ [2]અર્થીઓની કામના સફળ કરવા મોક્ષ સાધનોના ઉપદેશપ્રકારનું અમે વ્યાખ્યાન કરીશું. જેઓ શ્રુતિવાક્યોને પ્રમાણરૂપ માને છે ને શ્રુતિવાક્યો સાથે વિરુદ્ધ ન હોય એવાજ અનુમાનને પ્રમાણ ગણે છે તેમનેજ માટે આ ઉપદેશવિધિનું વ્યાખ્યાન છે એમ શ્રીમચ્છંકરાચાર્યનો [3]આશય છે.

૩. મોક્ષનું સ્વરૂપ—

એ ચાર પુરુષાર્થોમાં મોક્ષજ પરમ પુરુષાર્થ છે; કેમકે તે નિત્ય છે, ' **न स पुनरावर्तते** ' (જ્ઞાનીનો પુનર્જન્મ નથી) એવી શ્રુતિ છે તેથી. ધર્મ, અર્થ, કામ, અને મોક્ષ એમાં મોક્ષ સિવાય અન્ય ત્રણ પુરુષાર્થો અનિત્ય છે, કેમકે ' **तद्यथेह कर्मचितो लोकः क्षीयत एवमेवामुत्र पुण्यचितो लोकः क्षीयते** ' (તેટલા માટે જેમ આ લોકમાં કર્મથી પ્રાપ્ત થયલો લોક–

---

૧. થોડુંક. ૨. કામનાવાળા પુરુષો. ૩. અભિપ્રાય.

ધાન્યાદિ પાક-ક્ષય પામે છે, એમજ પરલોકમાં પુણ્યથી પ્રાપ્ત કરેલો લોક ક્ષય પામે છે) ઇત્યાદિ શ્રુતિ છે. મોક્ષના સ્વરૂપ વિષે વિવિધ મત છે. દેહાત્મવાદી ચાર્વાકોના મત પ્રમાણે સ્વાતન્ત્ર્ય કે મૃત્યુ એજ મોક્ષ છે. માધ્યમિક બૌદ્ધો આત્માના ઉચ્છેદને મોક્ષ માને છે. વિજ્ઞાનવાદીઓ બાહ્ય પદાર્થનું અસ્તિત્વ માનતા નથી, જ્ઞાનનુંજ અસ્તિત્વ માને છે, તેથી નિર્મળ જ્ઞાનનો ઉદય થાય એ મહોદયજ વિજ્ઞાનવાદી બૌદ્ધોના મત પ્રમાણે મોક્ષ છે. આર્હતો આવરણમાંથી મુક્તિને મોક્ષ ગણે છે. [1]સર્વ-કર્તૃત્વ ધર્મ સિવાયના વાસુદેવના સર્વજ્ઞત્વ આદિ કલ્યાણગુણોની પ્રાપ્તિ થયે ભગવત્સ્વરૂપનો યાથાત્મ્યાનુભવ મોક્ષ છે એમ વિશિષ્ટાદ્વૈતવાદી રામાનુજી-ઓનું માનવું છે. જગત્કર્તૃત્વ, લક્ષ્મીપતિત્વ, ને શ્રીવત્સ એ સિવાયનું ભગ-વાન્‌ના જ્ઞાનને અધીન જે દુ:ખરહિત પૂર્ણ સુખ તે મોક્ષ છે એમ દ્વૈતવાદી માધ્વો માને છે. ‘ **आनन्दं ब्रह्मणो रूपं तच्च मोक्षे प्रतिष्ठितम्** ’ એ શ્રુતિ તેમનું પ્રમાણ છે ને તેમને મતે મોક્ષના ચાર પ્રકાર છે—સારૂપ્ય, સાલોક્ય, સામીપ્ય, ને સાયુજ્ય. રામાનુજીઓ તો એ ચારમાં સાયુજ્ય મોક્ષજ માને છે. સાયુજ્ય એટલે ભોગસામ્ય-ભોગોનું સરખાપણું. સયુક્ શબ્દ ભિન્નનોજ સાધારણ યોગ દર્શાવે છે. ‘ **ब्रह्म वेद ब्रह्मैव भवति** ’ એ શ્રુતિનું સામ્યમાંજ તાત્પર્ય છે એમ તેઓ માને છે; અર્થાત, બ્રહ્મ જાણે છે તે બ્રહ્મ જેવો થાય છે. તેઓ કહે છે કે:—

लोकेषु विष्णोर्निवसन्ति केचित् समीपमृच्छन्ति च केचिदन्ये ।
अन्ये तु रूपं सदृशं भजन्ते सायुज्यमन्ये स तु मोक्ष उक्तः ॥

શ્રીકૃષ્ણ સાથે તેના અંશભૂત જીવો ગોલોકમાં લીલા અનુભવે છે તે મોક્ષ છે એમ શુદ્ધાદ્વૈતવાદી વલ્લભીઓ માને છે. દુ:ખની પરિપૂર્ણ નિવૃત્તિ તે મોક્ષ એમ ગૌતમાનુયાયીઓનું મત છે. મીમાંસકો સ્વર્ગાદિને મોક્ષ માને

---

૧. સર્વ સૃષ્ટિના કર્તા હોવાપણું.

છે. પ્રકૃતિજ સર્વ કરે છે, તેના સંસર્ગથી પુરુષને વિષે હું કરૂં છું એવું અભિમાન છે, તેજ આત્માનો બન્ધ છે, અને તેમાંથી નિવૃત્તિ ને ઉદાસીન રૂપે આત્માનું અવસ્થાન એ મોક્ષ છે, એમ સાંખ્યોનું મત છે. અષ્ટાંગ યોગથી શિવમય જ્યોતિનું જે અવલોકન થાય છે તેને સમાધિસિદ્ધિ કહે છે; એજ મોક્ષ છે એમ પાંતજલાનુયાયીઓ માને છે. '**एकमेवाद्वितीयं ब्रह्म**' (એકજ, અદ્વિતીય બ્રહ્મ) ઇત્યાદિ શ્રુતિથી એકત્વજ છે, દ્વૈત નથી, તે એક તે બ્રહ્મ છે. તે બ્રહ્મ '**अविनाशी वारेऽयमात्मा**' (એ આત્મા અવિનાશી છે), '**सत्यं ज्ञानमनन्तं ब्रह्म**' (બ્રહ્મ સત્યરૂપ, જ્ઞાનરૂપ, અનન્ત છે) ઇત્યાદિ શ્રુતિથી નિત્યવિજ્ઞાનસ્વરૂપ છે; ને તેજ '**एकोऽहं बहु स्याम्**' (હું એક છું બહુ થાઉં છું) ઇત્યાદિ શ્રુતિથી ઉપાધિવશથી જીવ કહેવાય છે. સ્વમાયા-નિર્મિત અવિદ્યાથી તેને બન્ધ છે ને વિદ્યાથી મોક્ષ છે. શરીરાદિ આત્મા છે એમ અભિમાન કરાવનારી અવિદ્યા છે ને તેને નિવૃત્ત કરનારી વિદ્યા છે. શરીરાદિને વિષે તે આત્મા છે એવું અભિમાન એજ બન્ધ છે ને તેની નિવૃત્તિ થયે, અર્થાત્, અવિદ્યાથી ઉત્પન્ન થયલું મિથ્યાજ્ઞાન નિવૃત્ત થયે, બ્રહ્માંશિક જીવની જે [૧]સ્વસ્વરૂપતાપ્રાપ્તિ તેજ મોક્ષ છે એમ શાંકરમતાનુયાયી કેવલાદ્વૈતવાદીઓનું મત છે.

૪. ઉચ્ચતમ ભૂમિકા-જ્ઞાનમાર્ગ—

આ પ્રમાણે મોક્ષસ્વરૂપને વિષે વિરુદ્ધ મતો છે. દુઃખની નિવૃત્તિ, સ્વર્ગની પ્રાપ્તિ, શ્રીકૃષ્ણ સાથે ગોલોકમાં લીલાનો અનુભવ, ભગવત્સ્વરૂપનું જ્ઞાન, અને [૨]બ્રહ્માત્મૈકત્વજ્ઞાન એ બધી મોક્ષની ભૂમિકામાં કઈ ઉચ્ચતમ છે તે સુસ્પષ્ટ છે. મોક્ષસ્વરૂપસંબન્ધી આમ ભિન્ન વિચાર હોવાથી મોક્ષનાં સાધન વિષે પણ ભિન્ન વિચાર થાયજ એ સ્વાભાવિક છે. મીમાંસકોને કર્મમાર્ગ સાધન તરીકે [૩]અભિપ્રેત છે, રામાનુજીઓ ને વલ્લભીઓને ભક્તિમાર્ગ,

---

૧. સ્વસ્વરૂપ પ્રાપ્ત કરવું તે. ૨. બ્રહ્મ ને જીવાત્મા એક છે, સર્વ બ્રહ્મસ્વરૂપ છે એવું જ્ઞાન. ૩. ઇષ્ટ.

ને શ્રીમચ્છંકરાનુયાયી કેવલાદ્વૈતસિદ્ધાન્તીઓને જ્ઞાનમાર્ગ છે. એમાં જ્ઞાનમાર્ગ ઉત્તમ અધિકારીઓ માટે છે, એ તો ખુલ્લુંજ છે. મોક્ષ બ્રહ્મજ્ઞાનથી પ્રાપ્ત થાય છે એમ શ્રુતિ કહે છે. '**ब्रह्मविदाप्नोति परम**' (બ્રહ્મવેત્તા બ્રહ્મ પ્રાપ્ત કરે છે), '**तमेव विदित्वातिमृत्युमेति नान्यः पन्था विद्यतेऽयनाय**' (તેનુંજ જ્ઞાન મેળવીને તે મૃત્યુને તરી જાય છે, મોક્ષ માટે બીજો-જ્ઞાનથી જુદો-માર્ગ નથી) ઇત્યાદિ શ્રુતિવાક્યો જ્ઞાનમાર્ગજ મોક્ષનો હેતુ છે એમ પ્રતિપાદન કરે છે. '**विवेकचूडामणि**' માં કહ્યું છે કે:—

पठन्तु शास्त्राणि यजन्तु देवान्
कुर्वन्तु कर्माणि भजन्तु देवताः ।
आत्मैकबोधेन विनापि मुक्ति-
र्न सिध्यति ब्रह्मशतान्तरेऽपि ॥

(શાસ્ત્રો પઢો, દેવોને યજ્ઞ કરો, દેવતાઓને ભજો, પણ આત્માના એક બોધ વિના મુક્તિ સો બ્રહ્મયુગ જશે તો પણ થવાની નથી). '**न कर्मणा न प्रजया न त्यागेन धनेन वा**' (કર્મથી, પ્રજાથી, ત્યાગથી, કે ધનથી મોક્ષ પ્રાપ્ત થતો નથી). શ્રીમચ્છંકરાચાર્ય પણ માને છે કે કર્મ થી શુદ્ધિ થાય છે ને સગુણ બ્રહ્મની ઉપાસનાથી અપર બ્રહ્મની પ્રાપ્તિ થાય છે.

૫. કર્મમાર્ગ જ્ઞાનમાર્ગમાં પ્રવેશકારક—

હાલ ઉપવાસ, વ્રત, જપ ઇત્યાદિ કર્મની નિન્દા કરવાનો પ્રચાર સામાન્ય થઈ પડયો છે. એ પર લોકોની આસ્થા શિથિલ થઈ છે. પરંતુ એ બધાં કર્મ વિષે ઊંડો વિચાર કરીશું તો માલમ પડશે કે એથી ચિત્ત શુદ્ધ થાય છે, એકાગ્રતાની વૃત્તિ ટેવાય છે, અને તેથી પરબ્રહ્મના શ્રવણ, મનન, ને નિદિધ્યાસનમાં એ સહાયભૂત થઈ પડે છે.

૬. આન્તર શુદ્ધિ ને બાહ્ય શુદ્ધિ—

चित्तस्य शुद्धये कर्म न तु वस्तूपलब्धये ।
वस्तुसिद्धिर्विचारेण न किंचित् कर्मकोटिभिः ॥

(કર્મ ચિત્તની શુદ્ધિને અર્થે છે, વસ્તુની ઉપલબ્ધિને અર્થે નથી, વસ્તુસિદ્ધિ તો વિચારથીજ થાય છે; કોટિ કર્મોથી લેશ પણ થતી નથી).

અત્ર એટલુંજ લક્ષમાં રાખવાનું છે કે માત્ર બાહ્ય શુદ્ધિ કામની નથી. આન્તર શુદ્ધિ વિના બાહ્ય શુદ્ધિ નકામી છે. **મહાભારત**માં કહ્યું છે કેઃ—

आत्मा नदी संयमतोयपूर्णा
सत्यह्रदा शीलतटा दयोर्मिः।
तत्रावगाहं कुरु पाण्डुपुत्र
न वारिणा शुध्यति चान्तरात्मा ॥

(આત્મા નદી છે, તે સંયમરૂપી જળથી પૂર્ણ છે, સત્યરૂપી તેમાં કરાડી છે, શીલ એ તટ ને દયા એ [1]ઊર્મિ છે. હે પાણ્ડુપુત્ર, તું તેમાં સ્નાન કર, વારિથી અન્તરાત્મા શુદ્ધ થતો નથી). આ પ્રમાણે બાહ્ય શુદ્ધિ એ આન્તરનું સાધન છે; એથી આન્તર શુદ્ધિ ન થાય તો એ નિરર્થક છે. એ કૃત્રિમ હોય, તો [2]નિષ્પ્રયોજકજ થાય છે એટલુંજ નહિ, પણ એથી માત્ર દાંભિકવૃત્તિ પ્રેરાય છે. લોકોને છેતરી પોતાનો મહિમા વધારવો એ એ વૃત્તિનો ઉદ્દેશ છે. એને શ્રીમદ્ભગવદ્ગીતામાં રાજસ તપ કહી નિન્દી છેઃ—

सत्कारमानपूजार्थं तपो दम्भेन चैव यत् ।
क्रियते तदिह प्रोक्तं राजसं चलमध्रुवम् ॥

હા, આ તપસ્વી બ્રાહ્મણ સાધુ છે એવો જે [3]સાધુકાર તે સત્કાર, પ્રત્યુત્થાન, અભિવન્દન આદિ કાર્ય તે માન, ને પાદપ્રક્ષાલનાદિ પૂજા, એને અર્થે કરેલું ને દંભને અર્થે, એટલે નાસ્તિકબુદ્ધિથી, માત્ર ધર્મની ધ્વજા ઉડાવવાને માટે કરેલું જે તપ, તેને અહિં રાજસ કહ્યું છે. એ [4]કાદાચિત્ક ને [5]અનિયત ફળને આપનાર છે માટે એને ચલ ને અધ્રુવ કહ્યું છે.

---

૧. મોજાં. ૨. પ્રયોજન વગરની, નકામી. ૩. સાધુ કહેવું તે.
૪. ક્વચિતજ પ્રાપ્ત થતું. ૫. અનિશ્ચિત.

આવા બાહ્ય શુદ્ધિના આભાસથી કંઈ આંતર શુદ્ધિ થતી નથી, ને આન્તર શુદ્ધિ વિના જ્ઞાનનો ઉદય થતો નથી.

૭. ચિત્તશુદ્ધિનાં સાધન ને તેની મહત્તા—

ઉપદેશસહસ્રીના **પદ્યગ્ર**ન્થમાં ચિત્તશુદ્ધિ શા માટે કરવી ને કેવી રીતે કરવી તેને માટે આ પ્રમાણે કહ્યું છે:—

चित्ते ह्यादर्शवद्यस्मात् शुद्धे विद्या प्रकाशते ।
यमैर्नित्यैश्च यज्ञैश्च तपोभिस्तस्य शोधनम् ॥
शारीरादि तपः कुर्यात् तद्विशुद्ध्यर्थमुत्तमम् ।
मनआदसमाधानं तत्तद्देहविशोषणम् ।
मनसश्चेन्द्रियाणां च ह्येकाग्र्यं परमं तपः ।
तज्ज्यायः सर्वधर्मेभ्यः स धर्मः पर उच्यते ॥

શાસ્ત્રમાં જો સર્વ પ્રયત્ને વિદ્યાનું નિરૂપણ કર્યું છે તો સર્વ પુરુષો શાસ્ત્રને વિષે કેમ પ્રવૃત્ત થતા નથી, કે પ્રવૃત્ત થાય છે તો વિદ્યા કેમ પ્રાપ્ત કરતા નથી તેને માટે કહે છે કે તેમનામાં ચિત્તની શુદ્ધિ નથી. તેટલા માટે ચિત્તશુદ્ધિ કરવી જોઈએ. ચિત્ત શુદ્ધ થયે જેમ આદર્શમાં પ્રતિબિમ્બ પડે છે તેમ ચિત્તમાં વિદ્યાનો પ્રકાશ પડે છે. કયા ઉપાયોથી ચિત્તશુદ્ધિ કરવી તેને વિષે કહે છે. અહિંસા, બ્રહ્મચર્ય આદિ યમો વડે, શૌચ આદિ નિયમો વડે, સ્વાશ્રમવિહિત ધર્મરૂપ યજ્ઞો વડે, ને તપ વડે ચિત્તની શુદ્ધિ કરવી. તેને વિશુદ્ધ કરવા માટે શારીરાદિ તપ કરવું. એનું સ્વરૂપ ગીતામાં કહ્યું છે કે:—

देवद्विजगुरुप्राज्ञपूजनं शौचमार्जवम् ।
ब्रह्मचर्यमहिंसा च शारीरं तप उच्यते ॥
अनुद्वेगकरं वाक्यं सत्यं प्रियहितं च यत् ।
स्वाध्यायाभ्यसनं चैव वाङ्मय तप उच्यते ॥

मनःप्रसादः सौम्यत्वं मौनमात्मविनिग्रहः ।
भावसंशुद्धिरित्येतत् तपो मानसमुच्यते ॥

દેવ, દ્વિજ, ગુરુ. ને પ્રાજ્ઞ એટલે જે જાણવું જોઈએ તે જાણનાર પંડિત, એઓનું પૂજન, શૌચ એટલે મૃત્તિકા, જલાદિથી કરેલી શરીરશુદ્ધિ, ને આર્જવ એટલે વિહિત કર્મને વિષે કરેલી શરીરની પ્રવૃત્તિ ને પ્રતિષિદ્ધમાંથી નિવૃત્તિ, બ્રહ્મચર્ય, ને અહિંસા–એ શરીરથી થઈ શકે છે માટે શારીર તપ કહેવાય છે. કાયિક તપનું વિવરણ કરી વાચિક તપનું સ્વરૂપ કહે છે. પ્રાણીઓને દુઃખ ન ઉત્પન્ન કરે એવું વાકય, તેમજ સત્ય, પ્રિય, ને હિત-કારક, અન્યને વિષે પ્રતીતિ ઉત્પન્ન કરવા માટે પ્રયોજેલું વાકય સત્ય હોવું જોઈએ, પ્રિય હોવું જોઈએ, હિતકારક હોવું જોઈએ, ને ઉદ્વેગ ન કરે એવું હોવું જોઈએ; વાક્યના જે આ ચાર ધર્મો દર્શાવ્યા છે તેમાંના એક, બે, કે ત્રણથી હીન વાકય તપોરૂપ કહેવાતું નથી. હવે એવું કયું વાક્ય છે કે જે સત્ય છે, પ્રિય છે, હિતકારક છે, ને અનુદ્વેગકર છે, તે કહે છે. એ પરમ તપ છે; જેમકે હે વત્સ, શાન્ત થા, સ્વાધ્યાય કે યોગનું અનુષ્ઠાન કર, તેમ કરવાથી તારૂં શ્રેય થશે આવું તપ વાઙ્મય તપ કહેવાય છે.

હવે માનસિક તપનું નિરૂપણ કરે છે કે મનની પ્રશાન્તિ, સ્વસ્થતા, અનાકુલતા, નિશ્ચિન્તપણું, સૌમ્યતા અટલે સૌમનસ્ય, સર્વનું હિત ઇચ્છવું ને કોઈનું પણ અહિત ન ઇચ્છવું તે, એવી મનની સ્થિતિ મુખાદિના પ્ર-સાદથી સમજાય છે; મૌન એટલે મુનિભાવ, મનન, આત્માને વિષયો-માંથી પ્રત્યાહાર, ને ભાવશુદ્ધિ એટલે વ્યવહારમાં અન્યને આપણે માયાવી છીએ એમ ન લાગે તે, અર્થાત્, હૃદયની શુદ્ધિ, આને માનસ તપ કહે છે.

આ ત્રણ પ્રકારનાં તપના પણ પુનઃ સાત્ત્વિક, રાજસ, ને તામસ એવા ત્રણ વિભાગ ગીતામાં કહ્યા છે. તેમાં આ સ્થળે ચિત્તની વિશુદ્ધિ અર્થે જે શારીરાદિ તપ કરવાનું કહ્યું છે તે સાત્ત્વિકજ સમજવું.

श्रद्धया परया तप्तं तपस्तत् त्रिविधं नरैः ।
अफलाकाङ्क्षिभिर्युक्तैः सात्त्विकं परिचक्षते ॥

પ્રકૃષ્ટ શ્રદ્ધાથી ને ફળની આકાંક્ષા વિના જે એ ત્રણ પ્રકારનું તપેલું તપ તે સાત્ત્વિક કહેવાય છે. એ સાત્ત્વિક તપનેજ '**शारीरादि तपः कुर्यात् तद्विशुद्ध्यर्थमुत्तमम्**' એમાં ઉત્તમ તપ કહ્યું છે. વળી કહે છે કે '**मनआदिसमाधानम्**' ઇત્યાદિ. ચિત્તની શુદ્ધને માટે મન આદિનું સમાધાન કરવું એટલે મનને નિશ્ચલ રાખવાનો અભ્યાસ કરવો. '**मनआदिसमाधानम्**'માં **आदि** પદથી બાહ્ય ઇન્દ્રિયનો નિગ્રહ કરવો એમ સમજવાનું છે. તેમજ તે તે ઋતુઓમાં શીત, ઉષ્ણતા, વૃષ્ટિ, વાયુ આદિ સહન કરીને દેહને કૃશ કરવો. છેવટે કહે છે કે મન ને ઇન્દ્રિયોને એકાગ્ર કરવાં એ સર્વ તપોમાં શ્રેષ્ઠ તપ છે, સર્વ. ધર્મથી અધિક છે, ને એનેજ પર ધર્મ કહે છે.

૮. ઇન્દ્રિયનિગ્રહ—

આમાં મનના ને ઇન્દ્રિયોના નિગ્રહને સર્વથી અધિક તપ કહ્યું છે તે યુક્તજ છે. **अष्टावक्रदीपिका**માં આરંભમાં નીચે પ્રમાણે કહ્યું છેઃ—

मुक्तिमिच्छसि चेत् तात विषयान् विषवत् त्यज ।
क्षमार्जवदयातोषसत्यं पीयूषवद् भज ॥

એના પર ટીકાકાર વિશ્વેશ્વર કહે છે કે અહિં જ્ઞાનવિજ્ઞાનસંપન્ન, પરમકારુણિક અષ્ટાવક્ર મુનિ, મુક્તિની કામનાથી પોતાની પાસે આવેલા કોઇક શિષ્યને, શમદમાદિ અધિકાર સ્વીકારવો જોઈએ એવો ઉપદેશ કરીને આત્મતત્ત્વનો ઉપદેશ કરે છે—કે હે તાત,—'**तात**' શબ્દ [1]સાનુગ્રહ સંબોધન કરવામાં પ્રયોજાય છે—હે શિષ્ય, જો તું સર્વ અનર્થની નિવૃત્તિ કરનાર, પરમાનન્દપ્રાપ્તિરૂપ મુક્તિ ઇચ્છતો હોય તો જેમ વિષ અનર્થનો હેતુ હોવાથી તેનો ત્યાગ કરવામાં આવે છે, તેમ દેહાદિ, અનર્થભૂત વિષયોનો ત્યાગ કર,

---

૧ કૃપા સાથે.

અર્થાત્, તેમાં હું, મારૂં, એવા [1]અધ્યાસપૂર્વક આસક્તિનો ત્યાગ કર, અને ક્ષમા, [2]આર્જવ, દયા, સંતોષ, ને સત્યનું અમૃતની પેઠે સેવન કર.

૯. માનસનિગ્રહ—

મનનો નિગ્રહ એથી પણ વિશેષ ઉપયોગી છે. મનજ મનુષ્યના બન્ધ ને મોક્ષનું કારણ છે '**मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः**'.

वायुनाऽऽनीयते मेघः पुनस्तेनैव लीयते ।
मनसा कल्प्यते बन्धो मोक्षस्तेनैव कल्प्यते ॥

મેઘને વાયુ આણે છે, ને તેજ તેનો ફરી લય કરે છે. બન્ધની મન કલ્પના કરે છે, ને મોક્ષની પણ તેજ કરે છે. કેવી રીતે મન એમ કરે છે?

देहादिसर्वविषये परिकल्प्य रागं
बध्नाति तेन पुरुषं पशुवद् गुणेन ।
वैरस्यमत्र. विषवत् सुविधाय पश्चा-
देनं विमोचयति तन्मन एव बन्धात् ॥

દેહાદિ સર્વ વિષયોને વિષે [3]રાગની પરિકલ્પના કરી, તે વડે પુરુષને, દોરડાથી પશુની માફક, બાંધે છે. પછી એજ દેહાદિ વિષયોને વિષે વિષ જેવા હોય તેમ વૈરાગ્ય સારી રીતે ઉત્પન્ન કરી મનજ પુરુષને બન્ધમાંથી વિમુક્ત કરે છે. અહિં [4] **परिकल्प्य, सुविधाय,** ને **विमोचयति**માંના ઉપસર્ગોના અર્થ લક્ષમાં લેવા લાયક છે.

ગીતામાં પણ કહ્યું છે કે:—

चञ्चलं हि मनः कृष्ण प्रमाथि बलवद् दृढम् ।
तस्याहं निग्रहं मन्ये वायोरिव सुदुष्करम् ॥

---

૧. આરોપ. **अतस्मिंस्तद्बुद्धिः**—જે જે સ્વરૂપમાં નથી તેને વિષે તે તે સ્વરૂપમાં છે એવી બુદ્ધિ. ૨. ઋજુભાવ—સરળતા, નિષ્કપટ. ૩ પ્રેમ. ૪. **परि=परितः, सर्वतः**, બધી રીતે; **सु-सुष्ठु**, પુષ્કળ; **वि-विशेषेण**, વિશેષે કરીને.

અર્જુન કહે છે કે હે કૃષ્ણ, મન ચંચળ છે—એકત્ર અવસ્થિત રહેતું નથી, વળી પ્રમથનશીલ છે—દેહ ને ઇન્દ્રિયોને વલોવી નાખવાનો તેનો સ્વભાવ પ્રબળ છે, કોઈથી પણ નિવારી શકાય એમ નથી, ને દૃઢ છે એટલે તન્તુંનાગ નામના જલચરની પેઠે અચ્છેદ્ય છે; તેથી તેનો નિગ્રહ વાયુના જેવો સુદુષ્કર છે એમ હું માનું છું.

'**विवेकचूडामणि**' માં મનનેજ અવિદ્યા કહી છે.

न ह्यस्त्यविद्या मनसोऽतिरिक्ता
मनो ह्यविद्या भवबन्धहेतुः ।
तस्मिन् विनष्टे सकलं विनष्टं
विजृम्भितेऽस्मिन् सकलं विजृम्भते ॥

ખરેખર, મનથી અન્ય અવિદ્યા નથી; મનજ અવિદ્યા છે ને તે સંસારરૂપ બન્ધનું કારણ છે. તે નાશ થયે સર્વ વિનષ્ટ થાય છે ને તે પ્રકાશિત થયે સર્વ પ્રકાશિત થાય છે.

વળી કહ્યું છે કે:—

मनो नाम महाव्याघ्रो विषयारण्यभूमिषु ।
चरत्यत्र न गच्छन्तु साधवो ये मुमुक्षवः ॥

મન નામનો મોટો વાઘ વિષયરૂપી વનભૂમિમાં ફરે છે; માટે જે સાધુ પુરુષો મોક્ષ પ્રાપ્ત કરવા ઇચ્છે છે તેમણે ત્યાં ન જવું.

तन्मनःशोधनं कार्यं प्रयत्नेन मुमुक्षुणा ।
विशुद्धे सति चैतस्मिन् मुक्तिः करतलायते ॥

તેટલા માટે મુમુક્ષુ પુરુષે મનનું પ્રયત્ન વડે શોધન કરવું. એ વિશુદ્ધ થયે મુક્તિ કરતલમાં આવી સમજવી.

આ પ્રમાણે કર્મ ને ભક્તિ એ જ્ઞાનનાં સાધક છે ને જ્ઞાન સર્વથી શ્રેષ્ઠ છે.

૧૦. 'ઉપદેશસહસ્રી 'માં ગુરુશિષ્યસંવાદરૂપે અધ્યાસનું

નિરૂપણ—

હવે '**उपदेशसहस्री**' માં શ્રીમચ્છંકરાચાર્યે ગુરુશિષ્યસંવાદરૂપે વેદાન્તનું જ્ઞાન અલ્પ બુદ્ધિવાળા અધિકારીઓ માટે કેવું રસિક રીતે સુગમ કર્યું છે તેનું કંઈક ભાન કરાવું છું.

આનન્દરૂપ અનુભવતા બેઠેલા બ્રહ્મનિષ્ઠ બ્રાહ્મણ પાસે કોઈક બ્રહ્મચારી જન્મમરણરૂપ સંસારથી [1]નિર્વિણ્ણ થયલો, મોક્ષ મેળવવાની ઇચ્છાવાળો, '**तद्विज्ञानार्थं स गुरुमेवाभिगच्छेत् समित्पाणिः श्रोत्रियं ब्रह्मनिष्ठम्**' (બ્રહ્મના વિજ્ઞાનને માટે તેણે હાથમાં સમિધ્ લઈ શ્રોત્રિય ને બ્રહ્મનિષ્ઠ ગુરુ પાસેજ જવું, શાસ્ત્રજ્ઞ હોય તોપણ તેણે સ્વતન્ત્ર રીતે બ્રહ્મજ્ઞાનનું [2]અન્વેષણ ન કરવું એમ **एव** અવધારણવાચક છે) એવી રીતે વિધિપૂર્વક [3]ઉપસન્ન થઈ કોઈક બ્રહ્મચારીએ પૂછ્યું—(આમાં બ્રહ્મચારીનાં વિશેષણોથી [4]નિત્યાનિત્યવસ્તુવિવેક, વિરાગ, [5]શમાદિષટ્કસંપત્તિ, ને મુમુક્ષુત્વ એ ચાર સાધનોથી સંપન્ન અધિકારી જોઈએ એમ સૂચવ્યું છે),–'હે ભગવન્, હું સંસારથી શી રીતે મોક્ષ પામું, કેમકે શરીર, ઇન્દ્રિય, ને વિષયોથી ઉત્પન્ન થતી વેદનાનો મને અનુભવ થાય છે, એવો હું સંસારી છું. જાગ્રદવસ્થામાં ને સ્વપ્નમાં મને દુઃખનો અનુભવ થાય છે ને સુષુપ્તિમાં અનુભવ થતો નથી તેથી સંશય થાય છે કે શું એ અનુભવ મારો સ્વભાવ છે કે હું અન્ય સ્વભાવવાળો છું ને એ અનુભવ નૈમિત્તિક છે, કોઈક નિમિત્તને લીધે છે. જો સ્વભાવજ હોય તો તો મોક્ષની આશા નથી, કેમકે સ્વભાવ કંઈ વર્જી શકાતો નથી, પણ જો એ અનુભવ નૈમિત્તિક હોય તો નિમિત્ત દૂર થયે મોક્ષ ઉત્પન્ન થાય.

ગુરુ કહે છે—હે શિષ્ય, એ અનુભવ તારો સ્વભાવ નથી, પણ નૈમિત્તિક છે.

---

૧. વિરક્ત થયલો, કંટાળેલો. ૨. શોધન. ૩. ગુરુ પાસે જઈ. ૪. નિત્ય અને અનિત્ય વસ્તુને જુદી પાડવાની શક્તિ. ૫. શમ, દમ, આદિ છ ગુણોની પ્રાપ્તિ. જુઓ પૃ૦ ૧૯.

શિષ્ય પૂછે છે—શું નિમિત્ત છે? તે નિમિત્તનું [1]નિવર્તક શું છે? મારો સ્વભાવ શો છે? જેમ રોગરૂપ નિમિત્ત નિવૃત્ત થયે રોગી સ્વભાવ પ્રાપ્ત કરે છે, તેમ દુઃખરૂપ નિમિત્ત નિવૃત્ત થયે જે સ્વભાવ હું પ્રાપ્ત કરૂં છું તે સ્વભાવ મારો કયો છે?

ગુરુ ઉત્તર આપે છે—અવિદ્યા એ નિમિત્ત છે ને વિદ્યા તેની નિવર્તક છે. અવિદ્યા નિવૃત્ત થયે, તે નિમિત્તના અભાવને લીધે જન્મમરણરૂપ સંસારથી તું મુક્ત થઈશ: ને સ્વપ્નમાં ને જાગ્રદવસ્થામાં તું દુઃખનો અનુભવ નહિ કરે.

શિષ્ય પૂછે છે—એ અવિદ્યા શી છે? તે કેવી છે? અને અવિદ્યાને નિવૃત્ત કરનારી વિદ્યા કઈ છે, કે જેથી હું સ્વભાવ પ્રાપ્ત કરૂં?

ગુરુ કહે છે—તારો આત્મા પરમાત્મા છે એટલે પરિપૂર્ણસ્વરૂપ છે તેને તું વિપરીત એટલે પરિચ્છિન્નસ્વરૂપ માને છે, સંસારી માને છે, અકર્તાને કર્તા, અભોક્તાને ભોક્તા માને છે, અને વિદ્યમાનને અવિદ્યમાન માને છે. જે નિમિત્તથી આત્માને સંસારી આદિ માને છે તેજ અવિદ્યા છે.

શિષ્ય કહે છે—હું વિદ્યમાન છું તોપણ પરમાત્મા નથી, [2]કર્તૃત્વભોક્તૃત્વલક્ષણ સંસાર એ મારો સ્વભાવ છે; કેમકે પ્રત્યક્ષાદિ પ્રમાણથી હું તેનો અનુભવ કરૂં છું. અવિદ્યા એટલે એકને વિષે અન્યના ધર્મનો અધ્યારોપ કરવો તે; જેમ પ્રસિદ્ધ રજતનો પ્રસિદ્ધ [3]શુક્તિકામાં, જેમ પ્રસિદ્ધ પુરુષનો પ્રસિદ્ધ સ્થાણુને વિષે, કે પ્રસિદ્ધ સ્થાણુનો પુરુષને વિષે. અપ્રસિદ્ધનો પ્રસિદ્ધને વિષે કે પ્રસિદ્ધનો અપ્રસિદ્ધને વિષે કોઈ અધ્યારોપ કરતું નથી; માટે આત્માને વિષે કોઈ અનાત્માનો અધ્યારોપ કરતું નથી, કેમકે અપ્રસિદ્ધ છે; તેમજ આત્માનો અનાત્માને વિષે કોઈ અધ્યારોપ કરતું નથી, આત્મા અપ્રસિદ્ધ છે તેથીજ.

ગુરુ કહે છે—હજી પણ તું બાળજ છે, ન્યાયમાર્ગમાં [4]વ્યુત્પન્ન

૧. દૂર કરનાર. ૨. હું કર્તા ને ભોક્તા છું એવા સ્વરૂપવાળો. ૩. છીપ. ૪. પ્રવીણ.

થયો નથી એમ સૂચવવા ‘ વત્સ ’ એમ શિષ્યને સંબોધીને કહે છે—હે વત્સ, પ્રસિદ્ધનો પ્રસિદ્ધને વિષેજ અધ્યારોપ કરે છે એમ નિયમ કરવો શક્ય નથી; કેમકે તેમાં [1]વ્યભિચાર આવે છે; કારણ કે આત્માને વિષે અધ્યારોપ જોવામાં આવે છે. ‘હું ગોરો છું’, ‘ હું કાળો છું ’, એમ દેહધર્મ, ગૌરત્વ, કૃષ્ણત્વનો અહંપ્રત્યયવિષય—જેની હું એમ પ્રતીતિ થાય છે એવા–આત્માને વિષે અધ્યારોપ થાય છે: અને ‘ આ હું છું ’ એમ અહંપ્રત્યયવિષય આત્માનો દેહને વિષે અધ્યારોપ થાય છે.

શિષ્ય કહે છે—ત્યારે આત્મા પ્રસિદ્ધજ છે; કેમકે તે હું એવી પ્રતીતિનો વિષય છે; ને દેહ પણ ‘ આ ’ એમ પ્રસિદ્ધ છે. એમ હોવાથી સ્થાણુ ને પુરુષનો અને શુક્તિકા અને રજતનો અન્યોન્યને વિષે અધ્યારોપ થાય છે તેમ પ્રસિદ્ધજ દેહ અને આત્માનો અન્યોન્યને વિષે અધ્યારોપ થાય છે તો કયા ભેદને આધારે, ગુરુશ્રી કહે છે કે, બે પ્રસિદ્ધનોજ અન્યોન્યને વિષે અધ્યારોપ છે એમ નિયમ કરવો શક્ય નથી ?

ગુરુ કહે છે—સાંભળ, દેહ ને આત્મા પ્રસિદ્ધ છે એ ખરી વાત છે; પણ સ્થાણુ ને પુરુષ જેમ ભિન્ન પ્રતીતિના વિષય તરીકે સર્વ લોકમાં પ્રસિદ્ધ છે તેમ એ ભિન્ન પ્રતીતિના વિષય તરીકે પ્રસિદ્ધ નથી, ’ ત્યારે કેવી રીતે પ્રસિદ્ધ છે ? નિત્યજ, નિરન્તર, અભિન્ન પ્રતીતિના વિષય તરીકે પ્રસિદ્ધ છે. ‘આ દેહ છે’, ‘ આ આત્મા છે ’ એમ વિવિક્ત–ભિન્ન પ્રતીતિના વિષય તરીકે દેહ ને આત્માની કોઈ પ્રતીતિ કરતું નથી. એજ કારણથી લોકો આત્મા ને અનાત્માને વિષે અતિશય મોહ પામે છે. કોઈ દેહને આત્મા કહે છે, ને કોઈ ઇન્દ્રિયોને; કોઈ કહે છે કે તે કર્તા છે ને કોઈ કહે છે કે તે અકર્તા છે. કોઈ વ્યાપક છે એમ કહે છે તો કોઈ પરિચ્છિન્ન છે એમ કહે છે. કોઈ સગુણ કહે છે તો કોઈ નિર્ગુણ કહે છે; એમ ભિન્ન ભિન્ન મત હોવાથી સર્વ લોક આત્માના સ્વરૂપ વિષે અતિશય મોહ પામતા

---

1. નિયમભંગ.

જણાય છે. એજ ભેદને આધારે બે પ્રસિદ્ધનોજ અન્યોન્યને વિષે અધ્યારોપ છે એમ નિયમ કરવો શક્ય નથી એમ મેં કહ્યું છે.

આ પ્રમાણે ગુરુશિષ્ય વચ્ચે સંભાષણરૂપમાં શ્રીમચ્છંકરાચાર્ય અધ્યાસના સ્વરૂપનું વિવરણ કરે છે. શિષ્યને જે જે શંકા ઉત્પન્ન થાય છે તે તે શંકાનું ગુરુ નિરાકરણ કરે છે. અન્ય વિષયોનું પણ એજ રીતે એ ગ્રન્થમાં પ્રતિપાદન કર્યું છે.

૧૧. ભેદદૃષ્ટિની શ્રુતિ ને સ્મૃતિમાં નિન્દા—

શ્રીમચ્છંકરાચાર્યને માયાવાદ અભીષ્ટ છે.

ब्रह्म सत्यं जगन्मिथ्या जीवो ब्रह्मैव नापरः ।
इति यस्य दृढा बुद्धिः स मुक्तो नात्र संशयः ॥

(બ્રહ્મ સત્ય છે, જગત્ મિથ્યા છે, જીવ બ્રહ્મજ છે, અન્ય નથી— એવી જેની દૃઢ બુદ્ધિ છે તે મુક્ત છે, એમાં સંશય નથી)—એજ કેવલાદ્વૈત વેદાન્તનો સિદ્ધાન્ત છે. શ્રુતિ, સ્મૃતિ, પુરાણ આદિમાં અનેક સ્થળે ભેદદૃષ્ટિની નિન્દા કરી છે ને માયાવાદનું પ્રતિપાદન કર્યું છે. '**मृत्योः स मृत्युमाप्नोति य इह नानेव पश्यति**' [બૃહ૰ ૪-૪-૧૯] (અહિં ભિન્ન જેવું જુએ છે તે મૃત્યુથી મૃત્યુ પામે છે), '**अथ योऽन्यां देवतामुपास्ते अन्योऽसावन्योऽहमस्मीति न स वेद यथा पशुः**'(હવે, જે અન્ય દેવતાની હું અન્ય છું ને એ અન્ય છે એમ ઉપાસના કરે છે તેનામાં પશુની પેઠે જ્ઞાન નથી).

'**यथोदकं दुर्गे वृष्टं पर्वतेषु विधावति ।**
एवं धर्मान् पृथक् पश्यंस्तानेवानुविधावति ॥ [કઠો૰ ૪-૧૪]

(જેમ દુર્ગમ ઊંચા પ્રદેશમાં વરસેલું પાણી પર્વતવાળા નિમ્ન પ્રદેશોમાં વિકીર્ણ થઈ વિનાશ પામે છે, એજ પ્રમાણે આત્માથી ભિન્ન ધર્મોને જોનાર તેજ ધર્મોનું અનુસરણ કરે છે, અર્થાત્, પુનઃપુનઃ શરીરભેદજ પ્રાપ્ત કરે છે), '**द्वितीयाद्वै भयं भवति**' (દ્વિતીયથી ખરેખર, ભય થાય છે),

'यदा ह्येवैष एतस्मिन्नुदरमन्तरं कुरुते अथ तस्य भयं भवति । तत्त्वेव भयं विदुषोऽमन्वानस्य ' [तैत्ति० २-७] (પણ જ્યારે અવિદ્યાની અવસ્થામાં નેત્રરોગથી દ્વિતીય ચન્દ્ર જોનારની પેઠે આત્માને વિષે અલ્પ પણ ભેદ જુએ છે, ત્યારે તે ભેદદર્શનથીજ તેને ભય થાય છે. ભેદદર્શીને મારાથી ઈશ્વર અન્ય છે ને હું તેથી અન્ય, સંસારી છું એમ જાણનારને, બ્રહ્મતત્ત્વને અભિન્ન ન જાણનારને તે બ્રહ્મજ ભય થાય છે), **' सर्वं तं परादाद्योऽन्यत्रात्मनः सर्वं वेद' [बृह० ४-५-७]** (જે આત્માથી અન્યત્ર પૃથક્ સર્વ જાણે છે તેનો સર્વ ત્યાગ કરે છે, કૈવલ્ય સાથે તેને સંબન્ધ વિનાનો કરે છે), ઇત્યાદિ અનેક શ્રુતિવાક્યો ભેદદષ્ટિની નિન્દા કરે છે. **' आत्मैवेदं सर्वम् '** (આત્માજ એ સર્વ છે), **' आत्मनि विज्ञाते सर्वमिदं विज्ञातं भवति'** (આત્માનું વિજ્ઞાન થયે એ સર્વ વિજ્ઞાત થાય છે), **'इदं सर्वं यदयमात्मा'** (જે એ આત્મા છે તે એ સર્વ છે), **'ब्रह्मैवेदं सर्वम्'** (બ્રહ્મજ એ સર્વ છે) ઇત્યાદિ શ્રુતિવાક્યો અદ્વૈતાત્મજ્ઞાનજ સમ્યગ્દર્શન છે એમ કહે છે. સ્મૃતિ પણ એમજ કહે છેઃ—

'यज्ज्ञात्वा न पुनर्मोहमेवं यास्यसि पाण्डव ।
येन भूतान्यशेषेण द्रक्ष्यस्यात्मन्यथो मयि ॥ ' भग० ४।३५

જે તત્ત્વજ્ઞાન મેળવવાથી હાલ જેમ પામ્યો છે તેમ ફરી તું મોહ નહિ પામીશ; જે જ્ઞાનથી આબ્રહ્મસ્તમ્બપર્યન્ત સર્વ ભૂતોનું આત્માને વિષે અને હું વાસુદેવ પરમેશ્વર છું, તેને વિષે એ ભૂતોનું તું દર્શન કરીશ. અર્થાત્, ક્ષેત્રજ્ઞ ને ઈશ્વરનું એકત્વ જે સર્વ ઉપનિષદોમાં પ્રસિદ્ધ છે તે તું જોઈશ, એવો અર્થ છે.

વળી ગીતામાં કહ્યું છે કેઃ—

૧૨. સમ્યગ્દર્શન-સાત્ત્વિક જ્ઞાન—

सर्वभूतेषु येनैकं भावमव्ययमीक्षते ।
अविभक्तं विभक्तेषु तज्ज्ञानं विद्धि सात्त्विकम् ॥

નામ, રૂપ, અને કર્મ, એ વડે પરસ્પર ભિન્ન, બ્રહ્માદિ સ્થાવરાન્ત સર્વ ભૂતોમાં, ઘટપટાદિમાં આકાશની પેઠે, અનુસ્યૂત થયલું, અદ્વિતીય, નિર્વિકાર, ભાવ-વસ્તુ, સદ્રૂપ પરમાત્મતત્ત્વ-જે જ્ઞાન વડે તું જુએ તે જ્ઞાનને તું સાત્વિક જાણ, તેજ સમ્યગ્દર્શન છે.

૧૩. ઈશ્વરનો માયાયોગ—

આ પ્રમાણે કેવલ અદ્વૈત છે, એકજ પરમાત્મા છે તોપણ અનાદિ માયાના યોગથી તે બહુરૂપત્વ થાય છે. '**एकोऽहं बहु स्यां प्रजायेय**' એમ એકજ પરમાત્મા બહુરૂપ થાય છે; અને ઈશ્વર જગત્‌નું કારણ થાય છે તેમાં પણ માયાજ ઉપાધિ છે. **सनत्सुजातीयभाष्य**માં સનત્સુજાતે ધૃતરાષ્ટ્રને કહ્યું છે કેઃ—

यदेतदद्धा भगवान् स नित्यं
विकारयोगेन करोति विश्वम् ।
तथा च तच्छक्तिरिति स्म मन्ये
तदर्थयोगे च भवन्ति वेदाः ॥

જે એ, ઐશ્વર્યાદિમાં સંપન્ન પરમેશ્વર નિત્ય વિકારયોગથી ઈક્ષણાદિપૂર્વક-ચિન્તનાદિ કરીને વિશ્વ કરે છે, તે સર્વ તે પરમાત્માની શક્તિ માયાજ કરે છે, પરમાત્મા કરતો નથી એમ હું માનું છું; અને જગત્‌ના ઉપાદાનભૂત માયાનો પરમાત્માને યોગ થાય છે તે યોગને વિષે વેદવાક્યો પ્રમાણભૂત છે.

તે વેદવાક્યો ક્યાં છે?

૧૪. માયાના અસ્તિત્વ માટે પ્રમાણો—

'**इन्द्रो मायाभिः पुरुरूप ईयते** [बृह० २-५-१९] ને '**रूपं रूपं प्रतिरूपो बभूव तदस्य रूपं प्रतिचक्षणाय**' [बृह० २-५-१९] આ મધુવિદ્યા જે દધ્યચ્ ઋષિએ અશ્વિનોને કહી હતી તેમાં છે. પરમેશ્વર રૂપ રૂપ પ્રતિ-ઉપાધિભેદ પ્રતિ-રૂપાન્તર, પ્રતિબિંબ થયો, અથવા ભિન્ન ભિન્ન ઉપાધિને અનુસરતાં રૂપાન્તરો થયાં. જેવું માતાપિતાનું સ્વરૂપ હોય છે

તેને અનુરૂપજ પુત્ર ઉત્પન્ન થાય છે. બેપગાથી ચોપગું કે ચોપગાથી બેપગું થતું નથી. તેજ પરમેશ્વર નામરૂપનું વ્યાકરણ-સ્પષ્ટીકરણ કરતો રૂપ રૂપ પ્રતિ પ્રતિરૂપ થયો.

તૈત્તિરીય સંહિતામાં પણ કહ્યું છેઃ—

अग्निर्यथैको भुवनं प्रविष्टो
रूपं रूपं प्रतिरूपो बभूव ।
एकस्तथा सर्वभूतान्तरात्मा
रूपं रूपं प्रतिरूपो बहिश्च ॥
वायुर्यथैको भुवनं प्रविष्टो
रूपं रूपं प्रतिरूपो बभूव ।
एकस्तथा सर्वभूतान्तरात्मा
रूपं रूपं प्रतिरूपो बहिश्च ॥ २. २

શા માટે? તે આત્માનું રૂપ પ્રકાશ કરવા માટે. જો નામરૂપનું વ્યાકરણ ન થાય તો આત્માનું જે નિરુપાધિક, પ્રજ્ઞાનઘન રૂપ છે તેનું સ્પષ્ટીકરણ ન થાય. વળી કહે છે કે ઇન્દ્ર એટલે પરમેશ્વર, માયા વડે, એટલે નામરૂપ મિથ્યાભિમાનથી, બહુરૂપ સમજાય છે; પરમાર્થતઃ તો પ્રજ્ઞાનઘનરૂપ એકજ છે. ' **स यथा सैन्धवघनोऽबाह्यः कृत्स्नो रसघन एवैवं वा अरेऽयमात्मानन्तरोऽबाह्यः कृत्स्नः प्रज्ञानघन एव**' [**बृह०** ૪-૫-૧૩] (જેમ તે લવણપિંડને અંદર ને બહાર નથી અને સર્વ લવણરસ છે, તેમજ અરે મૈત્રેયિ, એ આત્માને અંદર નથી ને બહાર નથી અને સર્વ જ્ઞાનૈકરસજ છે).

શ્વેતાશ્વતરોપનિષદ્‌માં પણ કહ્યું છે કેઃ—

'अस्मान्मायी सृजते विश्वमेतत् तस्मिंश्चान्यो मायया संनिरुद्धः' [**श्वेता०** ૪—૯] આમાંથી-બ્રહ્મમાંથી સર્વ ઉત્પન્ન થાય છે. અવિકારી

બ્રહ્મ પ્રપંચનું ઉપાદાન શી રીતે બને છે? કહે છે કે બ્રહ્મ કૂટસ્થ છે તો-પણ પોતાની માયાશક્તિના બળથી વિશ્વને ઉત્પન્ન કરનાર થાય છે. પોતાની માયાથી કલ્પિત તે ભૂતાદિ પ્રપંચને વિષે માયાથીજ અન્ય હોય તેમ સંબદ્ધ થઈ, અવિદ્યાવશ થઈ સંસારસમુદ્રમાં ભમે છે.

मायां तु प्रकृतिं विद्यान्मायिनं तु महेश्वरम् ।
तस्यावयवभूतैस्तु व्याप्तं सर्वमिदं जगत् ॥

જગત્‌ની પ્રકૃતિ માયાજ છે એમ જાણ ને પરમેશ્વરને માયી જાણ–માયી એટલે માયાને સત્તા, સ્ફૂર્તિ આદિ આપનાર તેમજ માયાનું અધિ-ષ્ઠાન હોવાથી તેનો પ્રેરનાર. જેમ રજ્જુ આદિ અધિષ્ઠાનો, કલ્પિત સર્પા-દિના માયિક અવયવોથી પૂર્ણ છે તેમ તે પરમેશ્વરના માયિક અવયવોથી આ સર્વ જગત્ પૂર્ણ છે.

વળી અન્ય સ્થળે કહ્યું છે કેઃ—

'ते ध्यानयोगानुगता अपश्यन् देवात्मशक्तिं स्वगुणैर्निगूढाम्' [श्वेता०१-३]

ધ્યાન એટલે ચિત્તની એકાગ્રતા તેનો યોગ પામેલા, સમાહિત થયલા ઋષિઓએ પોતાના ગુણોથી નિગૂઢ એવી પરમેશ્વરની આત્મભૂત–અસ્વ-તન્ત્ર શક્તિને જોઈ. અદ્વિતીય પરમાત્મા કંઈ સ્વતઃ ઉપાદાનકારણ કે નિમિત્તકારણ નથી, જે ઉપાધિને લઈને પરમેશ્વર કારણ થાય છે તે દેવની–પરમેશ્વરની શક્તિ છે.

'सर्गस्थितिप्रलयहेतुमचिन्त्यशक्तिम्

* * *

श्रीवल्लभं विमलबोधघनं नमामि ॥'

ગીતામાં પણ માયા પરમેશ્વરની શક્તિ છે ને માયાદ્વારાજ ઈશ્વરનો જન્મ છે એમ કહ્યું છે.

दैवी ह्येषा गुणमयी मम माया दुरत्यया ।
मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते ॥ ७ । १४ ॥

આ નાના પ્રકારના જગતના ઉપાદાનકારણ તરીકે પ્રતીયમાન થતી, ત્રિગુણાત્મિક દૈવી એટલે પરમેશ્વર જે હું તે મારી-મને અધીન રહેલી (સાંખ્યોની પ્રકૃતિની પેઠે સ્વતન્ત્ર નહિ) માયા અતિક્રમણ કરી શકાય એવી નથી; તેથી જે મને એટલે માયાવી સ્વાત્મભૂતને (હું જે તમારો પોતાનો આત્મા છું તેનેજ) પ્રપન્ન થાય છે તે સર્વ ભૂતનાં ચિત્તને મોહ પમાડનારી માયાને તરી જાય છે, સંસારબન્ધનથી મુક્ત થાય છે.

માયાને અધીનજ ઈશ્વરનું ઈશ્વરત્વ છે. કહ્યું છે કે:—

प्रकृतिं स्वामधिष्ठाय संभवाम्यात्ममायया । ४ । ६ ।

ત્રિગુણાત્મિક માયા જેને વશ સર્વ જગત છે ને જેથી મોહિત થયલો પોતાના આત્માને વાસુદેવ પરમાત્મા તરીકે મનુષ્ય જાણતો નથી તે માયા-નું અધિષ્ઠાન કરી જન્મ પામું છું, આત્મમાયાથી, લોકની પેઠે પરમાર્થથી નહિ. લોકને જન્માદિને વિષે તે પારમાર્થિક છે એવું અભિમાન થાય, કેમકે અવિદ્યાથી તેના જ્ઞાનનું આવરણ થયું છે; ઈશ્વરને તો પ્રાગુક્ત સ્વ-રૂપનું જ્ઞાન છે તેથી જન્માદિ વિષે તે પારમાર્થિક છે એવું અભિમાન નથી.

વળી '**मयाध्यक्षेण प्रकृतिः सूयते सचराचरम्**' (**गीता ९-१०**]-હું અધ્યક્ષ છું ને મારી ત્રિગુણાત્મિક અવિદ્યાલક્ષણ પ્રકૃતિ એટલે માયા જ-ગતને ઉત્પન્ન કરે છે.

માયા વિષે વિસ્તૃત વિવેચન કરવાનું કારણ એટલુંજ કે માયાવાદ શ્રીમચ્છંકરાચાર્યે ઊભો કરેલો છે ને એને માટે શ્રુતિ કે સ્મૃતિનાં પ્રમાણ નથી, એ આક્ષેપ કેવો ખોટો છે તે સમજાય. માયાવાદ કંઈ શ્રીમચ્છંકરાચાર્યે કલ્પી કાઢ્યો નથી. ઉપર દર્શાવ્યા પ્રમાણે તેને શ્રુતિસ્મૃતિએ પ્રતિપાદન કરેલો છે એટલે તે સપ્રમાણજ છે.

૧૫. જીવાત્મા, ને પરમાત્માનું એકત્વ—

ઉપર કહ્યું છે તે પ્રમાણે જીવ ને બ્રહ્મનું એકત્વ એ કેવલાદ્વૈતસિદ્ધાન્ત છે. **वाक्यवृत्ति**માં કહ્યું છે કે કોઈ શમાદિસાધનયુક્ત, શારીરિક, માનસિક, ને આધ્યાત્મિક એમ ત્રણ તાપથી ઉદ્વિગ્ન થયલો સદ્‌ગુરુને પૂછે છે કે આ

ભવસાગરમાંથી અનાયાસે મુક્ત થાઉં એવું સંક્ષેપમાં કૃપા કરી મને કહો. તે પરથી ગુરુએ તેને '**तत्त्वमसि**' ઇત્યાદિ વાક્યથી જીવ ને પરમાત્માનું તાદાત્મ્યજ્ઞાન આપ્યું. કહ્યું છે કે:—

तत्त्वमस्यादिवाक्योत्थं यज्जीवपरमात्मनोः।
तादात्म्यविषयं ज्ञानं तदिदं मुक्तिसाधनम्॥

'**तत्त्वमसि**' આદિ વાક્યથી ઉત્પન્ન થયલું જીવ ને પરમાત્માનું તાદાત્મ્યવિષયક જ્ઞાન એ મુક્તિનું સાધન છે.

૧૬. 'तत्त्वमसि**' નો અર્થ—**

એ જ્ઞાન ઉદ્દાલકે પોતાના પુત્ર શ્વેતકેતુને આપ્યું છે તે છાન્દોગ્યના છઠ્ઠા અધ્યાયમાં છે.

હે સોમ્ય, મરણ પામતા પુરુષની વાણી મનને વિષે સંપન્ન થાય છે, ત્યારે લોકો કહે છે કે એનાથી બોલાતું નથી, પછી મન પ્રાણને વિષે ઉપસંહાર પામે છે, ત્યારે જ્ઞાતિઓને શ્વાસ થયલો માલૂમ પડે છે. પછી પ્રાણ તેજને વિષે ઉપસંહાર પામે છે, ત્યારે જ્ઞાતિઓને તે શ્વાસ લેતો ન હોવાથી તે જીવે છે કે નહિ એવો તેને વિષે સંશય થાય છે, તે સમયે તેઓ દેહને સ્પર્શ કરી, ઉષ્ણતાને લીધે જીવે છે એમ નિશ્ચય કરે છે. પછી તે તેજ પર દેવતામાં ઉપસંહાર પામે છે. તે એ અણુભાવ જગત્‌નું મૂલ છે, આ સર્વ એ આત્માજ છે, તે સત્ય છે, તે આત્મા છે, તે તું છે, હે શ્વેતકેતો.

પુત્ર કહે છે, મને ફરી સ્પષ્ટ સમજાવો. ત્યારે કહે છે કે હે સોમ્ય,[1] જેમ માખીઓ મધ ઉત્પન્ન કરે છે, અનેક દિશાઓનાં વૃક્ષોના રસોને એકઠા કરી મધ કરે છે, તે મધુત્વે એક થયલા રસ પોતાનો વિવેક કરી શકતા નથી કે હું આમ્રનો કે પનસનો (ફણસનો) રસ છું, એ પ્રમાણે હે શ્વેતકેતુ, સુષુપ્તિમાં સત્ બ્રહ્મ સાથે સંપન્ન થઈ–એકરૂપ થઈ એ સર્વ પ્રજા જાણતી નથી કે અમે સત્ સાથે સંપન્ન થઈએ છીએ.

૧. પ્રિય ભાઈ.

આત્માનું સદ્રૂપ જાણ્યા વગરજ સત્ સાથે સંપન્ન થાય છે, તેથી જે જે વાસનાવાળા વ્યાઘ્ર, સિંહ, વરાહ આદિ હતા તે તે પુનર્જન્મ પામી થાય છે. જે બ્રહ્મને વિષે એકરૂપ થઈ તે પ્રજા બ્રહ્મજ્ઞાનરહિત હોવાથી સંસારમાં પુનઃ આવિર્ભાવ પામે છે અને બ્રહ્મજ્ઞાનસંપન્ન પુરુષો જે અણુભાવ સદાત્માને વિષે પ્રવેશ કરી પુનરાવર્તન કરતા નથી તે જે એ અણુભાવ છે, આ સર્વ એ આત્માજ છે, તે સત્ય છે, તે આત્મા છે, તે તું છે, હે શ્વેતકેતો.

શ્વેતકેતુના મનમાં સંશય થાય છે કે લોકમાં એવું જોવામાં આવે છે કે વીચી, તરંગ, ફેન, બુદ્‌બુદ આદિ જળને વિષે ઉત્પન્ન થઈ પુનઃ જળ-ભાવ પામી વિનષ્ટ થાય છે, પણ જીવો તો તેના કારણ પરમાત્મામાં પ્રતિ-દિન સુષુપ્તિમાં લીન થાય છે, તેમજ મરણ ને પ્રલય વખતે લીન થાય છે તોપણ વિનાશ પામતા નથી એ કેમ ? હે ભગવન્, મને ફરી સમજાવો.

ઉદ્દાલક કહે છે કે હે [1]સોમ્ય, આ મોટા વૃક્ષના મૂળમાં જો કોઈ અભિઘાત કરે તો તે વૃક્ષ જીવતુંજ રહી રસનો [2]સ્રાવ કરે છે, તેમ જો કોઈ મધ્યમાં અભિઘાત કરે તોપણ તે વૃક્ષ જીવતુંજ રહી રસનો સ્રાવ કરે છે, અને જો કોઈ અગ્ર ભાગમાં અભિઘાત કરે તોપણ તે વૃક્ષ જીવતુંજ રહી રસનો સ્રાવ કરે છે, તે એ વૃક્ષ જીવાત્માથી વ્યાપ્ત થયલું પુષ્કળ પાણી પીતું [3]મોદમાન ઊભું રહે છે. એની એકાદ શાખાનો જો જીવ ત્યાગ કરે છે તો તે સુકાઈ જાય છે, બીજીનો ત્યાગ કરે છે તો તે સુકાઈ જાય છે, ત્રી-જીનો ત્યાગ કરે છે તો તે સુકાઈ જાય છે, ને સર્વ વૃક્ષનો ત્યાગ કરે છે તો સર્વ વૃક્ષ સુકાઈ જાય છે; એજ પ્રમાણે હે સોમ્ય, તું સમજ. જીવથી [4]અપેત થયલું શરીર મરણ પામે છે, જીવ મરણ પામતો નથી. જે એ અણુભાવ છે, આ સર્વ એ આત્માજ છે, તે સત્ય છે, તે આત્મા છે, તે તું છે, હે શ્વેતકેતો. સ્થાવર પદાર્થો ચેતનાવાળા છે. અચેતનાવાળા છે એવું બુદ્ધ ને કણાદનું મત અસાર છે એમ દૃષ્ટાન્તથી સૂચવે છે.

---

૧. પ્રિય ભાઈ. ૨. ઝરવું, ઝરણ. ૩. આનન્દમાં. ૪. દૂર થયલું.

પણ અત્યન્ત સ્થૂલ પૃથિવી આદિ નામરૂપ જગત્ અત્યન્ત સૂક્ષ્મ, નામરૂપરહિત [૧]સદ્રૂપથી શી રીતે ઉત્પન્ન થાય છે તે દૃષ્ટાન્તથી મને, હે ભગવન્, ફરી કહો.

ઉદ્દાલક કહે છે કે જો એ પ્રત્યક્ષ કરવાની ઇચ્છા હોય તો આ મોટા ન્યગ્રોધ વૃક્ષમાંથી એક ફળ લાવ. હે ભગવન્, લો, આ રહ્યું. હવે ફળને ભાંગ. લો, આ ભાંગ્યું. તું આમાં શું જુએ છે? હું કંઈ જોતો નથી. હે સોમ્ય, [૨]વટબીજના જે અણુભાવને તું જોતો નથી તે અણુભાવમાંથી એ મહાન્ વટવૃક્ષ ઉત્પન્ન થયું છે. હે સોમ્ય, સદ્રૂપજ અણુભાવમાંથી સ્થૂલ નામરૂપાદિમત્ જગત્ કાર્ય ઉત્પન્ન થયું છે. મારા કહેવા પર શ્રદ્ધા રાખ. શ્રદ્ધા રાખવાથી જે તત્ત્વ જાણવાની ઇચ્છા હોય તેને વિષે મન [૩]સમાહિત થાય, તેથી તે તત્ત્વ સમજાય; માટે 'શ્રદ્ધા રાખ' એમ કહ્યું છે. તે જે એ અણુભાવ છે, આ સર્વ એ આત્માજ છે, તે સત્ય છે, તે આત્મા છે, તે તું છે, હે શ્વેતકેતો.

પણ જો તે સત્સ્વરૂપ જગતનું મૂળ છે તો તે શા કારણથી ઉપલબ્ધ થતું નથી, હે ભગવન્, દૃષ્ટાન્ત વડે એ મને સમજાવો.

ઉદ્દાલકે કહ્યું કે આ મીઠું પાણીમાં નાખીને પ્રાતઃકાળે મારી પાસે આવજે. તેણે તેમ કર્યું. ઉદ્દાલકે કહ્યું, રાત્રે જે મીઠું પાણીમાં નાખ્યું તે લાવ. પછી તે મીઠું આણવા ઇચ્છી તેણે પાણીમાં જોયું, પણ તે દીઠું નહિ. વિલીન થયલું લવણ તું દેખતો નથી, પણ તે જળમાં છેજ એમ ખાતરી કરાવવા તેને કહ્યું કે ઉપરથી આચમન કર. શું લાગે છે? મીઠું. મધ્યેથી આચમન કર. શું લાગે છે? મીઠું. અન્તેથી આચમન કર. શું લાગે છે? મીઠું. હવે મીઠું મૂકી દઈ મારી પાસે આવ. તેણે તેમ કર્યું ને કહ્યું કે જે મીઠું મેં રાત્રે નાખ્યું હતું તે શશ્વત્ વિદ્યમાનજ છે. પિતાએ કહ્યું, જેમ એ લવણ જેનું પ્રથમ દર્શન કે સ્પર્શથી ગ્રહણ થતું હતું, તે ઉદકમાં વિલીન

---

૧ બ્રહ્મ. ૨ વડનાં બી. ૩ એકાગ્ર.

થયું એટલે દર્શન ને સ્પર્શથી ગ્રહણ કરાતું નથી તોપણ તે વિદ્યમાન છેજ, કેમકે અન્ય ઉપાયથી, જિહ્વાથી, તે ઉપલભ્ય છે; એજ પ્રમાણે આ તેજ, જળ, અન્ન આદિના કાર્યરૂપ દેશને વિષે તેજ, જળ, અન્ન આદિ દેહકારણ, વટના બીજની પેઠે, વિદ્યમાન છે તોપણ ઇન્દ્રિયોથી ઉપલબ્ધ થતું નથી. પણ જેમ ઉદકને વિષે દર્શન ને સ્પર્શથી અનુપલબ્ધ થતું લવણ વિદ્યમાનજ છે તે તેં જિહ્વાથી ઉપલબ્ધ કર્યું, તેમ અહિં જગત્‌નું મૂળ વિદ્યમાનજ છે, તે અન્ય ઉપાયથી લવણની પેઠે તું ઉપલબ્ધ કરીશ. તે જે એ અણુભાવ છે, આ સર્વ એ આત્માજ છે, તે સત્ય છે, તે આત્મા છે, તે તું છે, હે શ્વેતકેતો.

પણ જો લવણના અણુભાવની પેઠે, ઇન્દ્રિયોથી અનુપલભ્યમાન છે તોપણ, જગત્‌નું મૂળ ઉપલબ્ધ કરવું શક્ય છે તો તેનો શો ઉપાય છે તે પુનઃ મને કહો.

હે સોમ્ય, જેમ કોઈને આંખે પાટા બાંધી ગન્ધાર દેશમાંથી ચોર લાવ્યો હોય ને વિજન પ્રદેશમાં એવોજ આંખે પાટા બાંધેલો છોડી દીધો હોય, તે જેમ બધી દિશાએ ભમે ને બૂમ પાડે કે મારી આંખે પાટા બાંધી ચોર મને ગન્ધારમાંથી લાવ્યો છે ને વિજન પ્રદેશમાં મને એવોજ છોડી દીધો છે, ને તેને જેમ કોઈ દયાળુ પુરુષ બન્ધનમાંથી મુક્ત કરી કહે કે આ દિશાએ ગન્ધાર દેશ છે, એ દિશાએ જા, ને તે જેમ ગામે ગામે પૂછતો ગન્ધારમાં જાય; તેમ આ જગદાત્મસ્વરૂપ સત્‌માંથી વાતપિત્તાદિ અનેક દુઃખમય દેહારણ્યમાં, મોહપટથી [1]બદ્ધાક્ષ થયલો, ભાર્યાપુત્રાદિ અનેક વિષયતૃષ્ણાના પાશમાં સપડાયલો, પુણ્યપાપાદિ તસ્કરો વડે પ્રવેશ કરાવાયલો, હું આનો પુત્ર છું, આ મારા બાન્ધવો છે, હું સુખી છું, દુઃખી છું, મૂઢ છું, પંડિત છું, મારો પુત્ર મરણ પામ્યો છે, મારૂં ધન નષ્ટ થયું છે, કેમ જીવી શકાય? મારી શી ગતિ? મારે કોને શરણે જવું એમ અનેક અન-

[1] આંખે પાટા બાંધેલો.

ર્થની જાળવાળો બૂમ પાડતો, જો પુણ્યવશાત્ પરમકારુણિક કોઈક બ્રહ્મનિષ્ઠ બ્રહ્મવેત્તાને પ્રાપ્ત કરે, ને તે સંસારવિષયના દોષ દર્શાવે કે તું સંસારી નથી, પુત્રત્વ આદિ ધર્મવાળો નથી, પણ પરમાત્મસ્વરૂપ છે, ને તે સંસારવિષયોથી વિરક્ત થાય, ને [૧]અવિદ્યામોહપટમાંથી મુક્ત કરાયલો પોતાનું આત્મસ્વરૂપ પ્રાપ્ત કરી [૨]નિર્વૃત થાય. આ રીતે આચાર્યવાન્ પુરુષ જાણે છે કે આત્મસ્વરૂપ પ્રાપ્ત કરવામાં તેને તેટલોજ કાળ વિલંબ થાય છે કે જ્યાંસુધી જે આરબ્ધ કર્મથી દેહ ઉત્પન્ન થયો છે તે કર્મનો ઉપભોગથી ક્ષય થયે તેનો દેહપાત થાય. પછી દેહપાત થયે તરત સત્સ્વરૂપ બ્રહ્મ સાથે તેનો આત્મા એકરૂપ થાય છે. તેજ એ અણુભાવ છે, આ સર્વ એ આત્માજ છે, તે સત્ય છે, તે આત્મા છે, તે તું છે, હે શ્વેતકેતો.

પણ આચાર્યવાન્ વિદ્વાન્ કયે ક્રમે સત્સંપન્ન થાય છે તે, હે ભગવન્, ફરી મને કહો.

હે સોમ્ય, જ્વરાદિ ઉપતાપવાળા પુરુષ પાસે બાન્ધવો આવી બેસે છે, ને 'મને ઓળખે છે? હું તારો પિતા છું', 'મને ઓળખે છે? હું તારો ભ્રાતા છું,' એમ [૩]મુમૂર્ષુ પુરુષને પૂછે છે. તે મુમૂર્ષુ પુરુષની જ્યાંસુધી વાણી મનમાં [૪]સંપન્ન થતી નથી, મન પ્રાણમાં, પ્રાણ તેજમાં, ને તેજ પર દેવતામાં સંપન્ન થતાં નથી, ત્યાંસુધી તે ઓળખે છે. પણ જ્યારે વાણી મનમાં, મન પ્રાણમાં, પ્રાણ તેજમાં, ને તેજ પર દેવતામાં ઉપસંહાર પામે છે, ત્યારે તે ઓળખતો નથી. તે જે અણુભાવ છે, આ સર્વ એ આત્માજ છે, તે સત્ય છે, તે આત્મા છે, તે તું છે, હે શ્વેતકેતો. સંસારીનો જે મરણક્રમ છે તેજ વિદ્વાનનો પણ સત્સંપત્તિક્રમ છે. ફેર એટલોજ છે કે અવિદ્વાન્ સત્સ્વરૂપ છોડી પુનઃ વ્યાઘ્રાદિભાવ કે દેવમનુષ્યાદિભાવ પ્રાપ્ત કરે છે. વિદ્વાન્ તો શાસ્ત્ર ને આચાર્યના ઉપદેશથી જ્ઞાનદીપ ઉત્પન્ન થવાથી પ્રકાશિત થયલું સત્સ્વરૂપ પ્રાપ્ત કરી પુનઃ સંસારમાં આવૃત્તિ કરતો નથી.

---

૧. અવિદ્યારૂપી મોહજાળ. ૨. સુખી. ૩. મરવાની તૈયારીમાં આવેલા. ૪. એકરૂપ.

પણ મરણ પામતા ને મોક્ષ પામતાની સત્સંપત્તિ તુલ્ય છે તો વિદ્વાન્ સત્સંપન્ન થઈ પુનઃ આવૃત્તિ કરતો નથી ને અવિદ્વાન્ પુનઃ આવૃત્તિ કરે છે એનું કારણ, હે ભગવન્, દૃષ્ટાન્ત વડે મને પુનઃ સમજાવો.

ઉદ્દાલક કહે છે, હે સોમ્ય, ચોરી કરવાના સંદેહ ઉપરથી શિક્ષાને અર્થે કે પરીક્ષાને અર્થે કોઈક પુરુષનો હાથ પકડી રાજપુરુષો રાજા પાસે તેને લાવે છે ને કહે છે કે એણે ધનનું અપહરણ કર્યું છે, એણે ચોરી કરી છે. એને માટે પરશુ તપાવો. જો એણે ચોરી કરી હશે ને તે છુપાવતો હશે તો તેથીજ આત્માને [1]અનૃત કરે છે. તે અનૃત વિચારવાળો અનૃતથી આત્માનું અન્તર્ધાન કરીને તપ્ત પરશુનું મોહથી ગ્રહણ કરે છે, તો તે બળે છે ને પોતાના દોષને લીધે રાજપુરુષો તેને મારે છે. પણ જો તેણે ચોરી કરી ન હોય તો તે આત્માને સત્ય કરે છે, તે સત્ય વિચારવાળો સત્યથી આત્માનું અન્તર્ધાન કરી તપ્ત પરશુ લે છે તો તે બળતો નથી, ને તેને રાજપુરુષો છોડી દે છે. જેમ સત્ય વિચારવાળો પુરુષ તપેલા પરશુનું ગ્રહણ કરે છે ત્યારે [2]સત્યથી તેની હાથેલી વ્યવહિત થવાથી તે બળતો નથી; એજ પ્રમાણે સત્સ્વરૂપના સત્ય વિચારવાળો વિદ્વાન્ ને વિચારવિનાનો અવિદ્વાન્ બંને શરીરપાતસમયે સત્‌ને વિષે તુલ્ય રીતે સંપન્ન થાય છે, તોપણ વિદ્વાન્ સત્‌ને વિષે એકરૂપ થઈ પુનઃ વ્યાઘ્રદેવાદિદેહ ગ્રહણ કરવા માટે સંસારમાં આવૃત્ત થતો નથી, પણ અવિદ્વાન્ અસત્ય વિચારવાળો હોવાથી કર્મ પ્રમાણે વ્યાઘ્રાદિભાવ કે દેવાદિદેહ પ્રાપ્ત કરે છે. જે આત્માની [3]અભિસંધિથી મોક્ષ ને અનભિસંધિથી બન્ધ થાય છે, જે જગત્‌નું મૂળ છે, જેને આધારે સર્વ પ્રજા છે, જેને વિષે સર્વ પ્રજા પ્રતિષ્ઠિત છે, ને જે સર્વનો આત્મા છે, વળી જે અજ, અમૃત, અભય, શિવ, અદ્વિતીય છે, તે સત્ય છે, તે આત્મા તારો છે, એથી તે તું છે, હે શ્વેતકેતો. આ રીતે પિતાએ પ્રતિબોધ કરેલો શ્વેતકેતુ પિતાનું સમજાવેલું સમજ્યો ને 'હું સત્સ્વરૂપ છું' એમ એને વિજ્ઞાન થયું.

---

૧. અસત્ય. ૨. સત્યનો પટ તેની હાથેલી પર હોવાથી. ૩. જ્ઞાન.

૧૭. તત્ત્વમસિમાં ભાગલક્ષણાથી સામાનાધિકરણ્ય—

આ પ્રમાણે '**तत्त्वमसि**' એ મહાવાક્યનો અર્થ છે. એમાં **तत्** ને **त्वम्** એ બે પદોનો શો અર્થ છે ને તે બે વચ્ચે [૧]સામાનાધિકરણ્ય શી રીતે ઘટે છે તે વિચારીએ. એ બે પદોનો વાચ્યાર્થ લેતાં તો સામાનાધિકરણ્ય ઘટશે નહિ; કેમકે **तत्** એટલે બ્રહ્મ. એ બ્રહ્મ [૨]તટસ્થલક્ષણથી સૃષ્ટિ, સ્થિતિ, ને પ્રલયનું કારણ છે; ને સ્વરૂપલક્ષણથી '**आनन्दादयः प्रधानस्य**', '**जन्माद्यस्य यतः**', '**सत्यं ज्ञानमनन्तं ब्रह्म**' એમ સચ્ચિદાનન્દસ્વરૂપ છે. માયાની ઉપાધિવાળું ચૈતન્ય એ **तत्**પદનો વાચ્યાર્થ છે ને માયાથી વિનિર્મુક્ત ચૈતન્ય સત્યજ્ઞાનાનન્દસ્વરૂપ એ લક્ષ્યાર્થ છે. એ માયાની ઉપાધિવાળું બ્રહ્મ સર્વેશ, સ્વતન્ત્ર, સર્વજ્ઞ, સર્વોત્તમ, સત્યકામ, સત્યસંકલ્પ આદિ છે. **त्वम्** પદનો વાચ્યાર્થ જીવ તે [૩]કિંચિજ્જ્ઞ, દુઃખજીવન, સંસારી, સ્થૂલ ને સૂક્ષ્મ એ બે શરીરથી જેનું ચૈતન્ય પરિવેષ્ટિત થયું છે એવો છે; ને સ્થૂલ ને સૂક્ષ્મ એ બે શરીરથી વિનિર્મુક્ત થયલું પ્રત્યક્ ચૈતન્ય એ લક્ષ્યાર્થ છે; આમ **तत्** ને **त्वम्** પદ વચ્ચે વાચ્યાર્થમાં સામાનાધિકરણ્ય ઘટતું નથી; કેમકે **तत्** એટલે સર્વજ્ઞ વગેરે ધર્મવાળું બ્રહ્મ ને **त्वम्** એટલે કિંચિદ્ધર્મવાળું, એ બે વચ્ચે એકતા શી રીતે ઘટે? જેમ '**गङ्गायां घोषः**' એમાં

---

૧. એક વિભક્તિમાં હોવું. ૨. જે ધર્મ અસાધારણ હોઈ ધર્મી સાથે કદાચિત્ સંબદ્ધ થાય તે **તટસ્થલક્ષણ**; જેમકે છત્ર ચામર આદિ રાજાનું તટસ્થલક્ષણ છે, તેમજ '**काकवन्तो देवदत्तगृहाः**' એમાં કાકવત્ ધર્મ લક્ષ્યકાળપર્યન્ત અવસ્થાયી નથી, કાદાચિત્ક છે, થોડો વખત દેવદત્તના ઘર સાથે કાગડા હોવાપણું એ ધર્મ જોડાયલો છે; હમેશ નહિ; જ્યાંસુધી દેવદત્તનું ઘર (જે લક્ષ્ય છે, જેનું લક્ષણ આપ્યું છે) તે રહેશે ત્યાંસુધી નહિ. એજ પ્રમાણે છત્ર ચામર પણ થોડો વખત રાજા સાથે સંબંધમાં રહે છે, હમેશ નહિ. હમેશ જોડાયલો ધર્મ તે **સ્વરૂપલક્ષણ**. ૩. કિંચિત્ જાણનાર.

[1]જહલ્લક્ષણાથી ગંગાપદ વાચ્યાર્થ પ્રવાહનો અશેષ પરિત્યાગ કરી તત્સંબદ્ધ [2]તીરનું લક્ષક થાય છે, તેમ અહિં લક્ષણા ઘટતી નથી; કેમકે **तत्** પદના વાચ્યાર્થમાં જડ ને અજડ આત્મા આવે છે એ અશેષ વાચ્યાર્થનો પરિત્યાગ કરવાથી ને તેની સાથે સંબન્ધ રાખતું અન્ય [3]લક્ષણીય ન હોવા-

---

૧. લક્ષણાના ત્રણ પ્રકાર છે,જહલ્લક્ષણા,અજહલ્લક્ષણા,ને જહદજહલ્લક્ષણા. **गङ्गायां घोषः** (ગંગા પર ભરવાડનું ઝુંપડું). અહિં ગંગાનો વાચ્યાર્થ–મુખ્ય અર્થ–જે પ્રવાહ તે લઈ શકાતો નથી; કેમકે પ્રવાહ પર ઝુંપડું હોઈ શકે નહિ. આથી પ્રવાહની સાથે જોડાયલું તીર એવો લક્ષ્ય અર્થ લક્ષણાવૃત્તિથી થાય છે. આ લક્ષણામાં વાચ્યાર્થ જે પ્રવાહ તે તદ્દન છોડી દઈ, લક્ષ્ય અર્થ તીર લેવો પડે છે, માટે લક્ષણા જહલ્લક્ષણા કહેવાય છે. **श्वेतो धावति** (શ્વેત ગુણવાળો દોડે છે)–આમાં **श्वेत**નો વાચ્યાર્થ સફેદ ગુણ. એ ગુણ દોડી શકે નહિ, માટે લક્ષ્યાર્થ સફેદ ગુણવાળો એવો લેવો પડે છે. આમાં વાચ્યાર્થ જે ગુણ તેનો ત્યાગ થતો નથી, તે લક્ષ્યાર્થમાં રહે છે, માટે આ લક્ષણા અજહલ્લક્ષણા કહેવાય છે. **सोऽयं देवदत्तः** (તે એ દેવદત્ત છે)–એમાં 'તે' એટલે તે સમયનો ને તે પ્રદેશનો દેવદત્ત ને ' આ ' એટલે આ સમયનો ને આ પ્રદેશનો દેવદત્ત. આ બે દેવદત્ત એક હોઈ શકે નહિ. અહિં 'તે પ્રદેશનો દેવદત્ત' ને 'આ પ્રદેશનો દેવદત્ત' એમાંથી 'તે પ્રદેશનો' ને 'આ પ્રદેશનો' એટલો વાચ્યાર્થ કાઢી નાખવો પડે છે ને 'દેવદત્ત' એટલો લેવો પડે છે, ત્યારે ઐક્ય ઘટે છે. આ લક્ષણામાં વાચ્યાર્થ થોડો લેવો પડે છે ને થોડો તજવો પડે છે, માટે લક્ષણા જહદજહલ્લક્ષણા કહેવાય છે. વેદાન્તીઓ એને ભાગલક્ષણા કહે છે. **तत् त्वमसि** એમાં **तत्** એટલે સર્વજ્ઞ આદિ ચૈતન્ય ને **त्वम्** એટલે અલ્પજ્ઞ આદિ ચૈતન્ય આમાં એક્તા કરવા સારૂ 'સર્વજ્ઞ આદિ ધર્મવાળું ' ને 'અલ્પજ્ઞ આદિ ધર્મવાળું' એટલા વાચ્યાર્થનો ત્યાગ કરવો પડે છે ને 'ચૈતન્ય' એટલાનું ગ્રહણ કરવું પડે છે, માટે ભાગલક્ષણા છે. ૨. તીરનો અર્થ લક્ષણાથી બતાવે છે. ૩. લક્ષણાવૃત્તિથી દર્શાવાય એવું.

થી વાક્ય [1]શૂન્યપર્યવસાયી થાય તે ઇષ્ટ નથી. તેમજ **असि** પદ જે સન્માત્રવાચક છે તે સાથે પણ વિરોધ થાય. તેમજ **श्वेतो धावति** એમાં ગુણવાચી શબ્દ વાચ્યાર્થ ગુણનો પરિત્યાગ કર્યા વિના જેમ તદાશ્રય દ્રવ્યનો લક્ષક થાય છે, તેમ અહિં વાચ્યાર્થનો પરિત્યાગ કર્યા વિના તત્સંબંધી અર્થ લક્ષ્ય થતો નથી; કેમકે વિરોધ એમાં પણ છે. માટે જેમ '**सोऽयं देवदत्तः**' એમાં **सः** એટલે તે કાળનો ને તે દેશનો દેવદત્ત ને **अयम्** એટલે આ કાળનો ને આ દેશનો દેવદત્ત એમાંથી દેશકાલાદિ વૈશિષ્ટ્યરૂપ વિરુદ્ધ અર્થનો ત્યાગ કરી, દેવદત્તદેહમાત્ર અવિરુદ્ધ અર્થ ભાગ લક્ષણાથી લક્ષ્ય થાય છે, તેમ '**तत्त्वमसि**'માં પરોક્ષત્વ, અપરોક્ષત્વ, સર્વજ્ઞત્વ, કિંચિજ્જ્ઞત્વ, આદિ વિરુદ્ધ અંશનો પરિત્યાગ કરી શુદ્ધ ચૈતન્યલક્ષણ, નિર્વિકલ્પ, નિરંજન, સન્માત્ર, સત્ ને આત્માનો ચિન્માત્રતાએ અખંડભાવ ભાગલક્ષણાથી લક્ષ્ય થાય છે ને સામાનાધિકરણ્ય ઘટે છે.

૧૮. સત્પુરુષોની જયન્તી—

આ પ્રમાણે આપણે શ્રીમચ્છંકરાચાર્યના કેટલાક સિદ્ધાન્તોનો વિચાર કર્યો. હાલમાં વિદ્વાન્ ગ્રન્થકર્તાઓ, વીર પુરુષો, ને ધર્મધુરંધરોની જયન્તી ઉજવવાનો પ્રચાર નીકળ્યો છે તે ઘણો સ્તુત્ય છે. સત્પુરુષોના જીવન ને લેખ વિષે વિચાર કરવાથી આપણું મન ઉચ્ચ ભૂમિકામાં પ્રવેશ કરે છે, આપણા વિચાર ઉન્નતિ પામે છે, ને આપણું જીવન સુખકર થાય છે. દક્ષિણમાં મદ્રાસ ઇલાકામાં પેરિયાકયુલમ શહેરમાં થોડાક મહિના પર કવિ કાલિદાસની જયન્તીનો ઉત્સવ કરવામાં આવ્યો હતો. તે ત્રણેક દિવસ ચાલ્યો હતો, તેમાં કવિકુલગુરુ કાલિદાસના ગ્રન્થો વિષે વિવેચન અને વ્યાખ્યાન કરવામાં આવ્યાં હતાં, તેમજ એનાં નાટકમાંથી અમુક ભાગનો અભિનય કરી બતાવ્યો હતો. એ ઉત્સવ ઉજવવામાં દેખાવ ને આડંબર કરતાં સંગીનપણા ને સાદાઈ પર વિશેષ લક્ષ આપવામાં આવ્યું હતું.

---

૧. શૂન્યમાં પરિસમાપ્ત થાય એવું.

આપણા પ્રદેશ કરતાં ત્યાંના લોકો વૈભવમાં ઓછા ને વિદ્યાવિલાસમાં વિશેષ આસક્ત થયલા જોવામાં આવે છે. એક મારા મિત્ર સ્વામિનાથ આયરે, સંસ્કૃત ભાષાનું જ્ઞાન નથી તોપણ કાલિદાસના ગ્રન્થોનાં ભાષાન્તરો વાંચીને તેને વિષે વિવેચન વાંચીને તેમજ મારા જેવા પાસે હકીકત મેળવીને, અંગ્રેજીમાં કાલિદાસ વિષે એક ઘણો સારો નિબંધ વાંચ્યો. વળી અહિં કરતાં ત્યાં ધર્મ પર વધારે આસ્થા દેખાય છે. અહિંના અંગ્રેજી ભણેલા વિદ્વાનોના કરતાં ત્યાંનામાં પ્રાચીન આર્ય શાસ્ત્ર પર વિશેષ ભાવ જોવામાં આવે છે. તે પ્રદેશના લોકો ભાવિક, સાદા, ને મીઠી નજરવાળા દેખાય છે. શ્રીમચ્છંકરાચાર્ય ને શ્રીમદ્રામાનુજાચાર્ય જેવા આચાર્યધુરંધરોનાં જન્મસ્થાન તે પ્રદેશોમાં છે; ને તેજ પ્રદેશોમાં સંસ્કૃત હસ્તલિખિત પુસ્તકોનો મોટો સંગ્રહ તાજોર, કુંભકોણમ્ આદિ સ્થળે છે. આવા પ્રદેશોમાં કાલિદાસાદિની જયન્તી થાય એમાં કંઈ નવાઈ નથી. પણ આપણો ગુર્જર પ્રાન્ત, જ્યાં લોકો બહુધા વ્યાપારની પ્રવૃત્તિમાં ને તેથી ઉત્પન્ન થતા વૈભવના ઉપભોગમાં નિમગ્ન હોય છે, તેવા પ્રદેશમાં થોડાંક વર્ષ થયાં આવી જયન્તીઓનો સમારંભ થવા માંડયો છે એ ઘણા આનન્દની વાત છે. તમારી સ્તમ્ભાવતી નગરી પ્રાચીન છે. સોમેશ્વરની '**कीर्तिकौमुदी**' જેવા ગ્રન્થમાં તેનું વર્ણન આવે છે. એ પ્રાચીન શહેરની જાહોજલાલી અગાઉ કરતાં હાલ ઘણી ઓછી થઈ છે, તોપણ પ્રાચીન શહેરમાં પ્રાચીન વિષય વિષે વાસના જોવામાં આવે છે એ ઘણી ખુશીની વાત છે.

૧૯. આપણા દેશની ધર્મની આધુનિક પરિસ્થિતિ—

ધર્મની બાબતમાં આપણા દેશની હાલની પરિસ્થિતિ ઘણી શોચનીય થઈ પડી છે, જેથી ઈશ્વરનું એકાગ્ર ચિત્તે મનન થાય, આન્તર શુદ્ધિ થઈ મન પવિત્ર થાય, ને વાણી, આચાર, ને વિચાર સુસંગત થાય તે ધર્મની ગણનામાં ગણાવાને બદલે માત્ર બાહ્ય આડંબર સામાન્ય લોકોમાં ધર્મને નામે ખપે છે. ઘણા લોકો પૂજાનો મોટો ઠાઠ કરી લોકોને છેતરે છે. એવા લોકો એમ સમજતા જણાય છે કે વ્યવહારનાં પાપિષ્ઠ કર્મો આ

રીતે ભસ્મીભૂત થાય છે. વળી એમ પણ વિચારતા હોવા જોઈએ કે પવિત્ર દેખાવથી લોકો તેમનાં વચન પર શ્રદ્ધા રાખે. આમ સ્વાર્થદૃષ્ટિથી ધાર્મિકપણાનો દેખાવ ધારણ કરે છે. પણ આન્તર શુદ્ધિ વિના બાહ્યશુદ્ધિ પણ નિષ્પ્રયોજક છે તો તેનો આભાસ તો નિષ્પ્રયોજક થાય તેમાં કહેવુંજ શું ? યજ્ઞ, વ્રત, ઉપવાસ, તીર્થયાત્રા આદિ કર્મો મનને પવિત્ર કરવાનાં ને એકાગ્રતા કેળવવાનાં સાધન છે; પણ જો એથી સાધ્ય સધાય નહિ તો એ નિરર્થક છે. કાયિક, વાચિક, ને માનસિક તપની એકતા અત્યાવશ્યક છે. એ એકતા વિના કર્મમાર્ગ ને ભક્તિમાર્ગ કોઈ પણ પ્રકારનું ઇષ્ટ કરી શકશે નહિ. જ્ઞાતિના અગ્રેસરોની વાણી, આચાર, ને વિચારમાં વિરોધ હોવાને લીધેજ જ્ઞાતિનો ઉચ્ચ ઉદ્દેશ નષ્ટ થયો છે ને ધર્મનું બન્ધન શિથિલ થઈ અનાચાર વધવા માંડયો છે.

૨૦. આચાર્યના ધર્મ—

આચાર્યોએ પણ ઘણાં ઉદાર મન રાખવાં જોઈએ ને દેશકાળને અનુસરતો ઉપદેશ આપી પોતાના પવિત્ર ને વિદ્યામય જીવનનો દાખલો આપવો જોઈએ. શ્રીમચ્છંકરાચાર્યે કહ્યું છે તેમ તેઓ **दम्भदर्पकुहकशाठ्यमायामात्सर्यानृताहंकारममत्वादिदोषवर्जित** જોઈએ. દંભ એટલે ધર્મની ધ્વજા બાંધવી, ધાર્મિકપણાની દાંડી પીટવી; દર્પ એટલે અભિમાન; કુહક એટલે પારકાને છેતરવા તે; શાઠ્ય એટલે શઠપણું, નિષ્ઠુરતા; માયા એટલે અન્યને [1]વ્યામોહ ઉપજાવવો; માત્સર્ય એટલે ગુણ હોય તેને દોષ કહેવા; અમૃત એટલે મિથ્યાભાષણ; અહંકાર તે દેહાભિમાન; ને મમત્વ તે પુત્ર, શિષ્ય આદિને વિષે [2]સ્વત્વનું અભિમાન; આવા દોષોથી આચાર્ય મુક્ત હોવા જોઈએ. પણ હાલ કેટલા આચાર્યો એવા જોવામાં આવે છે? બ્રહ્મનિષ્ઠ આચાર્ય પાસેથીજ બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થાય છે એમ ઉપનિષદ્‌માં '**आचार्यवान् पुरुषो वेद**' એ શબ્દોથી કહ્યું છે. એવા ઉત્તમ તત્ત્વજ્ઞોથી

---

૧ અત્યન્ત મોહ. ૨. એ મારાં પોતીકાં છે એવું અભિમાન.

જે જ્ઞાન મળે છે તે પુસ્તકોથી કદી મળતું નથી; માટેજ **विवेकचूडामणि**માં કહ્યું છે કે—

शब्दजालं महारण्यं चित्तविभ्रमकारणम् ।
अतः प्रयत्नात् ज्ञातव्यं तत्त्वज्ञात् तत्त्वमात्मनः ॥

શબ્દજાળ એક મોટું અરણ્ય છે એ ચિત્તના વિભ્રમનું કારણ છે. અર્થાત્, પુસ્તકોની જાળમાં ભટકી ભટકી ચિત્તને કંઈ માર્ગ જડતો નથી; માટે પ્રયત્ન વડે તત્ત્વજ્ઞ પુરુષ પાસેથી આત્માનું તત્ત્વ સમજવું. દેશકાલ જોઈ પોતાની શાખામાં ઘટતો સુધારો કરવો એ દરેક આચાર્યનું કામ છે, તેમ થાય તો અનેક ભિન્ન માર્ગો આધુનિક સમયમાં પ્રચાર પામ્યા છે ને પ્રજાની એકતામાં [1]અન્તરાય થઈ પડયા છે તેમ થાય નહિ.

૨૧. માયાવાદનું રહસ્ય—

પ્રાચીન આચાર્યોએ પોતપોતાની પરિસ્થિતિ ને પાત્રોની યોગ્યતા જોઈનેજ અનેક પન્થ બાંધ્યા છે. કર્મમાર્ગ, ભક્તિમાર્ગ, જ્ઞાનમાર્ગ એ સર્વ યુક્તજ છે. સર્વનો ઉદ્દેશ ઉચ્ચ છે. સર્વના અધિકારીઓ ભિન્ન ભિન્ન છે. એ સર્વને વિરોધની દષ્ટિથી જોવા યુક્ત નથી. એ સર્વ ઉચ્ચતમ માર્ગની—પુરુષાર્થની જુદી જુદી ભૂમિકા છે. જે પર તમારાથી આરોહણ કરી શકાય તે પર આરોહણ કરવાની તમને છૂટ છે. પણ આન્તર શુદ્ધિ વિના કોઈ પણ માર્ગે બરાબર જવાશે નહિ. જ્ઞાનમાર્ગમાં પણ કૈવલાદ્વૈત એ સર્વોપરિ ભૂમિકા છે. એનું રહસ્ય સમજ્યા વિના કેટલીક વખત વિચિત્ર આક્ષેપો થતા જોવામાં આવે છે. કહે છે કે આ સમસ્ત જગતને નજરોનજર જોઈએ છીએ, છતાં મિથ્યાવાદ માનવો, બ્રહ્મજ સત્ય છે ને જગત્ મિથ્યા છે એમ કેમ મનાય? એ કેવો હાસ્યકારક સિદ્ધાન્ત! ઐહિક સંપત્તિમાં વિલાસ કરતા, પ્રવૃત્તિમય જીવન નિર્ગમન કરતા પુરુષને આમ વિલાસ ને સુખના દિવસોમાં લાગે એમાં નવાઈ નથી. પરંતુ જેને તે વિલાસ ને સુખ

---

૧. વિઘ્નરૂપ.

માને છે તેનો ત્યાગ કરવાનો સમય જેમ જેમ સમીપ આવે છે, જેમ જેમ ગાત્રનાં બન્ધન શિથિલ થાય છે, જેમ જેમ કેટલીક પ્રિય વસ્તુઓનો નાશ થતો તે દેખે છે, તેમ તેમ અહંતા, મમતા મિથ્યા છે, ને સંસાર માયારૂપ છે, જેને આપણે આપણાં ગણી સત્યરૂપ માનીએ છીએ તે સર્વ ખોટાં છે; જેમ શુક્તિકામાં રજતનો અધ્યારોપ કરીએ, કે રજ્જુને વિષે સર્પનો, કે મરુમરીચિકાને (મારવાડના ઝાઝવાને) વિષે જળનો, કે [1]સ્થાણુને વિષે પુરુષનો અધ્યારોપ વસ્તુના અજ્ઞાનથી થાય છે, તેમ નિષ્પ્રપંચ આત્માને વિષે પ્રપંચનો આરોપ અજ્ઞાનથીજ થાય છે. એ અજ્ઞાનને અવિદ્યા, તમ, મોહ, મૂલપ્રકૃતિ, પ્રધાન, ગુણસામ્ય, અવ્યક્ત, કે માયા કહે છે ને એ માયાનો [2]અપવાદ કરવાથીજ તત્ત્વનો નિર્ણય થાય છે—'**अध्यारोपापवादाभ्यां ज्ञातव्यस्तत्त्वनिर्णयः**'. આમ માયાનું ભાન પૂર્ણ સ્વરૂપમાં નહિ, તો યત્કિંચિત્ પણ થવાનો દરેક પુરુષને પ્રસંગ આવે છેજ, માટે માયાવાદની નિન્દા કરતા પહેલાં તેના રહસ્યનું સ્થિર ચિત્તે મનન કરવું જોઈએ.

વેદાન્તનો સ્વાર્થિક અર્થ ને પરિસમાપ્તિ—

વળી કેટલાક ઉપલક ઉપલક વિચાર કરનારા કે સ્વાર્થદષ્ટિથી અન્ધ થયલા પુરુષો કેવલાદ્વૈત માર્ગનો વિચિત્ર અર્થ કરતા જણાય છે. સર્વ સામાજિક બન્ધન તેમજ વર્ણાશ્રમોનો ઉચ્છેદ કરવામાં ને સ્વતન્ત્ર માર્ગે વિચરવામાં '**अहं ब्रह्मास्मि**' એ તેમને બહુ ઉપયોગી મન્ત્ર થઈ પડે છે. પણ તેઓ ભૂલી જાય છે કે અદ્વૈતમાર્ગીઓએ પણ વ્યવહારદશામાં વ્યવહાર સાચવ્યો છેજ. સુવર્ચલાએ જ્યારે પોતાના પતિ શ્વેતકેતુને પૂછ્યું કે તમે કર્તૃત્વભોકતૃત્વાદિયુક્ત અહંભાવને અનૃત સમજો છો તો વૈદિક કર્મ શા માટે આચરો છો ત્યારે શ્વેતકેતુએ ઉત્તર આપ્યો કે '**लोकसंग्रहार्थं वैदिककर्माचरणम्**', અર્થાત્, વ્યવહારદશામાં વ્યવહાર સાચવવોજ. વેદાન્ત-

---

૧. થાંભલો. ૨. નાશ.

જ્ઞાનથી વ્યવહારદશામાં ઉદ્ધારના ગ્રહણ કરો, પારમાર્થિક કામો કરો, ભ્રાતૃભાવનું મંડળ વિસ્તીર્ણ કરો, ને એવી ઉદાર દૃષ્ટિ લાવો કે તમને

अयं निजः परो वेति गणना लघुचेतसाम् ।
उदारचरितानां तु वसुधैव कुटुम्बकम् ॥

એમાં કહેલા સત્યનો પ્રકાશ થાય. એમ થશે ત્યારેજ ઉપમન્યુએ કહ્યું છે તેમ

त्वमर्कस्त्वं सोमस्त्वमसि पवनस्त्वं हुतवह-
स्त्वमापस्त्वं व्योम त्वमु धरणिरात्मा त्वमिति च ।
परिच्छिन्नामेवं त्वयि परिणतां बिभ्रति गिरं
न विद्मस्तत्तत्त्वं वयमिह तु यत्त्वं न भवसि ॥

(તું સૂર્ય છે, તું ચન્દ્ર છે, તું પવન છે, તું અગ્નિ છે, તું જળ છે, તું આકાશ છે, તું પૃથ્વી છે, ને તું આત્મા છે, એમ તેઓ તારે વિષે પરિણામ પામેલી, પરિચ્છિન્ન-સંકુચિત થયલી વાણી ધારણ કરે છે. અમે તો તે તત્ત્વ જાણતા નથી કે જે તું નથી).

विश्वं भूतं भुवनं चित्रं बहुधा जातं जायमानं च यत् ।
सर्वो ह्येष रुद्रस्तस्मै रुद्राय नमो अस्तु ॥

सिद्धपुरमां श्रीमच्छंकरजयन्ती.

शंकरं शंकराचार्यं केशवं बादरायणम् ।
सूत्रभाष्यकृतौ वन्दे भगवन्तौ पुनः पुनः ॥

भूमिका–મહાશયો, આપ સર્વના તરફથી અત્રત્ય શ્રીમચ્છંકરજયંતી-સમારંભના વ્યવસ્થાપકો રા૦ રા૦ ઇનામદાર નાનાલાલ માધવરામ ત્રિવેદી તથા રા૦ રા૦ અંબાલાલ કેવળરામ વકીલે પ્રમુખપદ સ્વીકારવા મને નિમંત્રણ કર્યું તે સ્વીકારી, તદનુસાર હું આપ સર્વસમક્ષ હાજર થયો છું. ગયે વર્ષે પણ આપે મને નિમંત્રણ કર્યું હતું, પણ મારાથી આવી શકાય તેમ ન હોવાથી મારે ના કહેવી પડી હતી. આ વર્ષે આપે નિમંત્રણની પુનરાવૃત્તિ કરી, મારા પ્રતિ સ્નેહ અને સદ્‌ભાવ દર્શાવ્યાં તેને વશ થઇ, તેમજ આપના પવિત્ર ઐતિહાસિક ક્ષેત્રનું પુનઃ દર્શન કરવા લોભાઇ, આપ સર્વ સાથે શ્રીમચ્છંકરાચાર્યનું સ્તવન કરવા અને તેટલો સ્વલ્પ કાળ પણ સાંસારિક ઉપાધિમાંથી મુક્ત રહી ઉચ્ચતમ વિચારભૂમિકામાં રમણ કરવા અને તેવા શાસ્ત્રવિનોદથી આનંદ પામવા અહિં આવવા આપે મને પ્રસંગ આપ્યો, તેને માટે આપનો અંતઃકરણપૂર્વક ઉપકાર માનું છું.

नामस्मरणनो प्रभाव–આજ આપણે સર્વે શ્રીમચ્છંકરાચાર્યની જયન્તીના માંગલિક પ્રસંગાર્થે એકઠા થયા છીએ. મહાપુરુષોનું નામસ્મરણ મનુષ્યને ઉન્નત બનાવે છે; કારણ કે તે સ્મરણ સાથે તેનું પવિત્ર જીવન, પારમાર્થિક કાર્યો, અને પ્રૌઢ વિચારો મનમાં જાગ્રત્ થાય છે, અને તેટલો વખત પણ મનને ઉચ્ચ સ્થિતિએ પહોંચાડે છે. એક ગ્રન્થકાર એવો દાખલો વર્ણવે છે કે જ્યારે એક પુરુષને નીચ કામ કરવાની વૃત્તિ થતી ત્યારે તે પોતાના ઓરડામાં ટાંગેલાં મહાપુરુષોનાં ચિત્રોને ઢાંકી દેતો, કેમકે તેમની સમક્ષ દુષ્ટ વિચારોને મનમાં સ્થાન આપવા તે શરમાતો. સજ્જનોના

ચિત્રોમાં પણ આવું બળ છે તો તેમનાં ચરિત્ર અને ગ્રન્થોમાં પુરુષને સન્માર્ગે પ્રેરવાનું, દુષ્ટ વાસનાઓ ને વિકારોથી દૂર રાખવાનું, અને દરેક પ્રકારની મલિનતા મનમાંથી કાઢી નાંખી તેને સ્વચ્છ અને પવિત્ર બનાવવાનું બળ હોય એમાં પૂછવુંજ શું ? કૈમુતિકન્યાયેજ એ સિદ્ધ છે.

શ્રીમચ્છઙ્કરાચાર્યનું ચરિત્ર, તેનું મહત્ત્વ અને તેથી મળતો બોધઃ- શ્રીમચ્છંકરાચાર્યના દિવ્ય અને પવિત્ર ચરિત્રમાંથી આપણને કેવો બોધ મળે છે ! હિંદુસ્તાનને દુર્ભાગ્યે પ્રાચીન મહાપુરુષોનાં ચરિત્રો લખાયાં નથી, તેથી તેમને લગતી મોટી મોટી બાબતો વિષે પણ આપણે અંધારામાં છીએ; તો પાશ્ચાત્ય દેશોમાં જેવી જેવી નાની બાબતો, જેથી જીવનના ખરા સ્વરૂપ પર પૂર્ણ પ્રકાશ પડે છે, તેવી તેવી બાબતોથી પરિપૂર્ણ ચરિત્રોની તો આશાજ ક્યાંથી ! તોપણ થોડાંઘણાં બાહ્ય અને આન્તર પ્રમાણો જે મળી આવે છે તેથી પણ આપણને ઘણું શીખવાનું મળે છે. જે સિદ્ધ અવતારી મહાત્માએ બત્રીશ વર્ષની અતિસ્વલ્પ જીવનમર્યાદામાં આર્યાવર્તની ધાર્મિક સ્થિતિનું દૂષિત સ્વરૂપ નિહાળી લઈ, વામમાર્ગીઓ અને અન્ય મલિન પંથો દેશને કેવી અધોગતિમા લાવ્યા હતા અને પ્રાકૃત મનુષ્યોને કેવે ઉન્માર્ગે પ્રવર્ત્તાવતા હતા ને લક્ષમાં લઈ, બૌદ્ધ જેવા વેદબાહ્ય માર્ગોથી દેશમાં કેવી હાનિ થતી હતી, તેનું સત્ય સ્વરૂપ કળી લઈ નાસ્તિક પંથોનો આર્યાવર્ત્તમાંથી બહિષ્કાર કરી, વેદધર્મની પુનઃ સ્થાપના કરી, પ્રસ્થાનત્રય પર પ્રૌઢ અને ગંભીર ભાષ્યો રચ્યાં, અલૌકિક બુદ્ધિબળે ઉપનિષદોની એકવાક્યતા સિદ્ધ કરી, અને આર્યાવર્તની ચારે દિશાએ ઉત્તરે બદરિકાશ્રમમાં જ્યોતિર્મઠ, દક્ષિણે તુંગભદ્રાને તટે શૃંગેરીમઠ, પૂર્વે જગન્નાથમાં ગોવર્દ્ધનમઠ, અને પશ્ચિમે દ્વારકામાં શારદામઠ, એમ ચાર મઠ સ્થાપી તેમાં અનુક્રમે તોટકાચાર્ય, હસ્તામલક, પદ્મપાદાચાર્ય, અને સુરેશ્વરાચાર્ય શિષ્યો મૂકી, વિશુદ્ધ વેદધર્મ પુનઃ પ્રવ[illegible] ધર્મધ્વજા ચારે દિશામાં ફરકા[illegible]—આવા મહાપુરુષના આર્ષ જીવનની એ ત્રણ બાબત પરજ વિચાર કરીશું તો તેમાંથી પણ સાંપ્રત કાળમાં આપણને કેટલો બધો લાભ થશે !

मातृभक्ति–એમાંની પહેલી બાબત માતૃભક્તિ છે. **यदहरेव विरजेत् तदहरेव प्रव्रजेत्** એ શ્રુતિવાક્યને અનુસારે શ્રીમચ્છંકરાચાર્યને બાલ્યાવસ્થામાંજ સંન્યસ્ત ધારણ કરવાની વૃત્તિ થઈ, પરંતુ સાંસારિક માયાના પ્રાબલ્યથી માતા તેમ કરવાની રજા આપે એમ નહોતું; અને માતાના મનને દુભાવી કાર્ય સિદ્ધ કરવાનું એમને મન નહોતું, તેથી યુક્તિ રચી માતાની રજા મેળવી, પોતાના ગામની પાસે નદી હતી તેમાં સ્નાન કરવા ગયા. મગરે પગ પકડ્યો તેથી મોટી બૂમ પાડી માતાને ત્યાં બોલાવ્યાં અને એવે અણીને સમયે માતૃસ્નેહનો લાભ લઈ એમની પાસેથી સંન્યસ્ત ગ્રહણ કરવાની રજા આપવાનું વચન લીધું ને મગરના મોંમાંથી પોતાના સામર્થ્યથી મુક્ત થયા. વળી માતાજીની ઇચ્છાને વશ થઈ વચન આપ્યા પ્રમાણે તેમને અગ્નિસંસ્કાર કરવા સંન્યાસધર્મથી વિરુદ્ધ આચરતાં પણ તેઓ ખંચાયા નહિ. આ પ્રચલિત ઇતિવૃત્ત ઉપરથી શો બોધ મળે છે? માતૃસ્નેહ અલૌકિક છે, તેનું બળ અપરિમિત છે, અને તેની બરોબરી કરી શકે તેવો અન્ય નિઃસ્વાર્થી સ્નેહ નથી. એ સ્નેહનો મર્મ સમજી સત્પુરુષો માતાનો ઉપકાર કદી વિસરતા નથી. શ્રુતિ પણ આરંભમાંજ **मातृदेवो भव, पितृदेवो भव, आचार्यदेवो भव**, એમ વિધિવાક્યથી આજ્ઞા કરે છે, તેમાં માતા, પિતા, અને આચાર્ય એ ત્રણેમાં માતાને પ્રથમ પદે સ્થાપે છે. આ પવિત્ર સ્થળ તો માતૃશ્રાદ્ધ માટે પ્રસિદ્ધ છે, અને શ્રાદ્ધ એ ગત પુરુષોનું શ્રદ્ધાપૂર્વક સંભારણું છે. હાલના સ્વાર્થૈકપરાયણ અને પ્રવૃત્તિમય જીવનમાં માતૃભક્તિ શિથિલ થવાનો સંભવ છે, તે ન થવી જોઈએ. માતાની આશિષ્માંજ આપણું હિત રહેલું છે અને તેમના આત્માને કોઈ પણ પ્રકારનો ક્લેશ થવાથી આપણું અકલ્યાણ થવાનુંજ, એ વાત આપણે હમેશાં યાદ રાખી આચરવું જોઈએ.

स्त्रीकेळवणी–શ્રીમચ્છંકરાચાર્યના પવિત્ર ઇતિહાસમાંથી જે બીજી બાબતોનો ઉપદેશ આપણે લેવાનો છે તે સ્ત્રીકેળવણી છે. મંડનમિશ્ર સાથે શ્રીમચ્છંકરાચાર્યનો શાસ્ત્રાર્થવાદ થયો ત્યારે મંડનમિશ્રનાં પત્ની સરસ્વતીએ

એ વાદના તારતમ્યનો નિર્ણય કરવાનું મધ્યસ્થ પરીક્ષકપદ સ્વીકાર્યું, એ શું સૂચવે છે? સરસ્વતીની કેવી ઊંચા પ્રકારની વિદ્વત્તા, અને કેવી ન્યાયબુદ્ધિ! પ્રાચીન આર્યાવર્તની મહત્તા આવાં સ્ત્રીરત્નોથીજ ભૂષિત થઈ છે. હાલની સ્થિતિ કેવી શોચનીય છે! એ સ્થિતિ જ્યાંસુધી સુધરશે નહિ, ત્યાંસુધી આપણી કોઈ પ્રકારની ઉન્નતિ થવાની નથી, એ નિ:સંશય છે; માટે એ દિશામાં જેમ યોગ્ય પ્રયત્નો આદરાય તેમ વિશેષ લાભ છે.

परिस्थिति पर लक्ष: समयबल—એક ત્રીજી બાબત લક્ષમાં લેવાની છે. જગત્‌માં જે જે મહાન્ આચાર્યો થઈ ગયા છે, તે તે આચાર્યોએ તે તે સમયની પરિસ્થિતિ લક્ષમાં લઈનેજ પોતાના સિદ્ધાન્તો પ્રવર્તાવ્યા છે, અને તેથીજ તેઓ વિજયી થયા છે. સમયબલનો પ્રવાહ રોકાતો નથી, અને તેની વિરુદ્ધ દિશામાં બળ અજમાવેલું વ્યર્થજ જાય છે. સમય પરિપક્વ થયો હોય છે ત્યારે દિવ્ય પુરુષો અલૌકિક બુદ્ધિપ્રભાવના ઉત્કર્ષથી જનમંડળને યોગ્ય માર્ગે દોરવવા સમર્થ થાય છે. અવૈદિક હિંસાનું બળ વધ્યું અને બ્રાહ્મણધર્મ નીતિમાર્ગથી ભ્રષ્ટ થયો, ત્યારે બુદ્ધ પ્રગટ થયા, અને તેમના અનુયાયીઓ પણ તેમના માર્ગથી વિપરીત ચાલ્યા, ત્યારે તેમનું બળ કમી થયું, અને શ્રીમચ્છંકરાચાર્યે વેદમાર્ગ પુન: સ્થાપન કર્યો.

वाणी, विचार, ने आचारनी एकता—વળી મહાન્ આચાર્યો વિજયી થયા છે, તેનું મુખ્ય કારણ વાણી, વિચાર, અને આચારની એકતા છે. આચાર્યનું વ્યુત્પત્તિ પ્રમાણે લક્ષણજ શું છે?

आचिनोति हि शास्त्रार्थं सम्यगाचरते स्वयम् ।
आचारे स्थापयेदन्यान् तमाचार्यं विदुर्बुधाः ॥

અર્થાત્—જે માર્ગ સ્થાપવા હોય તેનું જાતે સમ્યક્ આચરણ કરવું જોઈએ. આપણા દેશના હાલના ધાર્મિક અને સાંસારિક પંથપ્રવર્તકોએ આ વાત કેટલી બધી લક્ષમાં લેવા જેવી છે! પ્રાચીન વર્ણાશ્રમનો આમૂલ ઉચ્છેદ કરનારા નવીન માર્ગો કદી લોકપ્રિય થયા નથી ને થવાના નથી.

કર્મ, ભક્તિ, ને જ્ઞાન—શ્રીમચ્છંકરાચાર્યે નવીન માર્ગ પ્રવર્તાવ્યો નથી. પ્રાચીન વેદમાર્ગ દૂષિત અને ભ્રષ્ટ થયો હતો, તેને અપવિત્રતા અને મલિનતામાંથી મુક્ત કરી તેનું પુનઃ સ્થાપન કર્યું, ઉપનિષદોનું રહસ્ય સમજાવ્યું, અને તેની એકવાક્યતા સિદ્ધ કરી. કર્મમાર્ગ, ભક્તિમાર્ગ, અને જ્ઞાનમાર્ગ એ ત્રણેનું તારતમ્ય સમજાવ્યું. અધિકારિપરત્વે એ ત્રણેની આવશ્યકતા છે. ઉચ્ચતમ સ્થાને પહોંચવાની એ સોપાનપરંપરા છે. શારીરિક અને માનસિક પવિત્રતા માટે કર્મની અપેક્ષા છેજ. જ્યાંસુધી ઇન્દ્રિયો અંકુશમાં આવતી નથી, ત્યાંસુધી મન પ્રભુભક્તિમાં લીન થઈ શકતું નથી; અને જ્યાંસુધી પ્રેમ, ભક્તિ, ને શ્રદ્ધા આવતાં નથી, ત્યાંસુધી જ્ઞાન સંપાદન કરવા મન પ્રેરાતું નથી. આ પ્રમાણે વિચારતાં કર્મમાર્ગ, ભક્તિમાર્ગ, અને જ્ઞાનમાર્ગ, એ પરસ્પર વિરોધી નથી, પરંતુ પરસ્પર સાપેક્ષ છે. એકએકથી ઊંચી ભૂમિકા છે. એકએકથી ઉચ્ચતર અધિકારી માટે છે. શ્રીમચ્છંકરાચાર્યે આ વાત ભાષ્યોમાં સ્થળે સ્થળે દર્શાવી છે, અને જ્ઞાનમાર્ગ એ સર્વથી પરા કોટિ છે એ સિદ્ધ કર્યું છે. પરંતુ પારમાર્થિક દશાનું નિરૂપણ ઉચ્ચતમ અધિકારીઓ માટે કર્યું છે, તેજ વખત દેશકાલને અનુસરીને ઉપાસનામાર્ગ પ્રાકૃત પુરુષો માટે ખુલ્લો રાખ્યો છે, એજ આચાર્યશ્રીના વિજયનું ખરૂં કારણ છે. એમાંથી બોધ લેવાનો ખુલ્લોજ છે કે કોઈ પણ માર્ગ દેશકાલને અનુસરતો ન હોય તો તે લોકપ્રિય થઈ પ્રચાર પામી શકેજ નહિ.

શ્રુતિવચનોની એકવાક્યતા—શ્રીમચ્છંકરાચાર્ય કેવલાદ્વૈતવાદી હતા. એમનો જ્ઞાનમાર્ગ બુદ્ધિની પરિસીમા દર્શાવે છે. પાશ્ચાત્ય વિદ્વાનોએ પણ એ કબૂલ કર્યું છે. ઉપનિષદોને શ્રદ્ધાપૂર્વક પ્રમાણભૂત માનનારાઓને તેમાંનાં વચનોની એકવાક્યતા ઇષ્ટ થશે. અસંગતિ કે વિરોધ પ્રતિકૂળજ થશે. એ એકવાક્યતા આચાર્યશ્રીએ ઉત્તમ રીતે પ્રતિપાદન કરી છે, એમ તો જે પાશ્ચાત્ય વિદ્વાનોને અન્ય વાદ ઉચિત લાગે છે, તેઓ પણ ઉચ્ચ કંઠે વદે છે. એ એકવાક્યતા એવી ઉત્તમ રીતે કોઈએ સાધી નથી.

શંકરાનુયાયીઓની ઉદાર વૃત્તિ—શ્રીમચ્છંકરાચાર્યે વ્યાવહારિક સ્થિતિ

અને તાત્ત્વિક સ્થિતિ બંનેનું નિરૂપણ કર્યું છે. અધિકારિપરત્વે સગુણ બ્રહ્મની ઉપાસના અને નિર્ગુણ બ્રહ્મના સાક્ષાત્કારનો ઉપદેશ કર્યો છે. મૂર્ત્તિપૂજાનું ખંડન કરી તેની નિન્દા કરી નથી. અધિકારીની યોગ્યતા પ્રમાણે સાધારણ મનુષ્યો માટે તેની પણ આવશ્યકતા સ્વીકારી, પંચાયતન દેવની પૂજા અનેક રીતે કલુષિત થઈ હતી, તે શુદ્ધ કરી છે. એ અદ્વૈતવાદીને શિવ અને વિષ્ણુનો ભેદ હોયજ શેનો? એમના અનુયાયીઓને શિવમાર્ગી કહેવા, એ પણ ભૂલભરેલું છે. શ્રીમચ્છંકરાચાર્યે ભેદદૃષ્ટિ રાખીજ નથી. એમણે વેદમાર્ગથી ભ્રષ્ટ થયલા અનેક માર્ગોનું ખંડન કર્યું છે તેમાં પાશુપત અને માહેશ્વર મતનું પણ ખંડન કર્યું છે. **विष्णुसहस्रनामस्तोत्रभाष्य** અને **भजगोविन्दस्तोत्र** આદિ એમનેજ નામે પ્રચલિત થયાં છે. વૈષ્ણવો જેવી શિવને ન ભજવાની દૃષ્ટિ દર્શાવે છે તેવી દૃષ્ટિ શાંકરમતવાળાઓ કૃષ્ણને ન ભજવાની દર્શાવતા નથી, એ એમની ઉદારતા છે.

शांकरमतानुयायीओनी संख्या—આવા ઉદાર માર્ગને લીધેજ શાંકરમતના અનુયાયીઓની સંખ્યા હિંદુસ્તાનમાં ઘણીજ છે. ડ્યુસન કહે છે કે "વેદાન્ત જેવા આધ્યાત્મિક વિદ્યાના મંદિરમાં પણ મનુષ્યજાતિને સ્વાભાવિક એવું જે વસ્તુવાદ તરફનું વલણ, તે દાખલ થયું છે. તેથી શંકરના અદ્વૈતથી ભિન્ન વાદો રામાનુજ, મધ્વ, ને વલ્લભાચાર્યોના, વિશિષ્ટાદ્વૈત, દ્વૈત, ને શુદ્ધાદ્વૈત ઉત્પન્ન થયા છે, પણ હજી તેમના મતથી હિંદુસ્તાન સ્વમાર્ગથી પ્રચલિત થયું નથી, અને ૧૦૦ વેદાન્તીઓમાં (આ ખબર મને એક સારા જાણીતા પુરુષ તરફથી મળી છે. તે પુરુષ જાતે શંકરમતનો કટ્ટો વિરોધી છે અને રામાનુજનો અનુયાયી છે) કદાચ ૧૫ રામાનુજ મતના, ૫ મધ્વના, ૫ વલ્લભના, અને ૭૫ શંકરાચાર્યના છે".

શ્રીમચ્છંકરાચાર્યના ચરિત્ર પરથી આવો કેટલોક બોધ ઉપલક દૃષ્ટિએ જોતાં મળી શકે છે. તે સાંપ્રત સમયમાં ઘણો ઉપયોગી છે. અત્રે એનું દિગ્દર્શનજ થઈ શકે, તેથી તેમજ કર્યું છે.

उपनिषदो मातानी पेठे बोध करे छे—હવે શ્રીમચ્છંકરાચાર્યના

સિદ્ધાન્તો વિષે કંઈક કહેવું પ્રાપ્ત થાય છે. ઉપનિષદો કેવી રીતે બોધ કરે છે તે નીચેના પદ્યમાં દર્શાવ્યું છેઃ—

स्वं बालं रोदमानं चिरसमयमनुं शान्तिमानेतुमग्रे
द्राक्षं खार्जूरमाम्रं सुकदलमथवा योजयत्यम्बिकास्य ।
तद्वच्चेतोऽतिमूढं बहुजननभवान्मौढ्यसंस्कारयोगात्
बोधोपायैरनेकैरवशमुपनिषद् बोधयामास सम्यक् ॥

જેમ ચિરકાલથી રોતા પોતાના બાલકને શાન્તિ પમાડવા માટે માતા તેના મોં આગળ દ્રાક્ષ, ખજૂર, કેરી, કે સુન્દર કેળાં મૂકે છે, તેજ પ્રમાણે અનેક જન્મમાં ઉત્પન્ન થયલા અજ્ઞાનના સંસ્કારને લીધે અતિમૂઢ થયલા અને તેથી અવશ,પોતાને વશ નહિ એવા ચંચલ—ચિત્તને જ્ઞાનના અનેક ઉપાયોથી ઉપનિષદ્ સમ્યગ્દર્શનનો બોધ કરે છે. ઘણા ઉપાયોમાંથી કોઈ પણ સફળ થશે, એમ અનેક ઉપાયો યોજે છે. આ શ્લોકમાં ઉપનિષદ્‌ને માતા સાથે સરખાવ્યાં છે. માતાનો બાલક પર પ્રેમ છે, તે પ્રેમને લીધે, બાળક રોય છે તે ખમાતું નથી. તેને રોતો રાખવાને સ્નેહના આવેશથી અનેક પ્રકારનાં મિષ્ટ ફળો તેના મોં આગળ મૂકે છે અને હરકોઈ રીતે શાન્ત કરવા મથે છે, તેજ પ્રમાણે અનેક જન્મની દુર્વાસનાને લીધે અજ્ઞાનથી જેમનાં ચિત્ત કલુષિત થયાં છે તેમનું અજ્ઞાન દૂર કરી સમ્યગ્જ્ઞાનનો બોધ કરવા ઉપનિષદ્ અનેક યુક્તિ, પ્રયુક્તિ, મિષ્ટ વાક્યો, દૃષ્ટાન્તો, અને આખ્યાયિકાઓનો પ્રયોગ કરે છે. ઉપનિષદ્ નીરસ, શુષ્ક, લૂખાં જ્ઞાનવાક્યોથી બોધ કરતાં નથી, પરન્તુ વ્યવહારમાં હરકોઈના જોવામાં આવતાં અનેક દૃષ્ટાન્તોથી અને મનને આલ્હાદ પમાડી તે પર ઊંડા સંસ્કાર પાડે એવાં વચનોથી જ્ઞાનનો બોધ કરે છે. દાખલા તરીકે, ઇન્દ્રિયો અને તેના વિષયો, તથા બુદ્ધિ, મન, આત્મા, એ બધાના પરસ્પર સંબંધ અને સ્વભાવનું તેમજ આત્મજ્ઞાન કેવી રીતે પ્રાપ્ત કરી શકાય, તેનું નિરૂપણ કઠોપનિષદ્‌માં કેવી ઉત્તમ રીતે કર્યું છે!

आत्मानं रथिनं विद्धि शरीरं रथमेव तु ।
बुद्धिं तु सारथिं विद्धि मनः प्रग्रहमेव च ॥
इन्द्रियाणि हयानाहुर्विषयांस्तेषु गोचरान् ।
आत्मेन्द्रियमनोयुक्तं भोक्तेत्याहुर्मनीषिणः ॥
यस्त्वविज्ञानवान् भवत्ययुक्तेन मनसा सदा ।
तस्येन्द्रियाण्यवश्यानि दुष्टाश्वा इव सारथेः ॥
यस्तु विज्ञानवान् भवति युक्तेन मनसा सदा ।
तस्येन्द्रियाणि वश्यानि सदश्वा इव सारथेः ॥
यस्त्वविज्ञानवान् भवत्यमनस्कः सदाशुचिः ।
न स तत्पदमाप्नोति संसारं चाधिगच्छति ॥
यस्तु विज्ञानवान् भवति समनस्कः सदा शुचिः ।
स तु तत्पदमाप्नोति यस्माद् भूयो न जायते ॥
विज्ञानसारथिर्यस्तु मनःप्रग्रहवान् नरः ।
सोऽध्वनः पारमाप्नोति तद्विष्णोः परमं पदम् ॥

અહિં કઠવલ્લીમાં વિદ્યા ને અવિદ્યાનાં સ્વરૂપ, સાધન, ને ફળનો બરાબર નિર્ણય કરવાનો બોધ સુગમ થાય માટે રથરૂપકની કલ્પના કરી, રથની સાથે સાદૃશ્યથી નિરૂપણ કર્યું છે. ભગવદ્‌ગીતામાં પણ એજ રૂપક વાપર્યું છે. જે સંસારી આત્માનો વિદ્યાને વિષે અધિકાર છે તેને મોક્ષ પ્રાપ્ત કરવાને સાધન તરીકે રથ કલ્પ્યો છે; અને જેને અવિદ્યાને વિષે અધિકાર છે તેને સંસારમાં પુનઃ પુનઃ આગમન કરી ફરવાને રથ સાધન છે એવી કલ્પના છે. આત્મા એ રથી–રથનો સ્વામી–છે એમ જાણ. શરીર છે તે રથ છે; કેમકે રથને જેમ ઘોડા ખેંચે છે તેમ શરીરનું ઇન્દ્રિયો આ-

કર્ષણ કરે છે. બુદ્ધિ એ રથનો સારથિ છે. મન એ સંકલ્પવિકલ્પાત્મક છે, આમ કરૂં કે આમ કરૂં એમ સંકલ્પવિકલ્પ એનું સ્વરૂપ છે, બુદ્ધિ એ નિશ્ચયાત્મક છે, સંકલ્પવિકલ્પ નહિ–આમ કરીશ કે આમ કરીશ એમ નહિ–, પણ નિશ્ચયજ–આમજ કરીશ એ–એનું સ્વરૂપ છે. રથને જેમ દોરવો હોય તેમ દોરનાર સારથિ છે, તેમ શરીરને દોરનાર બુદ્ધિ છે. બધું દેહગત કાર્ય બહુધા બુદ્ધિથીજ થાય છે, તેથી મન આદિ શરીરનાં દોરનાર છે તોપણ બહુધા એ કાર્ય બુદ્ધિજ કરે છે, માટે પ્રાયિક અભિપ્રાયથી બુદ્ધિનેજ સારથિ તરીકે કહી છે. મન રથની લગામ છે એમ સમજવાનું કહ્યું છે એ પણ યુક્તજ છે. જેવી રીતે લગામ જે તરફ ખેંચાય છે તે તરફ ઘોડા જાય છે, તેવી રીતે મન જે માર્ગે ઇન્દ્રિયોને દોરે છે તે માર્ગે ઇન્દ્રિયો દોરાય છે. ઘોડાઓ જેમ રથને ખેંચે છે તેમ શરીરરૂપી રથને ઇન્દ્રિયો ખેંચે છે, માટે ઇન્દ્રિયો અશ્વ જેવી છે. રથ જેમ કોઈ માર્ગ પર ચાલે તેમ રૂપ, રસ, ગંધ, શબ્દ, ને સ્પર્શ, એ વિષયો એ ઇન્દ્રિયોના માર્ગ જેવા છે; કેમકે ઇન્દ્રિયો એ તરફ જાય છે. આવા શરીર, ઇન્દ્રિય, મન, ને બુદ્ધિથી યુક્ત જે આત્મા તેને વિદ્વાનો ભોક્તા–કર્મફળનો ભોગવનાર–, સંસારી આત્મા કહે છે. કેવલ આત્મા કંઈ ભોક્તા નથી, બુદ્ધિ આદિ ઉપાધિથીજ આત્મામાં ભોક્તૃત્વ આવે છે. ભોક્તૃત્વ ઔપાધિક છે, સ્વાભાવિક નથી. આ પ્રમાણે રથકલ્પનાથી વિષયો, ઇન્દ્રિયો, મન, બુદ્ધિ, ને આત્માનો પરસ્પર સંબંધ ને કાર્ય દર્શાવી વિજ્ઞાન અને અવિજ્ઞાનનાં ફળ દર્શાવે છે. જેમ અકુશળ સારથિના હાથમાં લગામ રહેતી નથી ને અશ્વો વશ રહેતા નથી, પણ તોફાની થઈ કુમાર્ગે જાય છે, તેમ બુદ્ધિરૂપી સારથિ જો અવિવેકી હોય છે, એટલે કયે માર્ગે પ્રવૃત્તિ કરવી અને ક્યા માર્ગથી નિવૃત્તિ કરવી–દૂર રહેવું–તેનો જો વિવેક કરી શકતા નથી, તો મન બુદ્ધિના કબજામાં રહેતું નથી, અને ઇન્દ્રિયો વિષયો તરફ જતી અટકાવાતી નથી. પણ જેની બુદ્ધિ વિજ્ઞાનયુક્ત છે તે, જેમ નિપુણ સારથિ લગામને કબજામાં રાખી અશ્વને નરમ અને પોતાને વશ રાખે છે, તેમ મનને

કબજામાં રાખી ઇન્દ્રિયોને વશ રાખે છે. હવે જેનો સારથિ જ્ઞાની હોય છે તેને શું ફળ મળે છે તે કહે છે. જે રથીનો બુદ્ધિ સારથિ અવિવેકી હોય છે તે રથી પરમપદ પ્રાપ્ત કરતો નથી, એટલુંજ નહિ પણ જન્મમરણરૂપ સંસાર પ્રાપ્ત કરે છે, તેમાંથી મુક્ત થતો નથી. પણ જે આત્માનો બુદ્ધિ-સારથિ વિજ્ઞાની હોય છે, તેને મન સદા વશ રહે છે, તે સર્વદા પવિત્ર રહી તે સ્થાન પ્રાપ્ત કરે છે કે જેમાંથી ફરી જન્મ લેવો પડતો નથી. તે સંસારગતિથી પાર, વિષ્ણુનું પરમ પદ પ્રાપ્ત કરે છે; અર્થાત્ સર્વ સંસાર-બંધનમાંથી મુક્ત થાય છે.

આ પ્રમાણે ઉપનિષદ્ દુર્ગમ વિષયને દૃષ્ટાંત વગેરેથી સુગમ કરી બોધને આહ્લાદક ને હૃદયંગમ કરે છે, માટે એને ઉપલા શ્લોકમાં માતા સાથે સરખાવ્યાં છે.

आत्मज्ञाननी महत्ता ने तेना अधिकारीः–હાલના સમયમાં જેમ યોગ્યતા પ્રમાણે જુદાં જુદાં ધોરણો ને વર્ગો બાંધી શિક્ષણ આપવામાં આવે છે, તેમજ પ્રાચીન સમયમાં પણ અધિકારપરત્વે ઉપદેશ આપવામાં આવતો. જેને ઉપદેશ ગ્રહણ કરવાનો અધિકાર થયો ન હોય તેવા અન-ધિકારી પુરુષને તેનો ઉપદેશ કદી પણ આપવામાં આવતો નહિ. જ્યાંસુધી શમ, દમાદિ સાધનો પ્રાપ્ત થયાં નથી, ઇન્દ્રિયો પર સંપૂર્ણ જય મેળવ્યો નથી, સંસારથી વિરક્તિ થઈ નથી, અને મોક્ષની ઇચ્છા થઈ નથી, ત્યાં-સુધી તે આત્મજ્ઞાનનો અધિકારી નથી. એ અધિકાર મેળવવા માટે શરીર ને મનની શુદ્ધિને માટે કર્મની અપેક્ષા છે. એવી શુદ્ધિ પ્રાપ્ત થાય અને મોક્ષની ઇચ્છા થાય ત્યારેજ આત્મજ્ઞાન મેળવવાનો અધિકાર થાય અને અધિકાર થયા સિવાય આચાર્યો જ્ઞાન આપતાજ નહિ. આત્મજ્ઞાનના અધિકારીને આત્મા સર્વથી–પુત્ર, ભાર્યા, વિત્ત આદિ સર્વ સાંસારિક પદાર્થો-થી–પ્રિય છે, માટે એનું જ્ઞાન મેળવવું ઇષ્ટ છે, એમ બૃહદારણ્યક ઉપ-નિષદ્માં બેત્રણ પ્રસંગે કહ્યું છે.

‘न वा अरे पुत्राणां कामाय पुत्राः प्रिया भवन्त्यात्मनस्तु

कामाय पुत्राः प्रिया भवन्ति' ઇત્યાદિ. તેમજ **'तदेतत् प्रेयः पुत्रात् प्रेयो वित्तात् प्रेयोऽन्यस्मात् सर्वस्मादन्तरतरं यदयमात्मा । स योऽन्यमात्मनः प्रियं ब्रुवाणं ब्रूयात् प्रियं रोत्स्यतीतीश्वरो ह तथैव स्यादात्मानमेव प्रियमुपासीत स य आत्मानमेव प्रियमुपास्ते न हास्य प्रियं प्रमायुकं भवति ॥'**

મૈત્રેયીબ્રાહ્મણમાં યાજ્ઞવલ્કયે મૈત્રેયીને કહ્યું છે કે સ્ત્રીને સર્વથી પ્રિય પતિ છે એમ સામાન્ય રીતે લોક સમજે છે; પણ પતિ પ્રિય છે તે પતિ પ્રત્યેના પ્રેમને લીધે નથી, પણ આત્મા પ્રત્યેના પ્રેમને લીધે છે. એજ પ્રમાણે સ્ત્રી, પુત્ર, વિત્ત, ને પદાર્થમાત્ર આપણને પ્રિય છે તે આત્માને અર્થે પ્રિય છે, તે વસ્તુઓ પ્રિય છે માટે નથી. હે મૈત્રેયિ, પુત્ર પ્રિય છે માટે પુત્ર પ્રિય નથી, આત્મા પ્રિય છે માટે પુત્ર પ્રિય છે. પ્રથમ પોતાનો આત્મા પ્રિય છે અને તે પ્રેમને લીધે પુત્રાદિની વાંછના થાય છે, જેમ પુત્રને માટે માતા આમ્રફળ વગેરે મિષ્ટ ફળો શોધે છે, તે એ ફળો તેને પ્રિય લાગે છે તે પુત્રપ્રેમને લીધેજ, તેજ પ્રમાણે આત્મપ્રેમને લીધેજ પુત્રાદિપ્રેમ છે. વસ્તુમાત્ર આત્મસુખને માટે છે, માટે આત્માજ સર્વથી અધિક પ્રિય છે. વાર્તિકામૃતમાં પણ કહ્યું છે કે-

वित्तात् पुत्रः प्रियः पुत्रात् पिण्डः पिण्डात् तथेन्द्रियम् ।
इन्द्रियेभ्यः प्रियः प्राणः प्राणादात्मा परः प्रियः ॥

પિંડ એટલે સ્થૂલ દેહ ને પ્રાણ એટલે અન્તઃકરણ એમ સમજવું. યુક્તિથી પણ શ્રુતિ એ વાત પ્રતિપાદન કરે છે. આત્મા સર્વથી વિશેષ પ્રિય છે; કારણ કે આત્મા સર્વથી આભ્યન્તર છે, સમીપતર છે. પુત્રાદિ બાહ્ય વસ્તુ છે, પ્રાણાદિ આન્તર છે તેથી તે વિશેષ પ્રિય છે; પણ આત્મા તો સર્વથી આભ્યન્તર છે, માટે તે સર્વથી અધિક પ્રિય છે. પુત્રાદિને આત્માથી જે પ્રિય ગણતો હોય તેને આત્મપ્રિયવાદીએ પૂછવું કે પુત્ર,

વિત્ત આદિ જે સર્વ વસ્તુને તું પ્રિય ગણે છે તે સર્વ ક્ષણિક છે અને શોકનાંજ સ્થાન છે; ઉત્પત્તિ, સ્થિતિ, ને લય ત્રણે સમયે તેઓ દુઃખનાજ હેતુ છે, ' **अतोऽन्यदार्तम्** ' આત્માથી અન્ય વસ્તુ નશ્વર છે, આ પ્રમાણે જેમાંથી દુઃખ થાય તેને પ્રિય કેમ કહેવાય ? ગીતામાં પણ કહ્યું કેઃ—

ये हि संस्पर्शजा भोगा दुःखयोनय एव ते ।
आद्यन्तवन्तः कौन्तेय न तेषु रमते बुधः ॥

વિષય અને ઇન્દ્રિયોના સંસ્પર્શથી જે ભોગો ઉત્પન્ન થાય છે-અર્થાત્ વિષયસુખનાજ જે ભોગો છે, તે સર્વ દુઃખનાં કારણરૂપ છે, ક્ષણિક છે, માટે હે કુન્તીસુત અર્જુન! ભોગને વિષે વિદ્વાન્ પુરુષ રમતા નથી; અત્યન્ત મૂઢોનોજ વિષયોને વિષે અભિરાગ છે, પશુઓનો છે તેમ. શું ઇશ્વર એવા દુઃખના હેતુરૂપ છે ? ના, નથીજ. અથવા આત્મપ્રિયવાદી એમ (અનાત્મ વસ્તુ નશ્વર છે એમ) કહેવાને સમર્થજ છે; કેમકે અનાત્મ વસ્તુ નશ્વરજ છે. તેટલા માટે આત્માનીજ પ્રિય તરીકે ઉપાસના કરવી, પુત્રાદિની નહિ. જે આત્માની ઉપાસના કરે છે તેને પુત્રવિત્તાદિ પ્રમા-વિષય-જ્ઞાનવિષય થતો નથી, કેમકે જે ઘૃતભક્ષણ કરે છે તેને તૈલભક્ષણ કરવાનું મન થતું નથી, અથવા બીજી રીતે, જેમ શ્રીમચ્છંકરાચાર્ય સમજાવે છે તેમ, આત્માની ઉપાસના કરનારને આત્મરૂપ પ્રિય વસ્તુ પ્રમાયુક્ એટલે પ્રમરણશીલ-નશ્વર થતી નથી. આ પ્રમાણે આત્માજ સર્વથી વિશેષ પ્રિય હોવાથી, તેનું દર્શન, મનન, ને નિદિધ્યાસન કરવું યુક્ત છે, એમ ઉપનિષદ્ કહે છે. ગીતા પણ કહે છે કે—

यं लब्ध्वा चापरं लाभं मन्यते नाधिकं ततः ।
यस्मिन् स्थितो न दुःखेन गुरुणापि विचाल्यते ॥

જે આત્મજ્ઞાન પ્રાપ્ત કરીને અન્ય લાભને તેથી અધિક માનતો નથી, અને જે આત્મતત્ત્વને વિષે રહેલો ગમે તેવા શસ્ત્રનિપાત જેવા મોટા દુઃખથી પણ વિચલિત થતો નથી. શ્રુતિ પણ કહે છે કે—

'**तस्मादायतं न बोधयेत् दुर्भिषज्यं हास्य भवति**'-સુષુપ્તિને વિષે નિરતિશય સુખ છે, તેથી હસ્તપાદ પ્રસારી નિદ્રિત થયલા પુરુષને જગાડવો નહિ; કેમકે જાગ્યા પછી એને એવું દુ:ખ થાય છે કે તેને માટે ઔષધ નથી. સુષુપ્તિમાં આત્મૈકત્વસુખ છે, માટે આત્મજ્ઞાનજ શ્રેયસ્કર છે; તેને માટે પુરુષે પ્રયત્ન આદરવો જોઈએ.

વેદાન્તો શું શિખવે છેઃ—સર્વ વેદાન્તો આત્મજ્ઞાનનો બોધ કરે છે, બ્રહ્મ એ પ્રત્યગાત્માથી એટલે આપણા જીવાત્માથી ભિન્ન નથી; એકજ, અદ્વિતીય છે એમ શ્રીમચ્છંકરાચાર્યને મતે શ્રુતિ કેવલ અદ્વૈતવાદ પ્રતિપાદન કરે છે. થોડાંક અવતરણોથી આ સ્પષ્ટ થશે. ઐતરેય શ્રુતિ કહે છે કે '**आत्मा वा इदमेक एवाग्र आसीत्**'; એ અવાન્તર વાક્યથી બ્રહ્મ અદ્વિતીય છે, એકજ છે એમ કહી, '**प्रज्ञा प्रतिष्ठा ज्ञानं ब्रह्म**' એ મહાવાક્યથી જીવાત્મા અને પરમાત્મા એક છે, એમ સિદ્ધાન્ત કરે છે. તૈત્તિરીય શ્રુતિ પણ '**सत्यं ज्ञानमनन्तं ब्रह्म**' (બ્રહ્મના લક્ષણ માટે એ વાક્ય છે, બ્રહ્મ સત્યસ્વરૂપ છે, જે રૂપે જે નિશ્ચિત છે તે તે રૂપનો વ્યભિચાર કરતું નથી તો તે સત્ય છે, વ્યભિચાર કરે છે તો તે અસત્ય છે; માટે વિકાર અસત્ય છે. '**वाचारम्भणं विकारो नामधेयं मृत्तिकेत्येव सत्यम्**'-કારણ સત્યસ્વરૂપ છે, કાર્ય વિકાર છે; માટે બ્રહ્મને સત્ય કહ્યું છે. પણ મૃત્તિકારૂપ ચેતનારહિત વસ્તુ પણ કારણરૂપ છે, માટે બ્રહ્મને જ્ઞાનરૂપ કહ્યું છે. પણ અલૌકિક જ્ઞાનનો અન્ત છે માટે બ્રહ્મને અનન્ત કહ્યું છે. આ પ્રમાણે સત્યસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ, અનન્ત કહ્યું, એટલે બ્રહ્મ સિવાય બીજું એવું નથી એમ બ્રહ્મ અદ્વિતીય છે એમ અર્થથી પ્રાપ્ત થયું) એમ અવાન્તર વાક્યથી બ્રહ્મ અદ્વિતીય છે એમ કહીને '**स यश्चायं पुरुषे यश्चासावादित्ये स एकः**' (જે નિરતિશય આનન્દરૂપ ચિદાત્મસ્વરૂપ ઉત્કૃષ્ટ ઉપાધિને વિષે પ્રતિબિમ્બિત છે, તેજ સ્વરૂપ શિર, હસ્ત આદિ યુક્ત નિકૃષ્ટ ઉપાધિ પુરુષને વિષે પ્રતિબિમ્બિત છે, એમ ઐક્ય કહ્યું છે) એમ મહાવાક્યથી પ્રત્યગાત્મા ને બ્રહ્મનું એકત્વ

પ્રતિપાદન કરે છે. છાન્દોગ્ય શ્રુતિમાં પણ '**सदेव सोम्येदमग्र आसीदेकमेवाद्वितीयम्**' એમ બ્રહ્મનું સ્વરૂપ કહી '**तत्त्वमसि**' એ મહાવાક્યથી જીવ ને બ્રહ્મના અભેદનો બોધ કરે છે. દરેક વેદાન્તમાં આજ પ્રમાણે છે. અત્ર કોઈ એવી શંકા કરે કે આકાશાદિ વિદ્યમાન પદાર્થો છે, છતાં બ્રહ્મ એકજ છે એમ કેમ? તેમજ જીવાત્મા પરમાત્માથી ભિન્ન નથી એમ કેમ? એ શંકાનું સમાધાન શ્રુતિમાં અનેક સ્થળે કર્યું છે. '**स ईक्षत लोकान्नु सृजा इति स इमाँल्लोकानसृजत्**', '**तस्माद्वा एतस्मादात्मन आकाशः सम्भूतः**', '**तदैक्षत बहु स्यां प्रजायेय**', '**तत्तेजोऽसृजत्**' ઇત્યાદિ સૃષ્ટિ આદિનો અર્થવાદ કરનારી શ્રુતિઓ આકાશાદિ સર્વ જગત્ બ્રહ્મથીજ ઉત્પન્ન થયું છે, બ્રહ્મને વિષે તેની સ્થિતિ છે, અને બ્રહ્મનેજ વિષે તેનો લય છે, જેમ ઘટાદિ મૃત્તિકાથીજ ઉત્પન્ન થાય છે, મૃત્તિકામાંજ તેની સ્થિતિ છે, ને મૃત્તિકામાંજ તેનો લય થાય છે તેમ બોધ કરે છે. આ પ્રમાણે જેમ ઘટાદિ મૃત્તિકા આદિથી ભિન્ન નથી; તેમ જગત્ બ્રહ્મથી ભિન્ન નથી. '**तदनन्यत्वमारम्भणशब्दादिभ्यः**'–એ બ્રહ્મસૂત્રમાં જગત્ બ્રહ્મથી અનન્ય છે, અભિન્ન છે, એકજરૂપ છે, એમ પ્રતિપાદન કર્યું છે. જેમ ઘટાદિ નામમાત્રજ છે, વાણીમાંજ એની ઉત્પત્તિ છે, મૃત્તિકાજ સત્ય છે; તેમ બ્રહ્મજ સત્ય છે, જગન્માત્ર વિકાર છે, વાણીનેજ આધારે છે, નામધેયજ છે. '**वाचारम्भणं विकारो नामधेयं मृत्तिकेत्येव सत्यम्**'. વળી '**स एतमेव सीमानं विदार्यैतया द्वारा प्रापद्यत**', '**तत्सृष्ट्वा तदेवानुप्राविशत्**', '**अनेन जीवेनात्मनानुप्रविश्य**' ઇત્યાદિ શ્રુતિઓ બ્રહ્મનોજ જીવરૂપે પ્રવેશ કહે છે; કેમકે જેમ ઘરની બહાર રહીને દેવદત્ત ઘરની અંદર પ્રવેશ કરી શકતો નથી, તેમ બ્રહ્મ જગત્‌ની બહાર રહી તેમાં પ્રવેશ કરી શકે નહિ. વળી આ જીવાત્માએ તેમાં પ્રવેશ કર્યો છે એમ કહ્યું છે, એટલે જીવાત્મા ને બ્રહ્મ એકજ છે એમ સ્પષ્ટ પ્રતિપાદન કર્યું છે. તેમજ '**स वा एष पुरुषोऽन्नरसमयः**'–એ તૈત્તિરીય શ્રુતિ કહે છે કે તે એ આત્મસ્વરૂપવાચ્ય બ્રહ્મમાંથી શબ્દગુણ આકાશ ઉત્પન્ન થયું; આકાશમાંથી

પોતાના સ્પર્શ ગુણ ને આકાશના શબ્દ ગુણ એમ બે ગુણવાળો વાયુ ઉત્પન્ન થયો, એ પ્રમાણે વાયુમાંથી શબ્દ, સ્પર્શ, ને રૂપ એ ત્રિગુણ અગ્નિ ઉત્પન્ન થયો, અગ્નિમાંથી શબ્દ, સ્પર્શ, રૂપ, ને રસ એમ ચતુર્ગુણ જળ ઉત્પન્ન થયું, જળમાંથી શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ને ગન્ધ એમ પંચગુણ પૃથ્વી ઉત્પન્ન થઈ, પૃથ્વીમાંથી ઓષધિ, ને ઓષધિમાંથી અન્ન ઉત્પન્ન થયું, અન્નમાંથી પુરુષ ઉત્પન્ન થયો તે એ પુરુષ અન્નરસમય છે; કેમકે કાર્યમાત્રમાં કારણગુણ નિયમે જોવામાં આવે છે. એ પ્રમાણે અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય, અને આનન્દમય કોશોનો ઉપન્યાસ કરી જે એ સર્વ કોશોથી અભ્યન્તર છે અને જેથી એ સર્વ આત્મવત્ છે તે બ્રહ્મ પુચ્છ છે, પ્રતિષ્ઠા છે, અવિદ્યાકલ્પિત સર્વ દ્વૈતનું એમાં અવસાન થાય છે, માટે એને પ્રતિષ્ઠા ને પુચ્છ કહ્યું છે–ઇત્યાદિ શ્રુતિઓ **तत्** પદાર્થ, પરમાત્મા અને **त्वम्** પદાર્થ–જીવાત્માનું પરિશોધન કરે છે; અને જીવ ને ઈશ્વર એ બેમાંના વિરુદ્ધ ગુણોનું નિરસન કરીને બેનું ઐક્ય સિદ્ધ કરે છે. તેમજ '**ब्रह्मविदाप्नोति परम्**', '**अमृतः समभवत्**' ઇત્યાદિ શ્રુતિઓ અભેદજ્ઞાન ઉત્તમ ફળ આપનાર છે એમ દર્શાવી અભેદજ વિવક્ષિત છે એમ પ્રતિપાદન કરે છે. કૈવલ્યોપનિષદ્‌માં કહ્યું છે કે–

सर्वभूतस्थमात्मानं सर्वभूतानि चात्मनि ।
संपश्यन् ब्रह्म परमं याति नान्येन हेतुना ॥
मय्येव सकलं जातं मयि सर्वं प्रतिष्ठितम् ।
मयि सर्वं लयं याति तद्ब्रह्माद्वयमस्म्यहम् ॥

સર્વ ભૂતોમાં આત્મા રહેલો છે, અને આત્મામાં સર્વ ભૂતો રહેલાં છે એમ સમ્યગ્દર્શન કરનાર પરમ બ્રહ્મ પામે છે, એટલે બ્રહ્મૈક થાય છે, અન્ય હેતુથી થતો નથી. મારેજ વિષે સકલ જગત્ ઉત્પન્ન થયું છે, મારે વિષે પ્રતિષ્ઠિત છે, અને મારે વિષે સર્વ લય પામે છે, તે અદ્વિતીય બ્રહ્મ હું છું. એ બ્રહ્મનું સ્વરૂપ કેવું છે?

एको देवः सर्वभूतेषु गूढः सर्वव्यापी सर्वभूतान्तरात्मा ।
कर्माध्यक्षः सर्वभूताधिवासः साक्षी चेता केवलो निर्गुणश्च ॥

શ્વેતાશ્વતર ઉપનિષદ્ કહે છે કે બ્રહ્મ એક છે, અર્થાત્ અદ્વિતીય છે; '**नेह नानास्ति किंचन**', '**मृत्योः स मृत्युमाप्नोति य इह नानेव पश्यति**' એમ ભેદદષ્ટિને શ્રુતિએ અનેકવાર નિંદી છે; દેવ છે એટલે દ્યોતન-સ્વભાવ, પ્રકાશરૂપ, જ્ઞાનરૂપ છે; સર્વ પ્રાણીને વિષે ગૂઢ છે; ગીતામાં કહ્યું છે કે '**ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन तिष्ठति**'–ઈશ્વર હૃદયગુહામાં છે, સર્વવ્યાપી છે; સર્વ ભૂતોનો અન્તરાત્મા, સ્વરૂપભૂત છે; સર્વ પ્રાણીએ કરેલાં વિચિત્ર કર્મોનો અધિષ્ઠાતા છે.

' एष ह्येव साधु कर्म कारयति तं यमेभ्यो लोकेभ्य उन्निनीषते ।
एष ह्येवासाधु कर्म कारयति तं यमधो निनीषते ॥ '

જેને આલોકથી ઊંચા લોકમાં લઈ જવા ઇચ્છે છે તેની પાસે એજ સાધુ કર્મ કરાવે છે ને જેને અધોલોકમાં લઈ જવા ઇચ્છે છે તેની પાસે અસાધુ કર્મ કરાવે છે. આ ઉપરથી ઈશ્વરને માથે દોષ મૂકવાનો નથી– '**वैषम्यनैर्घृण्ये न सापेक्षत्वात् तथा हि दर्शयति**'–એ બ્રહ્મસૂત્રમાં પ્રતિપાદન કર્યું છે કે વિષમ સૃષ્ટિ જોવામાં આવે છે તેનો દોષ ઈશ્વરને નથી. કર્મની અપેક્ષાએ ઈશ્વર સૃષ્ટિ રચે છે. જેમ વ્રીહિ, યવ આદિનું સાધારણ કારણ પર્જન્ય–વરસાદ છે, પણ તેનું અસાધારણ કારણ તે તે વસ્તુનાં બીજમાં રહેલું સામર્થ્ય છે; તેમ દેવ, મનુષ્ય આદિ વિષમ સૃષ્ટિનું સાધારણ કારણ ઈશ્વર છે; તોપણ તેના વિષમપણાનાં અસાધારણ કારણ તે તે જીવોનાં કર્મો છે. અનાદિ કાળથી પ્રાપ્ત કરેલી સારી કે નઠારી વાસનાથીજ પુરુષ સ્વભાવેજ સારાં કે નઠારાં કર્મને વિષે પ્રવૃત્ત થાય છે. ઈશ્વર તો સાધારણ હેતુ છે, માટે નિર્દોષ છે. વ્યાવહારિક દશામાં આમ સમજવાનું છે. તાત્ત્વિક દષ્ટિથી તો માયાવીને જેમ વિચિત્ર માયાના ખેલ બતાવવામાં દોષ લાગતો નથી, તેમ ઈશ્વરને પણ લાગતો નથી, એ ખુલ્લુંજ

છે. બ્રહ્મ સર્વ પ્રાણીમાં વસે છે, સર્વ ભૂતોનો સાક્ષી છે, ચેતન મૂકનાર છે, કેવલ એટલે ઉપાધિરહિત છે, અને નિર્ગુણ છે. જીવાત્મા ઉપાધિયુક્ત છે, અને કર્મફળનો ભોક્તા છે. અવિદ્યાનો નાશ થયે તે પોતાના નિરતિશય ચિન્મય, નિર્ગુણ, નિરંજન સ્વરૂપમાં એકત્વ પામે છે એજ મોક્ષ છે. સાંસારિક સ્થિતિમાં જીવાત્મા ને પરમાત્માનો સંબંધ શ્વેતાશ્વતર તેમજ મુણ્ડક શ્રુતિ પક્ષીના દૃષ્ટાન્તથી બહુ સુંદર રીતે પ્રતિપાદન કરે છે.

‘ द्वा सुपर्णा सयुजा सखाया समानं वृक्षं परिषस्वजाते ।
तयोरन्यः पिप्पलं स्वाद्वत्त्यनश्नन्नन्यो अभिचाकशीति ’ ॥
(मुण्ड० ३ । १ । १)

જેમ બે પક્ષીઓ એક બીજાનાં મિત્ર હોઈ હમેશ સાથે એકાદ અશ્વત્થ આદિ વૃક્ષ પર રહે છે અને તેઓમાંનું એક સ્વાદુ ને રસવત્ પિપ્પળફળ ખાય છે અને અન્ય માત્ર જોયા કરે છે; તેમ વિજ્ઞાનાત્મા અને પરમાત્મા એ બે પક્ષિસમાન નિત્ય અવિયુક્ત સખા છે, ચિદ્રૂપ છે, એક અંતઃકરણરૂપ ઉપાધિયુક્ત છે, બીજો ઉપાધિરહિત છે. બંને એકજ વૃક્ષમાં એટલે શરીરમાં રહે છે. તત્ત્વજ્ઞાનથી જેનો સમૂળ છેદ–નાશ થાય છે તે વૃક્ષ એટલે વ્યુત્પત્તિ પ્રમાણે શરીર એવો અર્થ છે. એ બે આત્માઓમાંનો એક સુખદુઃખરૂપ કર્મફળનો ઉપભોગ કરે છે; બીજો કેવળ સાક્ષિરૂપ છે. આવો ઔપાધિક ભેદ છે. વસ્તુતઃ તો અભેદજ છે ને તે શ્રુતિ અનેક સ્થળે સ્પષ્ટ પ્રતિપાદન કરે છે. સનત્સુજાતીયમાં પણ કહ્યું છે કે—

दोषो महानत्र विभेदयोगे ह्यनादियोगेन भवन्ति नित्याः ।
तथास्य नाधिक्यमपैति किंचिदनादियोगेन भवन्ति पुंसः ॥

સનત્સુજાત એટલે બ્રહ્માનો પુત્ર સનત્કુમાર ધૃતરાષ્ટ્રને કહે છે કે બ્રહ્મ એક નથી, અનેક છે એમ સ્વીકારવામાં મોટો દોષ છે. અદ્વૈતવાદીઓ અસત્ય કહેનારા વેદવિરુદ્ધ મત પ્રતિપાદન કરનારા થાય. વેદનું તાત્ત્વિક રહસ્ય

અદ્વૈત છે તેને બાધ આવે. વળી બ્રહ્મ જો ભિન્ન ભિન્ન રૂપોમાં પરિણામ પામે છે એમ લઈએ તો અનિત્યતા આદિ દોષો બ્રહ્મને લાગે અને બ્રહ્મ અસ્થૂલ છે, અનણુ છે ઇત્યાદિ શ્રુતિવાક્યોનો વિરોધ થવાનો પ્રસંગ આવે; જો એમ કહેશો કે અમે બ્રહ્મના ભેદ સ્વીકારતા નથી, પણ જીવ ને પરબ્રહ્મનો ભેદ સ્વીકારીએ છીએ, તો તેમાં પણ મોટો દોષ પ્રાપ્ત થશે; કેમકે શ્રુતિ કહે છે કે '**यदा ह्येवैष एतस्मिन्नुदरमन्तरं कुरुते अथ तस्य भयं भवति**' જે બ્રહ્મને વિષે સ્વલ્પ પણ ભેદ સમજે છે તેને ભય પ્રાપ્ત થાય છે. વળી '**अथ योऽन्यां देवतामुपास्ते अन्योऽसावन्योऽहमस्मीति न स वेद यथा पशुः**' જે અન્ય દેવતાની ઉપાસના કરે છે, હું અન્ય છું ને એ અન્ય છે એમ સમજીને અન્ય દેવતાની ઉપાસના કરે છે, તે પશુ જેવો છે, તેને જ્ઞાન નથી. વળી જીવ ને પરબ્રહ્મનો ભેદ સ્વીકારવાથી '**तत्त्वमसि**' (તે તું છે), '**अहं ब्रह्मास्मि**' (હું બ્રહ્મ છું), '**अयमात्मा ब्रह्म**'(આ આત્મા બ્રહ્મ છે), '**एष त आत्मान्तर्याम्यमृतः**' (એ તારો આત્મા અન્તર્યામી અમૃત છે), '**एष त आत्मा सर्वान्तरः**' (એ તારો આત્મા સર્વથી અન્તર, સમીપતમ છે), '**त्वं वा अहमस्मि भगवो देवत अहं वै त्वमसि**' (હે ભગવન્, તું હું છું કે હું તું છે) ઇત્યાદિ અનેક શ્રુતિવાક્યોને બાધ આવે. ત્યારે જીવ ને ઈશ્વર એવો વ્યવહારમાં ભેદ શી રીતે ને જીવ નિત્ય શી રીતે તેને માટે સનત્કુમાર કહે છે કે અનાદિયોગથી તે નિત્ય છે. અનાદિ એટલે જેને આદિ નથી એવી માયાના યોગથી નિત્ય જીવાદિ છે. પરમાત્મા છે, અદ્વિતીય છે તોપણ તેની માયાથી બહુરૂપ પ્રાપ્ત થાય છે. એવાં અનેક શ્રુતિવાક્યો છે. '**एको देवो बहुधा निविष्टः**' (એક દેવ બહુ પ્રકારે પ્રવેશ પામેલો છે), '**त्वमेकोऽसि बहूननुप्रविष्टः**' (તું એક છે બહુમાં અનુપ્રવેશ પામ્યો છે), '**अजायमानो बहुधा विजायते**' (જન્મરહિત છે તોપણ બહુ પ્રકારે જન્મે છે) ઇત્યાદિ. જેમ એકજ આકાશ, ઘટાકાશ, મઠાકાશ, આદિ રૂપે ભિન્ન છે, તેમ એક બ્રહ્મ અનેક ઉપાધિઓથી અનેક ભાસે છે; જેમ સૂર્ય પાણીમાં અનેકરૂપ દેખાય

છે તેમ. યાજ્ઞવલ્કય કહે છે કે:—

आकाशमेकं हि यथा घटादिषु पृथग्भवेत् ।
तथा त्वमेकोऽप्यनेकश्च जलाधारेष्विवांशुमान् ॥

વળી માયાને લીધે પરમાત્મા ભિન્ન ભાસે છે એમ સ્વીકાર્યું એટલે પરમાત્માના સ્વરૂપથી કંઈ પણ અધિક નથી. સંસાર માયારૂપ હોવાથી પરમાત્મા અવિકારી, કૂટસ્થ છે. અનાદિ માયાના—અવિદ્યાના યોગથી જીવો બહુરૂપ ભાસે છે.

જ્ઞાનની શ્રેષ્ઠતા–કર્મ, ભક્તિ, ને જ્ઞાનમાં જ્ઞાન સર્વથી શ્રેષ્ઠ છે. શ્રુતિ કહે છે કે કર્મથી જે લોક પ્રાપ્ત થાય છે તે લોકમાંથી કર્મનો ભોગ પૂરો થયે મૃત્યુલોકમાં આવવું પડે છે.'**क्षीणे पुण्ये मर्त्यलोके विशन्ति**'.–શાન્તિપર્વમાં વ્યાસે શુકને ઉપદેશ કર્યો છે કે–

कर्मणा बध्यते जन्तुर्विद्यया च विमुच्यते ।
तस्मात्कर्म न कुर्वन्ति यतयः पारदर्शिनः ॥

કર્મથી બંધનજ છે, મુક્તિ નથી. મુક્તિ તો વિદ્યાથીજ છે. તેમાં પણ સગુણ બ્રહ્મના ઉપાસકને અર્ચિરાદિ માર્ગે ઉત્તરાયણમાં બ્રહ્મલોકની પ્રાપ્તિ થાય છે. એજ દેવયાન કહેવાય છે. એ લોકોનું આ સંસારમાં પુનરાગમન થતું નથી. પરંતુ જે સગુણ બ્રહ્મોપાસક દક્ષિણાયનમાં મરણ પામે છે તે ધૂમમાર્ગે ચન્દ્રલોકમાં જાય છે, ને ત્યાંથી કર્મફળ ભોગવી પુનઃ સંસારમાં આવર્તન કરે છે. એ પિતૃયાન કહેવાય છે. નિર્ગુણ બ્રહ્મનું સમ્યગ્દર્શન જેને થાય છે તેને તો ગતિએ નથી ને આગમનએ નથી. '**न तस्य प्राणा उत्क्रामन्ति**', '**ब्रह्मैव सन् ब्रह्म अप्येति**' એવી શ્રુતિ છે. બ્રહ્મસ્વભાવે આત્માની અવસ્થિતિ એજ મોક્ષ, આત્માનો બ્રહ્મભાવે સાક્ષાત્કાર એજ મોક્ષ છે.

यथा नद्यः स्यन्दमानाः समुद्रे अस्तं गच्छन्ति नामरूपे विहाय ।
तथा विद्वान् नामरूपाद्विमुक्तः परात्परं पुरुषमुपैति दिव्यम् ॥

જેમ નદીઓ વહેતી વહેતી નામ ને રૂપનો ત્યાગ કરી સમુદ્રમાં લીન

થાય છે, તેમ નામ ને રૂપ આદિ ઉપાધિઓથી વિમુક્ત થઈ પરથી પણ પર દિવ્ય પુરુષને વિદ્વાન્ પામે છે, અર્થાત્, અવિદ્યાનો નાશ થયે વિદ્યાથી આત્મા પરમાત્મસ્વરૂપમાં લીન થાય છે. એ પરાવર પરમ પુરુષનું દર્શન થયે તેના હૃદયની ગૂંચ ભાગી જાય છે, સર્વ સંશયો છેદાઇ જાય છે, કર્મોનો ક્ષય થાય છે.

भिद्यते हृदयग्रन्थिश्छिद्यन्ते सर्वसंशयाः ।
क्षीयन्ते चास्य कर्माणि तस्मिन् दृष्टे परावरे ॥

श्रद्धानी आवश्यकता–આ પ્રમાણે ઉપનિષદ્ કેવી રીતે બોધ કરે છે ને શેનો બોધ કરે છે તેનું દિગ્દર્શન કર્યું. એ ગૂઢ વિષયમાં કેવળ શુષ્ક તર્ક, જે શ્રુતિવાક્યથી વિરુદ્ધ હોય, તેનો આશ્રય લેવાનો નથી. કઠશ્રુતિમાં કહ્યું છે કે–

'नैषा तर्केण मतिरापनेया प्रोक्तान्येनैव सुज्ञानाय प्रेष्ठ'

હે પ્રેષ્ઠ–અતિશય પ્રિય નચિકેત ! આ બ્રહ્મ વિષેનો વિચાર તર્કથી, એટલે પ્રમાણરહિત તર્કથી, પ્રાપ્ત કરવાનો નથી, પણ અન્ય એટલે સર્વજ્ઞ ગુરુ જ્યારે એ વિષયનું યુક્તિપૂર્વક ને દષ્ટાન્તસહિત પ્રવચન કરે છે ત્યારેજ તેમાંથી સુજ્ઞાન થાય છે, અવિદ્યાની નિવૃત્તિ થઈ સમ્યગ્દર્શન થાય છે.

श्रद्धाभक्तिध्यानयोगान् मुमुक्षोर्मुक्तेर्हेतून् वक्ति साक्षात् श्रुतेर्गीः ।
यो वा एतेष्वेव तिष्ठत्यमुष्य मोक्षोऽविद्याकल्पिताद्देहबन्धात् ॥

વેદવાણી મુમુક્ષુને માટે મુક્તિના ચાર હેતુ કહે છે–શ્રદ્ધા, ભક્તિ, ધ્યાન, ને યોગ. જે પુરુષ એ ચાર સાધનો સાધે છે તેનો અવિદ્યાએ કલ્પેલા આ દેહબંધમાંથી મોક્ષ થાય છે. આંમાં મોક્ષના ચાર હેતુમાં શ્રદ્ધાને પ્રથમ મૂકી છે તે યુક્તજ છે; માટે શ્રદ્ધા રાખી આચાર્ય પાસે જઈ જ્ઞાન મેળવવું એજ ઉત્તમ માર્ગ છે.

वेदान्त उत्तम नीतिनो बोध करे छे–ડ્યુસન નામના જર્મન વિદ્વાને એક સ્થળે કહ્યું છે કે વેદાન્તમાં નીતિ વિષે જોઈએ તેવો પૂર્ણ બોધ નથી, નીતિના બોધમાં ન્યૂનતા છે એવો વેદાન્તો પર આક્ષેપ કરવામાં

આવે છે. પરંતુ એ આક્ષેપ યુક્ત નથી. ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ અને વિશુદ્ધમાં વિશુદ્ધ નીતિવચનો વેદાન્તના ઉપદેશમાંથીજ મળી આવે છે. આનું સમર્થન કરવા ડ્યૂસન બાઇબલમાંથી એક વાક્ય ઉતારે છે–' Love your neighbour as yoursolvos'–તમારા પોતાના પર જેવી પ્રીતિ રાખો છો તેવીજ પ્રીતિ તમારા પાડોશીઓ પર રાખો. અહિં કોઈ પ્રશ્ન કરે કે મારે એમ શા માટે કરવું જોઈએ ? કુદરતની રચના પ્રમાણે મારા પોતાનાજ સુખદુઃખનો મને અનુભવ થાય છે, અન્યનો નહિ. મારા પાડોશીના સુખદુઃખ સાથે મારે આ રીતે કંઈ નિસબત નથી, તો પછી મારે તેમના પર મારા પોતાના જેટલોજ પ્રેમ શા માટે રાખવો જોઈએ ? આ શંકાનું સમાધાન બાઇબલના પુસ્તકમાંથી જડતું નથી. એમ ડ્યૂસન કહે છે. વેદાન્તમાં એનો જવાબ માત્ર ત્રણ શબ્દોમાંજ કહ્યો છે કે-' **तत्त्वमसि**'. અર્થાત્ ' **अयं निजः परो वेति गणना लघुचेतसाम्। उदारचरितानां तु वसुधैव कुटुम्बकम्** '–આ મારૂં ને આ પારકું એ વિચાર તો સંકુચિત દૃષ્ટિવાળા પુરુષોનો–મૂર્ખોનો છે, ઉદાર દૃષ્ટિ ને આચારવાળા સુજ્ઞ પુરુષો તો આખી પૃથ્વીને પોતાનું કુટુંબ સમજે છે. **आत्मवत् सर्वभूतेषु यः पश्यति स पश्यति**–પ્રાણિમાત્ર તરફ પોતા તરફ જોતો હોય તેવીજ રીતે જે જુએ છે તેજ જુએ છે, તેનેજ દૃષ્ટિ છે, અન્ય તો નેત્રરહિત, અંધ છે. આ પ્રમાણે સામાન્ય નીતિવચનો પણ જે ધર્મમાં ઉત્કૃષ્ટ નીતિનો ઉપદેશ કરે છે, તેમાં પરાવધિએ, દૂરમાં દૂર પરિસીમાએ પહોંચેલો કેવલાદ્વૈતવાદ જે ટૂંકામાં એવો બોધ કરે છે કે—

ब्रह्म सत्यं जगन्मिथ्या जीवो ब्रह्मैव नापरः ।–

બ્રહ્મ સત્ય છે, જગત્ મિથ્યા છે, જીવ બ્રહ્મસ્વરૂપ છે, અન્ય નથી, તે કેવલાદ્વૈતવાદ પ્રમાણે ભેદદૃષ્ટિજ નિંદ્ય છે; આત્મા પ્રત્યે કોઈ પણ પ્રકારનો દુઃખનો વિચારજ ઇષ્ટ નથી અને વ્યવહારદૃષ્ટિથી જે અન્ય દેખાય છે તે આત્મસ્વરૂપજ છે, એવા વાદથી વધારે ઉત્કૃષ્ટ નીતિબોધ બીજા શાથી મળી શકે ?

मायावाद सप्रमाण–માયાવાદને અશાસ્ત્રીય ગણી કાઢવા અને તેનો ઉપહાસ કરવા ઘણા પ્રયત્નો થયા છે. જગત્ જે સાક્ષાત્ દૃષ્ટિગોચર થાય છે, તેને ખોટું માયારૂપ માનવું એ તેમને વિપરીત ભાસે છે. પરંતુ શ્રીમચ્છંકરાચાર્યે કંઈ કપોલકલ્પિત વાદ રચ્યો નથી. માયા શબ્દ કંઈ નવીન-જ ઉપજાવી કાઢ્યો નથી. સાક્ષાત્ માયા શબ્દ તેમજ માયાથી માયાવી પુરુષ જેવાં જેવાં કપટો રચી એક વસ્તુનો અનેક સ્વરૂપમાં ભાસ દેખાડે છે, તેમ એકજ સત્ય વસ્તુનું અનેકધા દર્શન ઉપનિષદોમાં અનેક સ્થળે કહ્યું છે. અહિ થોડાંકજ સ્થળ દર્શાવું છું–બૃહદારણ્યક, શ્વેતાશ્વતર, ગીતા વગેરેમાં **माया** શબ્દ પ્રયોજાયો છે–**इन्द्रो मायाभिः पुरुरूप ईयते** (**बृ०** ૨–૫–૧૯. પરમેશ્વર, નામરૂપે કરેલા મિથ્યાભિમાનથી બહુરૂપ છે એમ સમજાય છે), '**अस्मान् मायी सृजते विश्वमेतत् तस्मिंश्चान्यो मायया संनिरुद्धः**' (શ્વેતા૦ ૪.૯. એ અક્ષર અવિનાશી બ્રહ્મથી સર્વ ઉત્પન્ન થાય છે. અવિકારી બ્રહ્મ ઉપાદાન કારણ શી રીતે થાય છે, તેને માટે કહે છે–પોતાની માયાથી કલ્પિત ભૂતાદિપ્રપંચને વિષે માયાથીજ અન્ય હોય તેમ સંબદ્ધ થાય છે), વળી '**मायां तु प्रकृतिं विद्यान् मायिनं तु महेश्वरम्**–' (જગત્‌ની પ્રકૃતિ માયાજ છે, ને પરમેશ્વર માયી છે–માયાનું અધિષ્ઠાન છે, માયાને સત્તા ને સ્ફૂર્તિ આપનાર છે, પ્રેરનાર છે), '**दैवी ह्येषा गुणमयी मम माया दुरत्यया**'–(ખરેખર, મારી માયા દૈવી છે, ત્રિગુણાત્મક છે, એનો મુશ્કેલીથી નાશ થાય એવી છે), '**प्रकृतिं स्वामधिष्ठाय संभवाम्यात्ममायया**', '**मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते**' (ભગ૦ ગી૦ મારી પોતાની પ્રકૃતિનું અધિષ્ઠાન કરી મારી માયાથી જન્મ લઉં છું, જે મારે શરણે આવે છે તેઓ એ માયાને તરે છે), '**तरत्यविद्यां विततां हृदि यस्मिन्निवेशिते । योगी मायाममेयाय तस्मै ज्ञानात्मने नमः॥**' (હૃદયને વિષે જેનો નિવેશ થવાથી યોગી પ્રપંચમાં વિસ્તાર પામેલી અ-વિદ્યા–માયા–તરી જાય છે તે અપરિમેય, જ્ઞાનસ્વરૂપ, પરમાત્માને નમસ્કાર),

अग्निर्यथैको भुवनं प्रविष्टो रूपं रूपं प्रतिरूपो बभूव ।
एकस्तथा सर्वभूतान्तरात्मा रूपं रूपं प्रतिरूपो बहिश्च ॥
कठो० ५-९

(જેમ એકજ અગ્નિ આ લોકમાં પ્રવિષ્ટ થયલો દારુ આદિ દાહ્ય વસ્તુના ભેદે ભિન્ન ભિન્ન રૂપવાળો ભાસે છે, તેમ સર્વ ભૂતોનો અન્તરાત્મા એકજ છે, તોપણ સર્વ દેહમાં પ્રવિષ્ટ છે તેથી ભિન્નભિન્નરૂપ ભાસે છે, આકાશની પેઠે),

एक एव हि भूतात्मा भूते भूते व्यवस्थितः ।
एकधा बहुधा चैव दृश्यते जलचन्द्रवत् ॥
(ब्रह्मबिन्दु)

(જળમાં ચંદ્રબિંબની પેઠે એકજ પરમાત્મા ભૂતોમાં અનેકધા ભાસે છે). આ પ્રમાણે સમજાશે કે માયાવાદ સપ્રમાણ છે.

मायावादनी उपयोगिता—વળી સંસારનું સ્વરૂપ, સામાન્યદૃષ્ટિ, ને અનુભવથી નિહાળતાં પણ એ વાદનો આશ્રય ઘણો ઉપયોગી છે. સંસાર અનેક ઉપાધિ અને અનેક વિડંબનાથી પરિપૂર્ણ છે. તે કેવળ સુખરૂપ છે એમ તો કોઈથી કહી શકાય એમ નથી. કોઈને કોઈ પ્રકારનું તો કોઈને કોઈ પ્રકારનું દુઃખ હોય છેજ. કોઈ ધનાઢ્ય હોય છે તો તેને શરીરસુખ કે સંતતિસુખ હોતું નથી; કોઈને શરીરસંપત્તિ ને સંતતિ હોય છે તો તેને આજીવિકાનાં સાધન નથી. ઈશ્વરે કોઈને કંઈ તો કોઈને કંઈ આપ્યું છે; કોઈને પણ સર્વ આપ્યું નથી. વળી કોઈને અમુક સમયે બધી તરેહનું સુખ છે એમ આપણને લાગે તો અન્ય સમયે તેજ પુરુષની દશા વિપરીત થયલી જોવામાં આવે છે. સામાન્ય દૃષ્ટિથી એકંદર સંસારનું સ્વરૂપ જોતાં પણ તે સુખમયજ છે એમ કહી શકાતું નથી. હરિએ કહ્યું છેજ કે કોઈ સ્થળે છાતીફાટ રુદન જોવામાં આવે છે તો કોઈક સ્થળે, ગીત, વાદ્ય આદિ નજરે પડે છે. એથી **न जाने संसारः किममृतमयः किं विषमयः**—સંસારને

વિષમય કહેવો કે અમૃતમય કહેવો તે સમજાતું નથી. જ્યાંસુધી પ્રવૃત્તિનાં સર્વ સાધનો મનુષ્યને અધીન છે, ત્યાંસુધી તેને અમૃતમય લાગે છે; પરંતુ સુખમાત્ર ક્ષણિક છે; યૌવન, ધન, સંપત્તિ આદિ સવ નશ્વર છે. અવસ્થા થાય છે એટલે શરીરના અવયવો ને બંધ શિથિલ થઈ જાય છે. પોતાને કે જેને પોતાનાં ગણે છે તેને અનેક પ્રકારની વિપત્તિ મોડીવહેલી આવી પડે છે. એવે સમયેજ માયાવાદની પ્રતીતિ થાય છે. એ સમયે મનમાં દૃઢતા, અભય, ને શાન્તિ લાવનાર માયાવાદ જેવું બીજું કંઈ સમર્થ નથી.

'यस्मिन् सर्वाणि भूतान्यात्मैवाभूद्विजानतः ।
तत्र को मोहः कः शोकः एकत्वमनुपश्यतः ॥'

(જે જ્ઞાની પુરુષને સર્વ ભૂતો આત્માજ છે, તે એકત્વના જ્ઞાનીને મોહ શો ને શોક શો?), '**यत्र वा अस्य सर्वमात्मैवाभूत् तत् केन कं पश्येत् तत् केन किं जिघ्रेत्**' (જે સ્થિતિમાં જ્ઞાની પુરુષને સર્વ આત્માજ છે તે સ્થિતિમાં શા વડે શેનું દર્શન કરવાનું છે, શા વડે શેનો વાસ લેવાનો છે?) ઇત્યાદિ અનેક વાક્યો દ્વૈતદૃષ્ટિની નિંદા કરી મનને દૃઢ ને શાન્ત કરે છે. '**अभयं वै जनक प्राप्तोऽसि**', '**द्वितीयाद्वै भयं भवति**',

'यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह ।
आनन्दं ब्रह्मणो विद्वान् न बिभेति कुतश्चन ॥'

(જ્યાં વાણી ને મન પહોંચી શકતાં નથી, એવું બ્રહ્મનું આનન્દ સ્વરૂપ સમજનાર વિદ્વાનને કશાનો ભય નથી, કેમકે આ બીજું છે એમ સમજનારને ભય છે. યાજ્ઞવલ્ક્ય જનકને કહે છે કે હે જનક! તું અભયની સ્થિતિ પ્રાપ્ત થયો છે)– આવાં અનેક વાક્યો તરફ મન સ્વાભાવિક રીતેજ લોભાય છે, દરેક મનુષ્યને એવો સમય આવે છેજ કે જ્યારે આવાં વાક્યોના સત્યની પ્રતીતિ થયા વિના રહેતી નથી.

વેદાન્તનો અનિષ્ટ અર્થ કરનાર–કેટલાક પ્રવૃત્તિમાં મચ્યા રહેલા પુરુષો વેદાન્તનો સત્ય બોધ ન સમજી અનેક રીતે નિરંકુશ થાય છે ને

ઉન્માર્ગે પ્રવર્તે છે. કહે છે કે સર્વ એકજ છે, અભેદ છેજ નહિ. આમ કહી વર્ણાશ્રમની મર્યાદાનું ને સામાજિક નિયમોનું ઉલ્લંઘન કરે છે. પરંતુ એ તેમનું બોલવું કેવળ સ્વાર્થને તૃપ્ત કરવાજ છે. તેઓ જાતે પણ સમજે છે કે એ માર્ગ ખોટો છે; છતાં સાંપ્રત કાળની બલિહારી છે કે નિયમમાં, મર્યાદામાં રહેવું ઘણાને ઇષ્ટ લાગતું નથી. સ્વચ્છન્દ વર્તન કરવું તેમને ગમે છે. પરંતુ એ વેદાન્તનું હાર્દ નથી. શ્રીમચ્છંકરાચાર્યે વ્યવહારદષ્ટિ અને તાત્ત્વિકદષ્ટિનો ભેદ બ્રહ્મસૂત્રભાષ્યમાં સ્થળે સ્થળે દર્શાવ્યો છે. જ્યાંસુધી પારમાર્થિક સ્થિતિએ પહોંચ્યા નથી ત્યાંસુધી આચારવિચારમાં સમાજના નિયમો પાળવા એજ ઉત્તમ નીતિ છે. જેઓ એમાંથી ભ્રષ્ટ થઈ અર્ધજરતીય ન્યાયે અંશે વેદાન્તવિચારોનું અવલંબન કરી સ્વાર્થ સાધે છે તેઓ કદી પણ પ્રતિષ્ઠા પામતા નથી ને પામવાનાએ નથીજ. તેમની સ્વાર્થૈક સાધનારી નીતિ ઉઘાડી પડી ગયા વિના રહેતી નથી.

વેદાન્તમાંથી મળતો નીતિબોધ–વેદાન્તમાંથી શો બોધ મળે છે? વૈરાગ્ય વગર જ્ઞાન પ્રાપ્ત થતું નથી, ત્યારે શું બધાએ સંન્યાસ લેવા? એવો ઉપદેશ લેવાનો નથી. પ્રવૃત્તિમાં રહી નીતિમાર્ગ આચરી જે જે કર્મ કરવાનાં પ્રાપ્ત થાય તે ફળની અભિસંધિ વિના કરવાં, સત્ત્વગુણનો આશ્રય કરવો, ને સાત્વિક કર્મ આદરવાં. ઈશ્વરની ભક્તિ કરવી તે કામના રાખીને સ્વાર્થવૃત્તિથી નહિ, પણ નિઃસ્વાર્થ, નિષ્કામ ભક્તિ કરવી. અહંકાર, કામ, ક્રોધાદિ છ આન્તર શત્રુઓનો નાશ કરવા મથન કરવું. આન્તર શુદ્ધિ અને બહિઃશુદ્ધિ જાળવવી, તેમાં પણ બહિઃશુદ્ધિ આન્તર શુદ્ધિની સાધનભૂત છે એમ સમજવું. જે કામ કરવું તે ઈશ્વરને અર્પણ કરવું. ફળ ગમે તેવું આવે તોપણ તેનો હર્ષ કે શોક કરવો નહિ.

यत् करोषि यदश्नासि यज्जुहोषि ददासि यत् ।
यत् तपस्यसि कौन्तेय तत् कुरुष्व मदर्पणम् ॥

(હે અર્જુન! તું જે કરે, જે ખાય, જે હોમે, જે દાન કરે, અને જે તપ કરે તે મનેજ અર્પણ કર) ઇત્યાદિ ગીતામાં કહ્યું છે તેમ જે

કંઈ કરવું તે પ્રભુને અર્પણ કરવું. શાસ્ત્રચિન્તન કરવા જેટલી શક્તિ ન હોય તો વિષ્ણુપુરાણમાં પરાશર મુનિએ ઉપસંહાર કર્યો છે તેમ

आलोड्य सर्वशास्त्राणि विचार्य च पुनः पुनः ।

इदमेकं सुनिष्पन्नं ध्येयो नारायणः सदा ॥

(સર્વ શાસ્ત્રોનું મનમાં પુનઃ પુનઃ રટન કરવાથી તથા વિચાર કરવાથી આ એક વાત બરાબર સિદ્ધ થાય છે કે નારાયણનું હમેશ ધ્યાન કરવું) અને ગીતામાં કહ્યું છે તેમ—

मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु ।

मामेवैष्यसि सत्यं ते प्रतिजाने प्रियोऽसि मे ॥

(મારે વિષે મન રાખ, મારો ભક્ત થાય, મારૂં યજન કર, મને નમસ્કાર કર, તું મનેજ પામીશ, હું તને સત્ય પ્રતિજ્ઞા કરૂં છું, તું મારો પ્રિય છે).

ઈશ્વરનું ચિન્તન કરી પવિત્ર બુદ્ધિથી ને પારમાર્થિક વૃત્તિથી સર્વ કાર્ય કરવાં, એજ રહસ્ય સમજવાનું છે. એજ ગીતાનું મર્મ છે. એ હરકોઈ આચરી શકે એવો માર્ગ છે.

બ્રાહ્મણોની પ્રાચીન ને સાંપ્રત સ્થિતિ—બ્રાહ્મણોની પ્રાચીન સ્થિતિ કેવી ઉત્તમ હતી! વર્ણાશ્રમવ્યવસ્થા ઘણી ઉત્કૃષ્ટ હતી. જીવન પવિત્ર ને સાદું હતું. વિદ્યા સંપાદન કરવી, અધ્યયન કરવું, ને અધ્યાપન કરાવવું એજ બ્રાહ્મણો પોતાનો મુખ્ય ધર્મ સમજતા. બ્રહ્મચર્યનું ઉત્તમ પ્રકારે પરિપાલન થવાથી, ગુરુકુળમાં નિવાસ કરી વિદ્યા પ્રાપ્ત કરવાને કાળે સર્વ પ્રકારની સાંસારિક ઉપાધિમાંથી મુક્ત થવાથી શારીરિક, માનસિક, અને આધ્યાત્મિક સંપત્તિ કેવી સુંદર રીતે જળવાતી! વિદ્યાભ્યાસ પૂરો થયા વિના અને ગુરુની આજ્ઞા વિના સમાવર્તન સંસ્કાર થતો નહોતો ને ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ થતો નહોતો તેથી તેમજ સ્ત્રીઓ પણ ઉત્તમ પ્રકારની કેળવણી પામતી હતી તેથી કેવાં સુઘટિત દંપતીયુગ્મો થતાં ને તેની સંતતિ પણ કેવી તેજસ્વી થતી! એવો પણ સમય હતો કે જ્યારે બ્રાહ્મણ તે

જૂઠું બોલેજ નહિ એમ તેમના તરફ પૂજ્યભાવ દર્શાવાનો. સત્યકામ જાબાલ ગુરુ પાસે વિદ્યા પ્રાપ્ત કરવા ગયા અને ગુરુએ ગોત્ર પૂછ્યું ત્યારે કહ્યું કે માતાને તેની ખબર ન હોવાથી તે મને કહ્યું નથી. પણ હું સત્યકામ જાબાલ છું. ગુરુએ સત્ય વચન પર ભરોસો રાખી કહ્યું કે તું અસત્ય બોલતો નથી, માટે બ્રાહ્મણજ છે, **समिधं सोम्याहरोप त्वा नेष्ये न सत्यादगाः**–માટે હે પ્રિય ! સમિધ્ લાવ, હું તને ઉપદેશ કહીશ; કેમકે તું સત્યથી પ્રચલિત–ભ્રષ્ટ થયો નથી. આવો પણ સમય હતો. આ પૂર્વ સમયનું ચિત્ર નજરમાં રાખી હાલની સ્થિતિ સરખાવો. હાલ પણ હિંદુ કોમમાં સર્વથી આગળ પડતી કોમ બ્રાહ્મણનીજ છે. પરંતુ એ કોમની મોટી સંખ્યા ભિક્ષાવૃત્તિની પરિચર્યામાં પડવાથી સ્વાભિમાનરહિત અને જ્ઞાનશૂન્ય થઈ છે. આથી પૂર્વ સમયમાં 'ભૂદેવ', 'ભૂસુર', 'મહારાજ', એવાં માનનીય પદોને જે જ્ઞાતિ યોગ્ય હતી, તે હવે નિંદ્ય થવા માંડી છે. જ્યાંસુધી વિદ્યા હોય છે, ત્યાંસુધીજ પ્રતિષ્ઠા જળવાય છે. વિદ્યાનો લોપ થાય છે, એટલે પ્રતિષ્ઠાનો પણ લોપ થાય છે. જ્ઞાનનો પ્રસાર અન્ય જ્ઞાતિઓમાં થાય ત્યારે બ્રાહ્મણોએ પોતાની પ્રતિષ્ઠા જાળવવા વિદ્યાની વૃદ્ધિ કરવી જોઈએ. આવાં પવિત્ર સ્થળોના બ્રાહ્મણોએ સ્થાનનું માહાત્મ્ય જાળવવા વિશેષ પવિત્ર અને વિદ્યા પ્રાપ્ત કરવામાં નિમગ્ન રહેવું જોઈએ. દક્ષિણમાં જ્યાં જ્યાં મંદિરો છે ત્યાં ત્યાં વેદની ને શાસ્ત્રની શાળા છે. જ્યાંસુધી બ્રાહ્મણો અધ્યયન નહિ કરે ને માત્ર ભિક્ષાવૃત્તિજ સેવશે, ત્યાંસુધી તેમનો તિરસ્કાર થતો અટકશે નહિ. ગમે તેવા શ્રદ્ધાળુ પુરુષની પણ શ્રદ્ધા ઓછી થાય તો તેના નિમિત્તભૂત એવા બ્રાહ્મણોજ છે. પવિત્ર યાત્રાસ્થળોમાં જેવા યાત્રાળુઓ સ્ટેશન પરથી ગામમાં પેસે છે કે તરતજ તેમની આસપાસ ટોળાંબંધ બ્રાહ્મણો ફરી વળે છે. તેઓ પોતાના સામાનની તથા ગામમાં જવાની વ્યવસ્થા કરવા રોકાયલા હોય, લાંબી મુસાફરીથી વિશ્રાન્ત થયા હોય, ને ઠેકાણે પડ્યા ન હોય તે પહેલાં તો તેમને પ્રશ્નપરંપરાનો ખુલાસો કરવો પડે છે. કયા ગામના છો ? શું ગોત્ર છે? કઈ ન્યાતિ છો ? ફલાણા

ભાઈ તમારા સગા થાય? ઇત્યાદિ પ્રશ્ન પર પ્રશ્ન છૂટે છે. પ્રશ્ન કરનારા અનેક હોય છે. બબ્બે ડગલાં આગળ જાય છે એટલામાં અન્ય ગોરદેવો કે પ્રથમ આવેલાજ પાછા એવાના એવાજ પ્રશ્ન પૂછી કાયર કરી તેનું માથુ ફેરવી નાખે છે. એકને જવાબ દે છે કે બીજો પ્રશ્ન પૂછે છે; બીજાનો નીકાલ કરે છે કે ત્રીજો; એમ પ્રશ્નોના ઉત્તર આપતો કાયર થાય તો પછી તે બિચારો તિરસ્કાર નહિ તો શું કરે? વળી પવિત્ર સ્થળોમાં ધાર્મિક ક્રિયા પણ શુદ્ધ કરાવનાર મળતા નથી. મોટે સ્થળે ગોરો માત્ર સગવડ સાચવવાનુંજ કામ કરે છે. ક્રિયા કરાવવા માટે અન્ય બ્રાહ્મણોને મોકલે છે. તેઓ પણ યથાસ્થિત કરાવી શકે એવા થોડાજ હોય છે. આથી યજમાનની શ્રદ્ધા લુપ્ત થાય છે, ને તેનો દોષ બ્રાહ્મણોને શિરજ આવે છે. આ સ્થિતિ છેક આજ કાલની નથી. આવી અધોગતિમાંથી ઉદ્ધારનાર માત્ર જ્ઞાનજ છે. ભિક્ષાસમાન કંઈ નીચ નથી ને વિદ્યા પ્રાપ્ત કરવી એ આપણો ધર્મ છે, એમ બ્રાહ્મણોએ સમજવું જોઈએ. ઉપાધ્યાયની વૃત્તિ કરવી એ કંઈ નીચ નથી; પરંતુ બ્રાહ્મણોની મોટી સંખ્યા કંઈ પણ વૃત્તિ કરવાને બદલે માત્ર ભિક્ષા પરજ જીવવું પસંદ કરે છે. આપણા લોકો દયાભાવથી એવા માણસોને દાન આપે છે, પરંતુ વિચાર કરતાં માલમ પડશે કે એથી આળસને ઉત્તેજન મળે છે ને વિદ્યાનો લોપ થાય છે. આવાં દાન સાત્ત્વિક દાન નથી. સુપાત્રે આપેલાંજ સાત્ત્વિક દાન છે; માટે આવા પુરુષોને દ્રવ્યનું દાન આપવાને બદલે એમને વિદ્યા પ્રાપ્ત કરવાની સગવડ મળે તેને માટે શાળાઓ સ્થાપવામાં દ્રવ્ય ખરચવું જોઈએ, ને તેમ થશે તો સુપાત્રે વિત્તવ્યય થવાથી તેનાં સુફળ થશે, ને વિદ્યાની વૃદ્ધિ થઈ દેશનું કલ્યાણ થશે.

પરિષદો—હાલમાં સ્થળે સ્થળે શંકરજયન્તી થવા માંડી છે. પરિષદોનો ને જયન્તીનો આ સમય છે. જુદી જુદી જ્ઞાતિઓની પરિષદ્ થાય છે, સાહિત્યની પરિષદો થાય છે, ધાર્મિક ને સામાજિક પરિષદો થાય છે, અનેક શાસ્ત્રોને લગતી–વૈદ્યવિદ્યા, દાક્તરી વિદ્યા, ઇતિહાસવિદ્યા,

ઇત્યાદિને લગતી—પરિષદો આપણા દેશોમાં ને અન્ય પ્રદેશોમાં થાય છે; પણ જ્યાંસુધી માત્ર મેળાવડા થઈ, નિબંધો કે પ્રબંધો વંચાઈ વાર્તાવિનોદમાંજ બધું પરિસમાપ્ત થશે ને વ્યાવહારિક દષ્ટિથી યોગ્ય વિચારો બંધાઈ તેને આચારમાં મૂકવામાં નહિ આવે, ત્યાંસુધી એવી પરિષદો કે મંડળોના જોઈએ તેવા લાભ થશે નહિ.


વ્યાવહારિક સૂચનાઓ—આવે પવિત્ર સ્થળે શંકરજયંતીના જે પ્રયોજકો હોય છે તેમના પ્રતિ મારી નમ્ર યાચના છે, કે તેમણે પ્રતિવર્ષ આવા સમારંભને અંગે પવિત્ર સ્થળની પવિત્રતા સચવાય તેટલા માટે શા ઉપાયો સાધવા તેનો વિચાર કરી યોજના ઘડી તેને અમલમાં મૂકવી જોઈએ. આરંભમાં નાની પણ એક સંસ્કૃતશાળા સ્થાપી, તેમાં વેદ ને શાસ્ત્ર શિખવવાં. ગોરલોકોના મંડળ સાથે એવો બંદોબસ્ત કરવો કે તેમણે વિશેષ નહિ તો કામજેગું તો વેદશાસ્ત્રનું અધ્યયન કરવુંજ જોઈએ. એવી નાની શાળા સ્થાપવાને કંઈ બહુ દ્રવ્યની જરૂર નથી અને કાલક્રમે નાના બીજમાંથી મોટું વૃક્ષ ઉત્પન્ન થઈ ફળફુલથી સુશોભિત થશે. વળી રામેશ્વરના પવિત્ર ધામમાં જેવો કર યાત્રાળુઓ પર છે, તેવો કર મૂકવાથી એક મોટું ફંડ થશે. ત્યાં દરેક યાત્રાળુ પાસે ગોર દસેક આનાના પૈસા રામલક્ષ્મણ કુંડમાં સ્નાન કરાવતાં લે છે. યાત્રાળુઓ ન આપે તો તે પૈસા ગોરને આપવા પડે છે. યાત્રાળુઓ ખુશીથી આવું દાન કરે છે; કેમકે તેઓ જુએ છે, કે મંદિરમાં વેદશાળા ને શાસ્ત્રશાળા છે, ને ત્યાં બ્રાહ્મણો અધ્યયન કરે છે. આવો કોઈ ધારો દરેક પવિત્ર સ્થળે દાખલ થાય ને વિદ્યાવૃદ્ધિ થાય તો દેશને અનેક લાભ થાય. યાદ રાખવું કે વિદ્યા સન્માન ને શ્રદ્ધા ઉત્પન્ન કર્યા વિના રહેશે નહિ ને વિદ્યાનું ફળ પણ પરિશ્રમ કરનારને મળશેજ. યાત્રાળુઓ બહુધા ભાવિક હોય છે. શ્રદ્ધા ને ભક્તિથીજ તેઓ દૂરથી આવે છે; માટે તેઓ દ્રવ્ય ખરચવાજ આવે છે, સંગ્રહ કરવા આવતા નથી, એ કદી પણ ભૂલવું નહિ. વિદ્યા, વિનય, ને સંતોષ જોઈ યાત્રાળુઓને ધાર્યું હશે તેથી વિશેષ આપવાનું સ્વાભાવિક રીતેજ મન થયા વિના રહેશે નહિ,

માટે આવાં ધામમાં સારી સંસ્કૃતશાળા સ્થાપી કે હોય તો તેમાં સુધારો વધારો કરી વિદ્યાર્થીઓનું તે તરફ મન આકર્ષાય એવા ઉપાયો યોજવા. આવા સમારંભને અંગે એવી શાળાઓમાં ઇનામો વહેંચવાં.

પરિસમાપ્તિ—વળી સારા હરિદાસોની પણ ઘણી જરૂર છે. હરિ-કીર્તનની પદ્ધતિ દક્ષિણમાં બહુ સારી ચાલે છે. હવે તો આપણા ગુજરાતમાં પણ એવાં કીર્તન કરનારા થયા છે. પણ એ કીર્તનકારોમાં પણ વિશેષ જ્ઞાનની અપેક્ષા છે. તેમણે સારૂં સંસ્કૃત જ્ઞાન મેળવવું જોઈએ, સારાં ધર્મ-પુસ્તકો વાંચવાં જોઈએ, પુરાણોના અનેક દૃષ્ટાંતો ને ઉપનિષદ્‌ની આ-ખ્યાયિકાઓ પણ તેમણે જાણવાં જોઈએ. તે ઉપરાંત તેમણે ગાયનનું પણ જ્ઞાન મેળવવું જોઈએ. તેમનામાં હાસ્ય ઉત્પન્ન કરવાની, શ્રોતાજનના મન પર યુક્તિપ્રયુક્તિથી ને વ્યાવહારિક વાર્તાઓ ને દૃષ્ટાન્તોથી સચોટ અસર કરવા-ની શક્તિ જોઈએ. વળી સાંપ્રત સમયની પરિસ્થિતિથી તેમજ જગત્‌નાં અન્ય સ્થળોના વૃત્તાન્તોથી તેઓએ વાકેફ રહેવું જોઈએ. આવા હરિદાસો ઉત્તમ કીર્તન કરી શકશે, એ ખુલ્લુંજ છે. સુભાગ્યે માંગલિક પ્રસંગે હરિકીર્તનો કરાવવા તરફ લોકોની અભિરુચિ વધતી જાય છે. આવા હરિદાસોને ઉત્તેજન આપવું એ આવા સમારંભોમાં બની શકે એમ છે ને તે ઇષ્ટ છે. એવા હરિદાસોને કેળવવામાં પણ સંસ્કૃતશાળાઓને કામે લગાડી શકાય. આમ શંકરજયન્તીના પ્રયોજકો કેટલુંક વ્યાવહારિક કામ કરી શકે એમ મને લાગે છે, ને હાલના સમયમાં બહુધા આડંબરજ લોકપ્રિય છે તેમ થવાને બદલે કંઈક સંગીન કામ કરી શકાય. અન્તે તમારા સમારંભનો વિજય ઇચ્છી શંકરમતાનુયાયીને બહુધા જે ભાવના ઇષ્ટ છે ને ભાવના-વાળા રાજકવિ ભર્તૃહરિના પદ્યથીજ પરિસમાપ્તિ કરૂં છું કે

महेश्वरे वा महतामधीश्वरे जनार्दने वा जगदन्तरात्मनि ।
तयोर्न भेदप्रतिपत्तिरस्ति मे तथापि भक्तिस्तरुणेन्दुशेखरे ॥

आद्यशंकराचार्याः



१ पद्मपादाचार्य. २ तोटकाचार्य. श्रीशंकराचार्य.
३ हस्तामलक. ४ सुरेश्वराचार्य.

पुमर्थाश्चत्वारः किमुत निगमा ऋक्प्रभृतयः प्रभेदा वा मुक्तेर्विमलतरसालोक्यमुखराः।
मुखान्याहो धातुश्चिरमिति विमृश्याथ विबुधा विदुः शिष्यान्हस्तामलकमुखराञ्शंकरगुरोः॥

Blocks & Printing by Lakshmi Art

श्रीमच्छंकराचार्यना जीवनचरितनी मुख्य हकीकत.

ઐતિહાસિક પુસ્તકોનો અભાવ—ભારત ભૂમિનું હતભાગ્ય એ છે કે તેના પ્રાચીન નરવરો કે દેવાંશી ઋષિમુનિઓને વિષે આપણે કંઈ જાણતા નથી. તેઓ દેશના કયા ભાગમાં જન્મ પામ્યા ને કયા કાળમાં થઈ ગયા તે કે તેમના જીવનની કોઈ પણ હકીકત જાણવાનું આપણી પાસે પ્રમાણભૂત પુસ્તક નથી. ઇતિહાસ કે જીવનચરિત લખવાનો પ્રચાર પ્રાચીન સમયમાં ન હોવાને લીધે તેમનાં કે અન્ય ગ્રન્થકારોનાં પુસ્તકોમાંથી, તેમજ શિલાલેખો વગેરે સાધનોમાંથી ભાગીતૂટી હકીકત જે મળી શકે તે પ્રાપ્ત કરી આપણે રાજી થવું પડે છે. આ કારણથી મહાપુરુષોનાં જીવનચરિતમાંથી જેવો ઉપદેશ મળવો જોઈએ તેવો આપણને મળી શકતો નથી. પરંતુ તેમનાં પુસ્તકો એવાં તો જ્ઞાનના ભંડારરૂપ છે કે તેથી મળતા લાભથી આ ન્યૂનતાનો કેટલેક અંશે બદલો મળે છે એમ માની મનનું આશ્વાસન કરવું પડે છે.

જન્મચરિતનાં આધાર પુસ્તકો—શ્રીમચ્છંકરાચાર્યના દિગ્વિજય-ની હકીકત ચાર પુસ્તકોમાં લખેલી છે:—(૧) માધવાચાર્યકૃત શ્રીશંકર-દિગ્વિજય, (૨) આનન્દગિરિકૃત શ્રીશંકરદિગ્વિજય, (૩) ચિદ્વિલાસકૃત શ્રીશંકરદિગ્વિજય, અને (૪) સદાનન્દકૃત શ્રીશંકરદિગ્વિજય. તેમાંના માધવાચાર્યના પુસ્તકમાંથી અહિં હકીકત આપી છે. તેમાં સારાસારનો નિર્ણય હરકોઈ વાચકવર્ગ કરી શકે છે; છતાં વચ્ચે વચ્ચે સાર દર્શાવવા પ્રયત્ન કર્યો છે.

જન્મસમયે ધર્મની પરિસ્થિતિ—આચાર્યશ્રીનો જન્મ મલબાર પ્રાન્તમાં કાલડી ગામમાં થયો હતો. એમના પિતાનું નામ શિવગુરુ હતું. એમના જન્મસમયે હિંદુસ્તાનમાં ધર્મની કેવી સ્થિતિ હતી તે જાણવાની

જરૂર છે. બુદ્ધ ધર્મમાં ધીમે ધીમે સડો પેઠો હતો. મઠો વિદ્યાનાં ધામ હોવાને બદલે દુરાચારનાં સ્થાન થઈ પડ્યાં હતાં. એ માર્ગમાં અહિંસા, દયા, ને નીતિના જે અંશો હતા તે સર્વગ્રાહ્ય હતા; પરંતુ એની નાસ્તિકતાને લીધે તેમજ બૌદ્ધોમાં દુરાચાર પેઠો હતો તેથી તેમનું બળ કમી થતું ગયું. બ્રાહ્મણોએ સમયનો લાભ લઈ બ્રાહ્મણધર્મનું પુનઃ સ્થાપન કરવા માંડ્યું. એ સમયે કુમારિલ ભટ્ટ નામના સમર્થ મીમાંસકનો જન્મ થયો. એઓની જન્મભૂમિ આસામ હતી. એમણે જૈમિનિકૃત પૂર્વમીમાંસા પર શબરસ્વામીએ જે ભાષ્ય લખ્યું છે તે પર 'તન્ત્રવાર્તિક' નામનું વાર્તિક લખ્યું છે. કુમારિલ ભટ્ટ આચાર્ય, કે ભટ્ટપાદ, કે ભટ્ટ તરીકે સુપ્રસિદ્ધ છે. એમણે વેદના કર્મ, ઉપાસના, ને જ્ઞાન એ ત્રણ કાંડમાંથી કર્મકાંડની મહત્તા પ્રતિપાદન કરી. એમના તેમજ શ્રીમચ્છંકરાચાર્યના જન્મ વિષે શંકરદિગ્વિજયમાં માધવાચાર્યે નીચે પ્રમાણે હકીકત વર્ણવી છે. એક વખત મહાદેવ કૈલાસગિરિ પર બેઠા હતા તે વખતે દેવોએ આવી વન્દન કરી એવી વિજ્ઞાપના કરી કે હે ભગવન્, આપ જાણો છોજ કે બુદ્ધરૂપે પ્રકટેલા વિષ્ણુ અમારા કલ્યાણને માટે સુગતોને છેતરે છે.[1]

---

१. 'विज्ञातमेव भगवन् विद्यते यद्धिताय नः ।
वञ्चयन् सुगतान् बुद्धवपुर्धारी जनार्दनः ॥ १. ३० ॥
तत्प्रणीतागमालम्बैर्बौद्धैर्दर्शनदूषकैः ।
व्याप्तेदानीं प्रभो धात्री रात्रिः संतमसैरिव ॥ ३१ ॥
वर्णाश्रमसमाचारान् द्विषन्ति ब्रह्मविद्द्विषः ।
ब्रुवन्त्याम्नायवचसां जीविकामात्रकां प्रभो ॥ ३२ ॥
न संध्यादीनि कर्माणि न्यासं वा न कदाचन ।
करोति मनुजः कश्चित् सर्वे पाखण्डतां गताः ॥ ३३ ॥

પરંતુ તેમણે રચેલાં શાસ્ત્રોને આધારે દર્શનોની નિન્દા કરનારા બૌદ્ધો પૃથ્વી પર ફરી વળ્યા છે. તેઓ વર્ણાશ્રમની નિન્દા કરે છે, બ્રહ્મજ્ઞાનીઓનો દ્વેષ કરે છે, અને વેદવચન માત્ર આજીવિકાને માટે છે એમ કહે છે. પૃથ્વી પર કોઈ સંધ્યા વગેરે નિત્ય કર્મો, કે દેવન્યાસ, કે અંગન્યાસ કરતા નથી. સર્વે પાખંડી થયા છે. 'ક્રતુ' (યજ્ઞ) એવા બે અક્ષર તેમને કાને પડે છે કે તેઓ કાન બંધ કરી દે છે. આવી સ્થિતિમાં ક્રિયા શી રીતે ચાલે ને અમને યજ્ઞભાગ ક્યાંથી મળે? જેમ દુર્જન પુરુષો કરુણાનો ત્યાગ કરે છે તેમ પાંખડીઓએ કર્મનો ત્યાગ કર્યો છે, શિવમાર્ગ ને વિષ્ણુમાર્ગનો આશ્રય લઈ તેઓ શરીર પર લિંગ ને ચક્રનાં ચિહ્ન ધારણ કરે છે. ભૈરવના પૂજકો, નીચ કાપાલિકો, બ્રાહ્મણોનાં માથાં કાપી નાખી તે વડે, જેમ કમળથી પૂજા કરતા હોય તેમ, ભૈરવની પૂજા કરે છે અને કોઈ પણ પ્રકારની મર્યાદા રાખતા નથી. આ સિવાય બીજા પણ ઘણા કાંટાથી ભરેલા જેવા માર્ગો છે, તેનું અવલંબન કરવાથી મનુષ્યો દુઃખી થાય છે. તેથી હે ભગવન્, આપ લોકની રક્ષાને અર્થે વેદમાર્ગનું સ્થાપન કરો કે તેથી લોકો સુખી થાય. એ ઉપરથી મહાદેવે કહ્યું કે હું મનુષ્યનો અવતાર ધારણ

श्रुते पिदधति श्रोत्रे क्रतुरित्यक्षरद्वये ।
क्रियाः कथं प्रवर्तेरन् कथं क्रतुभुजो वयम् ॥ ३४ ॥
शिवविष्ण्वागमपरैर्लिङ्गचक्रादिचिह्नितैः ।
पाखण्डैः कर्म संन्यस्तं कारुण्यमिव दुर्जनैः ॥ ३५ ॥
सद्यःकृत्तद्विजशिरःपङ्कजार्चितभैरवैः ।
न ध्वस्ता लोकमर्यादा का वा कापालिकाधमैः ॥ ३७ ॥
अन्येऽपि बहवो मार्गाः सन्ति भूमौ सकण्टकाः ।
जनैर्येषु पदं दत्त्वा दुरन्तं दुःखमाप्यते ॥ ३८ ॥

કરી તમારા મનોરથ સફળ કરીશ. [1]દુષ્ટ આચારનો નાશ કરવા માટે અને ધર્મનું પરિપૂર્ણ રીતે સ્થાપન કરવા માટે બ્રહ્મસૂત્રના તાત્પર્યના અર્થનો નિર્ણય કરનારૂં ભાષ્ય કરીશ. દ્વૈતરૂપી અન્ધકારનો નાશ કરવા મધ્યાહ્નસૂર્ય જેવા, જાણે વિષ્ણુના ચાર ભુજ ન હોય એવા, ચતુર શિષ્યોની સાથે પૃથ્વી પર શંકર નામનો યતીન્દ્ર થઈશ. તમો પણ મારી પેઠે પૃથ્વી પર મનુષ્યદેહ ધારણ કરી મારી પાછળ આવશો, એટલે સર્વ મનોરથ પરિપૂર્ણ થશે. આમ કહી શિવજીએ પોતાના પુત્ર કાર્તિકસ્વામી તરફ દષ્ટિ કરી ને બોલ્યા, હે સોમ્ય, જગતનો ઉદ્ધાર કરવા સારૂ હું કહું છું તે સાંભળ. ત્રણ કાંડવાળા વેદનો ઉદ્ધાર થશે ત્યારેજ દ્વિજોનો ઉદ્ધાર થશે; અને દ્વિજોને આશ્રયેજ વર્ણાશ્રમ ધર્મ છે. મારો અભિપ્રાય જાણીને વિષ્ણુએ અને શેષે મધ્યમકાંડ એટલે ઉપાસનાકાંડનો ઉદ્ધાર કરવા માટે પૃથ્વી ઉપર સંકર્ષણ અને પતંજલિ તરીકે અવતાર લીધો છે; અને જ્ઞાનકાંડનો હું ઉદ્ધાર કરીશ એવી મેં દેવતાઓને પ્રતિજ્ઞા કરી છે. તારે કર્મકાંડનો ઉદ્ધાર કરવો; એથી સુબ્રહ્મણ્ય એવી તારી ખ્યાતિ થશે. પૃથ્વી પર અવતાર લઈ તારે વેદમાર્ગના વિરોધી બૌદ્ધોને જીતવા. બ્રહ્મા મંડનમિશ્ર નામના બ્રાહ્મણ તરીકે અવત-

---

१. दुष्टाचारविनाशाय धर्मसंस्थापनाय च ।
भाष्यं कुर्वन् ब्रह्मसूत्रतात्पर्यार्थविनिर्णयम् ॥ ४१ ॥
मोहनप्रकृतिद्वैतध्वान्तमध्याह्नभानुभिः ।
चतुर्भिः सहितः शिष्यैश्चतुरैर्हरिवद्भुजैः ॥ ४२ ॥
यतीन्द्रः शंकरो नाम्ना भविष्यामि महीतले ।
मद्वत् तथा भवन्तोऽपि मानुषीं तनुमाश्रिताः ॥ ४३ ॥
तं मामनुसरिष्यन्ति सर्वे त्रिदिववासिनः ।
तदा मनोरथः पूर्णो भवतां स्यान्न संशयः ॥ ४४ ॥

રીને તને સહાય થશે અને ઇન્દ્ર સુધન્વા રાજાનો અવતાર લઈ એ કામમાં મદદ કરશે. આ પ્રમાણે સર્વ દેવોએ, કાર્તિકેયે, ને શિવજીએ વેદમાર્ગનો ઉદ્ધાર કરવા મનુષ્યાવતાર લીધો.

શ્રીશંકરદિગ્વિજયમાં વિદ્યારણ્યસ્વામી આવું વર્ણન આપે છે. આ ઉપરથી નીચેની ત્રણ વાત સિદ્ધ થાય છેઃ—

(૧) બુદ્ધને વિષ્ણુનો અવતાર માન્યો છે તેથી એમ જણાય છે કે અવૈદિક હિંસાનું બળ વધી ગયું હતું અને એના નાશ કરનાર સમર્થ પુરુષની જરૂર હતી એમ બ્રાહ્મણો પણ સમજતા હતા.

(૨) બુદ્ધની પછી કાલક્રમે બૌદ્ધ માર્ગમાં સડો પેઠો. મઠોમાં અનાચાર થવા માંડ્યો. વેદ તરફ લોકોને અશ્રદ્ધા ઉત્પન્ન થવાથી વર્ણાશ્રમના ધર્મો લુપ્ત થવા માંડ્યા. પાખંડીઓનું જોર વધવા માંડ્યું. અનેક પ્રકારના વેદબાહ્ય માર્ગો પ્રચલિત થયા. વળી તે માર્ગે જનારાઓએ કેટલાંક પોતાને લાભનાં વેદવાક્યોનો આસપાસના સંબંધથી નિરાળાં લઈને આશ્રય લેવા માંડ્યો, તથા તેઓ શ્રુતિ કરતાં સ્મૃતિ ને પુરાણોને વધારે પ્રમાણભૂત ગણવા લાગ્યા. કેટલાક લોકો ભૈરવને પૂજવા લાગ્યા અને તેને દ્વિજનાં શિર છેદી અર્પણ કરવા લાગ્યા. આમ અશ્રદ્ધા, અજ્ઞાન, અને ક્રૌર્યનું બળ વધવા માંડ્યું.

(૩) આવી પરિસ્થિતિમાં કુમારિલ ભટ્ટનો જન્મ થયો.

કુમારિલ શબ્દની વ્યુત્પત્તિ—ધનપતિ સૂરિ શ્રીશંકરદિગ્વિજય પરની પોતાની ડિંડિમ નામની ટીકામાં કુમારિલ શબ્દની વ્યુત્પત્તિ આ પ્રમાણે આપે છેઃ—" **कुमारः 'कुमारः क्रौञ्चदारणः' इत्यमरात् स्कन्दः सोऽस्यास्तीति कुमारी स्कन्दपिता श्रीशंकरस्तं लात्यात्मपितृत्वेनाद्दत्त इति तथा शिवाज्ञापरिपालकः ॥** "—કુમાર એટલે કાર્તિકસ્વામી, કુમારી એટલે શિવ અને કુમારિલ એટલે શિવને પિતા તરીકે માનનાર, શિવની આજ્ઞા પાળનાર.

કુમારિલે કરેલો બૌદ્ધોનો પરાજય—કુમારિલનો જન્મ આસામમાં થયો હતો એમ કેટલાક માને છે ને કેટલાક એને તામિલ લોકોની

ભૂમિના વતની માને છે. કહે છે કે બુદ્ધ મતનું રહસ્ય જાણવા એમણે બુદ્ધ સાધુનો વેષ ધારણ કરી તેમના મઠોમાં જ્ઞાન મેળવ્યું હતું. એક પ્રસંગે ગુરુને વેદની અતિશય નિન્દા કરતા જોઈ એમની આંખમાંથી અશ્રુધારા વહેવા લાગી અને તેથી કેટલાક બૌદ્ધોને એમને વિષે વહેમ ઉત્પન્ન થયો કે એ બ્રાહ્મણ મતના છે. આ ઉપરથી એક પ્રસંગે તેમણે એમને અગાસીમાંથી ફેંકી દીધા. કહે છે કે કુમારિલે પડતાં પડતાં એમ કહ્યું કે જો વેદ સત્ય હશે તો મને ઈજા નહિ થાય. તેમની જિંદગી બચી, પરંતુ 'જો વેદ સત્ય હોય' એમ સહજ શંકાશીલ વચન ઉચ્ચારવાથી એમની એક આંખ ગઈ. તે દિવસથી તેઓ બુદ્ધમતના કટ્ટા દુશ્મન થયા.

હવે કુમારિલે બૌદ્ધોના પર કેવી રીતે વિજય મેળવ્યો તેનું વર્ણન વિદ્યારણ્યસ્વામી નીચે પ્રમાણે આપે છે:—ભટ્ટપાદ જૈમિનિની મીમાંસાનું તાત્પર્ય સમજાવતા, કર્મમાર્ગનો ઉપદેશ કરતા, પંડિતોને જીતતા જીતતા સુધન્વાની રાજધાનીમાં આવ્યા. ત્યાં રાજસભામાં તેમની ને બૌદ્ધોની વચ્ચે વાદ થયો, તેમાં પ્રૌઢ તર્કના બળથી કુમારિલ ભટ્ટે બૌદ્ધોનો પરાજય કર્યો. જેમ ઇન્દ્રે કઠોર વજ્ર વડે પર્વતોની પાંખ કાપી નાખી તેથી તેઓ નીચે પડ્યા; તેજ પ્રમાણે પ્રૌઢ ને સૂક્ષ્મ તર્કના પ્રભાવ વડે સુગત પંડિતો ખંડિત થયા અને તેમનાં મુખ મ્લાનિ પામ્યાં. પછી રાજાએ કહ્યું કે વાદમાં જય ને પરાજયનો આધાર વિદ્યાના બળ પર છે; પણ આ પર્વતના શિખર પરથી જે ભુસકો મારે ને જેને ઈજા થાય નહિ તેનું મત સત્ય છે એમ હું માનીશ. આ સાંભળી પંડિતો સામસામું જોવા લાગ્યા. પણ ભટ્ટપાદ વેદનું સ્મરણ કરી પર્વતના શિખર પર ચઢ્યા ને કહ્યું કે જો વેદો પ્રમાણભૂત હોય તો મને કંઈ પણ ઈજા નહિ થાય. એમ પ્રતિજ્ઞા કરી શિખર પરથી કુદકો માર્યો; અને રૂનો દડો પડ્યો હોય તેમ બીલકુલ ઈજા થઈ નહિ. આ જોઈ રાજાને શ્રુતિને વિષે શ્રદ્ધા ઉત્પન્ન થઈ ને અત્યારસુધી બૌદ્ધ માર્ગનું અવલંબન કર્યું હતું તેને માટે પશ્ચાત્તાપ થયો. પણ સુગત વિદ્વાનોએ કહ્યું કે કયો મત ખરો છે ને કયો ખોટો છે તેનો નિર્ણય કરવામાં આવું પ્રમાણ ચાલી શકે નહિ; મણિ,

મન્ત્ર, ને ઔષધના પ્રભાવથી આવી સ્થિતિમાં દેહનું રક્ષણ થયું હોય. આ ઉપરથી રાજાને ક્રોધ ચઢ્યો ને તેણે ભયંકર પ્રતિજ્ઞા કરી કે હું તમને બંનેને કંઈ પૂછીશ ને તેનો ઉત્તર જેનો ખોટો પડશે તેનો નાશ કરીશ. એમ કહી એક ઘડામાં સર્પ મુકાવી સભામાં મંગાવ્યો ને દ્વિજોને તેમજ બૌદ્ધોને પૂછ્યું કે એમાં શું છે? એનો જવાબ કાલે દઈશું એક કહી બંને વાદીઓ ઘેર ગયા. બીજે દિવસે બૌદ્ધોએ કહ્યું કે એમાં સર્પ છે, અને બ્રાહ્મણોએ કહ્યું કે શેષશાયી વિષ્ણુ છે. આ સાંભળી રાજાનો ચહેરો ઉતરી ગયો; પણ એવામાં બધાથી સંભળાય એવી રીતે આકાશમાંથી વાણી થઈ, ને તેથી સર્વના સંશય મટી ગયા કે હે મહારાજ, બ્રાહ્મણોએ જે કહ્યું છે તે ખરૂં છે, તેમાં સંશય ન કરો, વિશ્વાસ રાખો. એ વાણી સાંભળીને રાજાએ ઘડો તપાસ્યો તો તેમાં વિષ્ણુની મૂર્તિનું દર્શન થયું; આથી તેને કંઈ પણ સંદેહ રહ્યો નહિ, અને તરતજ શ્રુતિનો દ્વેષ કરનારા બૌદ્ધોના નાશને માટે આજ્ઞા કીધી.

સાર—આ વર્ણનનો સાર સ્પષ્ટ છે. ભટ્ટપાદે બૌદ્ધોને શાસ્ત્રીય વાદમાં હરાવ્યા, સુધન્વા રાજાને પોતાના મતનો કર્યો; ને રાજાનો દાખલો લઈને પ્રજામાં પણ ઘણાં માણસોએ બૌદ્ધ માર્ગનો ત્યાગ કરી વેદમાર્ગ સ્વીકાર્યો. શંકરદિગ્વિજયમાં તો એમ કહ્યું છે કે રાજાએ નોકરોને એવો હુકમ કર્યો કે હિમાલયથી તે સેતુબંધ રામેશ્વર સુધી બાળકથી વૃદ્ધપર્યન્ત બૌદ્ધોને જે હણે નહિ તેને હણવો[1]. પણ એ વાતમાં ઘણી અતિશયોક્તિ છે. સુધન્વા કંઈ આર્યાવર્તનો ચક્રવર્તી રાજા હોય એવું જાણ્યામાં નથી, તેથી એની સત્તા આખા દેશમાં ક્યાંથી હોય?

શ્રીમચ્છંકરાચાર્યનો જન્મ—હવે શ્રીમચ્છંકરાચાર્યનો જન્મ કેવી રીતે થયો તેને વિદ્યારણ્યસ્વામી નીચે પ્રમાણે વર્ણવે છે:—

---

१ आ सेतोरा तुषाराद्रेर्बौद्धानावालवृद्धकम् ।
न हन्ति यः स हन्तव्यो भृत्यानित्यन्वशान्नृपः ॥ १. ९३ ॥

આ પ્રમાણે કર્મમાર્ગ પ્રવૃત્ત કર્યા પછી શિવજી કેરલ દેશને વિષે પૂર્ણા નદીને પુણ્ય કિનારે સ્વયંભૂ જ્યોતિર્લિંગસ્વરૂપ પ્રકટ થયા; અને રાજશેખર રાજાને સ્વપ્નું આપ્યું, તેથી તેણે એક મંદિર બંધાવી તેમાં શિવલિંગનું સ્થાપન કર્યું. એ મંદિરની પાસે એક સુંદર [1]અગ્રહાર હતો તેનું નામ કાલટી હતું. એ ગામમાં વિદ્યાધિરાજ નામનો વિદ્વાન્ બ્રાહ્મણ રહેતો હતો તેને શિવગુરુ નામનો પુત્ર હતો; તે જ્ઞાનમાં શિવ અને વચનમાં બૃહસ્પતિ હોવાથી તેનું નામ યથાર્થ હતું. બ્રહ્મચર્ય અવસ્થામાં તેણે ગુરુકુલમાં નિવાસ કર્યો, ગુરુની સેવા કરી, ભિક્ષા માગી જે અન્ન પ્રાપ્ત કર્યું તે ગુરુને સમર્પણ કરી તેની આજ્ઞાથી ભોજન કર્યું, રોજ સાંજસવાર અગ્નિનું સેવન કર્યું, અને એ પ્રમાણે ગુરુસેવા કરી ષડંગસહિત વેદનું અધ્યયન કર્યું અને તેના અર્થનું સમ્યક્ પરિશીલન કર્યું. આમ વિદ્યાભ્યાસ પૂરો થયો એટલે ગુરુએ ઘેર જવાની ને ગૃહસ્થાશ્રમમાં દાખલ થવાની આજ્ઞા આપી. એવામાં એમના પિતા એમને લઈ જવાની ઇચ્છાથી ગુરુને ઘેર આવ્યા અને વિનયપૂર્વક ગુરુદક્ષિણા આપી પુત્રને ઘેર લઈ ગયા. ઘેર જઈ તેણે માતાને વન્દન કર્યું એટલે માતા બહુ પ્રસન્ન થયાં અને બહુ આનન્દથી તેને ભેટયાં, તેથી ઘણા સમયથી થયલા તેમના વિરહપરિતાપનો નાશ થયો; કેમકે ચન્દનરસનો લેપ કર્યો હોય તેથી પણ વિશેષ શીતલ અને સુખકર પુત્રાલિંગન છે. [2]ગુરુને ઘેરથી વિદ્યાભ્યાસ કરી પાછો આવેલો સાંભળી તેનાં સગાં-

---

૧. જેમાં બ્રાહ્મણની વસ્તી ઘણી હોય એવું ગામ. પોષણને અર્થ રાજાએ બ્રાહ્મણોને આપેલું ગામ. **'अग्रं ब्राह्मणभोजनं तदर्थं ह्रियन्ते राजधनात् पृथक्क्रियन्ते ते क्षेत्रादयः।'–'गुरुकुलादावृत्तब्रह्मचारिणे देयं क्षेत्रादि ग्रामभेदश्च ॥'**

૨. **प्रायेण चन्दनरसादपि शीतलं तत् यत् पुत्रगात्रपरिरम्भणनामधेयम् ॥ २, २२ ॥**

વહાલાં તેને મળવા આવ્યાં, તેમનું પિતાએ યોગ્ય સન્માન કર્યું. પછી તેણે પદ, જટા, ક્રમ, મીમાંસા—ભટ્ટ કુમારિલ ને ગુરુ પ્રભાકર બંનેના મત—, અને વૈશેષિક આદિ દર્શનોમાં પુત્રની પરીક્ષા કરી અને તેનું શાસ્ત્રોનું જ્ઞાન ને જવાબ દેવાની ચતુરાઈ જોઈ આનન્દ પામ્યા. [1]પુત્રની વાણીમાત્ર પિતાને સુખકર છે, તો પછી શાસ્ત્રયુક્ત વાણી સુખકર થાય તેમાં પૂછવુંજ શું? પછી શિવગુરુની વિદ્યાની કીર્ત્તિ ચારે તરફ ફેલાઈ અને તેથી આકર્ષાઈ ઘણા વિપ્રો પોતાની પુત્રી તેની સાથે પરણાવવાની માગણી કરવા તેને ઘેર આવ્યા; તેમાંથી [2]કુલ, શીલાદિનો વિચાર કરી મઘ નામના પંડિતની કન્યા સાથે લગ્ન કરવાનું વિદ્યાધિરાજે નક્કી કર્યું. પછી બંને વહેવાઈઓ વચ્ચે તકરાર થઈ. વિદ્યાધિરાજ કહે કે અહિં, અમારા ગામમાં, આવી તમારે કન્યાદાન કરવું, અને મઘ પંડિત કહે તમારે કન્યા લેવા અમારે ગામ આવવું. છેવટે કેટલાક સ્નેહીઓએ મઘ પંડિતને સમજાવ્યા કે તમે ગામ જશો એટલામાં કોઈ બીજો વિદ્યાધિરાજને ગમે તેમ સમજાવી કન્યા આપી દેશે; તે ઉપરથી મઘ પંડિતે શુભ મુહૂર્ત જોવડાવી પોતાની કન્યા સતીનું લગ્ન વિદ્યાધિરાજના ગામમાંજ કર્યું. લગ્ન થયા પછી શિવગુરુ અને સતીએ અનેક પ્રકારના યજ્ઞ કરી પિતૃલોક, દેવલોક, અને બ્રાહ્મણોને સંતુષ્ટ કર્યા અને એ રીતે સુખમાં દિવસ નિર્ગમન કરતા હતા. કાલક્રમે શિવગુરુ વૃદ્ધ થયા તોપણ તેને પુત્રનું સુખ પ્રાપ્ત થયું નહિ. તેથી સતીની ઇચ્છાથી દંપતીએ શિવની

---

१. स्वतः सुखा या किमु शास्त्रतो वाक् ॥ २. २६

२. कुलं च शीलं च वयश्च रूपं विद्यां च वित्तं च सनाथतां च
एतान् गुणान् सप्त परीक्ष्य देया कन्या बुधैः शेषमचिन्तनीयम् ॥

કુળ, શીળ, વય, રૂપ, વિદ્યા, વિત્ત, અને સાસુસસરા વગેરે વડીલો હોવા તે, એટલા સાત ગુણો જોઈને કન્યા આપવી; બાકીનાનો વિચાર કરવાનો નથી.

આરાધના કરી. શિવે પ્રસન્ન થઈ બ્રાહ્મણના રૂપમાં સ્વપ્નામાં શિવગુરુને દર્શન દીધું ને કહ્યું કે હે પુત્ર, તું વરદાન માગ. તે પરથી શિવગુરુએ પુત્રનું વરદાન માગ્યું. બ્રાહ્મણે પૂછયું કે તારે દીર્ઘ આયુષ્ય પણ અલ્પ ગુણવાળા, ઘણા પુત્રો જોઈએ છીએ કે અલ્પ આયુષ્ય પણ બહુ ગુણવાળો, એક પુત્ર જોઈએ છીએ? તે[1] પરથી શિવગુરુએ અલ્પ આયુષ્ય પણ સર્વજ્ઞ પુત્રનું વરદાન માંગ્યું ને શિવજી તથાસ્તુ કહી અન્તર્હિત થયા. કાલક્રમે શુભ લગ્નને વિષે સતીએ પુત્ર પ્રસવ્યો તે પુત્ર તે શ્રીમચ્છંકરાચાર્ય. કાલિદાસે રઘુની ઉત્પત્તિસમયે વર્ણવ્યું છે કે દિશાઓ પ્રસન્ન થઈ, વાયુ સુખકર વાવા લાગ્યા, અગ્નિએ દક્ષિણ તરફ જ્વાલા પ્રસારી હવિનું ગ્રહણ કર્યું, તે ક્ષણે સર્વ વસ્તુ મંગલસૂચક થઈ; ખરેખર, એના જેવા પુરુષોનો જન્મજ લોકોના કલ્યાણને અર્થે છે.[2] તેજ પ્રમાણે વિદ્યારણ્ય પણ કહે છે કે[3] શ્રીમચ્છંકરાચાર્યના જન્મપ્રસંગે પ્રાણીઓએ સહજ વૈરનો ત્યાગ કર્યો. વૃક્ષ અને વેલાઓમાંથી પુષ્પની વૃષ્ટિ થઈ, નદીઓ પ્રસન્ન જળવાળી થઈ વહેવા લાગી, મેઘે પણ પર્વતો ઉપરથી ઊંચે જઈ જળની વૃષ્ટિ કરી. અદ્વૈતવાદીઓના હાથમાંથી પુસ્તકો પડી ગયાં, શ્રુતિમસ્તકો–વેદાન્તો હસ્યા, શ્રીવ્યાસનું ચિત્તકમળ પ્રફુલ્લિત થયું. દિશાઓ બધી પ્રસન્ન થઈ, સુગંધિદાર વાયુઓ વાવા લાગ્યા, અગ્નિઓ પ્રજ્વલિત થયા, તેમની જ્વાલા દક્ષિણ દિશાએ જવા લાગી, અને દેવતાઓએ સ્વર્ગમાંથી પુષ્પની વૃષ્ટિ કરી. જેમ ત્રણ લોક સૂર્યરૂપી

---

१. पुत्रोऽस्तु मे बहुगुणः प्रथितानुभावः सर्वज्ञतापदमितीरित आवभाषे ॥ २ । ५३ ॥

२. दिशः प्रसेदुर्मरुतो ववुः सुखाः प्रदक्षिणार्चिर्हविरग्निराददे ।
बभूव सर्वं शुभशंसि तत्क्षणं भवो हि लोकाभ्युदयाय तादृशाम् ॥

३. तस्मिन् दिने मृगकरीन्द्रतरक्षुसिंहसर्पाखुमुख्यबहुजन्तुगणा द्विषन्तः ।

નેત્રથી પ્રકાશે છે, પૃથ્વી મેરુ પર્વતથી દીપે છે, વિદ્યા વિનયથી વિરાજે છે, તેમ સતી શ્રીમચ્છંકરાચાર્ય પુત્રથી શોભવા લાગ્યાં. શંકરના પ્રસાદથી પ્રાપ્ત થયા હતા માટે પિતાએ તેમનું નામ શંકર પાડ્યું.

બાલ્યાવસ્થા—બાળપણથી શંકરે અલૌકિક બુદ્ધિબળનાં ચિહ્ન દર્શાવ્યાં. શિવગુરુની ઇચ્છા યોગ્ય વયે એમનો ઉપનયન સંસ્કાર કરવાની હતી, પણ એ ત્રણ વર્ષના થયા એટલે તેઓ મરણ પામ્યા; કહ્યું છે કે '**न हि प्रतीक्षते मृत्युः कृतमस्य न वा कृतम्**'—એણે આ કીધું

वैरं विहाय सह चेरुरतीव हृष्टाः कण्डूमपाकृषत साधुतया निघृष्टाः ॥
॥ २.७३ ॥

वृक्षा लताःकुसुमराशिफलान्यमुञ्चन् नद्यः प्रसन्नसलिला निखिलास्तथैव
जाता मुहुर्जलधरोऽपि निजं विकारं भूभृद्गणादपि जलं सहसोत्पपात
अद्वैतवादिविपरीतमतावलम्बिहस्ताग्रवर्तिवरपुस्तकमप्यकस्मात् ।
उच्चैःपपात जहसुः श्रुतिमस्तकानि श्रीव्यासचित्तकमलं विकचीबभूव

सर्वाभिराशाभिरलं प्रसेदे वातैरभाव्यद्भुतदिव्यगन्धैः ।
प्रजज्वलेऽपि ज्वलनैस्तदानीं प्रदक्षिणीभूतविचित्रकीलैः ॥
सुमनोहरगन्धिनी सतां सुमनोवृद्धिमला शिवंकरी ।
सुमनोनिकरप्रचोदिता सुमनोवृष्टिरभूत्तदाद्भुतम् ॥
लोकत्रयी लोकदृशेव भास्वता महीधरेणेव मही सुमेरुणा ।
विद्या विनीत्येव सती सुतेन सा रराज तत्तादृशराजतेजसा ॥

છેલ્લા પદ્યમાં **विनीत्या** એમ સ્ત્રીલિંગપદ વાપર્યું છે તેથી ભિન્ન-લિંગોપમત્વ દોષ દેખાય છે; પરંતુ કવિ આચાર્યચરણાવતારરૂપ મહોત્સવનું વર્ણન કરવામાં આસક્ત છે, તેથી ભક્તિરસમાં મગ્ન હોવાથી ભિન્નલિંગતા આ સ્થળે દોષ નથી, પણ ગુણ છે એમ ટીકાકાર કહે છે.

છે ને આ કીધું નથી તેની વાટ જોવા મૃત્યુ રહેતું નથી. વિદ્યારણ્ય સ્વામી પણ કહે છે કે '**न हि यमोऽस्य कृताकृतमीक्षते**'-એણે કર્યા ન કર્યાની વાટ યમ જોતા નથી. મનુષ્યની ધારણા એમની એમ રહે છે ને તે મૃત્યુના પંજામાં સપડાઈ જાય છે. પાંચમે વરસે માતાએ જનોઈ દીધું ને ગુરુને ત્યાં ભણવા મોકલ્યા. ત્યાં થોડા સમયમાં સર્વ શાસ્ત્રનું અધ્યયન સંપૂર્ણ કર્યું. પોતે ગુરુકુલમાં રહ્યા તે પ્રસંગની એક વાત વિદ્યારણ્ય સ્વામી નીચે પ્રમાણે આપે છે. સમાન વયના શિષ્યો સાથે એક દિવસ ભિક્ષા માટે એક બ્રાહ્મણને ઘેર ગયા. ત્યાં બ્રાહ્મણની સ્ત્રીએ સન્માન કર્યું, પણ અતિશય દીન વાણીએ શોક કર્યો કે ધિક્કાર છે દરિદ્રતાને; આ બટુને આપવાને મારી પાસે કંઈ નથી.[1] એમ કહી તેમને એક આમળું આપ્યું. શંકરને આ જોઈ ઘણી દયા આવી, તેથી લક્ષ્મીની સ્તુતિ કરી. લક્ષ્મી પ્રસન્ન થયાં ને દર્શન દઈ કહ્યું કે હે વત્સ, એ બ્રાહ્મણે પૂર્વ જન્મમાં કંઈ પણ શુભ કર્મ કર્યું નથી, તેથી આ જન્મમાં મારી કૃપા એના પર શી રીતે થાય? [2]શંકર કહે મને હમણાં આમળું આપ્યું તેનું ફળ એને આપો. એ વચનથી પ્રસન્ન થઈ લક્ષ્મીએ તેનું ઘર સુવર્ણનાં આમળાંથી પૂરી દીધું. આ વાર્તા શ્રીમચ્છંકરાચાર્યના દયાળુ ને પરોપકારી સ્વભાવ પર પ્રકાશ પાડે છે. આ પ્રમાણે સકલ વિદ્યા સંપાદન કરી સાતમે વર્ષે પોતાને ઘેર પાછા ફર્યા એમ વિદ્યારણ્ય સ્વામી વર્ણવે છે.

સંન્યાસનો વિચાર—ઘેર આવી માતાને આનન્દ પમાડી દિવસ નિર્ગમન કરે છે. અન્યોન્ય સ્નેહ એવો પ્રબળ હતો કે તેઓ એક ઘડી

---

१. विधिना खलु वञ्चिता वयं वितरीतुं वटवे न शक्नुमः ।
अपि भैक्ष्यमकिंचनत्वतो धिगिदं जन्म निरर्थकं गतम् ॥४. २३

२. इति तद्वचनं स शुश्रुवानभिजगादाम्ब मयीदमर्पितम् ।
फलमद्य ददस्व तत्फलं दयनीयो यदि तेऽहमिन्दिरे ॥४. २९

પણ છૂટા પડવું સહન કરી શકતા નહોતાં.[1] એમ કરતાં વખત જતે શ્રીશંકરનું દર્શન કરવા કેટલાક મુનિઓ આવ્યા. માતાએ તેમનું સન્માન કર્યું અને પુત્રના ભવિષ્ય વિષે પ્રશ્નો પૂછ્યા. તેઓમાંના અગસ્ત્ય મુનિએ કહ્યું કે તમારા સ્વામીએ શિવની આરાધના કરી દીર્ઘ આયુષ્ય ને અલ્પ જ્ઞાનવાળા કરતાં અલ્પ આયુષ્ય અને સર્વજ્ઞ પુત્રનું વરદાન માગ્યું તે પરથી તમારે સુભાગ્યે શિવજીએ જાતે તમારે ત્યાં પુત્ર તરીકે અવતાર લીધો છે. માતાએ પૂછ્યું કે એમનું આયુષ્ય કેટલું છે તે કહો. તે પરથી અગસ્ત્યે કહ્યું કે ૩૨ વર્ષની જીવનમર્યાદા છે. એમ કહીને મુનિઓ પાછા ગયા. આ સાંભળી માતાને ઘણો ખેદ થયો. જેમ અંકુશથી હાથિણીને વેદના થાય છે, જેમ ગ્રીષ્મ ઋતુથી નદી સુકાઈ જાય છે, જેમ પવનથી કેળ કંપિત થાય છે, તેમ મુનિની વાણીથી પુત્રના પર પ્રેમવાળી માતા શોકથી પીડિત થઈ. શંકરે તેના મનનું આશ્વાસન કરવા કહ્યું કે હે માતઃ, જ્ઞાની થઈ અસ્થિર કલેવરને વિષે તે સ્થિર હોય તેવો વિચાર શા માટે લાવો છો? હે અમ્બ, અન્ય જન્મોમાં તેં કેટલા કેટલા પુત્રો લડાવ્યાં નથી કે મેં કેટલી કેટલી સ્ત્રીઓની સંગતિ કરી નથી? તે પુત્રો ક્યાં ગયા? તે સ્ત્રીઓ ક્યાં ગઈ? આપણે ક્યાં ગયા? સંસારની સંગતિ મુસાફરખાનામાં એકઠા થયલા મુસાફરોની સંગતિ જેવી છે. હે માતઃ, ભ્રમથી ભવમાર્ગમાં ભમતાં ભમતાં કંઈ પણ સુખ મળશે એમ મને લાગતું નથી; તેથી ભવ-

---

१. सर्वार्थतत्त्वविदपि प्रकृतोपचारैः शास्त्रोक्तभक्त्यतिशयेन विनीतशाली ।

संतोषयन् स जननीमनयत् कियन्ति संमानितो द्विजवरैर्दिवसानि धन्यः ॥ ५. ३३

सा शंकरस्य शरणं स च तज्जनन्या अन्योन्ययोगविरहस्त्वनयोरसह्यः ॥

બંધનમાંથી મુક્ત થવા ચતુર્થ આશ્રમ એટલે સંન્યાસનો આશ્રય લેવાનો હું યત્ન કરીશ. આ કર્ણકઠોર ભાષણ સાંભળી માતાનો શોક બમણો થયો અને ગદ્ગદ કંઠે બોલ્યાં, હે વત્સ, તું એ વિચાર તજી દે. પ્રથમ ગૃહસ્થાશ્રમ સ્વીકાર, પુત્ર પ્રાપ્ત કર, યજ્ઞો કર, અને પછી સન્યસ્ત થા. એક પુત્રવાળી હું અબળા તારા વિના શી રીતે જીવી શકું? અને હું મરી જાઉં ત્યારે મરણક્રિયા કોણ કરશે? તું સર્વજ્ઞ છે, મને ઘરડીને એકલી મૂકીને શી રીતે જઈ શકીશ? તારૂં હૃદય પીગળતું નથી? તને દયા કેમ નથી આવતી? આવી રીતે દુ:ખ પામતી માતાને દેખીને તેમણે તેના મનનું આશ્વાસન કર્યું. પછી આઠમે વર્ષે મનમાં વિચાર કર્યો કે મારૂં મન સંસારને ઇચ્છતું નથી ને માતા મને તજવા ઇચ્છતાં નથી; પણ તેની થોડી પણ આજ્ઞા મળવીજ જોઈએ. એમ ધારી એક સમયે નાવાની ઇચ્છાથી નદીએ ગયા; ત્યાં ઘણાં ઊંડાં પાણીમાં ગયા, એટલે મગરે પગ ઝાલ્યો કે પોતે રુદન કરી બૂમ પાડી કે હે માતઃ, મગર પગ પકડી ખેંચી જાય છે, શું કરૂં? મારાથી એક પગલું પણ ભરી શકાતું નથી. નદી ઘરની પાસે હતી તેથી ઘરમાંથી આ રુદન સાંભળી માતા સત્વર નદીને કિનારે આવી શોક કરવા લાગ્યાં કે હે પ્રભો, પ્રથમ મારા સ્વામી મને મૂકીને મરણશરણ થયા ને હવે આ પુત્ર મરણશરણ થવા બેઠો છે! હે શિવ, મારૂં મરણ પ્રથમ કેમ ન થયું? આ પ્રમાણે અત્યન્ત શોકમાં નિમગ્ન થયલ માતાને દેખી શંકર બોલ્યા, હે માતઃ, જો તમારી અનુમતિથી હું સંન્યાસ લેવાની પ્રતિજ્ઞા કરૂં તો આ મગર મારો પગ નક્કી મૂકી દેશે. જો તમારી રજા હોય તો હું સંન્યાસની પ્રતિજ્ઞા લઉં. શંકરનો એવો અભિપ્રાય હતો કે દુ:ખમાત્ર પાપનું ફળ છે, પાપ ઉપભોગથી તેમજ ધર્મથી નાશ પામે છે. સંન્યાસ એ ધર્મનો અવધિ છે; તેથી અલૌકિક પુણ્ય ઉત્પન્ન થાય છે તે પુણ્યના બળથી પાપનો નાશ થવાથી, આ દુ:ખનો પણ નાશ થશે. શંકરે આમ કહ્યું કે માતાએ સંન્યાસને માટે તરતજ અનુમતિ આપી; કેમકે પુત્ર જીવતો હોય તો તેનું દર્શન પણ થાય, પણ મુઆ પછી કંઈ દર્શન થવાનું હતું? માની રજા

મળી એટલે શંકરે સંન્યાસ લેવાનો મનમાં નિશ્ચય કર્યો (આતુર અવસ્થામાં મનથી કે વાણીથી સંન્યાસ લેવો એમ શ્રુતિમાં કહ્યું છે–' **यद्यातुरः स्यान्मनसा वाचा वा संन्यसेत्** ') અને મગરે પગ છોડી દીધો. પાણીમાંથી બહાર નીકળી માતાને કહ્યું, હે માતઃ, હવે સંન્યાસી તરીકે હું જે કંઈ કરી શકું તેની આજ્ઞા કરો. તમારી આજ્ઞા હું માથે ચડાવીશ, તે વિષે લગાર પણ સંદેહ રાખશો મા. મારા પિતાનું ધન જેઓ વારસામાં લેશે તેઓ તમને વસ્ત્ર અને અન્ન પૂરાં પાડશે, તમારા શરીરની સંભાળ લેશે, અને મરણ પછી તમને અગ્નિસંસ્કાર કરશે. એ વિષે તમારે લગાર પણ ભીતિ રાખવી નહિ. લોકલાજથી પણ એ બધું તેમને કરવું પડશે. અગ્નિસંસ્કાર દાયાદો કરશે એ વાત માતાથી સહન થઈ નહિ તેથી તેમણે કહ્યું, હે વત્સ, સંન્યાસની પ્રતિજ્ઞા કરીને પણ મગરના મુખમાંથી તારો પગ છૂટે ને તું જીવતો રહે એવું મેં ઇચ્છયું; તેથી જ્યારે મારી દેહ છૂટે ત્યારે જ્યાં હોય ત્યાંથી આવી તારે વિધિ પ્રમાણે મારો અગ્નિસંસ્કાર કરવો; નહિકર મેં તને જન્મ આપ્યો તેનું મને શું ફળ મળ્યું તે કહે. શંકરે કહ્યું, હે માતઃ, દિવસે કે રાત્રે સ્વાધીન સ્થિતિમાં કે રોગાદિથી પરાધીન સ્થિતિમાં જ્યારે તું મારૂં સ્મરણ કરીશ ત્યારે હું મારો સર્વ આચાર મૂકી દઈ તારી પાસે આવીશ. મારા બોલવા પર વિશ્વાસ રાખજે. મરણ પછી તને અગ્નિસંસ્કાર પણ કરીશ. મારી પણ એક પ્રાર્થના તારે સ્વીકારવી. સંન્યાસીથી ન કરી શકાય એવું કામ કરવાની પણ–તને અગ્નિસંસ્કાર કરવાની પણ–મેં પ્રતિજ્ઞા કરી છે; માટે મારા પુત્રે મને વિધવાને અનાથ મૂકી સંન્યાસ લીધો એમ મારે વિષે કોઈ પણ અવસ્થામાં તારે વિચારવું નહિ; કેમકે હું અહિં તારી પાસે રહું ને તને જે ફળ પ્રાપ્ત થાય તેથી સોગણું ફળ હું તને પ્રાપ્ત કરાવીશ. માતાની કૃપા મેળવવાની ઇચ્છાથી તેને આ પ્રમાણે કહ્યું. ત્યાર પછી શંકરે સગાંને બે હાથ જોડીને કહ્યું, સંન્યાસ લેવાની મરજીથી હું દૂર જાઉં છું ને મારી વિધવા માતાને તમને સોંપી જાઉં છું; માટે તમારે એની બરાબર સંભાળ લેવી. આ પ્રમાણે સર્વ કાર્ય સમાપ્ત કરી રુદન કરતી

માતાનો ત્યાગ કરી શંકર ગામ છોડી દૂર નીકળ્યા.

સાર—શંકરનો માતૃસ્નેહ ઘણો પ્રબળ હતો. માતાનું મન તેમણે સંપૂર્ણ રીતે સાચવી લગાર પણ દુભાવા દીધું નહિ.

સંન્યાસની દીક્ષા ને ગુરુકુલનિવાસ—પ્રવાસ કરતા કરતા નર્મદા નદીને કિનારે ગોવિન્દાચાર્યના આશ્રમમાં આવ્યા અને એમની પાસે સંન્યાસની દીક્ષા લીધી. ગોવિન્દે શંકરને પૂછ્યું કે તમે કોણ છો તેના જવાબમાં શંકરે કહ્યું કે હે [1]સ્વામિન્, હું પૃથિવી નથી, જળ નથી, તેજ નથી, વાયુ નથી, આકાશ નથી, કે તેના ગુણો નથી, તેમજ ઇન્દ્રિયો પણ નથી; પરંતુ એ સર્વથી અવશિષ્ટ, જે કેવલ પરમ શિવ છે તે હું છું. સંન્યાસ લઈ વેદાન્તનું જ્ઞાન ગુરુ પાસે પ્રાપ્ત કર્યા પહેલાં શંકરે આવાં વચનો ઉચ્ચાર્યાં એમ વિદ્યારણ્યસ્વામી વર્ણવે છે, તે તરફ કેટલાક વિદ્વાનોને વિશ્વાસ બેસતો નથી. પરંતુ અધિકાર વિના જ્ઞાન કે સંન્યાસ આપવામાં આવતાં નથી, યોગ્ય અધિકારી હોય તો આશ્રમનો ક્રમ બદલવાને શ્રુતિની આજ્ઞા છે—‘**यदहरेव विरजेत् तदहरेव प्रव्रजेत्**’ (જે દિવસે વૈરાગ્ય ઉત્પન્ન થાય તેજ દિવસે સંન્યાસ લેવો), એ બાબતો પર લક્ષ આપતાં તેમજ શંકરની અલૌકિક ને અદ્ભુત, દૈવી માનસિક શક્તિનો વિચાર કરતાં ઉપરનાં વચનમાં ન માનવા જેવું અમને તો લાગતું નથી. શંકરના ગુરુ ગોવિન્દ હતા અને એ ગોવિન્દ ગૌડપાદના શિષ્ય હતા. ગુરુ પ્રતિ શંકરનો ઘણોજ પૂજ્ય ભાવ હતો ને એ ભાવ તેઓ પોતાનાં ભાષ્યોને અન્તે ગુરુ ગોવિન્દનું નામ **श्रीगोविन्दभगवत्पूज्यपादशिष्य** એમ લખીને દર્શાવે છે.

---

१. **स्वामिन्नहं न पृथिवी न जलं न तेजो**
न स्पर्शनो न गगनं न च तद्गुणा वा ।
नापीन्द्रियाण्यपि तु विद्धि ततोऽवशिष्टो
यः केवलोऽस्ति परमः स शिवोऽहमस्मि ॥ ५. ९९

તેમજ **विवेकचूडामणि**ના આરંભમાં પણ ગુરુનું સ્મરણ કરી નમસ્કાર કરે છે, તેમાં પરાપૂર્વથી ચાલી આવતી ગુરુને ઈશ્વર માનવાની [1]પ્રણાલીને અનુસારે ગોવિન્દ ગુરુની પરબ્રહ્મ સાથે એકતા કરી છે. ભજગોવિન્દ સ્તોત્રમાં પણ શ્રીમચ્છંકરાચાર્યે વિષ્ણુનું ગોવિન્દને નામે ભજન કર્યું છે ને એ રીતે પણ ગુરુનું સ્મરણ કરેલું વ્યંગ્ય થાય છે. એ ગોવિન્દ ગુરુ સમર્થ વિદ્વાન્ હતા. કહે છે કે એમણે **मीमांसाशास्त्र**ના દેવતાકાણ્ડ અને જ્ઞાનકાણ્ડ પર ભાષ્ય લખ્યું છે, તેમજ **योगतारावलि** નામનો યોગ પર ગ્રન્થ રચ્યો છે. એ ગોવિન્દ ગુરુની આજ્ઞાથી શંકર વેદાન્તનું અધ્યયન સમાપ્ત કરી શિવપુરી, કાશીમાં ગયા. ગુરુએ કહ્યું કે કર્મમાર્ગથી ઉત્પન્ન થયલા સંસારરૂપ દાવાગ્નિનું શમન કરવા તમે મેઘમાળારૂપ તત્ત્વપદ્ધતિ રચો.[2] તત્ત્વપદ્ધતિ કઈ છે તે લોકો સમજતા નથી તેને તે સ્પષ્ટ રીતે સમજાવો એવું તાત્પર્ય છે. ગુરુએ **ब्रह्मसूत्र** પર ભાષ્ય રચવાની પણ આજ્ઞા કરી; કેમકે એ સૂત્રોનો સ્વમતને અનુસારે ગમે તેમ અર્થ કરે છે તેને સ્થાને સત્ય અર્થ સ્થાપન કરવો જરૂરનો છે.[3] તમે શિવપુરી કાશીમાં જાવ અને ત્યાં તમને મહાદેવ સહાય કરશે.[4]

---

१. सर्ववेदान्तसिद्धान्तगोचरं तमगोचरम् ।
गोविन्दं परमानन्दं मद्गुरुं प्रणतोऽस्म्यहम् ॥
गुरुर्ब्रह्मा गुरुर्विष्णुर्गुरुर्देवो महेश्वरः ।
गुरुरेव परं ब्रह्म तस्मै श्रीगुरवे नमः ॥

२. तद् भवान् व्रजतु वेदकदम्बादुद्भवां भवदवाम्बुदमालाम् ।
तत्त्वपद्धतिमभिज्ञ विवेक्तुं सत्वरं हरपुरीमविविक्ताम् ॥ ५.५२

३. अत्र केचिदिह विमतिपन्नाः कल्पयन्ति हि यथायथमर्थान् ।
अन्यथाग्रहणनिग्रहदक्षं भाष्यमस्य भगवन् करणीयम् ॥५. ५६

४. गच्छ वत्स नगरं शशिमौलेः स्वच्छदेवतटिनीकमनीयम् ।
तावता परमनुग्रहमाद्या देवता तव करिष्यति तस्मिन् ॥५. ६२

કાશીપુરીમાં વાસ—ત્યાં શંકર પોતાના જ્ઞાનને માટે પ્રસિદ્ધ થયા. થોડા વખતમાં ભિન્ન ભિન્ન સ્થળેથી શિષ્યો આવવા માંડયા. તેમાં એક ચોલ દેશમાંથી, એટલે તાંજોર પ્રાન્તમાંથી આવ્યો ને શંકરાચાર્યને નમન કર્યું. ગુરુએ પૂછયું કે તું કોણ છે ને તારૂં ધામ કયું છે ? તેણે જવાબ દીધો કે હે ગુરુ, હું વિપ્ર છું. હે વિદ્વન્, મારૂં ઘર ચોલ દેશમાં છે, જ્યાં કવેર-કન્યા–કાવેરી નદી વહે છે. રખડતો રખડતો હું આ દેશમાં આવ્યો છું, ભવ-સાગરમાં ડૂબું છું, તેને પાર કૃપા કરી ઉતારો. આ શિષ્ય તે પદ્મપાદ. તે આગળ જતાં શંકરાચાર્યનો ઘણો પ્રિય શિષ્ય થયો. શિષ્યે કહ્યું, હે ભગવન્, સંસારબન્ધરૂપ રોગની શાન્તિને માટે તમેજ ઉપાસના કરવા યોગ્ય છો, 'વૈદ્યોના વૈદ્ય તમારૂં હું શ્રવણ કરૂં છું' એમ વેદમાં જે સદાશિવનું વર્ણન કર્યું છે તેના તમે અવતાર છો.[1] દિવસે દિવસે શિષ્યની સંખ્યા વધતી ગઈ. વિદ્યારણ્ય સ્વામી કહે છે કે જેમ સૂર્ય કિરણો વડે શોભે છે, પારિ-જાત વૃક્ષ પુષ્પસમૂહથી અલંકૃત થાય છે, ઇન્દ્ર જેમ હજાર નેત્રકમળથી

આ પ્રમાણે મેં (ગોવિન્દ ગુરુએ) પરાશર પુત્ર, વ્યાસને કહ્યું કે તમે ભારત કર્યું, યોગશાસ્ત્ર પણ કર્યું, ને બ્રહ્મસૂત્ર પણ સૂત્રિત કર્યું છે તો તમારે બ્રહ્મસૂત્ર પર ભાષ્ય કરવું જોઈએ. ત્યારે વ્યાસે કહ્યું કે મારા જેવા એક તમારા શિષ્ય થશે તે એ ભાષ્ય કરશે—**मत्समस्तव भविष्यति शिष्यः ।** ५. ५८ **दुर्मतानि निरसिष्यति सोऽयं शर्मदायि च करिष्यति भाष्यम् ॥** ५. ५९

१. **संसारबन्धामयदुःखशान्त्यै स एव नस्त्वं भगवानुपास्यः ।**
भिषक्तमं त्वा भिषजां शृणोमीत्युक्तस्य योऽभूदुदितावतारः ॥
६. १३

દીપે છે, તેમ શ્રીમચ્છંકરાચાર્ય છાત્રપક્તિથી વિરાજતા હતા.[૧]

ચાણ્ડાલસમાગમ—એક દિવસ બપોરે શિષ્યો સાથે શંકરાચાર્ય ગંગા નદીમાં સ્નાન કરવા જતા હતા, તેવામાં માર્ગમાં એક ચાંડાલને ચાર ભયંકર કુતરા સાથે જોયો, એટલે તેને કહ્યું કે દૂર જા. આ ઉપરથી ચાણ્ડાલે કહ્યું કે '**एकमेवाद्वितीयम्**' એમ સેંકડો વેદાન્તવાક્યો એકતાનું શાસન કરે છે ત્યાં તમારા જેવા વેદાન્તીને ભેદકલ્પના છે એ ઘણું નવાઈ જેવું છે. એવાં જ્ઞાનનાં વાક્યો સાંભળી શંકરાચાર્યે ઉત્તર આપ્યો કે હે નૃવર, તમે જે હમણાં કહ્યું તે ખરૂંજ છે. આત્મજ્ઞાની જે તમે છો તેને વિષે એ અન્ત્યજ છે એવો વિચાર હું હવે તજી દઉં છું. જે સ્થિર બુદ્ધિવાળાને અખિલ જગત્ આત્મસ્વરૂપે ભાસે છે તે દ્વિજ હો કે શ્વપચ–ચાંડાલ હો, મને તે વન્દનીય છે એવી મારી દૃઢ નિષ્ઠા છે.[૨] આ પ્રસંગને લઈને **मनीषापञ्चक** નામનું સ્તોત્ર રચાયું છે; તેનો સાર એવો છે કે જેને બ્રહ્મજ્ઞાન થયું છે અને જેનો ભેદભાવ નષ્ટ થયો છે તે ચાંડાલ હો કે દ્વિજ હો, પણ તે મારો ગુરુ છે, એવું શંકરાચાર્યનું વચન છે–'**चाण्डालोऽस्तु स तु द्विजोऽस्तु गुरुरित्येषा मनीषा मम**'. વિદ્યારણ્ય સ્વામી કહે છે કે શંકરાચાર્ય આવાં વચન બોલી રહ્યા

---

૧. **चण्डभानुरिव भानुमण्डलैः पारिजात इव पुष्पजाततः ।**
वृत्रशत्रुरिव नेत्रवारिजैश्छात्रपङ्क्तिभिरलं ललास सः ॥ ६. २०

२. **अद्वितीयमनवद्यमसङ्गं सत्यबोधसुखरूपमखण्डम् ।**
आमनन्ति शतशो निगमान्तास्तत्र भेदकलना तव चित्रम् ॥ ६. २६
सत्यमेव भवता यदिदानीं प्रत्यवादि तनुभृत्प्रवरैतत् ।
अन्त्यजोऽयमिति संप्रति बुद्धिं संत्यजामि वचसात्मविदस्ते ।
भाति यस्य तु जगद् दृढबुद्धेः सर्वमप्यनिशमात्मतयैव ।
स द्विजोऽस्तु भवतु श्वपचो वा वन्दनाय इति मे दृढनिष्ठा ॥

એટલે તેમણે પોતાની પાસે ચાંડાલને બદલે સાક્ષાત્ શંકરને દીઠા. તેમને શંકરાચાર્યે યોગ્ય નમન કર્યું અને સ્તુતિ કરી. શંકરે પ્રસન્ન થઈ કહ્યું કે બાદરાયણની પેઠે તમે પણ મારા પ્રિય છો, તેમણે બ્રહ્મસૂત્ર કર્યું છે તેમ તમે તે પર ભાષ્ય રચો અને ભેદાભેદવાદી ભાસ્કર, શાક્ત અભિનવગુપ્ત, ભેદવાદી શૈવ નીલકંઠ, ગુરુપ્રભાકર, અને ભટ્ટમતના અનુયાયી મંડનમિશ્રને જીતીને અદ્વૈતમતનું તત્ત્વ પ્રસિદ્ધ કરો; કહે છે કે **भज गोविन्दम** એ સ્તોત્રની પણ એવીજ કથા છે. કાશીમાં એક શિષ્યને **डुकृञ् करणे** એમ બહુ આસક્તિથી ગોખતો જોઈ, એવા વ્યાકરણના અભ્યાસથી ભવનું સાર્થક્ય નથી એવા તાત્પર્યનું **भज गोविन्दम्** સ્તોત્ર રચ્યું.

બદરીમા વાસ ને પુસ્તકોની રચના—પછી કાશીમાંથી નીકળી શ્રીમચ્છંકરાચાર્ય બદરીમાં ગયા અને ત્યાં બારમે વર્ષે સમાધિનિષ્ઠ મહર્ષિઓ સાથે બહુ પ્રકારે વેદાન્તનો વિચાર કરી બ્રહ્મસૂત્રનું ભાષ્ય રચ્યું. પછી ઉપનિષદોનાં ભાષ્યો કર્યાં, ત્યાર પછી ગીતા પર તેમજ વિષ્ણુસહસ્રનામ પર ને સનત્સુજાતીય પર ભાષ્ય બનાવ્યાં. એ ભાષ્યો રચ્યા પછી ઉપદેશસહસ્રિકા આદિ અનેક ગ્રન્થો રચ્યા. પછી તાન્ત્રિક પાશુપતો જેઓ પોતાને પંડિત માનતા હતા તેમને તર્કબળથી પરાસ્ત કર્યા. કાલક્રમે કાશીપુરના લોકોએ બાળક યતીશ્વરનું અદ્ભુત બુદ્ધિસામર્થ્ય જોઈ આ પ્રમાણે કહ્યું કે સર્વ શાસ્ત્રનું તેજ જેમને વિષે છે એવા શ્રીશંકરથી ભેદાભેદવાદી ભાસ્કર, શાક્ત અભિનવગુપ્ત, મુરારિમિશ્ર, ભારતીના સ્વામી મંડનમિશ્ર, ગુરુ પ્રભાકર એ સર્વે પરાભવ પામ્યા.

વૃદ્ધ બ્રાહ્મણ સાથે વાદ—એક દિવસ શંકર શારીરકસૂત્રભાષ્યનું અધ્યયન શિષ્યોને કરાવતા હતા, ને તેમની શંકાઓનું નિરાકરણ કરતા હતા, એમ કરતાં કરતાં મધ્યાહ્ન થયો અને શિષ્યો થાકી ગયા: એટલે તે દિવસનું અધ્યયન સમાપ્ત કરાવી શ્રીમચ્છંકરાચાર્ય ધીમે ધીમે ઊઠીને ઊભા થયા. એટલામાં એક વૃદ્ધ બ્રાહ્મણ આવ્યો અને

પૂછ્યું કે તમે કોણ છો? આ તમોને કોણ શિખવે છે ને શું શિખવે છે? શિષ્યોએ જવાબ દીધો કે એ અમારા ગુરુ છે; એ સમસ્ત ઉપનિષદોનું તાત્પર્ય જાણે છે, એમણે ભેદવાદનું જેમાં નિરાકરણ થયું છે એવું શારીરકસૂત્રભાષ્ય રચ્યું છે ને તે અમને શિખવે છે. તે સાંભળી વૃદ્ધ બ્રાહ્મણે કહ્યું કે આ શિષ્યો તમને ભાષ્યકાર કહે છે; જો તમે વેદવ્યાસનાં સૂત્રોનું તાત્પર્ય જાણતા હો તો એક પણ સૂત્ર કહો. [1]એ પરથી શંકરાચાર્યે ઉત્તર દીધો કે સૂત્રાર્થ જાણનારા ગુરુઓને નમસ્કાર છે; હું કંઈ સૂત્રનું તાત્પર્ય જાણનાર છું એમ અભિમાન ધરાવતો નથી, તોપણ જે પૂછશો તેનો ઉત્તર આપીશ. આ સાંભળી તે વૃદ્ધ પુરુષે ત્રીજા અધ્યાયનું પહેલું સૂત્ર ને તેનો અર્થ પૂછ્યા. શ્રીમચ્છંકરાચાર્યે તે કહ્યા. તે અર્થનું તે વૃદ્ધ બ્રાહ્મણે ખંડન કર્યું અને વૃદ્ધ બ્રાહ્મણ ને શંકરાચાર્ય એ બંનેની વચ્ચે આઠ દિવસ વાદ ચાલ્યો. આમ વાદ ચાલ્યો જાય છે એવામાં શ્રીમચ્છંકરાચાર્યની પાસે બેઠેલા એમના પ્રિય શિષ્ય પદ્મપાદે આચાર્યને કહ્યું કે આ વૃદ્ધ યતિ વેદાન્તનું રહસ્ય જાણનાર વ્યાસ છે. તમે શંકર સાક્ષાત્ શંકર છો ને વ્યાસ નારાયણ છે. તે બેનો વાદ ચાલે ત્યારે મારા જેવો કિંકર શું કરે? [2] આ સાંભળી આચાર્યે વ્યાસની સ્તુતિ કરી ને તેમનું

---

१. तमब्रवीद् भाष्यकृदम्यवाचं सूत्रार्थविद्भ्योऽस्तु नमो गुरुभ्यः।
सूत्रज्ञताहंकृतिरस्ति नो मे तथापि यत् पृच्छसि तद् ब्रवीमि ॥
७. ५.

२. एवं वदन्तौ यतिराड्द्विजेन्द्रौ विलोक्य पार्श्वस्थितपद्मपादः।
आचार्यमाहेति महीसुरोऽथ व्यासो हि वेदान्तरहस्यवेत्ता ॥
त्वं शंकरः शंकर एव साक्षाद् व्यासस्तु नारायण एव नूनम्।
तयोर्विवादे सततं प्रसक्ते किं किंकरोऽहं करवाणि सद्यः ॥
७, १०–११

યોગ્ય સન્માન કર્યું. પછી પોતાનું સમગ્ર ભાષ્ય તેમને બતાવ્યું. તે જોઈ તેઓ ઘણા રાજી થયા અને ઉપનિષદોનું વ્યાખ્યાન કરી ભેદવાદીઓને જીતવાની આજ્ઞા કરી ચાલતા થયા.

સાર—આનો સાર સ્પષ્ટ છે. શ્રીમચ્છંકરાચાર્યના ભાષ્ય પર વાદ કરવા અનેક વિદ્વાનો આવતા હશે અને એ પ્રમાણે આ વૃદ્ધ પુરુષ ઘણા વિદ્વાન્ હોવાથી તેમને વ્યાસ માન્યા હશે. આ રીતે વિદ્વાનો આવતા હશે તેઓ ભાષ્ય જોતા હશે અને ઉપર દર્શાવ્યું છે તે પ્રમાણે હું કંઈ સૂત્રોનું તાત્પર્ય જાણવાનું અભિમાન ધરાવતો નથી એમ શ્રીમચ્છંકરાચાર્યે સર્વ વિદ્વાનોને ભાષ્ય દર્શાવી તેમની સાથે વાદ કરી તેમના કહેવામાં કંઈ ગ્રહણ કરવા જેવું હશે તો તે પણ કર્યું હશે. આ પ્રમાણે ભાષ્યના સિદ્ધાન્તો શુદ્ધ ને સ્થાપિત થયા હતા.

પ્રયાગગમન—વૃદ્ધ યતિ ગયા પછી શંકરાચાર્યે ગુરુની આજ્ઞાથી દિગ્વિજય કરવા નીકળવાની ઇચ્છા કરી. પ્રથમ દક્ષિણ દિશામાં કુમારિલ ભટ્ટને જીતવા માટે પ્રયાગ ગયા. ત્યાં શિષ્યસહિત સંગમમાં સ્નાન કર્યું અને સ્નાન કરતી વખત જે માતાએ પોતાને ગર્ભમાં ધારણ કરી પોષ્યા હતા ને તે માટે અસહ્ય દુઃખ સહન કર્યું હતું તેમનું સ્મરણ કર્યું. વિદ્યારણ્યસ્વામી કહે છે કે શ્રીમચ્છંકરાચાર્ય પોતે તો કૃતાર્થ થયા હતા અને એમને કંઈ સ્નાન કરી પવિત્ર થવાનું નહોતું, છતાં લોકસંગ્રહને માટે—અર્થાત્ વ્યવહારને માટે, લોકોનાં મન પર દાખલો બેસાડવા માટે, પોતે સ્નાન કર્યું ને તે સમયે માતાનું સ્મરણ કર્યું.[1] શ્રીમચ્છંકરાચાર્યનો માતૃસ્નેહ કેવો પ્રબળ હતો તેનું આ પણ એક દૃષ્ટાંત છે. તેમજ મહાપુરુષોને માથે પોતાનું

---

१. सस्नौ प्रयागे सह शिष्यसङ्घैः स्वयं कृतार्थो जनसंग्रहार्थी।
अस्मारि मातापि च सा पुपोष दधार या दुःखमसोढ भूरि॥
७. ७२.

આચરણ અનુકરણીય કરવાની કેવી જવાબદારી છે તેનો પણ આમાંથી બોધ મળે છે. જે માર્ગે મોટાં માણસો જાય છે તે માર્ગ પ્રાકૃત પુરુષો અનુસરે છે. '**यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः । स यत् प्रमाणं कुरुते लोकस्तदनुवर्तते ॥**'–એ ગીતાવાક્યાનુસાર શંકર વર્ત્યા હતા એ સ્પષ્ટ છે.

સ્નાન કરી શ્રીમચ્છંકરાચાર્ય કિનારે બેઠા હતા એવામાં એમણે લોકવાર્તા સાંભળી કે ગુરુના નાશથી ઉત્પન્ન થયલા પાપમાંથી મુક્ત થવા ભટ્ટ કુમારિલ બળી મરવાની તૈયારી કરે છે. કુમારિલ ભટ્ટનું ચરિત અને એમણે સૌગતોનો કેવી રીતે પરાજય કર્યો તે અગાઉ વર્ણવ્યું છે. શ્રીમચ્છંકરાચાર્ય તેમને મળ્યા. તે વખતે તે ચિતા પર સૂતા હતા. પરસ્પર સંભાષણથી બંને રાજી થયા. ભટ્ટે કહ્યું કે તમારા ભાષ્ય પર પણ વાર્તિક લખી કીર્તિ પ્રાપ્ત કરવાની મને ઇચ્છા હતી; પણ મેં પ્રાણત્યાગ કરવાનું જે વ્રત લીધું છે તેમાંથી મારે ચલિત થવું નથી. માટે હે દેશિકવર્ય–આચાર્યશ્રેષ્ઠ, મને બ્રહ્મનો ઉપદેશ કરી કૃતાર્થ કરો. તમારે કર્મમાર્ગનો વિજય કરવો હોય તો મંડનમિશ્રને જીતો. એ ઉત્તમ કર્મઠ છે, સદા કર્મરૂપી પ્રવૃત્તિમાં મચેલા છે, નિવૃત્તિમાર્ગથી વિમુખ છે, એને જીતીને વશ કરો; અને એની પાસે ભાષ્ય પર વાર્તિક રચાવો. એમ કહી ભટ્ટાચાર્ય શાન્તિ પામી શ્રીમચ્છંકરાચાર્ય પાસે બ્રહ્મનું શ્રવણ કરી વિષ્ણુધામ પામ્યા.

માહીષ્મતીમાં ગયા—પ્રયાગ છોડી શ્રીમચ્છંકરાચાર્ય માહીષ્મતી નગરીમાં આવ્યા. ત્યાં આવી મંડનમિશ્રને ઘેર જતાં રસ્તામાં પનીઆરીઓને પૂછયું કે મંડનમિશ્રનું ઘર ક્યાં છે? તેમણે જવાબ દીધો કે જ્યાં પોપટીઓ બારણે **स्वतःप्रमाणम् परतःप्रमाणम्** (વેદવાક્યો સ્વતઃપ્રમાણ છે–જાતેજ પ્રમાણરૂપ છે કે પરતઃપ્રમાણ છે–અન્ય પ્રમાણને અધીન છે) એવી વાણી વદે છે તે મંડનમિશ્રનું ઘર છે એમ જાણો. **फलप्रदं कर्म फलप्रदोऽजः** (કર્મ ફળ આપનાર છે કે પરમાત્મા ફળ આપનાર છે) એમ જ્યાં પોપટીઓ બોલે છે તે મંડનમિશ્રનું ઘર છે એમ જાણો. **जगद् ध्रुवं स्यात् जगदध्रुवं स्यात्** (જગત્ નિત્ય છે કે અનિત્ય છે) એમ જ્યાં

પોપટીઓ બોલે છે તે મંડનમિશ્રનું ઘર છે એમ તમે જાણો. ઘરમાં જેવો ધ્વનિ ચાલ્યા કરતો હોય તેની નકલ મનુષ્ય સિવાય ઇતર પ્રાણીઓ પણ કરે છે તો મનુષ્ય પર ઘરના વાતાવરણનો સંસ્કાર પડે એમાં શી નવાઈ, એ આનો સાર છે.

મંડનમિશ્ર ને ભારતી—મંડનમિશ્ર કર્મકાંડના પ્રબળ હિમાયતી હતા, તેમની પત્ની ભારતી ઘણી વિદ્વાન્ હતી. એમની સાથે મંડનમિશ્રનું લગ્ન કેવી રીતે થયું ને ભારતીને લગ્નપ્રસંગે કેવો ઉપદેશ આપ્યો હતો તે વિષે વિદ્યારણ્ય સ્વામીનું વર્ણન ઘણું જાણવા લાયક છે. કહે છે કે ભારતી સર્વ શાસ્ત્ર, છ અંગ સહિત વેદો, તેમજ કાવ્યાદિક સર્વ સાહિત્ય શીખી હતી; તેથી તેનું જ્ઞાન જોઈ લોકો આશ્ચર્ય પામતા હતા.[1] તેણે મંડનમિશ્રના જ્ઞાનની વાતો સાંભળી હતી તેથી તેને પરણવાનું મન હતું. શોણ નદીને કિનારે વસતા વિષ્ણુમિત્ર નામના બ્રાહ્મણની તે કન્યા હતી. એક સમયે હિમમિત્રે પોતાના પુત્ર મંડનમિશ્રને ચિન્તામાં મગ્ન થયલો જોયો ને તેનું કારણ આગ્રહપૂર્વક પૂછવાથી તેને માલમ પડયું કે પુત્રની ઇચ્છા ભારતી સાથે લગ્ન કરવાની છે. તે ઉપરથી બે બ્રાહ્મણોને કન્યાનું માગું કરવા મોકલ્યા. તેઓએ માહીષ્મતી નગરીમાં આવીને વિષ્ણુમિત્રની કન્યા માટે યાચના કરી. તેણે કહ્યું કે હે વિપ્રો, તમે કહો છો તે મને તો રુચે છે, પણ મારે સ્ત્રીની સંમતિ લેવી જોઈએ; કેમકે એવી બાબતમાં એમની સંમતિ ન લઈએ તો પાછળથી કન્યાને દુઃખ પડે તો તેઓ મેણાં મારે. એમ કહી વિષ્ણુમિત્રે પોતાની સ્ત્રીને પૂછ્યું. સ્ત્રીએ કહ્યું કે એ પુરુષની વિદ્યા, વય, કુળ, આચાર વિષે કંઈ જાણતા નથી તો એને કન્યા

---

૧. सर्वाणि शास्त्राणि षडङ्गवेदान् काव्यादिकान् वेत्ति परं च सर्वम् ।
तन्नास्ति नो वेत्ति यदत्र बाला तस्मादभूच्चित्रपदं जनानाम् ॥
३. १६.

કેમ દેવાય ? વિત્ત, કુળ, અને આચાર એથી જે યુક્ત હોય તેને કન્યા દેવી એમ શાસ્ત્રમાં કહ્યું છે તેમજ લોકાચાર પણ છે. વિષ્ણુમિત્ર કહે, લોકમાં પ્રસિદ્ધ હોય અને તેને વિષે આપણને ખબર ન હોય તેને કન્યા નજ દેવી એવો કંઈ નિયમ નથી. વિત્ત કરતાં વિદ્યા વધારે કામની છે. મંડનમિશ્ર વિદ્વાન્, પ્રસિદ્ધ ભટ્ટપાદના શિષ્ય છે. પછી બંને જણે કન્યાની અનુમતિ લેવાનો વિચાર કર્યો, અને તેની મરજી દીઠી તે પરથી મંડન-મિશ્રને પોતે કન્યાદાન કરવાનું કબૂલ કર્યું. પેલા બે બ્રાહ્મણો કન્યાના ઘરના એક બ્રાહ્મણને લઈને પાછા ફર્યા. તે બ્રાહ્મણની સાથે લગ્નપત્રિકા મોકલી હતી. તે લગ્નપત્રિકા વાંચી હિમમિત્ર ઘણો પ્રસન્ન થયો ને વિવાહને માટે યોગ્ય તૈયારી કરી પુત્રને તે બે બ્રાહ્મણો સાથે મોકલ્યો. પછી મંડનમિશ્ર ને ભારતીનાં લગ્ન થયાં. લગ્ન થયા પછી કન્યા વળાવતી વખતે વરને તેમજ કન્યાને જે ઉપદેશ દીધેલો વિદ્યારણ્યસ્વામીએ વર્ણવ્યો છે તે વાંચવા જેવો છે. શંકુન્તલાને કણ્વે દીધેલા ઉત્તમ ઉપદેશનું તે ઘણે અંશે સ્મરણ કરાવે છે. કન્યાનાં માબાપ જમાઈને કહે છે કે છોકરી બાળક છે એને કંઈ ભાન નથી. [1]નાના દડાઓ વડે રમેલી છે. ભૂખી થતી ત્યારે ઘરમાં દોડી આવતી. એકની એક હોવાથી એને કંઈ ઘરનું કામ બતાવ્યું નથી. તમારે એનું સંરક્ષણ કરવું. મૃદુ વચનથી એની પાસે કામ લેવું, કઠોર વચનથી નહિ. કેટલાક નરમ વચનને વશ થાય છે ને કેટલાકને કઠોર વચન કહેવું પડે છે. એ પ્રકૃતિ પ્રમાણે છે ને પ્રકૃતિ કોઈથી છોડાતી નથી.

---

१. बालैरियं क्रीडति कन्दुकाद्यैर्जातक्षुधा गेहमुपैति दुःखात् ।
एकेति बाला गृहकर्म नोक्ता संरक्षणीया निजपुत्रितुल्या ॥
३. ६२.

बालेयमङ्ग वचनैर्मृदुभिर्विधेया कार्यां न रूक्षवचनैर्न करोति रुष्टा ।
केचिन्मृदूक्तिवशगा विपरीतभावाः केचिद्विहातुमनलं प्रकृतिं जनो हि ॥ ३. ६३.

[1]અમારા વચનથી સાસુને કહેવું કે બાળપણમાં અપરાધ સાધારણ છે તેવો કોઈ અપરાધ કરે તો તમારે દરગુજર કરવો. આપણે પણ બાળપણમાં એવાજ હતા કેની? બુદ્ધિ આવી ત્યારે ડાહ્યા થયા. પછી છોકરીને શિખામણ દે છે કે [2]હે વત્સે, હવે તારી નવી જિંદગી શરૂ થાય છે. હોશિયારી રાખી તે જિંદગીનું બરાબર રક્ષણ કર. બાળપણના જેવી નાદાની કરી લોકો પાસે મશ્કરી ન કરાવતી. અમે જેમ આ નાદાનીથી રાજી થતા હતા તેમ બીજા રાજી થશે? નહિજ થાય. લગ્ન પહેલાં કન્યા માબાપને સ્વાધીન હોય છે, લગ્ન પછી પતિને સ્વાધીન થાય છે; માટે હમેશ પતિભક્તિમાં નિમગ્ન રહેજે; એથી આ લોક ને પરલોક બંનેમાં તારૂં કલ્યાણ થશે. સાસુસસરા સાથે, માબાપ સાથે વર્તતી હોય તેમ વર્તજે. તેમજ જેઠદીઅર પ્રતિ પણ તેવીજ રીતે વર્તજે. તેઓ કુપિત થશે તો સ્નેહીઓને વિષે પણ વિરોધ કરાવશે.

---

१. बाल्येषु बाल्यात् सुलभोऽपराधः स नेक्षणीयो गृहिणीजनेन।
वयं सुधीभूय हि सर्व एव पश्चाद् गुरुत्वं शनकैः प्रयाताः॥
३. ६७.

२. वत्से त्वमद्य गमितासि दशामपूर्वां तद्रक्षणे निपुणधीर्भव सुभ्रु नित्यम्।
कुर्यान्न बालविहृतिं जनतोपहास्यां सा नाविवापरमियं परितोषयेत् ते॥ ३. ६९.
पाणिग्रहात् स्वाधिपती समीरितौ पुरा कुमार्याः पितरौ ततः परम्।
पतिस्तमेकं शरणं व्रजानिशं लोकद्वयं जेष्यसि येन दुर्जयम्॥ ३. ७०
पित्रोरिव श्वशुरयोरनुवर्तितव्यं तद्वन्मृगाक्षि सहजेष्वपि देवरेषु।
ते स्नेहिनो हि कुपिता इतरेतरस्य योगं बिभिद्युरिति मे मनसि प्रतर्कः॥ ३. ७६

મંડનમિશ્ર ને શ્રીમચ્છંકરાચાર્ય–મંડનમિશ્ર ને ભારતીનું આવું વિદ્-યુગલ હતું. તે મંડનમિશ્રને જીતવા શ્રીમચ્છંકરાચાર્ય તેને ઘેર ગયા. તે સમયે મંડનમિશ્ર શ્રાદ્ધ કરતા હતા ને તે કાર્યને માટે બે વિદ્વાન્ બ્રાહ્મણોને બોલાવ્યા હતા. વિદ્યારણ્યસ્વામી કહે છે કે તે બે બ્રાહ્મણો જૈમિનિ ને દ્વૈપાયન હતા. સાર એ છે કે તેમના જેવા વિદ્વાન્ બ્રાહ્મણો શ્રાદ્ધ કરાવવા આવ્યા હતા. તે સમયે સંન્યાસીને ત્યાં જોઈને મંડનમિશ્રે '**अक्रोधनैः शौचपरैः सततं ब्रह्मचारिभिः भवितव्यं भवद्भिश्च मया च श्राद्धकर्माणि (के) श्राद्धकारिणा**'॥–એ શાસ્ત્રની આજ્ઞા ભૂલી જઈ ઘણા ગુસ્સે થઈ તેમને ન કહેવા જેવાં વચન કહ્યાં. શ્રાદ્ધ કરાવવા નિમંત્રેલા બ્રાહ્મણોએ આખરે તેમને શાન્ત પાડ્યા ને કહ્યું કે સંન્યાસી પ્રતિ આવાં દુર્વચન યુક્ત નથી. તેમની આજ્ઞાને અનુસરી મંડનમિશ્રે ભિક્ષા માટે તેમને બોલાવ્યા. શંકરાચાર્યે કહ્યું કે મારે તો વાદભિક્ષા જોઈએ છીએ. મંડનમિશ્ર રાજી થયા ને કહ્યું કે મને ઘણા દિવસથી એવી આકાંક્ષા હતી કે કોઈક પ્રસંગે પૃથ્વી પર કોઈ વિદ્વાન્ ઉત્પન્ન થશે; ને તેની સાથે રસિક વાદકથા ચાલશે. એ મારી ઇચ્છા આજ સફળ થઈ તેથી હું આજને ધન્ય દિવસ સમજું છું. સમસ્ત શાસ્ત્રનું જેણે અધ્યયન કર્યું છે એવો હું છું તે મારી ચાતુરી તેં સાંભળી નથી, દુષ્ટ હૃદયવાળા પુરુષોના ગર્વરૂપી વનનં છેદનારી એ કુહાડી છે, એ ચાતુરી શું તારે શ્રવણપથે આવી નથી કે તું મારી સાથે વાદ યાચે છે? આપણે વાદ કરીશું તેમાં મધ્યસ્થ સ્થાન કોણ લેશે? આપણે વાદ કરતા પહેલાં પણ લેવું જોઈએ. પછી મંડનમિશ્રે દ્વૈપાયન ને જૈમિનિને–જે વૃદ્ધ બ્રાહ્મણો શ્રાદ્ધ કરાવવા આવ્યા હતા તેમને—મધ્યસ્થસ્થાન લેવા વિનતિ કરી. એમણે કહ્યું કે તમારી સ્ત્રી ભારતી સાક્ષાત્ સરસ્વતીનો અવતાર છે-ઘણી વિદ્વાન્ છે, માટે તેમને મધ્યસ્થસ્થાને નીમો: એમ કહી તેઓ ચાલતા થયા. પછી ભારતીને મધ્યસ્થસ્થાને[1] નીમ્યાં. બંને જણે

---

१. पत्या नियुक्ता पतिदेवता सा सदस्यभावं सुदती चकाशे ।
तयोर्विवेक्तुं श्रुततारतम्यं समागता संसदि भारतीव ॥ ८. ५९.

પ્રતિજ્ઞા કરી કે જેનો પરાજય થાય તેણે બીજાના શિષ્ય થઈને તેની અવસ્થામાં રહેવું; શ્રીમચ્છંકરાચાર્યે સંન્યાસ છોડી દઈ શુકલવસ્ત્ર પહેરી મંડનમિશ્રના શિષ્ય બનવું અને મંડનમિશ્રનો પરાજય થાય તો તેણે સંન્યાસ સ્વીકારી શ્રીમચ્છંકરાચાર્યના શિષ્ય થવું. આ પ્રમાણે વિશ્વરૂપ મંડનમિશ્ર અને યતિવર શંકરાચાર્ય બંનેએ પ્રતિજ્ઞા લીધી ને વાદ શરૂ થયો. ઉભયભારતીએ બંનેના ગળામાં પુષ્પમાળા નાખી કહ્યું કે વાદ કરતાં કરતાં જેની માળા કરમાઈ જાય તેનો પરાજય થયો સમજવો. એમ વાદ કરતાં કરતાં પાંચછ દિવસ ચાલ્યા ગયા. શ્રીમચ્છંકરાચાર્યે કહ્યું કે હજી કંઈ શંકા હોય તો કહો, તેનો ઉત્તર આપું. તે પરથી મંડનમિશ્રે કહ્યું કે જીવ ને ઈશ્વર એ બે એકરૂપ છે એમ જે તમે કહો છો તેનું હું પ્રમાણ જાણતો નથી, તે કહો. શ્રીમચ્છંકરાચાર્યે પ્રમાણો કહી ખાતરી કરી આપી. મંડનમિશ્રે કહ્યું કે એ તો '**अन्नमुपास्व**,' '**मनो ब्रह्मेत्युपासीत**' ઇત્યાદિ વાકયો કર્મની અભિવૃદ્ધિને માટે અબ્રહ્મ જીવને વિષે બ્રહ્મબુદ્ધિ કરાવે છે ને જીવની ઉપાસના કરવા કહે છે. એ કંઈ જીવ ને બ્રહ્મનું ઐક્ય પ્રતિપાદન કરતાં નથી. આચાર્યે કહ્યું જેમ '**उपासीत**' માં **लिङ्**–વિધ્યર્થ છે–'ઉપાસના કરવી જોઈએ' એવો અર્થ છે, તેમ એવા અર્થવાળો વિધિ **तत्त्वमसि** ઇત્યાદિ વાકયોમાં નથી; માટે જીવની ઉપાસના શી રીતે ઘટે ? એ વાકયો તો જીવ ને બ્રહ્મની એકતાજ ઘટાવે છે. એ પ્રમાણે શ્રીમચ્છંકરાચાર્યે મંડનમિશ્રની સમસ્ત શંકાઓનું નિરાકરણ કર્યું. ભારતીએ આચાર્યની ઉક્તિનું અનુમોદન કર્યું અને મંડનના ગળામાંની માળા કરમાઈ ગઈ. ભારતીએ કહ્યું કે બંને જણા ભિક્ષાને માટે ચાલતા થાઓ. દુર્વાસા મુનિનો મને શાપ હતો. તેથી હું આ લોકમાં અવતરી છું ને તમારો જય થાય ત્યાંસુધી મારે અહિં રહેવાનું છે. શાપનો અવધિ પૂરો થયો છે, માટે હું મારે સ્થાને જઈશ. શ્રીમચ્છંકરાચાર્યની ઇચ્છા તેમનો પણ વાદમાં પરાજય કરવાની હતી, તેથી કહ્યું કે મારી અનુમતિ થાય ત્યારે જજો. મંડનમિશ્રની બધી શંકાઓ તો નિરસ્ત થઈ હતી; પણ એક રહી હતી તે વિષે તેમણે આચાર્યને પ્રશ્ન કર્યો કે મારો વિજય થયો તેનું તો મને લાગતું નથી, પણ શું

જૈમિનિનું વચન વ્યર્થ છે? આચાર્યે કહ્યું, જૈમિનિનો આશય તમે સમજ્યા નથી. વિષયોમાં જેમની બુદ્ધિ પચી રહી છે તેમને પરબ્રહ્મને વિષે અધિકાર કરાવવા માટે પરબ્રહ્મની પ્રાપ્તિના સાધન તરીકે કર્મનું નિરૂપણ કર્યું છે. એમ એ શંકા દૂર કરી એટલામાં જૈમિનિ સાક્ષાત્ ત્યાં આવ્યા-અર્થાત્ પેલા વૃદ્ધ બ્રાહ્મણ આવ્યા-અને કહ્યું કે સાંભળ, જૈમિનિનાં સૂત્રોનું હૃદય શંકરાચાર્યે સમજાવ્યું છે તેજ છે. એમાં લગાર પણ સંશય ન રાખો. એ રીતે મંડનમિશ્રના સર્વ સંશયો છેદાયા. પછી ભારતીએ કહ્યું કે હે આચાર્ય, તમે મારા પતિનો પૂરો જય હજી કર્યો નથી, કેમકે હું એનું અર્ધ અંગ છું, તે મને જીત્યા વિના જય પૂરો થાય નહિ;[1] માટે મને જીતીને એમને તમારા શિષ્ય કરો. શંકરાચાર્યે કહ્યું કે યશસ્વી પુરુષો સ્ત્રીજન સાથે વાદ કરે તે યુક્ત નથી.[2] ભારતી કહે આપણા મતનું ખંડન કરવા જે ઇચ્છે-સ્ત્રી કે પુરુષ ગમે તે હોય-તેનો જય કરવો યુક્ત છે. એથીજ ગાર્ગી સાથે યાજ્ઞવલ્કયે ને સુલભા સાથે જનકે વાદ કર્યો હતો. શંકરાચાર્યે એ વાત સ્વીકારી. બંને વચ્ચે સત્તર દિવસ વાદ થયો. ભારતીથી કોઈ પણ શાસ્ત્રમાં શ્રીમચ્છંકરાચાર્યનો પરાજય થઈ શક્યો નહિ, ત્યારે કામશાસ્ત્રને લગતા પ્રશ્નો પૂછ્યા.[3] શ્રીમચ્છંકરાચાર્યે એ પ્રશ્નોના ઉત્તર આપવા એક માસનો અવધિ

---

૧. अपि तु त्वयाद्य न समग्रजितः प्रथिताग्रणीर्मम पतिर्यदहम् ।
वपुरर्धमस्य न जिता मतिमन्नपि मां विजित्य कुरु शिष्यमिमम् ॥

२. तदसांमतं न हि महायशसो महिलाजनेन कथयन्ति कथाम् ॥ ९. ५९.

३. कलाः कियन्त्यो वद पुष्पधन्वनः किमात्मिकाः किं च
पदं समाश्रिताः ॥
पूर्वे च पक्षे कथमन्यथा स्थितिः कथं युवत्यां कथमेव
पूरुषे ॥ ९. ६९.

માગ્યો ને તે દર્મિયાન અમરુ રાજા મરણ પામ્યા હતા ને તેમના દેહને અગ્નિસંસ્કાર કરતા હતા તેવામાં આચાર્યે તેમના દેહમાં પોતે પ્રવેશ કર્યો ને સકલ કામશાસ્ત્રનું અધ્યયન કરી પોતે પાછો તે શરીરમાંથી પોતાનો આત્મા લઈ લીધો. **अमरुशतक** કાવ્યની આવી આખ્યાયિકા છે.

શ્રીમચ્છંકરાચાર્ય મંડનમિશ્રને ત્યાં આવ્યા ને ત્યાં ભારતીએ એમનો સત્કાર કરી સ્વર્ગમાં જવાની રજા માગી. આચાર્યે કહ્યું કે અમે બતાવેલાં ઋષ્યશૃંગાદિ ક્ષેત્રોમાંના તારાં સ્થાનોમાં તારૂં પૂજન થાઓ અને તું બ્રહ્મલોકમાં જા. પછી મંડનમિશ્ર શ્રીમચ્છંકરાચાર્યના શિષ્ય થયા ને તેઓ સુરેશ્વર નામે પ્રસિદ્ધ થયા. આ પ્રમાણે મંડનમિશ્રનો પરાજય કરીને શ્રીમચ્છંકરાચાર્ય દક્ષિણમાં મહારાષ્ટ્રાદિ દેશોમાં ગ્રન્થોનો પ્રચાર કરતાં શ્રીશૈલ પર્વત પર ગયા. એમના શિષ્યોએ પાશુપત, વૈષ્ણવ, વીર, શૈવ, અને માહેશ્વરોને વાદમાં હરાવ્યા.

સાર–(૧) ભારતી ઘણી વિદ્વાન્ હતી એમાં સંશય નથી. તે સમયે સ્ત્રીઓમાં વિદ્યાનો પ્રચાર હતો. મુસલમાન લોકોના આવ્યા પછી પડદાનો રિવાજ દાખલ થયો તેથી સ્ત્રીઓની સ્વતંત્રતા ને વિદ્વત્તા ઓછાં થયાં-પણ તે સમય પહેલાં ઉપનિષદ્‌ના સમયમાં તેઓ ઘણી વિદ્વાન્ હતી, તેમજ બુદ્ધધર્મના પ્રચાર પછી પણ એ વિદ્વત્તા રહી હતી. સ્ત્રીઓ સાધ્વી થતી, ઉપદેશ કરતી, ને પરિવ્રાજિકા–એટલે એક ગામથી બીજે ગામ ઉપદેશ માટે ભટકતી. સંગમિત્રા એ પ્રમાણે સીલોન ગઈ હતી.

(૨) મંડનમિશ્રનો પરાજય થયો ને તે શ્રીમચ્છંકરાચાર્યના શિષ્ય થયા.

કાપાલિક ને શ્રીમચ્છંકરાચાર્ય—પછી શ્રીમચ્છંકરાચાર્યની પાસે એક કાપાલિક આવ્યો ને કહ્યું કે મહારાજ, મારે ભૈરવને પ્રસન્ન કરવા છે. તેમની મને એવી આજ્ઞા છે કે તું જો રાજાનું કે સર્વજ્ઞનું માથું હોમીશ તો તારૂં કાર્ય સિદ્ધ થશે. ઘણે વખતે મને આપના જેવા સર્વજ્ઞનું દર્શન થયું છે, માટે આપ જેવા પરમાર્થ કરવામાં વિલંબ કરશો નહિ એવી આશા છે. શંકરાચાર્યે કહ્યું કે તારી વાણીનો હું દોષ કાઢતો નથી

અને મારૂં માથું પ્રેમથી તને આપીશ. તું અહિંથી દૂર જા, મને એકાન્તમાં સમાધિ ચઢાવવા દે, મારૂં માથું તને ખુલ્લી રીતે આપી શકાશે નહિ; કેમકે શિષ્યો જાણશે તો તારા કામમાં વિઘ્ન નાખશે. તું એકાન્તમાં મેં સમાધિ ચઢાવી હોય ત્યારે આવજે. કાપાલિક એ સાંભળી ચાલ્યો ગયો. શ્રીમચ્છંકરાચાર્યે પોતાના મનની વાત કોઈને કહી નહિ. થોડી વાર રહીને શિષ્યો સ્નાનાદિ કાર્ય કરવા દૂર ગયા, એટલે કાપાલિક આવ્યો. આચાર્યે સમાધિ ચઢાવી. પાપીએ તેમને જોઈને તરવાર ખેંચી શિરચ્છેદ કરવાની તૈયારી કરી ને જેવો પાસે આવે છે તેવો પદ્મપાદ ત્યાં આવી પહોંચ્યો અને મન્ત્રસિદ્ધિના બળથી સિંહનું રૂપ ધારણ કરી કાપાલિકને મારી નાખ્યો—અર્થાત્ તે કાપાલિકના યુક્તિથી પ્રાણ લીધા.

ગોકર્ણ ને હરિહર—પછી શ્રીમચ્છંકરાચાર્ય ગોકર્ણ ગયા, ત્યાં શિવની પૂજા કરી ને ત્રણ રાત રહીને હરિશંકર નામના દિવ્ય ક્ષેત્રમાં ગયા. ભેદવાદીઓનો ભ્રમ દૂર કરવા આ લોકમાં અદ્ભુત મુદ્રા દર્શાવતા હરિ ને શંકરનું આચાર્યે આરાધન કર્યું.

મૂકામ્બિકા ને સૌન્દર્યલહરિ—હરિહરથી શ્રીમચ્છંકરાચાર્ય મૂકામ્બિકાને સ્થાને ગયા ત્યાં દેવીનું પૂજન ને સ્તવન કર્યું. '**शिवः शक्त्या युक्तः** ઇત્યાદિ ગૌરીસ્તુતિ પ્રસિદ્ધ છે. **सौन्दर्यलहरी** સ્તોત્ર આ પ્રમાણે મૂકામ્બાના દર્શન પછી કર્યું છે.

હસ્તામલક—ત્યારપછી શંકરાચાર્ય શ્રીવલી નામના બ્રાહ્મણોના ગામમાં ગયા. ત્યાં ઘણા પવિત્ર અગ્નિહોત્રી બ્રાહ્મણો રહેતા હતા, તેમાં એક પ્રભાકર નામનો હતો. તેનો પુત્ર રૂપવાન્ ને ગુણવાન્ હતો, તોપણ જડ જેવો હતો. જે કોઈ વિદ્વાન્ પોતાના ગામમાં આવે તેની પાસે પ્રભાકર આ પુત્રને લઈ જઈ તેની જડતા દર્શાવી ઉપાય પૂછતો. શ્રીમચ્છંકરાચાર્યની પાસે પ્રભાકર પોતાના જડ પુત્રને લઈ ગયો અને તેનું ચરિત્ર કહી સંભળાવ્યું. હે ભગવન્, તેર વરસનો થયો છે તોપણ એણે બીલકુલ વેદાધ્યયન કર્યું નથી, લખતાં પણ આવડતું નથી, જેમ તેમ કરીને મેં ઉપનયન સંસ્કાર કર્યો છે. બાળવર્ગ એને ક્રીડા કરવા બોલાવે છે તોપણ

જતો નથી; કેટલાક ટીખળીઓ એને મારે છે તોપણ ક્રોધ કરતો નથી. કોઈ વખત ભોજન કરે છે? ને કોઈ વખત નથી કરતો. સ્વેચ્છા પ્રમાણે વિહાર કરે છે, અમારા કહ્યા પ્રમાણે વર્તતો નથી. આમ કહી પ્રભાકર બોલતો બંધ થયો એટલે શ્રીમચ્છંકરાચાર્યે પૂછ્યું, તું કોણ છે, આમ જડની પેઠે કેમ પ્રવૃત્તિ કરે છે? તે બાળક મહાત્માએ જવાબ દીધો, હું જડ નથી, પણ મારા સામીપ્યથી જડની પ્રવૃત્તિ થાય છે, હે ગુરુ, મને એ વિષે સંદેહ નથી. શોક, મોહ, ક્ષુધા, જરા, ને મૃત્યુ એ છ ઊર્મિથી, જન્મ, સત્તા, વૃદ્ધિ, વિપરિણામ, અપક્ષય, ને નાશ એ છ ભાવવિકારથી રહિત કેવલ સુખરૂપ પર સ્થાન હું છું.[1] મારા જેવો અનુભવ મુમુક્ષુવર્ગને થાય માટે હે ભગવન્, હું બાર પદ્યથી ચિદાત્મતત્ત્વનું સ્વરૂપ કહું છું. એમ બાર શ્લોક કહ્યા કે હું જ્ઞાનસ્વરૂપરૂપ આત્મા છું. જેને આત્મતત્ત્વ હાથમાં રહેલા આમળાના જેવું પ્રકાશતું હતું તેના એ શ્લોકો હસ્તામલકના નામથી પ્રસિદ્ધ થયા; તેમજ તેઓ પણ એજ નામથી પ્રસિદ્ધ થયા છે. પુત્રનુ આવું ચરિત્ર જોઈ શંકરાચાર્યે પ્રભાકરને કહ્યું કે એ પુત્ર તમારી સાથે રહેવાને યોગ્ય નથી. પૂર્વ જન્મના અભ્યાસથી એ સર્વ જાણે છે. એને ગૃહ આદિ વિષયોને વિષે આસક્તિ નથી. એ દેહને આત્મા માની ભ્રમ કરે એવો નથી; તો પછી બાહ્ય વસ્તુઓમાં એને રાગ ક્યાંથી હોય? એમ કહી તે પુત્રને પોતાની સાથે લીધો.

શૃંગેરિપીઠસ્થાપન—પછી આચાર્ય ઋષ્યશૃંગ પર્વત પર ગયા. ત્યાં સ્પર્શમાત્રથી કલ્યાણ કરે એવી તુંગભદ્રા નદી વહે છે. તે પર્વત પર આચાર્યે વિદ્યા ગ્રહણ કરવા સમર્થ બ્રાહ્મણોને ભાષ્ય વગેરે પોતાના ગ્રન્થો

---

૧. **निमित्तं मनश्चक्षुरादिप्रवृत्तौ निरस्ताखिलोपाधिराकाशकल्पः। रविर्लोकचेष्टानिमित्तं यथा यः स नित्योपलब्धिस्वरूपोऽहमात्मा ॥**

हस्तामलकसंवादस्तोत्र પ્રસિદ્ધ છે.

શિખવ્યા; અને ત્યાં મંદિર બાંધી ભારતીની પૂજા પ્રવર્તાવી ને મઠ બાંધી વિદ્યાપીઠની વ્યવસ્થા કરી.

શારદામ્બા—[૧]ભારતીએ ત્યાં શારદામ્બા એવું નામ ધારણ કર્યું છે અને શંકરાચાર્યને જે પ્રતિજ્ઞા કહી હતી તેનું પરિપાલન કરતી અદ્યાપિ શૃંગેરિપુરમાં વસે છે ને ઇષ્ટ વરદાન આપે છે.

તોટકાચાર્ય—શ્રીમચ્છંકરાચાર્યનો એક શિષ્ય હતો તે છાયાની પેઠે ગુરુની અનુવૃત્તિ કરતો હતો. તેનું નામ તોટકાચાર્ય હતું. એક વખત અસંખ્ય શિષ્યો આચાર્યનો ઉપદેશ શ્રવણ કરવા તૈયાર થઈને બેઠા હતા, તેવામાં આચાર્યે કહ્યું, લગાર થોભો, [૨]ગિરિ પણ ક્ષણમાત્રમાં આવશે. ભીંતના જેવા જડ, શાસ્ત્રને વિષે જેને અધિકાર નથી એવા શિષ્યની આચાર્ય શા માટે વાટ જુએ છે એમ પદ્મપાદ આદિ શિષ્યોને વિસ્મય થયો. તેમનો ગર્વ ઉતારવા શિષ્ય પર કરુણા કરી તેને જ્ઞાની બનાવ્યો. તેણે આવીને ગુરુશિષ્યના સંવાદરૂપમાં પરમાત્માનું સ્વરૂપ દર્શાવનારાં તોટકવૃત્તમાં પદ્ય બનાવ્યાં ને સર્વને ચકિત કર્યા, ને એ પરથી તે તોટકાચાર્ય તરીકે પ્રસિદ્ધ થયા.[૩]

સાર—ગુરુકૃપાનો કેવો પ્રભાવ છે તે તોટકાચાર્યની કથા શિખવે છે. ગુરુને પ્રસન્ન કરવા એ શિષ્યનું પ્રથમ કર્તવ્ય છે ને એ કર્તવ્ય બરાબર

---

૧. या शारदाम्बेत्यभिधां वहन्ती कृतां प्रतिज्ञां परिपालयन्ती ।
अद्यापि शृङ्गेरिपुरे वसन्ती प्रद्योततेऽभीष्टवरान् दिशन्ती ॥
१२. ६१

૨. શિષ્યનું નામ છે.

૩. भगवन्नुदधौ मृतिजन्मजले सुखदुःखझषे पतितं व्यथितम् ।
कृपया शरणागतमुद्धर मामनुशाध्युपसन्नमनन्यगतिम् ॥
ઇત્યાદિ પાંચ શ્લોક તોટકવૃત્તમાં રચ્યા.

કરે છે તેને વિદ્યા સફળ થાય છે. ગુરુભક્તિથી ગુરુનું તે શિષ્ય તરફ ચિત્ત વિશેષ આકર્ષાય છે, તેથી તેને શિખવવામાં તેને વિશેષ આનન્દ થાય છે ને એ રીતે તે સહેલથી વિદ્યા સંપાદન કરે છે.

આ પ્રમાણે શ્રીમચ્છંકરાચાર્યના હસ્તામલક, પદ્મપાદ, સુરેશ્વર, ને તોટકાચાર્ય એ ચાર શિષ્યો થયા. [1]વિદ્વાનો તેને જોઈને તર્ક કરતા હતા કે એ શું ધર્મ, અર્થ, કામ, અને મોક્ષ એ ચાર પુરુષાર્થ છે, કે ઋક્, યજુઃ, સામ, ને અથર્વણ એ ચાર વેદ છે, કે સાલોક્ય, સામીપ્ય, સારૂપ્ય, ને સાયુજ્ય નામનાં ચાર મુક્તિસ્વરૂપ છે, કે બ્રહ્માનાં ચાર મુખ છે. ચિરકાળ વિચાર કરીને તેઓ હસ્તામલક આદિ શિષ્ય છે એમ જાણતા હતા. સાર એ છે કે ચારે શિષ્યો ઘણા બુદ્ધિશાલી, જ્ઞાની, ને પવિત્ર હતા.

સુરેશ્વર ને શારીરક ભાષ્ય પર વાર્તિક—એક વખત સુરેશ્વરની ઇચ્છા શારીરકભાષ્ય પર વૃત્તિ કરવાની થઈ, તેથી કહ્યું હે ગુરો, જે કરવાનું હોય તેની મને આજ્ઞા કરો. ગુરુને વિષે ભક્તિથી જે જીવન નિર્ગમન થાય તેજ જીવન છે.[2] શંકરાચાર્યે કહ્યું કે મારા ભાષ્ય પર તમારે વાર્તિક[3] કરવું. 'સારૂં' કહી આજ્ઞા માથે ચઢાવીને બહાર ગયા. પછી પદ્મ-

---

१. पुमर्थाश्चत्वारः किमुत निगमा ऋक्प्रभृतयः
प्रभेदा वा मुक्तेर्विमलतरसालोक्यमुखराः ।
मुखान्याहो धातुश्चिरमिति विमृश्याथ विबुधा
विदुः शिष्यान् हस्तामलकमुखराञ्शंकरगुरोः ॥ १२. ८७.

२. मम यत् करणीयमस्ति ते त्वमिमं मामनुशाध्यसंशयम् ।
तदिदं पुरुषस्य जीवितं यदयं जीवति भक्तिमान् गुरौ ॥१३.२.

३. उक्तानुक्तदुरुक्तानां चिन्ता यत्र प्रवर्तते ।
तं ग्रन्थं वार्तिकं प्राहुर्वार्तिकज्ञा मनीषिणः ॥

પાદના ચિત્સુખ આદિ સહાધ્યાયીઓએ આચાર્યને એકાન્તમાં કહ્યું કે હે ભગવન્, એ કામ કોઈ બીજાને સોંપો. સુરેશ્વરે આખા જીવનમાં કર્મની ઉપાસના કરી છે, માટે વાર્તિકમાં કર્મમતની છાયા આવ્યા વિના રહેશે નહિ.

પદ્મપાદ નામ શી રીતે પડ્યું—વાર્તિકમાં ભટ્ટમત પર પક્ષપાત થશે, માટે જે યોગ્ય લાગે તે કરો. ભગવન્, તમે જાણો છો કે પદ્મપાદ તમારા કેવા ભક્ત છે. એક સમયે અમે બધા શિષ્યો ગંગાને સામે કિનારે હતા તે વખતે ગુરુભક્તિની પરીક્ષા કરવા તમે બધાને તમારી પાસે બોલાવ્યા. બધા શિષ્યો નાવ માટે આમ તેમ ભમતા હતા એવામાં પદ્મપાદે તો નદીમાં ઝંપલાવી તેનાં જળ પર ચાલવાનો પ્રયત્ન કર્યો. ગુરુભક્તિ જોઈ પ્રસન્ન થઈ ગંગાજીએ પદેપદે કમળો પ્રસાર્યાં ને એ રીતે પદ્મપાદ તમારી પાસે આવ્યા. એવી એમની દૃઢ ભક્તિ છે, માટે એમની પાસે કે આનન્દગિરિ પાસે વૃત્તિ કરાવો.

હસ્તામલકઃ પૂર્વ જન્મનો વૃત્તાન્ત—એટલામાં સનન્દન-પદ્મપાદ આવી પહોંચ્યા. તેમણે કહ્યું, ભગવન્, હાથમાં રહેલા આમળાની પેઠે જે સર્વ સિદ્ધાન્તો જાણે છે અને જેમનું નામ આપેજ હસ્તામલક પાડ્યું છે તે પણ વાર્તિક કરવા સમર્થ છે. શંકરાચાર્યે કહ્યું કે તમે કહો છો તે સત્ય છે, પણ તે ધ્યાની પુરુષ છે, બાહ્ય વિષયોમાં તેની પ્રવૃત્તિ નથી. બાળપણથીજ જેનું ચિત્ત આત્મજ્ઞાનમાં વિલીન થયું છે તેની મહાપ્રબન્ધ રચવામાં પ્રવૃત્તિ શી રીતે થાય? શિષ્યોએ આચાર્યને પૂછ્યું કે એવા જડ હસ્તામલકમાં જ્ઞાન શી રીતે આવ્યું? તે ઉપરથી આચાર્યે એના પૂર્વ જન્મનો વૃત્તાન્ત કહ્યો કે એક વખત જમના નદીને કિનારે એક સિદ્ધ પુરુષ રહેતો હતો. એક બ્રાહ્મણી એક દિવસ તેની પાસે બે વર્ષના પોતાના બાળને મૂકી તેને સોંપીને સખીઓ સાથે નાવા ગઈ. એ દર્મિયાન દૈવે કરીને તે બાળક ચાલતો ચાલતો આગળ ગયો ને નદીમાં ડૂબી મુઓ. બ્રાહ્મણી પાછી ફરી ને આ વાત જાણી ઘણું કલ્પાન્ત કરવા લાગી. તે

જાણી મુનિએ યોગબળથી પોતે તે બાળકના શબમાં પ્રવેશ કર્યો તે એ હસ્તામલક છે. તેથી ઉપદેશ વગર એ સર્વ શ્રુતિ ને સ્મૃતિઓ જાણે છે. પણ એની બાહ્ય વિષયોમાં પ્રવૃત્તિ નથી તેથી એ કામ કરવા એ યોગ્ય નથી.

શિષ્યોની પરસ્પર ઈર્ષ્યા: આચાર્ય શિષ્યોને રાજી રાખે છે—સુરેશ્વરજ વાર્તિક રચવા યોગ્ય છે. પરંતુ તમને ઘણાને એ કાર્ય એ કરે તે રુચતું નથી તો હું એની પાસે કરાવીશ નહિ. એક કાર્યમાં ઘણા પ્રતિકૂળ થાય છે તેથી મારા મનમાં સંશય ઉત્પન્ન થાય છે. બીજો કોઈ એ કાર્ય કરવા યોગ્ય નથી એવી ગુરુની ઉક્તિ શિષ્યોથી સહન ન થઈ; તેથી તેમણે કહ્યું કે પદ્મપાદ એ કામ કરવા સમર્થ છે. આચાર્યે કહ્યું, ભાષ્ય પર તે એક નિબન્ધ રચે. વાર્તિક કરવાની તો સુરેશ્વરે પ્રતિજ્ઞા લીધી છે. પછી આચાર્યે એકાન્તમાં સુરેશ્વરને કહ્યું કે ભાષ્ય પર તમે વાર્તિક કરશો મા. આ શિષ્યો તમારી એ કીર્તિ સહન કરી શકતા નથી. તેઓને એવી શંકા છે કે તમે વાર્તિકમાં તમારા કર્મમાર્ગના સિદ્ધાન્તનું પ્રાધાન્ય કહેશો. વેદમાં ચતુર્થ આશ્રમ સિદ્ધ નથી એવો મંડનનો સિદ્ધાન્ત છે, સંન્યાસીઓ ભિક્ષા માગવા આવતા તેને તે ઘરમાં પ્રવેશ કરવા દેતો નથી, એવી લોકવાર્તા જાણીને તમારા જેવા મહાપુરુષ વિષે પણ તેમને વિશ્વાસ નથી, માટે એક સ્વતન્ત્ર ગ્રન્થ રચી મને બતાવજો. પછી સુરેશ્વરે **नैष्कर्म्यसिद्धि** નામનો ગ્રન્થ રચ્યો ને આચાર્યની આજ્ઞાથી ત્રણ વેદનાં તૈત્તિરીય ને બૃહદારણ્યક વેદાન્તો પરનાં ભાષ્ય પર બે વાર્તિક રચ્યાં. પદ્મપાદે ગુરુની આજ્ઞાથી ભાષ્ય પર ટીકા કરી, તેનો પૂર્વ ભાગ **पञ्चपादिका** નામથી ને ઉત્તર ભાગ **वृत्ति** નામથી પ્રસિદ્ધ થયો. પદ્મપાદે એ ટીકાપ્રબન્ધ ગુરુને ગુરુદક્ષિણા તરીકે સમર્પિત કર્યો.

સાર—વિદ્વાનોમાં ઈર્ષ્યા ઘણી પ્રબળ છે. દરેક વિદ્વાનને થોડે કે ઘણે અંશે એનો અનુભવ થશે. હરિએ પણ કહ્યું છે કે '**बोद्धारो मत्सरग्रस्ताः**'-ગ્રન્થની ખુબી જાણનારાઓ ઈર્ષ્યાથી ખવાઈ ગયા છે. શ્રીમચ્છંકરાચાર્ય આ વાત જાણતા હતા તેમજ સુરેશ્વરની વાર્તિક રચવાની યોગ્યતા

સમજતા હતા, તોપણ શિષ્યમંડળનું મન પ્રસન્ન કરવાનું તેમને યોગ્ય લાગ્યું. ગુરુએ શિષ્યોનું મન દુભાવવું નહિ એવો આથી ઉત્તમ બોધ મળે છે. ઘણાની જે ઇચ્છા હોય તે સાચવવી એ યોગ્ય છે.

પદ્મપાદ અને તીર્થયાત્રા—પછી પદ્મપાદને તીર્થયાત્રા કરવાની ઇચ્છા થઈ. ગુરુની સમીપમાં વસવું એ ક્ષેત્રવાસ જેવું છે, તીર્થમાં અનેક જાતનાં સંકટો પડશે. એમ આચાર્યે પ્રથમ તો પદ્મપાદને વાર્યા, પણ તેમની ઇચ્છા ઘણી દૃઢ હતી; તેથી તેમણે કહ્યું, [1]સારાં તીર્થ સેવવાથી મન નિર્મળ થાય છે, જુદા જુદા દેશો જોવાથી મનનું કુતૂહલ શાન્ત થાય છે, સજ્જનોનો સંગ અનર્થોનો નાશ કરે છે; માટે તીર્થપ્રવાસ કોને રુચિકર થતો નથી ? આ ઉપરથી શ્રીમચ્છંકરાચાર્યે કેટલીક શિખામણ દઈ તીર્થયાત્રા કરવાની રજા આપી.

શ્રીમચ્છંકરાચાર્ય ને માતૃદેહસંસ્કાર—પછી યોગશક્તિના બળથી પોતાની માતાની સ્થિતિ વિષે જ્ઞાન થવાથી શિષ્યને હકીકત કહી પોતે માતાની પાસે ગયા. ત્યાં માતાને આતુર અવસ્થામાં જોઈને તેમની આગળ પગે પડ્યા. જેમ ગ્રીષ્મ ઋતુના તાપથી તપેલો મેઘથી શાન્ત થાય છે તેમ તેમને જોઈ માતાની વેદના ઓછી થઈ. [2]આચાર્યે કહ્યું માતઃ, શોક તજી મને જે આજ્ઞા કરવી હોય તે કરો. પુત્રને કુશળ જોઈ માતા રાજી થયાં ને બોલ્યાં કે [3]આવી સ્થિતિમાં મેં તમને કુશળ જોયા એથી વધારે

---

૧. सत्तीर्थसेवा मनसः प्रसादिनी देशस्य वीक्षा मनसः कुतूहलम् ।
क्षिणोत्यनर्थान् सुजनेन संगमस्तस्मान्न कस्मै भ्रमणं विरोचते ॥ १४–१६.

૨. तमातुरां मातरमैक्षतासौ ननाम तस्याश्चरणौ कृतात्मा ।
सा चैनमुद्वीक्ष्य शरीरतापं जहौ निदाघार्त इवाम्बुदेन ॥ १४.३०

૩. दृष्ट्वा चिरात् पुत्रमनामयं सा हृष्टान्तरात्मा निजगाद मन्दम् ।
अस्यां दशायां कुशली मया त्वं दिष्ट्यासि दृष्टः किमतोऽस्ति कृत्यम् ॥ १४. ३२.

શું કરવાનું હોય? હે વત્સ, હવે મારાં અંગ જરાથી શીર્ણ થઈ ગયાં છે; માટે મરણ થયે શાસ્ત્રમાં કહેલી ક્રિયા પ્રમાણે સંસ્કાર કરી મને પુણ્ય લોકોમાં પહોંચાડો. એમ સાંભળી શ્રીમચ્છંકરાચાર્યે પ્રથમ સુખરૂપ એક પરમાત્માનો ઉપદેશ કર્યો. માતાએ કહ્યું, સૌમ્ય, મારૂં મન નિર્ગુણ પરબ્રહ્મ વિષે રમતું નથી, માટે મને સગુણ દેવનો ઉપદેશ કરો. એક [1]અસ્થૂલ, અનણુ, અગોત્ર, તત્ત્વમાત્ર મારી બુદ્ધિમાં પેસી શકતું નથી. આ વચન સાંભળીને અષ્ટમૂર્તિ શંકરનું આચાર્યે ધ્યાન કર્યું. ૧૪ ભુજંગવૃત્તથી તેમની સ્તુતિ કરી તે ભુજંગપ્રયાત નામના શિવસ્તોત્ર તરીકે પ્રસિદ્ધ છે.[2] સ્તુતિથી પ્રસન્ન થઈ મહાદેવે માતાને કૈલાસમાં લાવવા પોતાના કિંકરોને મોકલ્યા. પણ તેમના હાથમાં શૂળ ને પિનાક જોઈ તેમના ભયંકર સ્વરૂપને લીધે તેમની સાથે જવાની માતાએ ના કહી તેથી શંકરાચાર્યે વિષ્ણુનું સ્તવન કર્યું ને માતાને તેના સ્વરૂપનું ધ્યાન ધરવા કહ્યું. એ પ્રમાણે મરણસમયે માધવનું ધ્યાન ધરતાં દેહત્યાગ કર્યો, અને વિષ્ણુદૂતો વિમાનમાં બેસાડી વૈકુંઠ લઈ ગયા. પછી શ્રીમચ્છંકરાચાર્યે માતાને જાતે અગ્નિસંસ્કાર કરવા માટે બાન્ધવોને બોલાવ્યાં. તેમણે આચાર્યની નિન્દા કરી કે હે કિતવ, એ કર્મનો તમને સંન્યાસીને શો અધિકાર છે? આચાર્યે બહુ બહુ વિનવ્યા; પણ તેમણે શબ ઉપાડયું નહિ. છેવટે ક્રોધયુક્ત થઈ શંકરે તેમને શાપ દીધો. સૂકાં લાકડાં એકઠાં કરી, હાથમાં જળપાત્ર લઈ, માતાના દક્ષિણ બાહુમાં અગ્નિનું મન્થન કર્યું અને તે પવિત્રાત્માએ તે વડે તેને અગ્નિસંસ્કાર કર્યો. અગ્નિની યાચના કરી તોપણ બાંધવોએ આપ્યો નહિ તેથી તેમને આચાર્યે શાપ

---

१. सौम्यागुणे मे रमते न चित्तं रम्यं वद त्वं सगुणं तु देवम् ।
न बुद्धिमारोहति तत्त्वमात्रं यदेकमस्थूलमनणवगोत्रम् ॥
१४. ३६.

२. अनाद्यन्तमाद्यं परं तत्त्वमर्थं चिदाकारमेकं तुरीयं त्वमेयम् ।
हरिब्रह्ममृग्यं परब्रह्मरूपं मनोवागतीतं महः शैवमीडे ॥ ઇત્યાદિ.

દીધો કે હવે પછી એ બ્રાહ્મણો વેદબહિષ્કૃત થાઓ. એમને ઘેર કોઈ પણ સંન્યાસી ભિક્ષા માગવા આવશે નહિ. વળી એમનું સ્મશાન એમના ઘરની પાસેજ થાઓ એવો પણ શાપ દીધો. વિદ્યારણ્યસ્વામી કહે છે કે હજી પણ તે દેશના લોકો વેદનું અધ્યયન કરતા નથી ને સંન્યાસીઓ એમને ત્યાં ભિક્ષા યાચતા નથી. તેમજ તે દિવસથીજ તેમનાં શબો તેમનાં ઘરના વાડામાંજ બળે છે. ખરેખર મોટા પુરુષોનો બુદ્ધિપૂર્વક કરેલો અપરાધ સર્વને દુઃખદાયકજ થાય છે.[1]

"આજ પણ નંબુદ્રી બ્રાહ્મણો શબને સંસ્કાર કરવાની જગાએ લઈ-જતા પહેલાં શબને ચપ્પુ વડે ચૂંથે છે. શરીરના સાંધાઓ આગળ ચપ્પુ અરકાડે છે. એ પણ ખરી વાત છે કે નંબુદ્રીના બધા નહિ તો ઘણાખરા ઇલ્લામમાં તેમના વિશાળ વાડાનો એક ભાગ કુટુંબનાં માણસોનાં શબને સંસ્કાર કરવા ઇલાયદો રાખેલો હોય છે. હજી પણ કેટલાક નંબુદ્રીઓ વેદ ભણતા નથી અને કારણ પૂછીએ તો રાજશેખરનું શાસન ને રૂઢિ પ્રાચીન હોવાથી સ્મૃતિ જેવી થઈ છે એમ કહે છે." (સિ. એન. કૃષ્ણસ્વામી આયર). પછી શ્રીમચ્છંકરાચાર્ય પૂર્વસ્થાને પાછા ફર્યા અને પદ્માવતીની રાહ જોઈ ત્યાંજ રહ્યા.

સાર—આ વૃત્તાન્ત ઉપરથી ત્રણ બોધ મળે છે:—

(૧) શ્રીમચ્છંકરાચાર્યનો માતા પ્રતિ અપ્રતિમ પ્રેમ. એ પ્રેમના બળને લીધે માતાને મેળવી લઈને તેમની અનુમતિથી સંન્યાસ લીધો, મરણને સમયે ગમે ત્યાં હોય તોપણ ત્યાંથી મળવા આવવાનું કબૂલ કર્યું, અને સંન્યાસીથી અગ્નિસંસ્કાર ન કરાય તેમ છતાં પણ માતાની ઇચ્છાને વશ થઈ લોકનિન્દા ન ગણકારી અગ્નિસંસ્કાર કર્યો.

(૨) ગમેતેવા મહાપુરુષની સગાંવહાલાંમાં કિંમત નથી. તે બહાર જેટલી પ્રતિષ્ઠા પામે છે તેની અંશે પણ પોતાના ગામમાં પામતો નથી.

---

૧. महत्सु धीपूर्वकृतापराधो भवेत् पुनः कस्य सुखाय लोके ॥ ૧૪. ૫૧.

ઈર્ષ્યાથી સ્વજન તેની યોગ્યતાની કદર કરતા નથી. '**ज्ञातिश्चेदनलेन किम्**' (સગાં હોય તો વહ્નિનું શું કામ છે ? તેજ વહ્નિસમાન છે)—એ ભર્તૃહરિનું વચન યથાર્થ છે.

(૨) પોતાને દુઃખ પડે છે ત્યારે ગમે તેવા મહાત્મા પણ ક્રોધ શમાવી શકતા નથી.

પદ્મપાદની તીર્થયાત્રા—પદ્મપાદ આચાર્યની રજા લઈ કાંચી ગયા, ત્યાં આમ્રાધીશ્વરનું ને કામાક્ષીનું પૂજન કર્યું. પછી પુંડરીકપુર ગયા. અહિં શિવગંગાનું તીર્થ છે. ત્યાંથી રામસેતુ જવાની ઇચ્છા કરી. માર્ગમાં કવેરમાંથી ઉત્પન્ન થયલી કાવેરીમાં સ્નાન કર્યું અને મામાનું ગામ આવતું હતું તેમાં ગયા. ચિદ્‌વિલાસ શંકરદિગ્વિજયમાં કહે છે તે પ્રમાણે એ નગર તે ચિદંબરમ્ હતું. શાસ્ત્રજ્ઞ માતુલે શિષ્યો સહિત તેને જોઈને તેનું સન્માન કર્યું. સગાંઓમાંના કોઈકે હર્ષથી રુદન કર્યું, કોઈ હસ્યા, કોઈ ગદ્‌ગદ કંઠે કંઈ બોલી પણ શકયાં નહિ, કોઈએ નમસ્કાર કર્યો. પદ્મપાદ મામાના ઘરમાંજ ભિક્ષા યાચી રહ્યા. ભોજન થઈ રહ્યા પછી મામાએ પૂછયું કે હાથમાં સંતાડેલું આ પુસ્તક શું છે? પદ્મપાદે કહ્યું કે એ શારીરકસૂત્રભાષ્યની ટીકા છે. મામાએ તે માગીને વાંચી જોઈ, તેથી તેને હર્ષ ને શોક બંને થયા. પ્રબન્ધ રચવાની ચતુરાઈ જોઈ તેને આનન્દ થયો; પરંતુ ગુરુનું—પ્રભાકરનું મત પોતાને ઇષ્ટ હતું તે તેમાં ખંડન કરેલું જોઈ ખેદ પામ્યો. પદ્મપાદે મામાને કહ્યું કે હું સેતુ જાઉં છું અને એ પુસ્તક તમને સોંપી જાઉં છું. એ મને જીવના જેવું વહાલું છે, માટે એનું બરાબર રક્ષણ કરજો. એમ કહી તે સેતુ ગયા. મામાએ વિચાર્યું કે ગ્રન્થને રહેવા દઉં છું તો ગુરુના પક્ષનું ખંડન થાય છે. બાળી નાખવાથી નિન્દા થશે, અને યુક્તિથી એ ગ્રન્થનું ખંડન કરવાની મારામાં શક્તિ નથી. મારા પક્ષનો નાશ થાય તેના કરતાં ઘરનો નાશ થાય તે ઠીક, એમ વિચારી પોતાનું ઘર સળગાવી આગની બૂમ પાડી. આ પ્રમાણે ઈર્ષ્યાથી મામાએ પુસ્તક બાળી નાખ્યું.

રામસેતુ—પદ્મપાદ મામાને ઘેરથી નીકળી ફુલ્લમુનિના આશ્રમમાં

ગયા. ત્યાં અગાઉ રામચન્દ્ર અશ્વત્થ વૃક્ષના મૂળ આગળ ધનુષ્ય મૂકી પોતે દર્ભાસન પર બેઠા હતા ને વિચાર કરતા હતા કે આ સમુદ્ર મારે શી રીતે તરવો. વાનર પૃથ્વી પર કૂદી શકે છે, સમુદ્ર પર તેમનાથી કૂદી શકાતું નથી. એમ વિચારતા હતા એવામાં દૂરથી એક તેજસ્વીનું દર્શન થયું. એ અગસ્ત્ય ઋષિ હતા. તેમને જોઈ રામચન્દ્રે આનન્દ પામી કહ્યું કે પિતૃતુલ્ય તમને જોઈને હું બહુ રાજી થયો છું. આ સમુદ્ર મારે શી રીતે તરવો તેનો ઉપાય દર્શાવો. તેમણે કહ્યું કે અગાઉની પેઠે હું સમુદ્ર પી જાઉં એટલે શુષ્ક ભૂમિ પર થઈને તમે સુખે લંકા જાઓ; પણ એમાં મને કીર્તિ મળે; માટે તમે સેતુ બાંધીને જાઓ, તમને કીર્તિ મળશે. આ પ્રમાણે સેતુ બાંધી લંકામાં જઈ રાવણને મારી રામ સીતાને લઈ આવ્યા. તે રામસેતુ તીર્થમાં રામનાથને પ્રણામ કરી શિષ્યોને તેનો પ્રભાવ સંભળાવ્યો. એક શિષ્યે પૂછ્યું કે **રામેશ** એ કેવો સમાસ છે, તે પ્રશ્નનો ઉત્તર પદ્મપાદે નીચે પ્રમાણે દીધો. રામનો ઈશ તે રામેશ એમ શ્રીરામચન્દ્રે સ્તવન કર્યું છે, તે તત્પુરુષ સમાસ છે, રામ છે ઈશ જેનો તે રામેશ એમ શિવે બહુવ્રીહિ સમાસ કહ્યો છે, અને રામ એવા ઈશ તે રામેશ એમ ઇન્દ્રાદિ દેવોએ કર્મધારય સમાસ કહ્યો છે.

પદ્મપાદનું મામાને ઘેર પાછું ફરવું—પદ્મપાદ રામેશ્વરની યાત્રા કરી મામાને ઘેર પાછો આવ્યો ત્યારે તેણે મામાનું ઘર તથા પોતાનું પુસ્તક બળી ગયલું જાણ્યું. મામાએ કહ્યું કે મારૂં ઘર બળી જવાથી મને પરિતાપ થાય છે તેથી ઘણો વધારે તમારૂં પુસ્તક બળી જવાથી થાય છે. પદ્મપાદે કહ્યું કે ફીકર નહિ, પુસ્તક ગયું, પણ મારી બુદ્ધિ તો છે ક્યની? હું બીજું તૈયાર કરીશ. આથી ઈર્ષ્યાને લીધે મામાએ તેના ભોજનમાં બુદ્ધિનો નાશ કરે એવું દ્રવ્ય નાખ્યું. પછી પદ્મપાદ શંકરાચાર્ય પાસે ગયા.

પદ્મપાદનું શંકરાચાર્ય પાસે જવું—ત્યાં જઈ આચાર્યને પોતાની તીર્થયાત્રાનું વર્ણન કર્યું કે ભગવાન્, રંગનાથ જઈને રસ્તામાં પદ્માક્ષ પાછો ફરતો હતો એવામાં મામાની પ્રાર્થનાથી રસ્તામાં એમનું ગામ આવતું હતું ત્યાં એમને ઘેર ગયો. એમ કહી પોતાના પુસ્તકની હકીકત કહી. અરેરે,

તમારા ઉત્તમ ભાષ્ય પર મેં યુક્તિથી યુક્ત, જે લલિત વૃત્તિ કરી હતી તે અગ્નિથી બળી ગઈ.[1] આચાર્યે કહ્યું કે તેં મને વાંચી બતાવી છે તેથી મને યાદ છે, માટે શોક દૂર કર, લખાવું તેમ લખી કાઢ.

આચાર્ય ને રાજશેખર—ત્યાર પછી કેરલના રાજા રાજશેખરે શંકરાચાર્યનું સન્માન કર્યું. આચાર્યે તેમને આજ્ઞા કરી કે કાલટી નામના અગ્રહારના બ્રાહ્મણો અનધિકારી છે, માટે મેં એમને શાપ દીધો છે ને તમારે પણ એમનું શાસન કરવું.

દિગ્વિજય: સેતુમાં પાશુપત—હવે શંકરાચાર્ય દિગ્વિજય કરવા નીકળ્યા. શિષ્યો સાથે તેઓ પ્રથમ સેતુ પ્રતિ ગયા. ત્યાં શાક્તો સાથે વિવાદ થયો. તેઓ ગિરિજાની પૂજાને મિષે મદ્ય પીતા હતા, અને સુવર્ણનાં બનાવેલાં પગલાં-ભવાનીનાં પગલાં કોટે બાંધતા હતા. શ્રીમચ્છંકરાચાર્યે તેમને ઉપદેશ કરી ચિહ્નો ત્યાગ કરાવ્યાં ને વિદ્યારૂપ ભવાનીને સેવો કે તેથી ચિત્ત શુદ્ધ થશે એમ કહ્યું. પછી રામનાથનું પૂજન કરી ત્યાં બે માસ રહ્યા. તેમાં અનેક વેદબાહ્ય પંથોને શુદ્ધ કીધા. પાશુપતો બંને ભુજા પર શિવલિંગનાં ચિહ્ન કરતા હતા, કપાળ પર શૂળનું ચિહ્ન કરતા, નાભિ, હૃદય વગેરે સ્થળે પણ એવાં ચિહ્નો કરતા હતા. આચાર્યે કહ્યું કે લિંગાદિ ધારણ કરવું એને માટે પ્રમાણ નથી, માટે એનો ત્યાગ કરવો. ચોરી, ગુરુસ્ત્રી પ્રતિ કુદૃષ્ટિ, બ્રહ્મહત્યા વગેરે પાપોથી ભસ્મ ને શિવલિંગ ધારણ કરનાર મુક્ત થાય છે એવું પાશુપતો માનતા હતા, તેમને એ ઉન્માર્ગમાંથી શુદ્ધ માર્ગમાં પ્રવર્તાવ્યા. બ્રહ્મ સિવાય અન્ય ચિહ્ન ધારણ કરવાં વ્યર્થ છે, મુક્તિ જ્ઞાનથીજ છે એવો બોધ કર્યો. ભસ્મ ને રુદ્રાક્ષ ધારણ કરવાં, પણ લિંગાદિ ચિહ્નો ધારણ કરવા માટે પ્રમાણ નથી.

---

१. गुरुवर तव या भाष्यवरेण्ये व्यरचि मया ललिता किल वृत्तिः।
निरतिशयोज्ज्वलयुक्तियुता सा पथि किल हा विननाश कृशानौ ॥ १४. ६३.

અનન્તશયન: ભાગવત ને પાંચરાત્ર—પછી શ્રીમચ્છંકરાચાર્ય અનન્તશયન (ત્રિવાંદ્રમ) ગયા. ત્યાં ૭ પ્રકારના વૈષ્ણવો હતા—ભક્ત, ભાગવત, વૈષ્ણવ, પાંચરાત્ર, વૈખાનસ, ને કર્મહીન. તેઓ પણ શંખચક્રાદિ ચિહ્નો ધારણ કરતા હતા તે તજી દેવાનો તેમને ઉપદેશ કર્યો. જો તમે વિષ્ણુભક્ત હો તો તેમનો પ્રેમ સંપાદન કરવા કર્મ કરો, તપેલાં ચક્રાદિની મુદ્રા ધારણ ન કરો. એ બધાં પાખંડચિહ્નો તજી દો. ને હું બ્રહ્મ છું એવી ભાવનાથી મોક્ષ પ્રાપ્ત કરો.

સુબ્રહ્મણ્ય: અગ્નિપૂજક ને સૂર્યપૂજક—ત્યાર પછી સુબ્રહ્મણ્ય નામના કુમારસ્થાનમાં ગયા; ત્યાં શેષમુખી ષણ્મુખની પૂજા કરી. ત્યાં ભિન્ન દેશોથી વિપ્રો આવ્યા હતા, તેમાં કેટલાક અગ્નિપૂજક હતા, તેઓ વિસ્ફુલિંગાત્મ મણિના કંઠા ધારણ કરતા હતા; ને કેટલાક સૂર્યસેવક હતા તેઓ કપાળે, છાતીએ, હાથે વગેરે ઠેકાણે ડામ દેવડાવી સૂર્યનાં ચિહ્ન પડાવતા હતા. તેમને બોધ કરી તેમના આચાર શુદ્ધ કર્યા.

ગણપુર: ગાણપત્ય-વામમાર્ગી—ત્યાંથી શંકરાચાર્ય ગણપુરમાં ગયા. ત્યાં કૌમુદી નદીમાં નાહી ગણપતિનું પૂજન કર્યું. ત્યાં ૭ પ્રકારના ગાણપત્યો હતા. તેઓ પણ ચિહ્નો ધારણ કરતા હતા. કેટલાક વામ માર્ગનું અવલંબન કરતા હતા. ને સુરાપાન કરતા હતા. તે સર્વને ઉપદેશ કરી સન્માર્ગે વાળ્યા. આ પ્રમાણે સ્થળે સ્થળે પાખંડચિહ્નો ને અનાચારનું ઉન્મૂલન કર્યું અને લોકોને તેમના અધિકાર પ્રમાણે પંચાયતન દેવતાનું-શિવ, વિષ્ણુ, ગણપતિ, શક્તિ, ને સૂર્યનું-પૂજન કરવા ઉપદેશ કર્યો.

કાંચી: તાન્ત્રિકો કે શાક્તો—પાંડ્ય, ચૌલો, ને દ્રવિડોને પોતાને સ્વાધીન કરી કાંચીનગરીમાં ગયા. ત્યાં એક માસ રહી શંકરની પ્રતિષ્ઠા કરી શિવકાંચી નગર નિર્માણ કર્યું; અને વરદરાજ વિષ્ણુનું પૂજન કરી વિષ્ણુકાંચી નિર્માણ કર્યું, તથા તેમની સેવાને માટે શુદ્ધ અદ્વૈતનિષ્ઠ બ્રાહ્મણોને મૂક્યા. તાન્ત્રિકો શક્તિની પૂજા વેદબાહ્ય માર્ગે કરતા હતા તેમને રોકી શ્રુતિમાર્ગમાં પ્રવર્તાવ્યા. કાંચીમાં કામાક્ષી ને મદુરામાં મીનાક્ષીનાં દેવાલયો છે

તે પરથી એમ સમજાય છે કે એ પ્રદેશોમાં પૂર્વે શાક્તોનું ઘણું જોર હતું અને શ્રીમચ્છંકરાચાર્યે એ માર્ગોને પવિત્ર બનાવ્યા.

વેંકટેશ: જગન્નાથપુરી—પછી આન્ધ્ર લોકોને ઉપદેશ કરી વેંકટેશ-ને નમન કરી જગન્નાથપુરીમાં ગોવર્ધન મઠનું સ્થાપન કર્યું અને વિદર્ભ-દેશની રાજધાનીમાં ગયા. ત્યાંના રાજાએ સન્માન કર્યું.

ઉજ્જયિની: કાપાલિક ક્રકચ—કાપાલિકોને જીતવા શ્રીમચ્છંકરા-ચાર્ય ઉજ્જયિની ગયા. ત્યાં તેમનો ગુરુ ક્રકચ આચાર્યની સામો આવ્યો ને કહ્યું કે ભસ્મ ધારણ કરી છે તે તો યુક્ત છે, પણ પવિત્ર કપાલનો ત્યાગ કરી અપવિત્ર મૃન્મય ખર્પર શા માટે ધારણ કરો છો ? કપાલી ભૈરવની ઉપાસના શા માટે કરતા નથી ? રુધિરથી સિંચેલા મસ્તકો વડે ભૈરવની પૂજા કરવી જોઈએ. શંકરાચાર્યે એ શ્રુતિવિરુદ્ધ પક્ષનું ઉચ્છેદન કર્યું ને આચાર્યનો નાશ કરવા ભૈરવની ઉપાસના કરતો ક્રકચ નાશ પામ્યો. કહે છે કે કરાડા નામના દક્ષિણ મરાઠા બ્રાહ્મણો યાત્રાળુઓને દક્ષિણમાંથી કાશી લઈ જઈ ત્યાં અન્નાદિથી પુષ્ટ કરી તેમનો દુર્ગા ને કાલિકાને ભોગ આપતા. પછી ચા-ર્વાક, બૌદ્ધ આદિ પંથોનું ઉન્મૂલન કર્યું.

મલ્લારિઓ—ત્યાંથી અનુમલ્લપુરમાં ગયા. ત્યાં મલ્લાસુરહર-મલ્લારિને નામે પ્રસિદ્ધ થયા હતા તેના ભક્તો વસતા હતા. તેઓ મલ્લારિને પૂજતા, કુતરો તેમના દેવનું વાહન હતું, તેઓ ગળે કોડીઓ બાંધતા હતા અને પોતાના માર્ગને માટે **नमः श्वभ्यः श्वपतिभ्यश्च वो नमः** એવું પ્રમાણ આપતા. આચાર્યે તેમને ઉપદેશ કરી પંચાયતન દેવતાની પૂજામાં આસક્ત કર્યા. હજી પણ ઘણાં મરાઠા કુળોમાં મલ્લારિ કુલદેવતા તરીકે પુજાય છે; અને દશેરાને દિવસે તેનો ખાસ ઉત્સવ થાય છે; પણ હવે તેના કુતરારૂપ વાહનની કોઈ પૂજા કરતું નથી. એ પ્રમાણે વિષ્વક્સેન, યમ, કુબેર, કામ, વરુણ, પૃથ્વી આદિ બેદમાલ્ય દેવદેવીઓના પૂજકોને બોધ કરી સન્માર્ગમાં વાળ્યા. ગ્રહોના ઉપાસકોને કહ્યું કે ગ્રહપીડા દૂર કરવા ગ્રહની સેવા યુક્ત છે; પણ મુક્તિને માટે તો જ્ઞાનજ છે. સાંખ્યવાદ, કપિલવાદ, પરમાણુવાદ, બુદ્ધ ને જૈન વાદોનું નિરાકરણ કર્યું.

ગોકર્ણ: નીલકંઠ—પશ્ચિમ દિશામાં ગોકર્ણ ગયા ને ત્યાં ગોકર્ણેશ્વરનું પૂજન કર્યું. ત્યાં શૈવ નીલકંઠનો વાદમાં પરાજય કર્યો. સ્વભાષ્યનો ત્યાગ કરી હરદત્તાદિ શિષ્યો સાથે તે આચાર્યને શરણે આવ્યો.

દ્વારમતી: પાંચરાત્રો—પછી સૌરાષ્ટ્રાદિ દેશોમાં પોતાનાં ભાષ્યોનો પ્રસાર કરી શંકરાચાર્ય દ્વારવતી નગરીમાં પેઠા. ત્યાં તેમણે શારદામઠ સ્થાપ્યો. ત્યાં પાંચ ભેદમાં માનનારા પાંચરાત્રો વસતા હતા. ૧ જીવ ને ઈશ્વરનો ભેદ, ૨ જીવોનો પરસ્પર ભેદ, ૩ જીવો ને અચિત્‌નો (ચૈતન્યરહિતનો) ભેદ, ૪ ઈશ્વર ને અચિત્‌નો ભેદ, ને ૫ અચિત્‌નો પરસ્પર ભેદ, એમ પાંચ ભેદમાં તેઓ માનતા હતા. તેમનું આચાર્યે ખંડન કર્યું.

ઉજ્જયિની: ભાસ્કર—ત્યાંથી આચાર્ય ઉજ્જયિની નગરીમાં ગયા ને ત્યાં મહાકાલેશ્વરનું પૂજન કર્યું. પછી ભટ્ટ ભાસ્કરને પોતાના આવ્યાની ખબર કરવા તેમણે પદ્મપાદને મોકલ્યા. ભાસ્કર આચાર્ય પાસે આવ્યા અને તે બેનો વાદ ચાલ્યો, તેમાં ભાસ્કર પરાજય પામ્યા. વિદ્યારણ્યસ્વામી કહે છે કે અવન્તિમાં પ્રસિદ્ધ બાણાદિ (બાણ, મયૂર, દંડી) કવિઓને માન મુકાવી ભાષ્ય શ્રવણ કરવા તત્પર બનાવ્યા. પછી બાહ્લિક દેશમાં જઈ આચાર્યે ભાષ્યનું વિવરણ કર્યું, ને ત્યાં આર્હત મતના વિદ્વાનોનો પરાજય કર્યો.

કામરૂપ: અભિનવગુપ્ત—કામરૂપમાં—સિઆમમાં અભિનવગુપ્તને વાદમાં હરાવ્યો. પછી ગૌડ દેશ જઈ મુરારિમિશ્રાદિને જીત્યા. વિદ્યારણ્યસ્વામી કહે છે કે અભિનવગુપ્તે આચાર્ય પર અભિચાર કર્યો, તેથી તેમને ભગંદર રોગ થયો ને બહુ પીડા થઈ, પણ તે તેમણે લેખવી નહિ. એ અવસ્થામાં તોટકાચાર્યે ગુરુની સેવા કરી. શિષ્યોના આગ્રહથી ગુરુએ ઘણાં ઔષધ કર્યાં, પણ કંઈ નરમ પડ્યું નહિ. છેવટે શંકરાચાર્યે મહાદેવને સ્મરણ કર્યા ને તેમણે દેવવૈદ્ય અશ્વિનીકુમારને મોકલ્યા. તેમણે કહ્યું, ભગવન્, એ રોગની ચિકિત્સા થઈ શકશે નહિ; કેમકે અભિજાપથી થયો છે. પછી પદ્મપાદે ગુરુના

રોગનો નાશ કરવા મન્ત્રનો જાપ કર્યો; તેથી અભિનવગુપ્ત મરણ પામ્યો ને આચાર્યનો રોગ નાશ પામ્યો.

ગૌડ ને ગૌડપાદ—ગૌડદેશમાં પોતાના ગુરુ ગોવિન્દના ગુરુ ગૌડપાદને આચાર્યે અભિવન્દન કર્યું. ગૌડપાદ પ્રસન્ન થયા. મારી કારિકા પર તમે ભાષ્ય કર્યું છે તે મેં ગોવિન્દથી જાણ્યું છે ને હું રાજી થયો છું. આચાર્યે માણ્ડુક્ય પર બે ભાષ્ય–શ્રુતિભાષ્ય ને ગૌડપાદકારિકા ભાષ્ય એ બે–બતાવ્યાં. ગૌડપાદ રાજી થયા.

એક દિવસ પ્રાતઃકાળે આહ્નિકથી પરવારી આચાર્ય નિદિધ્યાસન કરવા જતા હતા એવામાં લોકવાર્તા સાંભળી કે કાસ્મીરમાં શારદાના મંદિરમાં સર્વજ્ઞપીઠ છે તેને ચાર બારણાં છે તે સર્વજ્ઞ પુરુષજ ઉઘાડી શકે છે. ઉત્તર, પૂર્વ. ને પશ્ચિમ દિશાએથી વિદ્વાનો આવ્યા છે; પણ દક્ષિણનું દ્વાર બંધ છે, કેમકે કોઈ દાક્ષિણાત્ય વિદ્વાન્ નથી. એવી લોકવાર્તા વિફલ કરવા માટે આચાર્ય ત્યાં ગયા. ત્યાં વાદીઓએ પરીક્ષા કરી અને સર્વ શાસ્ત્રોમાં યોગ્ય ઉત્તરો મળવાથી વાદીઓએ આચાર્યનું પૂજન કરી દ્વાર ઉઘાડી માર્ગ આપ્યો. પછી શ્રીશંકરે સર્વજ્ઞપીઠ પર બેસી સુરેશ્વર આદિ શિષ્યોને ઋષ્યશૃંગ આદિ આશ્રમોમાં મોકલ્યા અને પોતે કેટલાક શિષ્યો સાથે બદરીકાશ્રમમાં ગયા. ત્યાં જ્યોતિર્મઠ સ્થાપ્યો, તેમજ નારાયણની મૂર્તિની પ્રતિષ્ઠા કરી; ત્યાંથી કેદારનાથ ગયા. આ પ્રમાણે આચાર્યશ્રીએ બત્રીસ વર્ષની જીવનનો અવધિ સમાપ્ત કર્યો.

ઉપસંહાર—અલૌકિક બુદ્ધિપ્રભાવ ને દૈવી શક્તિવાળા મહાત્મા શ્રીમચ્છંકરાચાર્યના જીવનની મુખ્ય હકીકત આ રીતે સમાપ્ત થાય છે. એ ઉપરથી એમના સમયની ધાર્મિક પરિસ્થિતિ બરાબર સમજાય છે. શાક્ત, ભૈરવ, કાપાલિક, પાશુપત, ગાણપત્ય, મલ્લારિ, અગ્નિપૂજકો, સૂર્યપૂજકો વગેરે અનેક પંથો દેશમાં પ્રચલિત હતા, તેમાં ધર્મના સેવનને મિષે અનેક અપવિત્ર અને નિન્દ્ય, તેમજ વામમાર્ગી જેવા અનીતિથી ભરેલા આચારો ને માર્ગો

સ્થળે સ્થળે જોવામાં આવતા હતા. શ્રુતિવાક્યોને પૂર્વાપરસંબંધથી છિન્નભિન્ન કરી ગમે તેમ યોજી પોતાના નિન્દ્ય માર્ગો સપ્રમાણ છે એમ દર્શાવવાનો તેઓ પ્રયત્ન કરતા હતા. શ્રીમચ્છંકરાચાર્ય જેવા સમર્થ વિદ્વાનને આવા પુરુષોના મતનું ખંડન કરી યોગ્ય માર્ગે પ્રવર્તાવવામાં કંઈ મુસ્કેલી નડી નહિ. તેઓ જ્ઞાનમાર્ગનું પ્રતિપાદન કરતા હતા, તોપણ કર્મમાર્ગ કે ભક્તિમાર્ગનું ઉચ્છેદન કરતા નહોતા. શરીર ને મન પવિત્ર ને એકાગ્ર કરવા માટે કર્મની જરૂર છે; અને મન એકાગ્ર થયા વગર જ્ઞાન પ્રાપ્ત થતું નથી. આ પ્રમાણે કર્મ, ભક્તિ, ને જ્ઞાન એ ક્રમિક સોપાનપરંપરા છે. શ્રીમચ્છંકરાચાર્યે અધિકારપરત્વે સર્વ માર્ગ સ્વીકાર્યા છે. અનેકદેવદેવીપૂજકોને અશુદ્ધ ને તિરસ્કારયોગ્ય માર્ગો ને આચારોમાંથી પાછા ફેરવી પંચાયતન દેવતાના પૂજનના શુદ્ધ માર્ગમાં પ્રવર્તાવ્યા. આ પ્રમાણે તેમના અધિકારનો વિચાર કરી જે ભૂમિકા સુધી ચઢવાને તેઓ યોગ્ય હતા તે ભૂમિકા સુધીજ તેમને ચઢાવ્યા; પરંતુ ત્યાંસુધીના તેમનાં આચારણ શુદ્ધ ને પવિત્ર કર્યાં. એજ પ્રમાણે ભક્તિની પણ જરૂર છેજ એમ તેમણે સ્વીકાર્યું. સાધારણ મનુષ્યોનાં હૃદયમાં નિર્ગુણ બ્રહ્મનું સ્વરૂપ ઊતરી શકતું નથી. શ્રીમચ્છંકરાચાર્યનાં માતાએ પણ કહ્યું કે નિર્ગુણ સ્વરૂપ મારાથી કળી શકાતું નથી, મને સગુણ સ્વરૂપ સમજાવો. આચાર્યે **भजगोविन्दम्** આદિ સ્તોત્રો રચ્યાં છે તે સામાન્ય મનુષ્યોને સગુણ બ્રહ્મ સમજાવી ભક્તિમાર્ગમાં પ્રવર્તાવવા માટેજ છે. પરંતુ કર્મ અને ભક્તિ એ માત્ર સાધનરૂપ છે, મોક્ષ તો જ્ઞાનથીજ છે, બ્રહ્મ જ્ઞાનસ્વરૂપજ છે, એ સ્વરૂપનું સમ્યગ્દર્શન એજ મોક્ષ છે, એ ઉપનિષદોનું રહસ્ય તેમણે **शारीरकसूत्रभाष्य, उपनिषद्भाष्य ने गीताभाष्य** માં સ્થળે સ્થળે પ્રતિપાદન કર્યું છે. આ ઉપરથી સમજાશે કે આચાર્યનો ઉપદેશ વ્યાપક હતો અને દૃષ્ટિ વિસ્તૃત ને ઉદાર હતી. એ ઉપદેશની અસર એમના અનુયાયીઓ, જેમની સંખ્યા સેંકડે ૭૫ કરતાં ઓછી નથી, તેમનામાં હજી પણ ખુલ્લી રીતે જોવામાં આવે છે. તેમની દૃષ્ટિ વિશાળ હોય છે અને અન્ય પક્ષો કે પ્રતિસ્પર્ધી પક્ષો તરફ તેમનામાં અન્ય

મતવાળાઓ કરતાં વિશેષ સહિષ્ણુતા જોવામાં આવે છે. શંકરમાર્ગને શિવ-માર્ગ કહેવો એ ભૂલભરેલું છે. શ્રીમચ્છંકરાચાર્યે વિષ્ણુનાં તેમજ દેવીનાં સ્તોત્રો રચ્યાં છે; તેઓ સર્વ દેવદેવીઓને બ્રહ્મનાં ભિન્ન સ્વરૂપજ માનતા. આવો વ્યાપક માર્ગ પ્રવર્તાવ્યો ને તેનીજ સાથે ઉચ્ચતમ ભૂમિકા દર્શાવી, ઉપનિષદોની એકવાક્યતા કરી એથીજ આચાર્યે જગદ્ગુરુની યોગ્ય પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે. ધર્મની બાબતમાં સંકુચિત દૃષ્ટિથી પરસ્પર વૈરભાવ ઉત્પન્ન કરી કલહ ને કંકાશ સર્વત્ર ફેલાવવો યોગ્ય નથીજ. એવી પરિસ્થિતિ આચાર્યશ્રીના સમયમાં હતી, તેમાંથી લોકોનો ઉદ્ધાર કરી સર્વને પોતપોતાના અધિકાર પ્રમાણે પવિત્ર માર્ગે ચઢાવી જ્ઞાનમાર્ગ, જે પવિત્રમાં પવિત્ર ને ઊંચામાં ઊંચો છે એ નિર્વિવાદ છે, તે માર્ગે ચઢાવવા, અહંતામમતાનું માન મુકાવી આખી પૃથ્વીજ મારૂં કુટુંબ છે એ ઉન્નત ને ઉદાર કોટિએ લઈ જવા, એ આચાર્યશ્રીનો આશય હતો. ઉત્તમ આચાર્યનો એથી ઉચ્ચતર આશય બીજો શો હોઈ શકે?

श्रीमच्छंकराचार्यनो समय.

પ્રો. પાઠકનું મત—ઇંડિઅન ઍન્ટિક્વરિ, ગ્રન્થ ૧૧ પૃ૦ ૧૭૪–૭૫ પર પ્રો. કે. બી. પાઠકનો લેખ છે. તેઓ કહે છે કે મને એક હસ્તલિખિત પુસ્તક મળ્યું છે, તે બેલગામના ગોવિન્દભટ્ટ યેલેંકરનું છે, તેમાં એક શ્લોક છે તેથી જન્મદિવસ મળી આવે છે. તે નીચે પ્રમાણે છે:—

दुष्टाचारविनाशाय प्रादुर्भूतो महीतले ।
स एव शंकराचार्यः साक्षात् कैवल्यनायकः ॥
निधिनागेभवह्न्यब्दे (૩૮૮૯ એટલે શક ૭૧૦, ઈ. સ. ૭૮૮)
विभवे शङ्करोदयः ॥
अष्टवर्षे चतुर्वेदान् द्वादशे सर्वशास्त्रकृत् ।
षोडशे कृतवान् भाष्यं द्वात्रिंशे मुनिरभ्यगात् ॥
कल्यब्दे चन्द्रनेत्राङ्कवह्न्यब्दे (૩૯૨૧, એટલે શક ૭૪૨, ઈ. સ. ૮૨૦) **गुहाप्रवेशः ।**
वैशाखे पूर्णिमायां तु शंकरः शिवतामगात् ॥

આ પ્રમાણે એક મત છે.

ડૉ. ફ્લીટનું મત—ડૉ. ફ્લીટ ઇંડિઅન ઍન્ટિક્વરિ, ગ્રન્થ ૨૯ પૃ૦ ૪૧–૨ પર દર્શાવે છે કે નેપાળવંશાવળીમાં એમ કહ્યું છે કે શ્રીમચ્છંકરાચાર્ય સૂર્યવંશી વૃષદેવના રાજ્યને અન્તે કે તેના મરણ પછી થોડા સમયમાં નેપાળ ગયા હતા; અને તેઓ ત્યાં હતા ત્યારે વૃષદેવને પુત્ર આવ્યો હતો, તેનું નામ આચાર્યશ્રીના નામ પરથી શંકરદેવ પાડ્યું હતું. રા. ભગવાનલાલ ઇંદ્રજી અર્થ કરે છે તે પ્રમાણે વૃષદેવ ઈ. સ. ૨૬૦ને સુમારે ગાદી પર હતા. પણ ડૉ. ફ્લીટ કહે છે કે મારી ગણત્રી પ્રમાણે વૃષદેવની ખરી સાલ આસરે ઈ. સ. ૬૩૦–૫૫ કે ૧૦, ૨૦ વરસ વહેલી હતી.

કેરલોત્પત્તિ પરથી નીકળતો સમય—કેરલોત્પત્તિ નામના ગ્રન્થ પરથી પ્રો. પાઠકે આપેલા વર્ષને પુષ્ટિ મળે છે. તેમાં કહ્યું છે કે આચાર્યશ્રીનો જન્મ વિજયી વિગ્રહના સમયમાં થયો હતો. એ વિગ્રહ ચેરામન પેરૂમલના સમયમાં થયો હતો. એ મુસલમાન થઈ ગયો હતો ને મક્કે ગયો હતો. ત્રાવણકોરના રાજાઓને રાજ્યાભિષેકસમયે તલવાર મળે છે ત્યારે હાલ પણ કહેવું પડે છે કે "મક્કે ગયા છે તે કાકા આવશે ત્યાંસુધી હું એ તલવાર ધારણ કરીશ'. ઝફારની સરહદ પર એક આરબ રહેતો હતો તેના કહેવા પરથી માલમ પડે છે કે અબદૂલ રહિમાન સામિરિ, મલબારનો રાજા ત્યાં મરણ પામ્યો છે ને તેની કબર પર એવું લખ્યું છે કે તે ત્યાં અ. હ. ૨૧૨ માં પહોંચ્યો ને અ. હ. ૨૧૬માં મરણ પામ્યો. આ રીતે ઇ. સ. ૮૨૭–૮ ને ઇ. સ. ૮૩૧–૩૨ આવે છે. આ ઉપરથી જણાશે કે ચેરામન પેરૂમલ, ત્રાવણકોરના મહારાજાઓનો કાકો, જે મક્કે ગયો હતો, તેણે પોતાનું રાજ્ય ઇ. સ. ૮૨૭ને સુમારે છોડ્યું. મલયાલીઓનો કોલ્લમ સંવત્સર, ઇ. સ. ૮૨૫ની ૨૫મી ઑગસ્ટથી શરૂ થાય છે. આથી ઉપલી વાતની સત્યતાને પુષ્ટિ મળે છે; કેમકે ચેરામન પેરૂમલ જેવા રાજાના રાજ્યભ્રંશ પરથી સંવત્સર ગણ્યો હોય. આ રીતે શ્રીમચ્છંકરાચાર્યનો સમય પ્રો. પાઠકે દર્શાવ્યો છે તેને પુષ્ટિ મળે છે.

પ્રો. તેલંગનું મત—પ્રો. કા. ત્ર્યં. તેલંગ ઇંડિઅન ઍન્ટિક્વરિ, ગ્રન્થ ૧૩ પૃ૦ ૯૫–૧૦૩ પર કહે છે કે પ્રો. પાઠકના પદ્ય પર વિશ્વાસ રખાય નહિ. એ પદ્ય કોનું બનાવ્યું છે તે તેમાં કહ્યું નથી, તેથી તેની ઐતિહાસિક સત્યતા ન્યૂન થાય છે. મધ્વાચાર્યના સમય પછી ઘણે વર્ષે એ હસ્તલેખ લખાયો હશે, એટલે બારમા સૈકા પછી ઘણે સમયે. યજ્ઞેશ્વર શાસ્ત્રીના 'આર્યવિદ્યાસુધાકર'માં એજ પદ્ય છે ને તે સંપ્રદાય જાણનારનું (**संप्रदायविदः**) છે એમ કહ્યું છે. વળી ભટ્ટ નીલકંઠના 'શંકરમન્દારસૌરભ'માંથી શાસ્ત્રી બીજું પદ્ય આપે છે તેમાં એજ વર્ષ આપ્યું છે; પણ શંકરાચાર્યના સમય પછી ઘણાં વર્ષ રહીને આ લેખો લખાયા છે એટલે બહુ પ્રમાણભૂત નથી.

ઇંડિઅન ઍન્ટિક્વરિ, ગ્રન્થ ૭ પૃ૦ ૨૮૨. પર આન્તર પ્રમાણો આપ્યાં છે. શ્રીમચ્છંકરાચાર્ય ભાષ્યમાં (૨।૧।૧૭) સ્રુઘ્ન ને પાટલીપુત્રનાં નામ આપે છે. એ બંને સ્થળો ભાષ્ય રચાયું ત્યારે હોવાં જોઈએ. પાટલીપુત્ર આઠમા સૈકાના મધ્ય ભાગમાં જળપૂરથી નાશ પામ્યું. એટલે આચાર્ય ઇ. સ. ૭૫૬–ની પૂર્વેજ થયા હોવાજ જોઇએ.

વળી એજ સૂત્રના ભાષ્યમાં **પૂર્ણવર્મન**નું નામ છે. એ રાજા આચાર્યશ્રીના સમયમાં હશે, એનો ઘણો સંભવ છે. હ્યૂએન સિંગ હિંદુસ્તાનમાં ઇ. સ. ૬૨૯થી ૬૪૫ સુધી હતો, તેમાં ૬૩૭–૮ વર્ષમાં તે મગધ હતો. ત્યાં તે સમયે પૂર્ણવર્મા રાજ્ય કરતો હતો. હ્યૂએન સિંગ કહે છે કે પૂર્ણવર્મા અશોક વંશનો છેલ્લો રાજા હતો. તેણે એ રાજાને કે એની પછીના કોઈને મળવાનો પ્રયત્ન કરેલો જણાતો નથી.

પૂર્ણવર્માએ બુદ્ધ ગયામાં પુનઃ સ્થાપેલા બોધિસત્ત્વના વૃક્ષનો નાશ કરવાનો કર્ણસુવર્ણના રાજા શશાંકે પ્રયાસ કર્યો. ઘણું કરીને હર્ષવર્ધન શીલાદિત્યના મોટા ભાઈ રાજ્યવર્ધનનું જેણે દગાથી ખૂન કર્યું તેજ એ શશાંક. ડૉ. ફર્ગ્યુસન રાજ્યવર્ધનનો સમય ઇ. સ. ૫૮૦ ને ૬૧૦ની વચ્ચે આપે છે. પણ પ્રો. મૅક્સ્મ્યૂલર ૬૦૦ ને ૬૧૦ની વચ્ચે મૂકે છે. આ પ્રમાણે શશાંક ઇ. સ. ૬૦૫ને સુમારે રાજા હશે. એટલે પૂર્ણવર્મા ને શ્રીમચ્છંકરાચાર્યનો સમય ઇ. સ. ના ૭મા સૈકાના આરંભમાં આવે છે.

શંકરાચાર્યે તિરૂવિક્રમદેવ ચક્રવર્તીને શુદ્ધ શૈવમાર્ગી કર્યો હતો. એ નામના બે રાજા હતા, તેમાંનો બીજાનો સમય ડૉ. ભાંડારકર ઇ. સ. ૫૨૬ આપે છે.

બાણ, મયૂર, ને દંડીનાં નામ માધવ 'શંકરદિગ્વિજય'માં આચાર્યના સમકાલીન તરીકે આપે છે. દંડી છઠ્ઠા સૈકામાં ને બાણ ને મયૂર સાતમામાં થઈ ગયા. તેઓનો થોડોક સમય છઠ્ઠા સૈકાના અન્તમાં હશે. આ પ્રમાણે ચારે વિદ્વાનોને છઠ્ઠા સૈકાના પાછલા અર્ધ ભાગમાં સાથે મૂકી શકાશે,

વળી મિ. બીલ કહે છે કે ચ્હેનવંશનું ચીનમાં રાજ્ય ઇ. સ. ૫૫૭થી ૫૮૩ સુધી હતું. એ સમયમાં ગૌડપાદના ભાષ્યનું સંસ્કૃતમાંથી ચાઈનીઝ ભાષામાં ભાષાન્તર થયું હતું. ગૌડપાદ ગોવિન્દના ગુરુ ને ગોવિન્દ શંકરના ગુરુ હતા. ભાષાન્તર આસરે ૫૭૦માં થયું હશે. આ ઉપરથી પણ શંકરાચાર્યનો સમય છઠ્ઠા સૈકાનો અન્ત કે સાતમાનો આરંભ ઠરે છે.

વેદાન્ત વિષે પાશ્ચાત્ય વિદ્વાનોના વિચારો.

“ આખી દુનીઆમાં કોઈ પણ વિષયનું અધ્યયન ઉપનિષદ્‌ના જેવું હિતકર અને ઉન્નતિકારક નથી. મારા જીવનનું તે આશ્વાસનરૂપ થયું છે અને મરણસમયે પણ થશે ” શોપેનહોર (જર્મન ફિલસુફ).

“ ફિલસુફીનો ઉદ્દેશ આપણને શાન્ત રીતે મરણ પામવા તૈયાર કરવાનો હોય તો તે તૈયારી માટે વેદાન્ત ફિલસુફી કરતાં વધારે સારો વિષય હું એક પણ જાણતો નથી ” મૅક્સ્મ્યૂલર.

કહે છે કે, ૨,૦૦૦ માણસના શ્રોતૃમંડળસંમુખ અર્વાચીન ફિલસુફીના ઇતિહાસ વિષે ઇ. સ. ૧૮૨૮ ને ૧૮૨૯નાં વર્ષોમાં ફ્રાન્સનો મોટામાં મોટો ફિલસુફીનો ઇતિહાસકાર, વિકટર કઝિન જ્યારે વ્યાખ્યાન કરતો હતો ત્યારે તેણે નીચેના શબ્દો વાપર્યા હતા:—

“ પૂર્વ તરફનાં, તેમાં મુખ્યત્વે હિંદુસ્તાનનાં, કાવ્યસાહિત્ય અને ફિલસુફીનાં આદર્શરૂપ પુસ્તકોનો પ્રચાર યુરોપમાં થવા માંડ્યો છે. એ પુસ્તકો આપણે વાંચીએ છીએ ત્યારે આપણને તેમાં ઘણાં સત્યો અને તે વળી ગંભીર સત્યો માલમ પડે છે; અને યુરોપના વિદ્વાનોની બુદ્ધિ એને મુકાબલે કેવાં ક્ષુદ્ર પરિણામો લગણ પહોંચી અટકી છે એનો જ્યારે આપણે વિચાર કરીએ છીએ ત્યારે આપણને પ્રાચ્ય ફિલસુફોને દંડવત

પ્રણામ કરવાની જરૂર પડે છે અને મનુષ્યજાતિની આરંભભૂમિ પૂર્વમાં ઉ-ત્તમમાં ઉત્તમ ફિલસુફીનું કુદરતી સ્થળ છે એમ કબૂલ કરવું પડે છે" (૧લો અંક, પૃ૦ ૩૨).

જર્મન ફિલસુફો સંસ્કૃત સાહિત્ય ને તત્ત્વજ્ઞાનના પૂજકો છે. તેમાંના એક ફ્રેડરિક શ્લેગલ હિંદુસ્તાનની ભાષા, સાહિત્ય, ને તત્ત્વજ્ઞાન વિષેના પોતાના ગ્રન્થમાં કહે છે કે "પ્રાચીન હિંદુઓને ખરા ઈશ્વરનું જ્ઞાન હતું એ વાતની ના પાડી શકાય એમ નથી. તેમના સર્વ લેખો, ઉદાત્ત, સ્પષ્ટ, અને અતિપ્રૌઢ વિચારો ને વચનોથી પરિપૂર્ણ છે અને તે વિચારોની એવી તો ઊંડી ભાવના છે અને એવો તો પૂજ્યભાવથી ઉલ્લેખ છે કે તેવી ભાવના ને તેવા ઉલ્લેખ કોઈ પણ પ્રજાએ પોતાના દેવ વિષે કોઈ પણ માનુષી ભાષામાં દર્શાવેલાં નથી.' વળી કહે છે કે "યુરોપના તત્ત્વજ્ઞોનું ઊંચામાં ઊંચું તત્ત્વજ્ઞાન, ગ્રીક ફિલસુફોએ પ્રદર્શાવેલો બુદ્ધિનો વિજ્ઞાનવાદ પણ પ્રાચ્ય વિજ્ઞાનવાદના પુષ્કળ તેજ ને પ્રભાવ આગળ મધ્યાહ્ન સૂર્યના દિવ્ય તેજના પરિપૂર્ણ પ્રકાશમાં એક ક્ષુદ્ર સ્ફુલિંગ (તણખા) જેવો ભાસે છે—ઝાંખો ને કંપતો, જાણે હમણાં હોલવાઈ જશે એવો અતિક્ષુદ્ર જણાય છે."

ડૉ. મૅક્સમ્યુલર કહે છે કે "પ્રાચ્ય અને પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાનોનો મુકાબલો કરી કોઈની અવગણના કરવાની ઇચ્છા વગર પણ હિંદુસ્તાનના પ્રાચીન વિચારકોને તપોવનમાં જે કેટલાક લાભ હતા તે દર્શાવવા હું જરૂર ધારૂં છું; કેમકે એથીજ, તેમના લખાણને ૨,૦૦૦ વર્ષ થઈ ગયાં છે તો પણ, તે આપણું ધ્યાન આકર્ષી સ્થિર કરે છે. આપણા ગ્રન્થોની તો આ-પણે જાહેર ખબરો છાપવી પડે છે, મિત્ર ને અમિત્રની ટીકાથી પણ તેઓ પ્રખ્યાતિમાં આવે છે, તોપણ એ ગ્રન્થો ઘણીખરી વાર થોડો સમયજ જનમંડળનું લક્ષ ખેંચે છે. હિંદુસ્તાનમાં હજી પણ પ્રચલિત તત્ત્વજ્ઞાન વે-દાન્તજ છે, અને હવે પ્રાચીન સંસ્કૃત પુસ્તકો છપાવવા માંડયા છે ને તેમાં લાભ માલમ પડયો છે, એટલે યુરોપમાં ડેકાર્ટ ને સ્પિનોઝાનાં પુસ્તકો છ-

પાય છે તે કરતાં હિંદુસ્તાનમાં ઉપનિષદો અને શંકરાચાર્યનાં પુસ્તકોની વિશેષ નવીન આવૃત્તિઓ છપાય છે. એનું કારણ શું છે? હું ધારૂં છું કે પ્રાચીન સંસ્કૃત તત્ત્વજ્ઞાનીઓના વિજયનું ખરૂં કારણ એ છે કે તેમણે ગ્રન્થો રચ્યા તે સમયે તેમના મનની શાન્તિમાં અમારા ગ્રન્થ પ્રજા કે પરીક્ષક-વર્ગની સંમતિ મેળવે ને તેમને પસંદ પડે તો કેવું સારૂં એવા વિચારથી ખલેલ પહોંચી નહોતી. તેમના મનમાં જે કાર્ય સ્વીકાર્યું છે તેનોજ વિચાર હતો, અન્ય વિચાર નહોતો. તેમના તમામ વિચાર તે કાર્યને પરિપૂર્ણ કરી પરા કોટિએ–ઉત્કૃષ્ટ સીમાએ પહોંચાડવું એજ હતા. પોતાના જેવા સમાન વિદ્વત્તાવાળા કે પોતાથી ચડતા વિદ્વાનોનો પરિતોષ પ્રાપ્ત કરવો એટલીજ તેમને અભિલાષા હતી. તે સમયે પુસ્તકને છાપનારા, પ્રસિદ્ધ કરનારા, કે અન્યોન્ય સ્તુતિ કરનારા ટીકાકારો નહોતા. આ કારણથી તેમના ગ્રન્થો ઉત્કૃષ્ટ થયા છે અને હજારો વર્ષ થયાં તોપણ ચિરસ્થાયી થઈ પૂજ્યભાવ પામે છે તેમાં આપણને શું નવાઈ જેવું લાગે છે?" એમ કહી છેવટે બૃહદારણ્યકના વચનનો ઉલ્લેખ સૂચવે છે. તે વચન નીચે પ્રમાણે છે:—

'तस्मादेवंविच्छान्तो दान्त उपरतस्तितिक्षुः समाहितो भूत्वाऽऽत्मन्येवाऽऽत्मानं पश्यति सर्वमात्मानं पश्यति नैनं पाप्मा तरति सर्वं पाप्मानं तरति नैनं पाप्मा तपति सर्वं पाप्मानं तपति विपापो विरजोऽविचिकित्सो ब्राह्मणो भवत्येष ब्रह्मलोकः सम्राडेनं प्रापितोऽसीति होवाच याज्ञवल्क्यः सोऽहं भगवते विदेहान् ददामि मां चापि सह दास्यायेति ॥' बृह० ४।४।२३ ॥

બ્રહ્મવેત્તા સંન્યાસીનાં બંને કર્મો ક્ષય પામે છે–પૂર્વ જન્મમાં કરેલાં ને આ જન્મમાં કરેલાં–, અને અપૂર્વ કર્મો આરંભાતાં નથી. વળી કૃત અને અકૃત–કરેલું નિત્ય અનુષ્ઠાન અને તેજ ન કરેલું તે–એને તાપતાં નથી; જે આત્મજ્ઞાની નથી તેને કૃત કર્મ ફળ આપે છે તેથી અને અકૃત કર્મ પ્રત્યવાય ઉત્પન્ન કરે છે તેથી તાપે છે, બ્રહ્મજ્ઞાનીને તાપતાં નથી, બ્રહ્મજ્ઞાની તો

આત્મવિદ્યારૂપ અગ્નિ વડે સર્વ કર્મોને બાળી નાખે છે, જેમ પ્રજ્વલિત થયલો અગ્નિ સમિધ્ બાળી નાખે છે તેમ. શરીરને ઉત્પન્ન કરનારાં કર્મોનો તો ઉપભોગથીજ ક્ષય થાય છે. એટલા માટે બ્રહ્મજ્ઞાનીને કર્મ સાથે સંબંધ નથી. તે એ વસ્તુ બ્રાહ્મણે કહી છે-તે મન્ત્રે પ્રકાશિત કરી છે. '**एष न**' એ પ્રમાણે '**नेति नेति**'થી કરેલું બ્રહ્મજ્ઞાન નિત્ય મહિમા છે. અન્ય મહિમા કર્મકૃત છે, માટે અનિત્ય છે. આ તો તેથી વિલક્ષણ મહિમા છે. સ્વાભાવિક છે તેથી નિત્ય છે. એ બ્રહ્મજ્ઞાની, જેણે સર્વ કામનાનો ત્યાગ કર્યો છે તેનો છે. એ નિત્ય શી રીતે છે તે માટે કહે છે. કર્મથી એની વૃદ્ધિ થતી નથી-શુભ કર્મથી એનો વૃદ્ધિરૂપ વિકાર થતો નથી; વળી શુભ કર્મથી અપક્ષયરૂપ પણ વિકાર થતો નથી. આ રીતે અવિકારી હોવાથી એ મહિમા નિત્ય છે. તેટલા માટે મહિમાનું સ્વરૂપ એ પદ, ને પદનો તે જાણનાર થાય છે. તે જાણીને પાપ કર્મથી તે લેપાતો નથી. ધર્મ ને અધર્મ બંનેને તે પાપ કર્મ જાણે છે, માટે પાપ કર્મથી એમ કહ્યું છે. આ પ્રમાણે બ્રહ્મજ્ઞાનીનો **नेति नेति** એવો અકર્મસંબંધી-કર્મ સાથે સંબંધ વિનાનો-મહિમા છે; તેથી એવા જ્ઞાનવાળો, શાન્ત-બાહ્ય ઇન્દ્રિયોના વ્યાપારથી ઉપશાન્ત, દાન્ત-અન્તઃકરણની તૃષ્ણાથી નીવૃત્ત થયલો, ઉપરત-સર્વ કામનાથી નિર્મુક્ત સંન્યાસી, તિતિક્ષુ-સુખદુઃખ, શીતોષ્ણ ઇત્યાદિ દ્વન્દ્વને સહન કરનાર, સમાહિત-ઇન્દ્રિયો ને અન્તઃકરણ ચલિત ન થાય એવી રીતે એકાગ્ર થયલો, આત્માને વિષેજ આત્માને જુએ છે, સર્વને આત્મસ્વરૂપે જુએ છે. એવા જ્ઞાની બ્રાહ્મણને પાપપુણ્યલક્ષણ કર્મ પ્રાપ્ત થતું નથી. એ બ્રહ્મજ્ઞાની સર્વ પાપ તરી જાય છે. એને પાપ તાપતું નથી. એ સર્વ પાપને સર્વાત્મજ્ઞાનવહ્નિ વડે બાળીને ભસ્મ કરે છે. તે એ એવો બ્રહ્મજ્ઞાની પાપરહિત, કામનારહિત, જેના સંશય છેદાઈ ગયા છે એવો, નિશ્ચિતમતિ બ્રહ્મજ્ઞાની થાય છે. એવી સ્થિતિમાં તે મુખ્ય બ્રાહ્મણ છે. એ સ્થિતિની પૂર્વે તેનું બ્રાહ્મણ્ય ગૌણ છે. એ બ્રહ્મલોક છે, હે સમ્રાટ્ જનક, તેં એ **अभय, नेति नेति** સ્વરૂપ બ્રહ્મલોક પ્રાપ્ત કર્યો છે, એમ યાજ્ઞવલ્કયે કહ્યું. આ પ્રમાણે બ્રહ્મભૂત

જનકને યાજ્ઞવલ્કયે બ્રહ્મભાવ પ્રાપ્ત કરાવ્યો, તે જનકે યાજ્ઞવલ્કયને કહ્યું, મને આપે બ્રહ્મભાવ પ્રાપ્ત કરાવ્યો છે તે હું આપ, ભગવાનને વિદેહ દેશમાંરૂ સમસ્ત રાજ્ય આપું છું અને વિદેહની સાથે મને પોતાને દાસકર્મ સારૂ આપને સમર્પું છું. એમ સાંગ બ્રહ્મવિદ્યા પરિસમાપ્ત થાય છે.

શ્રીમચ્છંકરાચાર્ય અને ઉપનિષદો—ડૉ. મૅક્સ્મ્યૂલર કહે છે કે 'ઉપનિષદ્‌ની ભાષામાં કવિની કલ્પનાશક્તિ ગમે તેવી પ્રબળ છે, અને ક્વચિત્ ગુંચવણ જેવું–ભિન્ન ભિન્ન માર્ગ દર્શાવી બુદ્ધિને ભ્રમિત કરે એવું છે, તોપણ, વેદાન્તસૂત્ર પર શારીરકભાષ્યના કર્તા શ્રીમચ્છંકરાચાર્યને ચોકસાઈથી ને શુદ્ધ યુક્તિથી વાદ કરવાનું પરિપૂર્ણ જ્ઞાન છે અને હિંદુસ્તાનના કે યુરોપના કોઈ પણ પ્રતિસ્પર્ધી સાથે તેઓ ટક્કર ઝીલવા સમર્થ છે.' આ કંઈ આચાર્યની ઓછી સ્તુતિ નથી.

માયાવાદ—ધર્મોપાધ્યાય બર્કલિ લખે છે કે "જે દુનિયા હું જોઉં છું, અનુભવું છું, અને જેનું હું અનુમાન કરૂં છું તે માત્ર મારૂં સ્વપ્નું છે, બીજું કંઈ નથી. જે તમે જુઓ છો તે તમારૂં સ્વપ્નું છે. માત્ર એમ બની આવે છે કે આપણાં સ્વપ્નાં ઘણી બાબતમાં મળતાં આવે છે. પ્રોફેસર ક્લિફર્ડ પણ ફોર્ટનાઈટલિ રીવ્યુંમાં ૧૮૭૫ પૃ૦ ૭૮૦ પર કહે છે કે "વ્યાવહારિક દર્શને સ્વપ્નું ખરા જીવનના જેવુંજ સાચું છે. ફેરમાત્ર સ્વરૂપના પ્રકાશ અને સુસંગતપણામાં છે." ડૉ. મૅક્સ્મ્યૂલર આ સાથે વેદાન્તીનાં વચન સરખાવી કહે છે કે "હવે વેદાન્તી શું કહે છે ? તે કહે છે કે જ્યાંસુધી આપણે જીવીએ છીએ ત્યાંસુધી આપણે સ્વપ્ન અનુભવીએ છીએ; અને જ્યાંસુધી આપણે સ્વપ્ન અનુભવીએ છીએ, ત્યાંસુધી આપણા સ્વપ્નો ખરાં છે; પણ જ્યારે આપણે મરણ પામીએ છીએ, અથવા તો બરાબર કહીએ તો જ્યારે આપણે જાગ્રત્ થઈએ છીએ અને આપણાં જ્ઞાનચક્ષુ ખૂલે છે ત્યારે આપણે નવીન દુનિયા, નવીન તત્ત્વ દેખીએ છીએ. પ્લેટો જેને ખરી દુનિયા કહે છે તેનો આપણે અનુભવ થાય છે, એ દુનિ-

યાનો પૂર્વકાળે આપણને આભાસમાત્ર થયો હતો. આ ઉપરથી એમ સમજવાનું નથી કે વ્યવહાર અસત્ય છે, શૂન્ય છે. ના, એમ નથી. એ હમેશ કાર્યરૂપ છે ને એનું કારણ, સર્વ તત્ત્વનું મૂળ બ્રહ્મ છે; અને વેદાન્તદષ્ટિથી કાર્ય-કારણ વચ્ચે ભેદ નથી તેથી જગત્ બ્રહ્મ જેટલુંજ સત્ય છે, એટલે ખરૂં જોઈએ તો તે બ્રહ્મજ છે."

જીવાત્મા ને પરમાત્મા—ડૉ. મૅક્સ્મ્યૂલર કહે છે કે જીવ ને પરમાત્મા એક છે એ સાંભળી આપણને વિસ્મય થાય છે; પણ જીવાત્મા પરમાત્મા નથી તો બીજું શું છે? આત્મા દૈવી છે, ઈશ્વરજેવો છે, એ શબ્દો આપણને વધારે પરિચિત છે; પણ ઈશ્વરના જેવું ઈશ્વર જાતે નહિ તો બીજું શું હોય?"

સબ્સ્ટૅન્શિઆ—ડૉ. મૅક્સ્મ્યૂલર કહે છે કે આપણામાંના કેટલાક (પાશ્ચાત્ય) વિદ્વાનોને વેદાન્ત તત્ત્વજ્ઞાન વિચિત્ર લાગશે, તોપણ તમને ઘણાખરાને માલમ પડયા વિના રહેશે કે નહિ કે યુરોપના તત્ત્વજ્ઞાનની મહાન્ પદ્ધતિઓ સાથે એમાં કેટલુંક નવાઈ જેવું મળતાપણું છે. "દાખલા તરીકે, ઉપનિષદોમાં વર્ણવેલું અને શંકરે લક્ષણ આપેલું બ્રહ્મ ખુલ્લી રીતે સ્પિનોઝાનું 'સબ્સ્ટૅન્શિઆ'જ છે. સ્પિનોઝા એનું એવું લક્ષણ આપે છે કે એ પોતામાંજ છે અને પોતાથીજ કલ્પી શકાય છે. તેના મત પ્રમાણે તે અનન્ત, અવિભાજ્ય, એક, સ્વતન્ત્ર, ને નિત્ય છે; અને ઉપનિષદોમાં શ્રીમચ્છંકરમતે બ્રહ્મનું પણ એવુંજ મત છે.

અવિદ્યા—ડ્યૂસન કહે છે કે કૅન્ટનું પણ મત શ્રીમચ્છંકરાચાર્યના જેવુંજ હતું. માત્ર તે અન્ય રીતે એવા પરિણામ પર આવ્યો હતો. જર્મન તત્ત્વજ્ઞાનીની ઉદ્યોગી ને પરિપૂર્ણ સંશોધન કરવાની પદ્ધતિએ તેણે મનુષ્યજાતિની જ્ઞાન પ્રાપ્ત કરવાની શક્તિઓનું પરીક્ષકદષ્ટિથી પૃથક્કરણ કર્યું. તેમ કરવામાં તેનો ઉદ્દેશ એ હતો કે એ શક્તિઓ અતીન્દ્રિય પદાર્થોના સંશોધન માટે યોગ્ય સાધન છે કે નહિ તેની તપાસ કરી.

પણ એ શોધથી તે એવા અદ્ભુત પરિણામ પર આવ્યો કે જગતનાં ત્રણ તત્ત્વો—કાલ, દિક્, અને કારણ—એ આત્મજ્ઞાનનાં ત્રણ સ્વરૂપજ છે. અથવા શરીરશાસ્ત્રની ભાષામાં કહીએ તો, તે મગજનો સ્વાભાવિક વ્યાપાર છે. આ ઉપરથી કોઈથી પણ બાધ ન લેવાય એવા અનુમાનથી તે એવા સિદ્ધાન્ત પર આવ્યો કે દિક્ ને કાલથી પરિચ્છિન્ન થયલા અને નાના મોટા સર્વ વ્યવહારથી કાર્યકારણભાવે જોડાયલા જગતનું અસ્તિત્વ માત્ર આપણી બુદ્ધિનેજ માટે છે અને બુદ્ધિથીજ પરિચ્છિન્ન થયલું છે; અને તેથી જગત્ આપણને માત્ર "આભાસરૂપજ" છે, તે કંઈ "વાસ્તવિક" નથી. તેનું મત એવું છે કે જ્યાંસુધી આપણી વિચારશક્તિ છે તેવી નિયન્ત્રિત છે ત્યાંસુધી જ્ઞાનના મૂળ તરીકે માત્ર બાહ્ય અનુભવના સંબંધમાં વાસ્તવિક સ્વરૂપ આપણને અગમ્ય છે".

ડયૂસન કહે છે કે હિંદુ, ગ્રીક, ને જર્મન તત્ત્વજ્ઞાનીઓના વિચારમાં ઐક્ય છે. શંકરમતે જગત્ માયારૂપ છે; પ્લેટો કહે છે કે જગત્ આભાસરૂપ છે, વાસ્તવિક નથી. કૅન્ટ કહે છે કે એ આભાસજ છે, તત્ત્વરૂપે વસ્તુ નથી.

વિશિષ્ટાદ્વૈત, દ્વૈત, ને શુદ્ધાદ્વૈત.

રામાનુજ—શ્રીમચ્છંકરાચાર્યની પછી રામાનુજાચાર્ય થયા. એમનો જન્મ ઈ. સ. ૧૦૧૭માં ત્રિચિનોપોલી જિલ્લામાં ભૂતપુરી, જે હાલ પ્રેમધુલાના (પેરંબુદૂરના) નામથી પ્રસિદ્ધ છે ત્યાં થયો હતો. એમના પિતાનું નામ કેશવ ને, માતાનું નામ કાંતિમતી હતું. દક્ષિણમાં વૈષ્ણવ ને શૈવ ભકતોની પરંપરા થઈ ગઈ હતી. એવા વૈષ્ણવ ભકતો આલવાર કહેવાતા હતા; ને શૈવ ભકતો આદિયર કહેવાતા હતા. એવા બાર આલવારો થયા હતા, પછી આચાર્યો થયા. રામાનુજની પહેલાં છ આચાર્ય થઈ ગયા, તેમાં નાથમુનિ અને તેના

પૌત્ર આલવંડર મુખ્ય હતા. આલવંડરના પ્રપૌત્ર તે રામાનુજ. બ્રહ્મસૂત્ર પર વ્યાખ્યા કરનાર યાદવપ્રકાશ રામાનુજાચાર્યના મામા તેમજ વિદ્યાગુરુ થતા હતા.

રામાનુજાચાર્યનો મત વિશિષ્ટાદ્વૈત કહેવાય છે. એ મતમાં ચિત્ (જીવ), અચિત્ (જડ), ને ઈશ્વર (પરમાત્મા, નિયન્તા) એ ત્રણ તત્ત્વ છે. ચિત્ ને અચિત્ એ બંને ઈશ્વરનાં શરીર છે. વિશિષ્ટાદ્વૈત એટલે ચિત્ ને અચિત્થી વિશિષ્ટ ઈશ્વરનું અદ્વૈત–ઐક્ય; અર્થાત્ ઈશ્વર એ એકજ વસ્તુ છે ને ચિત્ ને અચિત્ તેનું શરીર છે. વળી ચિત્ અને અચિત્ એ સ્થૂળ છે તેમજ સૂક્ષ્મ છે. સૂક્ષ્મ ચિત્ અને અચિત્ કારણરૂપ છે અને સ્થૂલ ચિત્ અને અચિત્ કાર્યરૂપ છે. એ બંને ઈશ્વરનું–સ્થૂલચિદચિદ્વિશિષ્ટ ઈશ્વર અને સૂક્ષ્મચિદચિદ્વિશિષ્ટ ઈશ્વરનું–અદ્વૈત તે વિશિષ્ટ અદ્વૈત. આ પ્રમાણે 'વિશિષ્ટાદ્વૈત' એ ષષ્ઠી તત્પુરુષ સમાસ છે. સૂક્ષ્મ ચિદચિદાત્મક શરીર કારણરૂપ છે અને સ્થૂલ ચિદચિદાત્મક શરીર કાર્યરૂપ છે. પ્રથમ નિયામક છે ને દ્વિતીય નિયમ્ય છે. એ બે વિશિષ્ટ કારણ ને કાર્યનું અદ્વૈત–ઐક્ય છે. ઈશ્વર નિયામક છે ને ચિત્ શરીર ને અચિત્ શરીર નિયમ્ય છે; એને માટે રામાનુજને મતે આ શ્રુતિ પ્રમાણ છે—'**યઃ પૃથિવ્યાં તિષ્ઠન્ પૃથિવ્યા અન્તરો યં પૃથિવી ન વેદ યસ્ય પૃથિવી શરીરં યઃ પૃથિવીમન્તરો યમયતિ સ ત આત્માન્તર્યામ્યમૃતઃ ॥**'

કહે છે કે શાપને લીધે શઠક નામના ઉપનામવાળા એક દ્રવિડનો શૂદ્ર તરીકે જન્મ થયો હતો. તેણે દ્રવિડ ભાષામાં પ્રબન્ધો રચ્યા હતા. તે પ્રબન્ધો તેમજ બૌધાયન નામના દ્રવિડ બ્રાહ્મણે કરેલી બ્રહ્મસૂત્રવૃત્તિને અનુસારે રામાનુજાચાર્યે શ્રીભાષ્ય રચ્યું. એમનો મત ટુંકામાં નીચે પ્રમાણે છેઃ– ચિત્ એટલે જીવ, અચિત્ એટલે જડ પદાર્થ, અને ઈશ્વર (નિયામક) એ ત્રણ પદાર્થો છે; ઈશ્વર જગતનું ઉપાદાન ને નિમિત્ત કારણ છે, કારણ ને કાર્ય એક છે. કાર્ય કારણનું પરિણામ છે, એમ રામાનુજાચાર્ય સત્કાર્યવાદી પણ પરિણામવાદી છે. જીવ પ્રત્યેક શરીરમાં ભિન્ન છે; કેમકે બધાને સુખદુઃખ

સરખાં નથી. 'જીવ એક છે' એમ કહ્યું હોય, તેનો અર્થ 'એક જાતનો છે' એમ સમજવો. એ પ્રકારાદ્વૈત કહેવાય છે. તે સૂક્ષ્મ ને અણુપરિમાણુ છે. જ્ઞાન જીવનો ગુણ છે. આત્મા જ્ઞાનરૂપ નથી, પણ જ્ઞાનવિશિષ્ટ છે. જીવ સિવાય અચિત્ છે ને તે માયિક નથી; સત્ય છે. 'પરમાત્મા નિર્ગુણ છે.' એમ કહ્યું હોય તેનો અર્થ 'ત્યાજ્યગુણરહિત છે' એમ સમજવો. 'બ્રહ્મવેત્તા બ્રહ્મ થાય છે' એટલે 'બ્રહ્મતુલ્ય' થાય છે એમ સમજવું. '**तत् त्वमसि**' માં **तत्** એટલે સર્વજ્ઞ બ્રહ્મ અને **त्वम्** એટલે જીવરૂપ શરીરવિશિષ્ટ બ્રહ્મ. એ બેનું ઐકય છેજ. મોક્ષદશામાં જીવ બ્રહ્મ સાથે ઐકય પામતો નથી, બંને ભિન્ન રહે છે. એ બેનો મોક્ષદશામાં ભેદ પારમાર્થિક છે. પરમાત્માનું સાદૃસ્ય પ્રાપ્ત કરે છે એજ મોક્ષ.

મધ્વ—જીવ ને ઈશ્વરનો ભેદ કહેનારા બધા વાદો દ્વૈતવાદ કહેવાય છે. **द्विधा इतं द्वीतं तस्य भावो द्वैतम्**-આવી દ્વૈતશબ્દની વ્યુત્પત્તિ છે. સાંખ્ય યોગ, ન્યાય, તર્ક, પૂર્વમીમાંસા ને શ્રીપૂર્ણપ્રજ્ઞાચાર્યે (મધ્વે) રચેલું વેદાન્તશાસ્ત્ર એટલાં દર્શનોમાં દ્વૈતવાદ છે. દ્વૈત મતમાં જગત્ સત્ય છે. જીવ ને ઈશ્વર ભિન્ન છે, પરમાત્મા સર્વથી ઉત્તમ ને સ્વતન્ત્ર છે, જીવો બહુ પ્રકારના છે. સ્વતન્ત્ર ને અસ્વતન્ત્ર એવાં બે તત્ત્વ છે તેમાં સ્વતન્ત્ર તત્ત્વ સર્વગુણસંપન્ન ને દોષરહિત વિષ્ણુ ભગવાન્ છે, એનેજ બ્રહ્મ કહે છે. સત્, ચિત્, ને આનંદ એ પરમાત્માનું શરીર છે. સર્વ વસ્તુમાં પરમાત્મા અન્તર્યામિસ્વરૂપે છે. પાંચ ભેદ છે-૧ જીવ ને ઈશ્વરનો, ૨ જડ ને ઈશ્વરનો, ૩ જીવ ને જડનો, ૪ જીવોનો પરસ્પર, ૫ જડોનો પરસ્પર. જીવ એ સેવક ને પરમાત્મા સેવ્ય છે, માટે જીવાત્મા ને પરમાત્માના ઐક્યનું જ્ઞાન થયે મોક્ષ થાય એ કહેવું બરાબર નથી. વિષ્ણુ પરમાત્માનું જ્ઞાન એજ મોક્ષનું સાધન છે. સાંસારિક દુઃખનો નાશ ને વિષ્ણુની સમીપમાં રહી આનન્દ પ્રાપ્ત કરવો એ મોક્ષ. મધ્વ જીવને ઉપાસક ને ઈશ્વરનો ઉપાસ્ય ગણે છે.

પૂર્ણપ્રજ્ઞનો જન્મ ઇ. સ. ૧૧૯૯માં થયો હતો કર્ણાટકમાં ઉડીપી ગામમાં તેમણે પોતાનો મત સ્થાપ્યો. તેમના પિતાનું નામ મધ્યગેહ,

માતાનું વેદવતી, ને ગુરુનું અચ્યુતપ્રેક્ષાચાર્ય હતું. એમનાં પ્રમાણવાક્યોઃ—'जुष्टं यदा पश्यत्यन्यमीशमस्य महिमानम्', 'द्वा सुपर्णा सयुजा सखाया समानं वृक्षं परिषस्वजाते। तयोरन्यः पिप्पलं स्वाद्वत्त्यनश्नन्नन्यो अभिचाकशीति.'

વલ્લભાચાર્ય—શ્રીવલ્લભાચાર્યનો જન્મ ઇ. સ. ૧૪૭૯ માં વૈશાખ વદિ ૧૧ ને દિવસે થયો હતો. તેમના પિતાનું નામ લક્ષ્મણભટ્ટ, માતાનું એલમાગાર, ને ગુરુનું નારાયણભટ્ટ હતું. એ કૃષ્ણયજુર્વેદી આપસ્તંબ શાખાના હતા. એમનું નિવાસસ્થાન કૃષ્ણા ને ગોદાવરીની વચ્ચેના આન્ધ્રદેશમાં કાંકરવ ગામ હતું. એમનાં માબાપ કાશીયાત્રાર્થે નીકળ્યાં હતાં, ત્યારે પ્રવાસમાં ચંપકારણ્યમાં એમનો જન્મ થયો હતો.

એમનો મત શુદ્ધાદ્વૈત કહેવાય છે. શુદ્ધ એટલે માયાસંબંધરહિત. શુદ્ધ કાર્ય ને કારણનું–જીવ ને બ્રહ્મનું–અદ્વૈત–ઐક્ય જેમાં છે એવું એ શુદ્ધાદ્વૈત મત છે. એ બ્રહ્મવાદ પણ કહેવાય છે. સર્વ બ્રહ્મ છે, અને બ્રહ્મજ લીલાર્થે જડ, જીવ, ને અન્તર્યામીનું સ્વરૂપ ધારણ કરે છે. આ પ્રમાણે બ્રહ્મનો પરિણામ થાય છે, પણ તે જાતે અવિકૃત છે, તેથી એ વાદ અવિકૃતપરિણામ વાદ કહેવાય છે. બ્રહ્મ સગુણ ને નિર્ગુણ તેમજ સાકાર ને નિરાકાર છે, કર્તા ને ભોક્તા છે. એમનો ભક્તિમાર્ગ છે. જીવ ને બ્રહ્મ વચ્ચે અંશાંશિભાવ છે તેનું પ્રમાણ–'स यथोर्णनाभिस्तन्तुनोच्चरेद्यथाग्नेः क्षुद्रा विस्फुलिङ्गा व्युच्चरन्त्येवमेवास्मादात्मनः सर्वे लोकाः सर्वे देवाः सर्वाणि भूतानि व्युच्चरन्ति' [बृह० २।१।२०]. એઓ પણ સત્કાર્યવાદી ને પરિણામવાદી છે. પ્રપંચ ને સંસાર એ બે પ્રકારની સૃષ્ટિ છે; તેમાં પ્રપંચ એ ભગવત્કાર્ય હોવાથી સત્ય ને નિત્ય છે; અને સંસાર એ માયાનું કાર્ય હોવાથી મિથ્યા છે. જીવો શ્રીકૃષ્ણ પરમાત્માની સેવા કરવાથી મોક્ષ પામે છે. સેવા બે પ્રકારની છે. એક સાધનરૂપ ને બીજી ફળરૂપ. શરીર વગેરે દ્વારાએ કરેલી સેવા તે સાધનરૂપ, મને કરેલું શ્રીકૃષ્ણ પરમાત્માનું અનુચિન્તન તે ફલરૂપ. બંને પ્રકારની સેવાથી

મોક્ષ—વૈકુંઠાદિલોક પ્રાપ્ત થાય છે. મોક્ષ અવસ્થામાં જીવ ને બ્રહ્મનું ઐક્ય થતું નથી. દુઃખ નિવૃત્ત થઈ આનન્દાંશ પ્રકટ થાય છે. જીવ મૂળ અણુ છે તે તે સમય વિભુત્વ પ્રાપ્ત કરે છે. જીવ પરમાત્માનો અંશ છે, તેથી કર્તા, ભોક્તા, ને જ્ઞાતા છે. એમના બ્રહ્મસૂત્રભાષ્યનું નામ **अणुभाष्य** છે.

વલ્લભાચાર્ય શંકરાચાર્યની પેઠે અભેદવાદી છે તોપણ જગતને મિથ્યા માનતા નથી. સચ્ચિદાનન્દ ઈશ્વરમાં સદંશનો આવિર્ભાવ કરી ચિદંશ ને આનંદાંશનો તિરોભાવ કરે છે ત્યારે ઈશ્વર જડરૂપે ભાસે છે; અને ચિદંશ ને આનંદાંશનો આવિર્ભાવ કરી સદંશનો તિરોભાવ કરે છે ત્યારે તેને જીવ કહેવામાં આવે છે. આમ આવિર્ભાવ ને તિરોભાવથી જીવ, જગત્, ને ઈશ્વર ભિન્ન જણાય છે, પણ વસ્તુતઃ અભિન્ન છે.

વલ્લભાચાર્યનો માર્ગ પુષ્ટિમાર્ગ કહેવાય છે. પુષ્ટિનો અર્થ વલ્લભાચાર્યે ભક્તિ ને સેવા કર્યો છે. સોયમાં દોરો પોરવાય છે તેમ ઈશ્વરમાં મનનું એક ચિત્તે ને એકાગ્રતાથી પરોવાઈ જવું ને લીન થવું તે પુષ્ટિ. આ પ્રમાણે આત્મનિવેદન ને ભગવત્પ્રપત્તિથી મોક્ષ પ્રાપ્ત થાય છે.